
# કવિરાજ દીપવિજય

## બીલીમોરા નગરે.......

## .......હાલરડું



લેખક : ડૉ. કવિન શાહ

# કવિરાજ દીપવિજય

લેખક :

ડૉ. કવિન શાહ



પ્રકાશક :

શ્રી શાંતિનાથ ભગવાન જૈન દહેરાસર પેઢી,

નવાપુરા, પોલીસ ચોકી સામે,

બીલીમોરા - ૩૯૬ ૩૨૧

**Kaviraj Dipvijay**
Collection on life and
works of kaviraj Dipvijay

**કવિરાજ દીપવિજય**
લે : ડૉ. કવિન શાહ


**પ્રાપ્તિ સ્થાન :**
**ડૉ. કવિન શાહ**
૩/૧, 'માણેકશા,' અષ્ટમંગલ એપાર્ટમેન્ટ,
આઈસ ફેક્ટરી સામે,
બીલીમોરા - ૩૯૬ ૩૨૧.

કિંમત રૂા. ૯૦-૦૦
પ્રથમ આવૃત્તિ : નકલ : ૫૦૦
અક્ષયતૃતિયા સંવત ૨૦૫૪

**મુદ્રક :**
અમૃત પ્રિન્ટર્સ,
દરિયાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

# અર્પણ

"નમો લોએ સવ્વ સાહૂણં"

"સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવપંથ રે,
મૂળ ઉત્તર ગુણે વર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે."
ચેતનજ્ઞાન અજુવાળીએ.

(અમૃતવેલીની સજ્ઝાય)

# આભાર

''શ્રી શાંતિનાથ ભગવાન જૈન દહેરાસરની પેઢીના
પ્રમુખશ્રી, ટ્રસ્ટીગણ અને સંઘ તરફથી તથા
કારેલીબાગ વડોદરા જૈન સંઘ તરફથી
પુસ્તક પ્રકાશન અંગે આર્થિક સહાય આપવા માટે
સૌનો હાર્દિક આભાર અને શ્રુતજ્ઞાન ભક્તિની
સહૃદયી અનુમોદના''

# લેખકનું નિવેદન

## પ્રેરણા અને પ્રવૃત્તિ

જ્યારે જ્યારે જૈન મુનિભગવંતો ગુજરાતમાંથી મહારાષ્ટ્ર તરફ કે મહારાષ્ટ્રમાંથી ગુજરાત તરફ વિહાર કરે ત્યારે ત્યારે બીલીમોરા નગરે મુકામ કરે. મને સમાચાર મળતાં હું તેઓશ્રીનો લાભ લેવાનું ચૂકતો નહીં અને મારા ધાર્મિક સંસ્કારને કારણે તેઓશ્રી પાસે રોકાઈ જઈ આવશ્યક ક્રિયાઓ પણ કરતો. એમની સાથે ધર્મ સાહિત્ય ને સંસ્કૃતિના વાર્તાલાપમાં એવું જાણવા મળ્યું હતું કે દીપવિજય કવિરાજે બીલીમોરામાં મહાવીર સ્વામી ભગવાનનું હાલરડું રચ્યું હતું. આ હાલરડાથી બીલીમોરાનું નામ દેશ વિદેશમાં પ્રસિદ્ધ છે. પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં મહાવીર જન્મ વાંચનને દિવસે હાલરડું ગાઈને ભગવાનનો જન્મોત્સવ હર્ષોલ્લાસથી ઉજવાય છે. આ કવિરાજ વિશે જૈન સમાજ વિશેષ માહિતી મેળવે તે માટે તમે કામ કરો આવી સૂચના અવાર-નવાર મળતી રહી હતી. તેના પરિણામે મને દીપવિજય કવિરાજના જીવન અને કૃતિઓ વિશે સંશોધન કરવાની શ્રુતજ્ઞાન ભક્તિ નિમિત્તે પ્રેરણા મળી. આ અગાઉ મેં 'કવિ પંડિત વીરવિજય એક અધ્યયન' મહાનિબંધ લખ્યો હતો એટલે આ પ્રેરણાનો પડકાર પણ ઝીલી લીધો અને લગભગ ત્રણ વર્ષનો સમય સંશોધન અને લેખનમાં વીતાવ્યો. વાહન અકસ્માતને કારણે ૬ મહિના સંશોધન કાર્ય સ્થગિત થઈ ગયું

પરંતુ ફરીથી તે કાર્યને આગળ ધપાવ્યું અને શક્ય તેટલી વિશેષ માહિતી મેળવી સંદર્ભો ને સામગ્રીના આધારે કવિરાજ દીપવિજયનું આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

આ કાર્યમાં સંસ્કાર દાતા મારા સંશોધનના પાયારૂપ શાસન સમ્રાટ વિજય નેમિસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર ગચ્છાધિપતિ આચાર્ય વિજય નંદનસૂરીશ્વરજી મ.સા. છે. એમની પ્રેરણાથી સૌ પ્રથમ કવિ વીરવિજયજીની 'નેમિવિવાહલા' હસ્તપ્રતનો અભ્યાસ કરીને સંપાદન કર્યું હતું. ત્યાર પછી વર્ધમાન તપોનિધિ મુનિરાજશ્રી અકલંકવિજયજીની શ્રુત જ્ઞાનની પ્રવૃત્તિના સહભાગી બનવાથી આ કાર્યમાં અભિરૂચિ વધતાં સંશોધન કાર્ય ચાલુ કર્યું હતું. તેના પરિણામે આજે કવિરાજ દીપવિજયજીની સાહિત્ય-સર્જક પ્રતિભાનો વિદ્યારસિક શ્રુતજ્ઞાન પ્રેમીઓને ધર્મ ભાવનાથી પરિચય કરાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

એમના આ સાહિત્યનું ધર્મના ભવ્ય વારસાનું વિશેષ રીતે વિપુલ સંખ્યામાં શ્રદ્ધા અને રસપૂર્વક સંવર્ધન થાય તેવા હેતુની સાથે સાથે ચિંતન અને મનન દ્વારા આત્માભિમુખ થવાના માર્ગમાં પ્રેરક બને એવી અપેક્ષા છે.

- ડૉ. કવિન શાહ

# આમુખ

દીપવિજય કવિરાજની વિશેષતા એ છે કે એમણે જૈન ધર્મ અને સાહિત્યના સંસ્કારપૂર્ણ વારસાના સાહિત્ય સર્જન દ્વારા તેનું સંવર્ધન કરીને જૈન સમાજ અને ભારતીય સંસ્કૃતિનું મૂલ્ય વધાર્યું છે. એમની રચનાઓ ગદ્ય અને પદ્ય સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું માધ્યમ પદ્ય હતું એ ન્યાયે કવિએ મોટા ભાગની કૃતિઓ પદ્યમાં સર્જીને નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

કવિરાજ દીપવિજયના સાહિત્યને પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યું છે. પ્રથમ વિભાગમાં પદ્ય રચનાઓ, બીજામાં પ્રકીર્ણ પદ્ય કૃતિઓ, ત્રીજામાં ગદ્ય રચનાઓ, ચોથામાં કવિની સર્જક પ્રતિભા અને પાંચમામાં કવિની આસ્વાદ્ય કૃતિઓ અને અપ્રગટ કૃતિઓ હસ્તપ્રતને આધારે પ્રકાશિત કરવામાં આવી છે. આ અંગેની સંક્ષિપ્ત માહિતી નીચે પ્રમાણે છે.

કવિની પદ્ય રચનાઓ સોહમકુળ પટ્ટાવલી, ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવન, સજઝાય, ગહુંલી, વધાવા, ગઝલ, હાલરડું, આરતી, ગણધર દેવવંદન, છંદ, પૂજા એમ ૧૧ પ્રકારમાં ઉપલબ્ધ થાય છે. સ્તવન અને ગહુંલી સિવાયની રચનાઓ સંખ્યાની દૃષ્ટિએ અલ્પ છે. છતાં એમની કલમની પ્રસાદી રૂપે જૈન કાવ્ય પ્રકારોનું અનુસંધાન કરે છે. મોટા ભાગની નાની મોટી કૃતિઓ જૈન ધર્મના ઈતિહાસને અનુલક્ષીને રચી છે. પટ્ટાવલીમાં જૈન ધર્મના ઈતિહાસની ક્રમિક ઝાંખી કરાવી છે. કવિએ વિવિધ

દેશીઓનો પ્રયોગ કરીને કાવ્ય રચનામાં જૈનાચાર્યો અને મુનિ ભગવંતોના જીવનની વિશિષ્ટ પ્રભાવક વિગતો આપી છે. અને તેમાં ચમત્કારના પ્રસંગો દ્વારા ભક્તિ, શ્રૃંગાર, કરૂણ અને અદ્‌ભુત રસની સૃષ્ટિ સર્જન કરવામાં કવિને સફળતા મળી છે.

સ્તવનો, તીર્થવર્ણનના મહિમાની સાથે પ્રભુના જીવનના પ્રસંગોના નિરૂપણ દ્વારા વીતરાગ પ્રત્યેની ભક્તિ ભાવના પ્રગટ કરે છે. સજઝાયની સંખ્યા થોડી છે. છતાં કાવ્યત્વની દૃષ્ટિએ આકર્ષક છે. વિજય શેઠ અને વિજયા શેઠાણી, ગોભદ્રશેઠ અને રૂપિયાની સજઝાય કર્મવાદના સિદ્ધાંતોને સ્પર્શે છે. તેની અભિવ્યક્તિમાં કવિની હાસ્ય-કટાક્ષ કરવાની શક્તિનો પરિચય થાય છે.

ચંદ રાજાનો ગુણાવલીને પત્ર એ સીધી સાદી રચના હોવા છતાં તેમાં અનુભવસિદ્ધ સમાજ જીવનના-ડહાપણની વિગતોની સાથે વક્રોક્તિ દ્વારા શ્રૃંગાર અને કરૂણ રસની અસરકારક અભિવ્યક્તિ થઈ છે. પત્ર રૂપે લખાયેલા કાવ્યમાં કવિની કલ્પના શક્તિનો ચમત્કાર જોવા મળે છે. ''વધાવા'' પ્રકારની બે કૃતિઓમાં પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી ભગવાનનાં પાંચ કલ્યાણકના પ્રસંગોનું ઢાળ બદ્ધ નિરૂપણ કરવામાં આવ્યું છે. આ કૃતિઓ વર્ણનાત્મક હોવાની સાથે ચરિત્રાત્મક છે.

કવિની ગઝલ રચના જૈન સાહિત્યમાં નવી ભાત પાડે છે. સમકાલીન રાજકીય પ્રભાવથી પ્રેરાઈને એમને સ્થળ વર્ણનની

ગઝલો રચી છે. તેમાં ઉર્દૂ, ફારસી, હિન્દીનો વિશેષ પ્રભાવ છે. ગઝલના, સ્વરૂપને અનુરૂપ થવા શબ્દોની તોડફોડ કરી છે. જંબુસર, ઉદયપુર, વડોદરા, સુરત, પાલનપુર અને ખંભાતની ગઝલો રચી છે. જેમાં મુખ્યત્વે રાજકીય, સામાજિક, ધાર્મિક માહિતીની સાથે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, મંદિરો, બજાર, વેપાર ધંધા વગેરેનો ઉલ્લેખ થયેલો છે. ગઝલ કહીએ છતાં તેમાં મુખ્યત્વે તો કવિનો ઈતિહાસ પ્રેમ સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે. અત્રે ગૌરવપૂર્વક નોંધવામાં આવે છે કે જૈન કવિઓએ અધ્યાત્મ વિષયની ગઝલની રચનાઓ કરી છે અહીં કવિની સ્થળ વર્ણનની ગઝલોનો પરિચય આપવામાં આવ્યો છે.

હાલરડાથી ખ્યાતિ પામેલા કવિ દીપવિજયે ભગવાન મહાવીરના હાલરડાની રચના બીલીમોરામાં કરી હતી. આ હાલરડું પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં વિશ્વભરના જૈનો ભક્તિભાવ પૂર્વક ગાય છે ને શ્રવણ કરે છે. તેમાં ભગવાનની બાલ્યાવસ્થા, માતાપિતાનો આનંદ-વાત્સલ્ય અને ભવિષ્યની કલ્પનાઓનું રસસભર, ભાવવાહી નિરૂપણ કરવામાં આંવ્યું છે. હાલરડા વિષેની અન્ય કવિઓની રચનાઓનો સમાવેશ કરીને તેને અનુરૂપ વિશેષ વિગતો દર્શાવવામાં આવી છે. વીસમી સદીની વિદાયની વેળાએ અને એકવીસમી સદીના પ્રભાવ સાથે આ કાળમાં હાલરડાં પણ વિદાય લઈ રહ્યાં છે ત્યારે તેને લગતી વૈવિધ્યપૂર્ણ વિગતો કુટુંબ જીવનમાં ચિરસ્મરણીય, વાત્સલ્યમય ને ઉત્સાહપ્રેરક સ્મૃતિ બની રહે છે.

સામાન્ય રીતે આદીશ્વર, શાંતિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી અને પંચજ્ઞાનની આરતી વધુ પ્રચલિત છે. કવિએ અષ્ટપ્રકારી પૂજાની રચના કરી છે તેમાં અનુક્રમે નંદીશ્વર દ્વીપ, અષ્ટાપદ પર્વત અને અડસઠ આગમની આરતીની રચના કરીને આરતી કાવ્ય પ્રકારને સમૃદ્ધ કર્યું છે. તદુપરાંત માણિભદ્રની આરતી પણ ધ્યાન ખેંચે તેવી છે.

માણિભદ્ર વીરના મહિમાનો પ્રભાવ 'માણિભદ્ર છંદ'માં ગાવામાં આવ્યો છે. પૂજા સાહિત્યનું વિષય વસ્તુ પસંદગીની દૃષ્ટિએ નવીન છે. ભગવાનના જીવન અને તીર્થ વિશે પૂજા રચી છે. કવિએ અષ્ટાપદ અને નંદીશ્વર જેવા મહાપાવનકારી તીર્થ વર્ણનની ગુણગાથા ગાવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. જૈન ભૂગોળની કાવ્ય રચના દ્વારા માહિતી આપવા માટેની એમની પૂજા જ્ઞાન અને ભક્તિ માર્ગનો સમન્વય સાધે છે.

સોહમકુળ કલ્પવૃક્ષ તપ વિધિ અને ગણધર દેવવંદનની કૃતિના પ્રારંભમાં ગણધર તપની વિધિનો ઉલ્લેખ કર્યો છે. ત્યાર પછી "પાંચ જોડા" થી ગણધર દેવવંદનની રચના છે, તેમાં કવિની પૂર્વના વારસા પ્રત્યેની ભક્તિ પ્રગટ થયેલી છે. ચૈત્યવંદન અને સ્તુતિ અને સ્તવન એમ ત્રણેના સમન્વય દ્વારા દેવવંદનની રચના કરી છે.

'ખામણાંની ઢાળ' નામની કૃતિમાં ચૌમાસી અને વાર્ષિક ક્ષમાપનાની ભાવનાનો મહિમા ગાવામાં આવ્યો છે.

આગમ સાહિત્ય અતિ કઠિન ને દુર્બોધ છે. તેનો પ્રાથમિક

પરિચય કરાવતી 'અડસઠ આગમની પૂજા' પણ ઉલ્લેખનીય છે. વર્તમાનમાં આગમની સંખ્યા ૪૫ છે. તેમ છતાં એમની દૃષ્ટિએ અડસઠ આગમ છે તે અંગેની વિગતો પૂજામાં ગૂંથી લીધી છે. ના પદોની અવારનવાર આગમની માહિતીની સાથે આગમના સંખ્યાનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. તે ઉપરથી 'અડસઠ આગમ'ની એમની વિચારસરણી વાચક વર્ગને આત્મસાત્ કરવા પ્રેરે છે.

કવિની ગહુંલીઓમાં ગુરૂમહિમા ઉપરાંત ભગવાન મહાવીરસ્વામીના જીવન પ્રસંગો અને એમના ૧૧ ગણધર, ભગવતી સૂત્ર, ચક્કેશ્વરી માતા, સિદ્ધચક્ર વગેરેનો સમાવેશ થાય છે. તેમાં ગેયતા, ગરબાનો વિશિષ્ટ લય અને મંજુલ પદાવલીઓ દ્વારા ભક્તિ રસની જમાવટ થયેલી છે.

કવિની ગદ્ય કૃતિઓની સંખ્યા ત્રણ છે. ''ચૌમાસી વ્યાખ્યાન''માં ચાતુર્માસમાં આરાધના કરવા માટેની આવશ્યક ક્રિયા તરીકે સામાયિક અને તેના આચરણથી મુક્તિ પ્રાપ્ત થાય છે તે અંગેની કથાઓ સ્થાન પામેલી છે. તદુપરાંત શ્રાવકના બાર વ્રતના અતિચારનો ઉલ્લેખ કરીને વ્રતધારી શ્રાવક માટે દેશ વિરતિ ધર્મની પ્રરૂપણા કરી છે. 'તેરાપંથ ચર્ચાબોલ'માં કવિએ તેરાપંથના મતવાળા ભારમલજી ખેતશીજીના ધાર્મિક વિચારોમાં જે શંકા ઉત્પન્ન થઈ હતી તેનું આગમસૂત્રના સંદર્ભથી નિવારણ કરવામાં આવ્યું છે. આ કૃતિ પ્રશ્નોત્તર સ્વરૂપની છે. 'મહાનિશીથ સૂત્રના બોલ' નામની કૃતિમાં કવિએ આગમસૂત્રના

મુખ્ય વિચારોને સ્થાન આપ્યું છે. આ રીતે એમની ત્રણ ગદ્ય રચનાઓ ગદ્ય શૈલીના ઉદાહરણ રૂપ છે. ટૂંકાં વાક્યો, મહત્વની વિગતો, મારવાડી હિન્દી ભાષાના મિશ્રણવાળી ગુજરાતી ભાષાનો પ્રયોગ કર્યો છે. જૈન તત્વજ્ઞાનનું વિશ્લેષણ કરવાની એમની પદ્ધતિ નોંધપાત્ર છે.

દીપવિજય કવિરાજની કૃતિઓનો મિતાક્ષરી પરિચય એમની કવિત્વશક્તિ, શ્રુતજ્ઞાન પ્રત્યેની ભક્તિ, ભારતીય સંસ્કૃતિના સાત્વિક વારસાના સંવર્ધનની શુભ ભાવના ને તેનાં દ્વારા માનવ કલ્યાણનો શાશ્વત હેતુ સિદ્ધ કરવાનો સાહિત્યનો મુદ્રાલેખ ચરિતાર્થ થયેલો જોવા મળે છે. વિશેષ માહિતી તો કૃતિઓનો આસ્વાદ કરવાથી પ્રાપ્ત થઈ શકે. આ પ્રાથમિક પરિચય દીપવિજયના સાહિત્ય જગતમાં પ્રવેશદ્વાર સમાન છે.

કવિની ગદ્યપદ્ય રચનાઓની ભૂમિકા જોતાં એમના વિપુલ સાહિત્ય સૃષ્ટિમાં પ્રવેશ કરીને જ્ઞાનામૃત રસાસ્વાદ દ્વારા આત્મ રમણતા કેળવવા માટે પ્રેરક નીવડે તેમ છે. હાલરડાથી આગળ વધીને એમની વિવિધ કૃતિઓથી કવિ પ્રતિભાનો પરિચય જૈન સમાજને ગૌરવ અપાવે તેમ છે.

પાલીતાણામાં ચાતુર્માસ દરમ્યાન દીપવિજયની હસ્તપ્રત વાંચવામાં નિયમિત બે કલાકનો સમય આપીને મને પ્રોત્સાહિત કરનાર યતિશ્રી દેવચંદ્રજી (ભક્તિ વિહાર - પાલીતાણા)નો ઋણી છું

દીપવિજય કવિરાજની અપ્રાપ્ય કૃતિઓ શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબામાંથી પ્રાપ્ત થઈ છે. મુખ્યત્વે તો એમની ગદ્ય રચનાની હસ્તપ્રત, ચૌમાસી વ્યાખ્યાન, મહાનિશીથ સૂત્રના બોલ, તેરાપંથ ચર્ચા બોલ, પદ્ય રચનાઓમાં અડસઠ આગમની અષ્ટ પ્રકારી પૂજા, માણિભદ્રનો છંદ અને સોડહમકુળ કલ્પવૃક્ષ તપવિધિ દેવવંદન વગેરે આ જ્ઞાનમંદિર માંથી મેળવીને મારા સંશોધન કાર્યને ગતિશીલ કરવામાં સહયોગ આપ્યો છે તે માટે શ્રી મનોજ જૈન, જિજ્ઞેશ શાહ કેતન શાહ અને જ્ઞાનભંડારના કાર્યકર્તાઓ, સંચાલકો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરું છું.

નગીનભાઈ પૌષધશાળા - પાટણ, શ્રી ચંદનસાગરજી જ્ઞાન ભંડાર-વેજલપુર (પંચ), શ્રી ક્ષમાસાગર જ્ઞાન ભંડાર - બીલીમોરા, નરસિંહજીની પોળ-વડોદરાનો જ્ઞાન ભંડાર, પ્રાચ્ય વિદ્યા ભવન-વડોદરા, માતુશ્રી દીવાળીબહેન ભગવાનદાસ જૈન જ્ઞાન ભંડાર-લીંબડી વગેરે સંસ્થાઓ તરફથી દીપવિજયની કૃતિઓ પ્રાપ્ત થઈ છે. તે બદલ એમનો હાર્દિક આભાર માનું છું.

પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ.સા, પૂ.આ. શ્રી શીલચંદ્રસૂરિ મ.સા., પૂ. મુનિરાજ શ્રી મહાભદ્રસાગરજી મ.સા., પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મ.સા. મુનિશ્રી અજીતસાગર મ.સા. પૂ સાધ્વીજીશ્રી શાશ્વતયશાશ્રીજી મ.સા., પ્રો. જયંત કોઠારી, અધ્યાપક શ્રી શાંતિભાઈ ગુલાબચંદ શાહ વગેરે પાસેથી

કવિરાજની કૃતિઓ, સંદર્ભ ગ્રંથ ની પ્રાપ્તિ, રૂબરૂ અને પત્ર દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવા માટે આ સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું.

મારા લખાણની હસ્તપ્રત તૈયાર કરવામાં સહાય કરનાર અ.સૌ. રીટાબહેન અને અ.સૌ. રૂપાબહેનની સેવાની સાભાર નોંધ લેવામાં આવે છે.

અંતમાં મુદ્રણ કાર્યમાં સહકાર આપવા બદલ અમૃત પ્રિન્ટર્સ (અમદાવાદ)નો આભાર માનું છું.

- ડૉ. કવિન શાહ

॥ॐ॥ श्रीमाहावीरस्वामीजुहाजरिलिख्यते॥ माता त्रिशलाजीवे फूलाचे गुथ्या
जणे॥ गावे हालो हालो हाजरुवानागीत॥ सोनारूपाने वलीरत्नेजडियुंपालणुं रेसाम
दोरीघूघरीवागे घुमघुमरीता॥ हालोहाजोहालोहालोमारानंदने॥१॥ जिमजीपासथी
ऋषभावरशानयटीशेचोवीशमोतीर्थंकरजितपरमाण॥ केशीस्वामी
मुखथीएवीवाणीसांभली॥ साचीसाचीहुइतेमारेअमृतवाण॥ हालो॥२॥ चौ
देस्वपनेहोवेचकीकेजिनराज॥ वीताबारेचक्रीनहिंहवेचकाराज॥ जिनजीपास
प्रकनाथीकेशीगणधारा॥ तेहनेंवचनेंजाणयाचोवीशमाजिनराज॥ मारीकुंखे
आव्यातारणतरणजिहाज॥ मारीकुंखेंआव्यावएककवनत्रिरताजमाराकुंखें
आव्यासंघतीरथनीलाज॥ हुंतोपुण्यपनोतीइंद्राणीथइआज॥ हालो॥३॥ मुझ
फनेदोहोलोउपन्योजेबेसुंगजअंबाडीयें॥ सिंहासनपरबेसुंचामरछत्रधरा
व्या॥ एसहुलक्षणमझमेनंदनताहाराजताः॥ तेदिनसंभारंनेआनंदअंगनमा

# પ્રસ્તાવના

॥ નમો નમઃ શ્રી ગુરુ નેમિસૂરયે ॥

## ઉમળકા ભર્યો આવકાર

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જ્યારે નજર નાંખીએ છીએ ત્યારે એક થી ચઢીયાતા એક કવિઓ નજરે ચઢે છે.

સાહિત્ય બે પ્રકારમાં વહેંચાયેલું છે. એક વિદ્વદ્ ભોગ્ય, અને એક લોક ભોગ્ય. વિદ્વદ્ ભોગ્ય સાહિત્ય વિદ્વાનોને આનંદ આપે છે. લોક ભોગ્ય સાહિત્ય સામાન્ય જનને આનંદ આપે છે.

ઇતિહાસ ઉપરથી જણાય છે કે લોક ભોગ્ય સાહિત્યની આવરદા લાંબી હોય છે. લોક તેને જીવાડે છે. અલબત્ત એ સાહિત્યમાં પ્રાણ તો હોવાજ જોઈએ.

કવિ બહાદુર શ્રી દીપવિજયજી મહારાજ એક એવાજ લોક ભોગ્ય લોકપ્રિય સાહિત્યના રચયિતા છે. તેમની કેટલીય રચનાઓ આપ મેળે લોક જીભે અને લોક કંઠે ઝીલાતી અને જીવતી જોવા મળે છે. અરે ? તેમની રચનાની શબ્દાવલિ એટલી તો પ્રાસાદિક છે, તેમને પસંદ કરેલા લય-ઢાળ પણ એવા તો શ્રવણ મધુર છે કે બીજી કોઈ વ્યક્તિ દ્વારા ગવાતી એકવાર એકાદ કડી પણ સાંભળવા મળે તો પણ તે આપણને યાદ રહી જાય.

કવિ દીપવિજયજીની આવી ઘણી રચનાઓ છે. પણ તેમાં પર્વાધિરાજ શ્રી પર્યુષણામાં વીર જન્મ વાચનના પવિત્ર દિવસે પ્રતિક્રમણમાં ગવાતું મહાવીરસ્વામી ભગવાનનું હાલરડું તો સાવ નાના ૫/૬ વર્ષના બાળકને પણ જીભે ચઢી જાય તેવું છે. આ વાત આપણા શ્રી સંઘમાં સુવિદિત છે. તે પછી અષ્ટાપદની પૂજાની ઢાળો પણ સહજ રીતે ચિત્તને આકર્ષે તેવી છે.

તેમને ધાર્મિક કાવ્ય પ્રકારો સિવાયના પણ સાહિત્યિક ગેય પ્રકારો, નગરોની ગજલ વગેરે ઉપર પણ હાથ અજમાવ્યો છે, અને તેમાં તેઓ સફળ થયા છે.

આવી આવી પ્રાયઃ પ્રાપ્ય સમગ્ર રચનાનો સંગ્રહ પ્રો. કવિનભાઈ શાહ દ્વારા આપણને મળે છે તે ઘણા આનંદની વાત છે. આ સંગ્રહને હૃદયના ઉમળકાથી આવકારતાં આનંદનો અનુભવ થઈ રહ્યો છે.

હવે એક જ પુસ્તકમાં કવિ બહાદુર શ્રી દીપવિજયજી મહારાજની બધી રચનાનો આસ્વાદ માણી શકાશે.

પ્રો. કવિન શાહ એક ધર્મ શ્રદ્ધાળુ શ્રાવક છે. ઉપરાંત અભ્યાસમાં રૂચિ ધરાવનાર પ્રાધ્યાપક છે.

રસકવિ - પંડિત શ્રી વીરવિજયજીના વિષયે મહાનિબંધ તેમને તૈયાર કર્યો છે. અને તેમાં તેમને પી.એચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત થઈ છે.

આપણે ઈચ્છીએ કે તેઓ દ્વારા હજી આવા સંગ્રહો આપણને મળતા રહે અને તેથી એ કવિરત્નોની અદ્ભૂત રચનાઓ આપણને સુલભ બને.

હજી ઘણાં જાણીતા અને ઓછા જાણીતા મધ્યકાલીન ગૂર્જર કવિઓ જેવા કે લટકાળા પંડિત મોહનવિજયજી, પંડિત જિનવિજયજી, પંડિત માન-વિજયજી વગેરેના આવાજ સંગ્રહો પ્રકાશિત થાય તો ગૂર્જર સાહિત્ય સમૃદ્ધ બને અને તેમાં પ્રો. કવિન શાહ નિમિત્ત બને તેવી શુભેચ્છા-સહ

**- પ્રદ્યુમ્નસૂરિ**

હેમચંદ્રાચાર્ય જન્મભૂમિ

ધંધુકા

ફા.સુ. પૂર્ણિમા, વિ.સં. ૨૦૫૪

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ |
|---|---|
| **વિભાગ -૧ પદ્ય** | |
| **પ્રકરણ - ૧** | |
| કવિરાજ દીપવિજય - જીવન અને સાહિત્ય સર્જન | ૧ |
| **પ્રકરણ - ૨** | |
| હાલરડું અને અન્ય રચના | ૧૦ |
| ૧. હાલરડુ - દીપવિજય | ૧૪ |
| ૨. કવિ. જયવિજય કૃત | ૨૨ |
| ૩. કવિ માનવિજય | ૨૪ |
| ૪. સહજ કલાનિધિ | ૨૬ |
| ૫. મહાવીરસ્વામી પારણુ | ૨૮ |
| ૬. અમીવિજય કૃત હાલરડું | ૩૦ |
| ૭. હંસવિજયનું હાલરડું | ૩૫ |
| ૮. કવિ-પંડિત વીરવિજયનું હાલરડું | ૩૫ |
| ૯. અજ્ઞાત કવિ | ૩૮ |
| ૧૦. કવિ દયારામનું હાલરડું | ૩૯ |
| **પ્રકરણ - ૩** | |
| સોહમ કુળ રત્ન પટ્ટાવલી રાસ | ૪૪ |
| ૧. કલ્પ સૂત્રની ટીકા | ૪૮ |
| ૨. પટ્ટાવલી સમીક્ષા | ૭૫ |

## **પ્રકરણ - ૪** સ્તવન અને વધાવા


અ. સ્તવન ૮૪

૧. કેસરીયાજી તીર્થ ૮૬

૨. કાવી તીર્થે ૮૯

૩. રોહિણી સ્તવન ૯૬

૪. ઋષભદેવ સ્તવન ૧૦૩

૫. પાર્શ્વ - જન્મ કલ્યાણક સ્તવન ૧૦૬

૬. વીર પ્રભુનું સ્તવન ૧૦૮

બ. જૈન કાવ્ય પ્રકાર - વધાવા.

મહાવીર સ્વામી પાંચ વધાવા ૧૧૨

પાર્શ્વનાથ પંચ વધાવા સ્તવન ૧૧૭

સિદ્ધાચલનું સ્તવન ૧૨૧

સ્તવન (અબોલડાંનું) ૧૨૩

વિજય શેઠ - વિજયા શેઠાણી ૧૨૬


## **પ્રકરણ - ૫** ગહુંલી


૧. ભગવતી સૂત્રની ગહુંલી ૧૩૦

૨. મહાવીર - સ્વામી ૧૩૧

૩. મહાવીર સ્વામીની વાણી ૧૩૨

૪. મંગળ - ભાવના ૧૩૩

૫. મુનિ વંદના ૧૩૪

૬. અગિયાર ગણધરની ગહુંલી ૧૩૫

૭. ગુરુ મહિમા ૧૩૬

૮. કેશીકુમારની ગહુંલી ૧૩૬

૯. શ્રેણિક રાજા ૧૩૭

૧૦. સિદ્ધચક્રની ગહુંલી ૧૩૮

૧૧. સમવસરણ ૧૩૯

૧૨. જંબુકુમારની ગહુંલી ૧૪૦

૧૩. ચક્કેશ્વરી માતા ૧૪૮

**પ્રકરણ - ૬** ગઝલ

| | |
|---|---|
| ભટેવા પાર્શ્વનાથનું સ્તવન | ૧૫૭ |
| શ્રી પાર્શ્વનાથનું સ્તવન | ૧૫૯ |
| વટપ્રદ (વડોદરા)ની ગઝલ | ૧૬૧ |
| સૂરતની ગઝલ | ૧૬૪ |

**પ્રકરણ - ૭** પૂજા સાહિત્ય

| | |
|---|---|
| અષ્ટાપદની પૂજા | ૧૭૧ |
| નંદીશ્વર દ્વીપ પૂજા-ભૂમિકા | ૧૮૬ |
| આગમ શાસ્ત્રનો પરિચય | ૧૯૫ |
| અડસઠ આગમની પૂજા | ૧૯૮ |

**વિભાગ - ૨**

| | |
|---|---|
| પ્રકિર્ણ રચનાઓ | ૨૧૧ |

**પ્રકરણ - ૮**

| | |
|---|---|
| સ્તુતિ | ૨૧૨ |
| મહાવીરસ્વામીની થોય | ૨૧૪ |
| સામાન્ય જિન સ્તુતિ | ૨૧૬ |

**પ્રકરણ - ૯** ચૈત્યવંદન

| | |
|---|---|
| મહાવીર જિન ચૈત્યવંદન | ૨૧૮ |
| મહાવીરસ્વામીનું ચૈત્યવંદન | ૨૨૦ |

**પ્રકરણ - ૧૦** સજ્ઝાય

| | |
|---|---|
| ગોભદ્ર - શાલીભદ્રની સજ્ઝાય | ૨૨૧ |
| મુનિ વંદનાની સજ્ઝાય | ૨૨૬ |
| રોટીની સજ્ઝાય | ૨૨૯ |
| રૂપિયાની સજ્ઝાય | ૨૩૨ |
| થાવચ્ચા પુત્રની સજ્ઝાય | ૨૩૫ |

**પ્રકરણ - ૧૧**
ચંદરાજા-ગુણાવલી પત્ર ૨૩૯
સીમંધરસ્વામી વિનતી પત્ર ૨૪૭
સીમંધર જિનને પત્ર ૨૪૮
**પ્રકરણ - ૧૨**
વિજય લક્ષ્મી સૂરિ સ્તુતિમાલા ૨૫૪
**પ્રકરણ - ૧૩**
માણીભદ્ર છંદ - આરતી ૨૬૧
**પ્રકરણ - ૧૪**
સોહમ કુળ તપવિધિ - ગણધર દેવવંદન ૨૬૬
**વિભાગ-૩**
**પ્રકરણ - ૧૫**
ચર્ચા - બોલ - વિચાર ૨૮૬
**પ્રકરણ - ૧૬**
ચૌમાસી વ્યાખ્યાન ૨૯૭
**પ્રકરણ-૧૭**
મહાનીશીથ સૂત્ર ૩૦૨
**વિભાગ - ૪**
**પ્રકરણ - ૧૮**
કવિરાજ દીપવિજય ૩૦૬
સર્જક-પ્રતિભા
**પ્રકરણ - ૧૯**
ઉપસંહાર ૩૩૭
**વિભાગ - ૫**
કવિની મૂળ પદ્ય ગદ્ય કૃતિઓ અને ૩૩૯
અન્ય હાલરડાં ૩૯૨

# વિભાગ - ૧ પદ્ય

## પ્રકરણ - ૧

### કવિરાજ દીપવિજય - જીવન અને સાહિત્ય સર્જન

જૈન સાહિત્યની વિશેષતા એ છે કે તેમાં ઐતિહાસિક પરંપરાને અનુસરીને ભગવાન મહાવીરથી આજ દિન સુધી થઈ ગયેલા પ્રભાવક આચાર્યો અને મુનિઓના જીવન વિષે આધારભૂત ચરિત્રાત્મક માહિતી, કલ્પસૂત્ર, પ્રભાવક ચરિત્ર, રાસ અને અન્ય નાની મોટી કૃતિઓ સમયે-સમયે સર્જાઈ હતી, તેમાંથી મળે છે. ગુરૂ શિષ્યની જોડીએ શિષ્ય તરીકે ગુરૂનો મહિમા ગાવાની જૈન ધર્મની પ્રણાલિકા મુજબ ગુરૂ જીવન વિષે કાવ્યમાં ચરિત્રાત્મક માહિતીનું સર્જન થયેલું જોવા મળે છે. અતિ સમૃદ્ધ એવા ચરિત્ર સાહિત્યના વારસાનો વિચાર કરીએ ત્યારે એમ થાય છે કે કવિરાજ દીપવિજયના જીવન વિષે કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી. આ માટે એમની કૃતિઓમાંથી જે કંઈ વિગતો મળે તે જ માન્ય ગણવાની છે.

તેઓશ્રી વિક્રમની ૧૮મી સદીના અંત ભાગ અને ઓગણીસમીના પૂર્વાર્ધમાં થયા હતા.

કવિ દીપવિજયજીના માતા, પિતા, જ્ઞાતિ કે જન્મભૂમિ, દીક્ષા વર્ષ, પદવી આદિ માહિતી કોઈ સાધનમાંથી પ્રાપ્ત નથી. માત્ર એમની રચેલી કૃતિઓના વર્ષ ઉપરથી સર્જનકાળ અને વિહારભૂમિનો ખ્યાલ આવે તેમ છે.

કવિરાજ દીપવિજયજી આણસુર ગચ્છના શ્રી.પં. પ્રેમ

વિજયગણિના શિષ્ય પં. શ્રી રત્નવિજય ગણિના શિષ્ય હતા. વિશેષમાં તેઓ આજ ગચ્છના (સોહમ્કુલ પટ્ટાવલી રાસની પ્રસ્તાવનામાં) સમુદ્રસૂરિના આજ્ઞાવર્તી યતિ હતા. એમના જીવન અને સર્જન વિષે નીચે દર્શાવ્યા પ્રમાણે માહિતી ઉપલબ્ધ થાય છે.

તેમને ઉદયપુરના રાણા ભીમસિંહે કવિરાજનું અને ગાયકવાડ નરેશે કવિ બહાદુરનું બિરૂદ આપ્યું હતું. તે ઓગણીસમી સદીના લોકપ્રિય કવિ છે.*

કવિએ સોહમ્કુલ પટ્ટાવલી રાસની સુરતમાં સં. ૧૮૭૭માં રચના કરી હતી. તે રાસ પૂર્ણ કરતાં કવિ જણાવે છે કે "ઈતિશ્રી પ્રાગવાટ (પોરવાડ) જ્ઞાતિય સા કલા શ્રીમત કુલોત્પન્ન શાહ અનોપચંદ વ્રજલાલ આગ્રહાત શ્રી વિજય આણંદસૂરિગચ્છે સકલ પંડિત પ્રવર પં. પ્રેમવિજય ગ. પં. રત્નવિજયગણિના શિષ્ય પં. દીપ-વિજય કવિરાજ બહાદુરેણ વિરચિતાયા સોહમ્કુલ રત્ન પટ્ટાવલી રાસ...."[૧]

એજ વરસમાં તેઓશ્રીએ બનાવેલી પાંચ ગજ્જલ વિષે નીચે મુજબ ઉલ્લેખ થયો છે.

"ઈતિશ્રી કવિરાજ દીપવિજય બહાદુરેણ વિરચિતાયા સૂરતકી ગજ્જલ ૮૩ ગાથાકી, ખંભાતકી ગજ્જલ ૧૦૩ ગાથાકી, જંબુસરકી ગજ્જલ ૮૫ ગાથાકી, ઊદેપુરકી ગજ્જલ ૧૨૭ ગાથાકી એ પાંચ પાંચ ગજ્જલ બનાઈ હૈ સંવત ૧૮૭૭ શાકે ૧૭૪૨ પ્રવર્તમાને માગસિર સુદ-૫, રવિવાસરે લિ. પં. દીપવિજય કવિરાજ બહાદુરેણ" ચર્ચા બોલ વિચાર કૃતિના પ્રારંભમાં નીચે પ્રમાણેની માહિતી છે.[૨]

"શ્રીમાન તપાગચ્છીય ભટ્ટારક વિજય લક્ષ્મીસૂરિ ઉપગારાત્ સં. ૧૮૭૬ વર્ષે પં. દીપવિજય કવિરાજ બહાદુર **"સો ગુજરાત દેશ વડોદરા કે વાસી"**, સો શ્રી ઉદયપુર મહારાણાશ્રી ભીમસિંહજીકો આશ્રી વચન દેવનેકું આએ."[3]

કવિની પોતાની આ નોંધ ઉપરથી એમનું જન્મ સ્થળ વડોદરા છે એમ સ્પષ્ટ રીતે જાણવા મળે છે. આ સિવાય એમની બીજી કોઈપણ રચનામાં જન્મસ્થળ કે અન્ય માહિતી દર્શાવતો ઉલ્લેખ ઉપલબ્ધ થતો નથી.

દીપવિજય કૃત "મહાનિશીથ સૂત્રના બોલની હસ્તપ્રતનું સાક્ષરરત્ન પૂ. મુનિશ્રી જિનવિજયજીએ સંપાદન કર્યું હતું. તેમાં જણાવ્યું છે કે વડોદરાના રાજા ખંડેરાવે એમને કવિ બહાદુરનો ઈલ્કાબ આપ્યો હતો. પણ આ ઈલ્કાબ આપવાનું કારણ દર્શાવવામાં આવ્યું નથી.

શ્રીમંત રાજા ગાયકવાડે કવિ દીપવિજયને કવિરાજનું બિરૂદ આપ્યું હતું. તેનો સંદર્ભ નીચેની નોંધથી મળી આવે છે.

"તે કવિએ રચેલ અને વિ. સં. ૧૮૭૭માં અઢી હાથ લાંબા અને પોણા બે હાથ પહોળા કપડા ઉપર સ્વહસ્તે લખેલ રાઠોડ મહારાજા માનસિંહના કીર્તિ ગુણ સમુદ્રબંધ આશીર્વચન કાવ્યના ચિત્રમય પટ્ટમાં કરેલા ઉલ્લેખ પરથી જણાય છે."[૪]

આ માહિતી કવિને પ્રાપ્ત થયેલ બિરૂદ અંગે પ્રકાશ પાડે છે.

"વડોદરા જૈન મંદિરાવલીમાં 'વડોદરું એ વીરક્ષેત્ર શાથી ? તે વિશે જણાવ્યું છે કે વડોદરા શહેર અનેક ત્યાગી જૈન મુનિઓના

ચરણકમળથી પવિત્ર થયેલું છે. ઉપધાન, ઉજમણાં અને જૈન કોન્ફરન્સનું સંમેલન જેવાં પુણ્ય કાર્યો થયાં છે. જૈન સમાજનાં મહાન રત્નો જેવાં કે પ્રવર્તક મુનિશ્રી કાંતિવિજયજી, મુનિ હંસ વિજયજી, મુનિ વલ્લભવિજયજી વગેરે આ શહેરમાં જન્મીને શહેરનું નામ પાવન કર્યું હતું. એટલે વીરક્ષેત્ર કહેવામાં આવે છે. સાહિત્ય મીમાંસામાં રસના સંદર્ભમાં વીર રસના ચાર ભેદ ગણાવ્યા છે. દયાવીર દાનવીર, યુધ્ધવીર અને ધર્મવીર. તે દૃષ્ટિએ વિચારતાં આ ભૂમિ ધર્મવીરોની જન્મભૂમિ ને ધર્મકાર્યો જિન શાસનની પ્રભાવના જેવી પ્રવૃત્તિમાં પરમપાવન નિશ્રા ગીતાર્થ ગુરુ ભગવંતોની પ્રાપ્ત થઈ હતી એટલે વીર ક્ષેત્ર નામ સાર્થક થાય છે.

મહાકવિ પ્રેમાનંદ એ વડોદરાના વતની હતા. તેઓશ્રીએ પોતાનો પરિચય આપતાં જણાવ્યું છે કે -

"વીરક્ષેત્ર વડોદરું ગુજરાત મધ્યે ગામ, ઉદર નિમિત્તે સુરત સેવ્યું ને ગામ નંદરબાર"[૫]

કવિ દીપવિજયે પણ વીરક્ષેત્ર વડોદરાનો સંદર્ભ જણાવ્યો છે. "પંડિત દીપવિજય કવિરાજ બહાદુર સો ગુજરાત દેશ વડોદરા કે વાસી"

દીપવિજય કવિરાજ આ વીર ભૂમિના જિન શાસનના શણગાર સમા અણગાર - નરરત્ન હતા. તેનાથી વડોદરા નગરી અને જૈન સમાજ ગૌરવ અનુભવે છે.

---

સંદર્ભ : વડોદરા જૈન મંદિરાવલી : પ્રકા. શ્રી જૈન એસોસીએશન ઓફ બરોડા ઈ.સ. ૧૯૧૭)

કવિની કૃતિઓની સાલવારીને આધારે એમનો સાહિત્ય સર્જન કાળ સં. ૧૮૫૨ થી ૧૮૯૨ સુધીનો ગણાય છે.

સાધુ જીવનમાં ચાતુર્માસ સિવાય વિશિષ્ટ ધર્મ પ્રવૃત્તિ કે માંદગી, વૃદ્ધાવસ્થા જેવા નિમિત્તો સિવાય એક જ સ્થળે રહેવાનું હોતું નથી. તેઓ વિહાર કરીને લોકોને ધર્મ માર્ગે વાળવાનું પુણ્ય કાર્ય કરે છે.

દીપવિજયજીએ પણ સાધુ આચાર મુજબ વિહાર કરીને વડોદરાથી સુરત, રાંદેર, બીલીમોરા, જંબુસર, સિનોર, ખંભાત, કાવી, ઉદયપુર, પાલનપુર અને મારવાડ (રાજસ્થાન) માં નિવાસ કર્યો હતો અને આ સ્થળોમાં વિવિધ પ્રકારની કૃતિઓનું સર્જન કરી સાહિત્યને અલંકૃત કરવાનો પ્રયત્ન કર્યો હતો. એમની કૃતિઓનો અભ્યાસ કરતાં એમ જાણવા મળે છે કે કવિની ભાષા શુદ્ધ ગુજરાતી હોવા છતાં વિહારનાં સ્થળની ભાષા-બોલીનો વિશેષ પ્રભાવ પડયો છે. કવિએ સ્થળ અને કાળને અનુરૂપ ભાષા બોલીનો આશ્રય લઈને લોકભોગ્ય રચના કરી હતી. એટલે કે સ્થાનિક ભાષાને વધુ મહત્વ આપ્યું હતું. સમકાલીન રાજકીય પ્રભાવથી પ્રેરાઈને સ્થળ વર્ણનની ગઝલની રચનાઓ કરીને સમકાલીન પ્રવાહ સાથે એકરૂપ બન્યા હતા. સાહિત્યનો અભ્યાસ કરતાં રાજકીય પ્રભાવનું પ્રમાણ અવશ્ય જોવા મળે છે.

આ રીતે ઉપલબ્ધ સાહિત્ય સામગ્રીને આધારે કવિના જીવનની કેટલીક નોંધપાત્ર વિગતો મળતી નથી પણ જન્મ સ્થળ, વિહાર ભૂમિ, સર્જન કાળ જેવી વિગતો પ્રાપ્ત થાય છે. સંભવ છે કે તેઓ યતિ હોવાને કારણે સંવેગી પરંપરાથી એમને વિશે કોઈ વિશેષ

માહિતીનો આધાર મળતો નથી. યતિ સમુદાય અને સંવેગી સાધુઓ વચ્ચે મતભેદ હતો તેને કારણે પણ આવા પ્રતિભાશાળી કવિ વિશે માત્ર કૃતિઓ સિવાય અન્ય બાબતોમાં અંધકાર જ રહેલો છે. મતભેદ અને મનભેદ એ વ્યવહાર અને સંયમ જીવનમાં પણ નિષ્પક્ષ રીતે વ્યક્તિના મૂલ્યાંકનમાં લોખંડી દિવાલ ઊભી કરે છે. અત્રે આ અંગે વિશેષ ન વિચારતાં એમની સાહિત્ય પ્રવૃત્તિઓની એક સૂચી વિવિધ પુસ્તકોના આધારે તૈયાર કરીને આપવામાં આવી છે. એટલે કવિની સર્જન શક્તિ ને વિપુલ સાહિત્યનો પરિચય પ્રાપ્ત થશે.

ઓગણીસમી સદીના ખ્યાતનામં કવિઓમાં ઉત્તમવિજય, પદ્મવિજય, લક્ષ્મીસૂરિ, જિનલાભસૂરિ, ક્ષમા કલ્યાણગણિ, જ્ઞાન સારજી, પંડિત વીરવિજયજીની સાથે દીપવિજયનું નામ પણ નોંધાયેલું છે.

પ્રભુ પ્રત્યેની અનન્ય ભક્તિ, ગુરુ સેવા ને કૃપા, ચારિત્રનું પાલન, કર્તવ્ય પરાયણતા જેવા આદર્શોને ચરિતાર્થ કરી શ્રુતજ્ઞાન યજ્ઞમાં કવિએ જીવનનાં કિંમતી વર્ષો ઉજમાળ કરી ભવોભવનું ભાથું બાંધીને જિન શાસન પ્રેમીઓને જ્ઞાન, ભક્તિ અને સંયમ પ્રત્યેની અનન્ય પ્રેરણા પ્રદાન કરી છે તેનું શબ્દોમાં મૂલ્ય આંકી શકાય તેમ નથી.

## કવિરાજ દીપવિજયની સાહિત્ય સૃષ્ટિ

૧. રૂપિયાની સજઝાય સં. ૧૮૯૧

૨. વડોદરાની ગઝલ સં. ૧૮૫૨ ફા. સુ. ૨

૩. સુરત કી ગઝલ ગા. ૧૦૩ સં. ૧૮૭૭ માગ. વદ. ૨

૪. જંબુસર કી ગઝલ ગા. ૮૫ સં. ૧૮૭૭
૫. ઉદેપુર કી ગઝલ ગા. ૧૨૭ સં. ૧૮૭૭
૬. પાલનપુર ગજજલ
૭. સીનોર ગજલ
૮. ખંભાત કી ગઝલ
૯. રોહિણી સ્તવન સં. ૧૮૫૯ ખંભાત.
૧૦ કેશરિયાજીની લાવણી સં. ૧૮૭૫ (રૂષભદેવ સ્તવન)
૧૧. પાર્શ્વનાથના પાંચ વધાવા સં. ૧૮૭૯
૧૨. કાવીતીર્થ વર્ણન ઢા. ૩ સં. ૧૮૮૬
૧૩. મહાવીરના પાંચ કલ્યાણક વધાવા - ખંભાત.
૧૪. ગોડી પાર્શ્વનાથ સ્તવન
૧૫. વડોદરા મંડન જીરાવલા પાર્શ્વનાથ સ્તવન
૧૬. રૂષભદેવની શોભા સ્તવન ૧૮૮૬
૧૭. અડસઠ આગમની અષ્ટ પ્રકારી પૂજા સં. ૧૮૮૬, જંબુસર
૧૮. નંદીશ્વર મહોત્સવ પૂજા સં. ૧૮૮૯ સુરત
૧૯. અષ્ટાપદની પૂજા સં. ૧૮૯૨ રાંદેર
૨૦. સમુદ્રબંધ આર્શીવાદ કાવ્ય પ્રબંધ સં. ૧૮૭૭ આ.સુ. ૧૦ (જેમાં રાઠોડ રાજા માનસિંહનું વર્ણન) બીજો આર્શીવાદ પ્રબંધ જેમાં નગરશેઠ હેમાભાઈ વખતચંદનું વર્ણન છે.
૨૧. સોહમકુલ પટ્ટાવલી રાસ સં. ૧૮૭૭ સુરત
૨૨. માણિભદ્ર છંદ - આરતી

૨૩. ચંદનો ગુણાવલી પર પત્ર, કડી ૩૨

૨૪. સોહમકુલ કલ્પવૃક્ષ તપ વિધિ - દેવવંદન સં. ૧૮૮૨

૨૫. ભ. વિજય લક્ષ્મીસૂરિ સ્તુતિમાલા - સં. ૧૮૫૮

૨૬. મહાનિશીથ સૂત્રના બોલ ૩૦૦ સં. ૧૮૯૦, વડોદરા.

૨૭. મૂર્તિપૂજા પ્રશ્નોત્તર (પ્રશ્નોત્તર સમુચ્ચય)

૨૮. પર્વતિથિ અંગે પત્ર સં. ૧૮૭૧ આ.સુ. ૧ વડોદરા

૨૯. ચર્ચાબોલ વિચાર સં. ૧૮૭૬, ઉદેપુર.

૩૦. આત્મચિત્તવૃત્તિ પત્રિકા - કવિ પંડિત વીર વિજયજીને ઉદ્દેશીને.

૩૧. સ્થૂલિભદ્ર નવરસો સં. ૧૮૪૦.

૩૨. કાવી તીર્થ વર્ણન સં. ૧૮૮૬ તદુપરાંત સ્તુતિ, ચૈત્યવંદન, સ્તવન, સજઝાય, ગહુંલીઓ વગેરેની પણ રચના કરી છે.

# સંદર્ભ પુસ્તક સૂચી


| | | |
|---|---|---|
| નં. | શ્રી પટ્ટાવલી સમુચ્ચય સંપા. ત્રિપુટી | પા. ૪ |
| ૧. | એજન | પા. ૧૧૯ |
| ૨. | જૈન ગુર્જર સાહિત્ય રત્નો ભા. ૨-પા. ૯૦<br>સંપા. નગીનદાસ મંછુભાઈ | |
| ૩. | જૈન ગુર્જર કવિઓ ભા-૬<br>લે. મો-દ-દેસાઈ | પા-૧૯૫ |
| ૪. | ઐતિહાસિક લેખ સંગ્રહ<br>કર્તા : લાલચંદ્ર નંદલાલ પંડિત | પા. ૪૫૬ |
| ૫. | મધ્યકાલીન સાહિત્યનો ઈતિહાસ<br>અનડા પ્રકાશન | પા. ૯૨ |

# પ્રકરણ ૨

## હાલરડું અને અન્ય રચનાઓ.

'હાલરડું' એટલે માતા બાળકને ઊંઘાડવા માટે લયબધ્ધ પદાવલીઓને સંગીતમય ધ્વનિ યુક્ત ગાય છે તે રચના. બાળકને વાત્સલ્યથી પારણામાં ઝુલાવતી વખતે ગીત સ્વરૂપ હાલરડું ગાવાથી તેની કોઈ ચુંબકીય અસરથી નાનકડો બાળ નિદ્રાધીન બને છે. તેમાં પારણાનું વર્ણન ને બાળ ચેષ્ટાઓ, બાળકનો શણગાર, કૌટુંબિક સંબંધો, ભવિષ્યની અનેરી આશા-આકાંક્ષાઓ વગેરેનો સમાવેશ થાય છે. તેમાં સ્વાભાવિક નિરૂપણ દ્વારા ચિત્રાત્મક અભિવ્યક્તિ થતી હોય છે. આવાં ગીતો કે પદોમાં માતાના ઉલ્લાસ અને અપૂર્વ વાત્સલ્યનો સાહજિક ભાવ પ્રગટ થયેલો જોવા મળે છે.

માતા બાળકને પારણામાં ઝુલાવતી હોય તે દ્રશ્ય માતૃત્વના જીવનનો સર્વોત્તમ પ્રસંગ કહેવાય છે. તેનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી. તે તો માતા પોતેજ જાણે છે. 'હાલરડું' આવી અનુભૂતિને સાકાર કરતી પદ કે ગીત સ્વરૂપની સુમધુર કાવ્ય રચના છે. તેમાં વિશેષ રીતે તો માતાના ચિત્તની પ્રસન્નતા ને ધન્યતાનો નૈસર્ગિક ભાવ જોવા મળે છે.

જૈન સાહિત્યમાં ઉપલબ્ધ હાલરડાંની કૃતિઓ સાધુ કવિઓએ રચી છે તેમ છતાં પ્રભુ ભક્તિના પર્યાય રૂપે મધુર પદાવલીઓમાં વાસ્તવિકતાનો પરિચય થાય છે. ત્યાગ અને વૈરાગ્યને વરેલા સાધુઓના શુભ હસ્તે બાળક અને માતાના સંબંધનું ભાવવાહી ચિત્ર આલેખવાની એમની પ્રવૃત્તિ સૌ કોઈને માટે ગૌરવવંતી છે.

તેના પાયામાં પ્રભુ પ્રત્યેનો અનહદ પ્રેમ છે. પદના કાવ્ય પ્રકાર તરીકે ભજન, આરતી અને હાલરડાં ને સ્થાન આપવામાં આવે છે. કૃષ્ણ ભક્તિ વિષયક વિવિધ પદોમાં હિંડોળાનાં પદો ભગવાનને પારણામાં ઝુલાવતી વખતે ગાવામાં આવે છે. આવાં પદો સમુહમાં ગાઈ શકાય તેવા ઢાળ કે દેશીમાં રચાયાં છે. તેમાં દેવની સ્તુતિની સાથે ઋતુનો સંદર્ભ પણ જોવા મળે છે. માતૃવાત્સલ્યને પ્રગટ કરતાં હાલરડાંનું મૂળ શ્રી કૃષ્ણની બાળલીલાનાં પદોમાં છે. ભાગવતમાં હિંડોળાંનાં અને હાલરડાંનાં પદોમાં શ્રી કૃષ્ણની બાળલીલાનું નિરૂપણ થયેલું છે.

હાલરડું સુગેય પદ રચના છે. જેમાં બાળસ્વભાવની લાક્ષણિકતા, માતૃહૃદયની બાળક પ્રત્યેની શુભ ભાવના, આશીર્વાદ અને ભવિષ્યની અનેરી આકાંક્ષાઓ વ્યક્ત થયેલી હોય છે. પદ સમાન હાલરડાં પણ ભક્તિ પ્રધાન કાવ્યનું અનુસંધાન કરે છે.

શ્રી કૃષ્ણના હાલરડાં એ સૌ કોઈ બાળકોનાં હાલરડાં છે. પ્રેમાનંદના દશમસ્કંધમાં પણ એક હાલરડું છે. લોકગીતોમાં લોકભાષામાં વિશિષ્ટિ રીતે હાલરડાનું સર્જન થયું છે. છૂપાઈ ગયેલા બાળકૃષ્ણને શોધવા પ્રયત્ન કરતી માતાની વ્યાકુળતાનું નિરૂપણ ભાલણના પદમાં નીચે મુજબ મળી આવે છે.

"કહાન કહાન કરતી હીંડુ રે, ઘેર ઘેર જોતી હીંડું રે[1]
ક્યાં ગયો મારો નાનડિયો જેને નાકે નિર્મળ મોતી રે."

મંદિરમાં પ્રભુ પૂજા કરવામાં આવતી હતી ત્યારે એમના જન્મનો મહિમા દર્શાવવા માટેની ભક્તિભાવ પ્રધાન રચના તરીકે હાલરડું સ્થાન ધરાવે છે. ભક્તજનોની ભક્તિ ભાવનાની

અભિવ્યક્તિમાંથી હાલરડાનો ઉદ્‌ભવ થયો હોય એમ માનવામાં આવે છે.

હાલરડામાં પારણાના વર્ણન ઉપરાંત સગાં સ્નેહીઓનાં નામનો ઉલ્લેખ થયેલો હોય છે.

ઉદા. "હરિ હાલો રે કાનજી હાલો રે, નંદનો લાલો રે,
વિશ્વનો વહાલો રે, તે પોઢયો પારણે. હરિ.
હરિને પારણે જડ્યા આપરે, નંદજી તો લાલ રે,
ઝુલાવે પારણું"[૨]

લોક સાહિત્યમાં હાલરડાં વિશેષ છે. હાલરડાંનો ઉદ્દેશ બાળકને પારણામાં પોઢાડવાનો છે. બાળક શાંતિથી નિદ્રાધીન થાય તે માટે વિવિધ પ્રદેશમાં હાલરડાં પ્રચલિત છે. બાળનિંદ્રા સંગીતના લયબધ્ધ સૂરોથી પણ સાધ્ય છે. તેમ છતાં લોક બોલીમાં રચાયેલા લય યુક્ત ટૂંકા પદો બાળકોને પોઢાડવામાં માતા ગાય છે. જો માતાનો કંઠ મધુર હોય તો હાલરડું પ્રભાવોત્પાદક બને છે. રડતા બાળકોને શાંત કરવા માટે પણ હાલરડાં ગાવાનો રિવાજ જોવા મળે છે. તેમાં ધ્રુવપંક્તિ અતિમહત્વનું સ્થાન ધરાવે છે. હાલરડાં માટે હાલો, હાલો જેવા શબ્દો પણ પ્રચલિત છે.

"હાલરડું ઘણું વ્હાલું હો ભાઈને, હાલરડું ઘણું વ્હાલું
ચકમક ચકલી સોનેથી મઢાવું,
પારણીયે પોપટ પધરાવું હો ભાઈને
ચીનાઈ ચાદર ચંપાનાં ફુલડાં,
સૂવાની સ્હેજ બિછાવું હો ભાઈને ..................
મલમલ મશરૂત તકીઆ બનાવું,

પારણીએ પધરાવું હો ભાઈને
હીરની દોરીએ હીંચોળુ વ્હાલા
ઘેરાં ઘેરાં ગીતડાં ગાઉં હો ભાઈને............

ઊંઘીને ઊઠશો ભાઈએ લાડકા
ગાલીશ હું ગજવે ખાઉં હો ભાઈને............
હાલા ગજો રે, ગોરી લઈનાં
હાલા............ હા....... લા............

હાલ વ્હાલુંનું હાલરું ને, વાવ્યા મગ ચણાને ઝાલરૂં રે,
ઝાલર ખારો બોકડા ને ભાઈ રમે રે સોનાના દોકડા
("સાબરકાંઠાના ઘરો એક અધ્યયન,"[૩])

"હાલો રે હાલો, ભાઈને હાલો રે બહુ હાલો
ભાઈને ગોરીડાં રે ગાજો, ભાઈને રમવા તેડી જાજો,
ગોરી ગાયના દૂધ ભાઈ પીશે ઉગમતે સૂર
હાં....હાં.....હાલો.[૩]

"તમે મારા દેવના દીધેલ છો, તમે મારા માગી લીધેલ છો,
આવ્યા ત્યારે અમર થૈંને રેજો ?

તમે મારું નગદ નાણું છો, તમે મારું ફૂલ વસાણું છો
આવ્યા ત્યારે અમર થૈંને રેજો ? [૩બ]

પ્રથમ ગર્ભ વખતે સૂર્ય સામે રન્નાદેં સૂર્યરાણી સમક્ષ ગવાતાં ગીતો અધરણી ગીતો કહેવાય છે.

હાલરડાની રચના સગુણોપાસનાની સાથે ધાર્મિક મહત્વ દર્શાવતી શ્રૃંગાર અને વાત્સલ્યભાવ નિરૂપણ કરતી રસિક રચના

છે. હાલરડાંમાં બાળકને ઉંઘાડવાનાં જ નહિ પણ માતૃવાત્સલ્ય, ઉરસંવેદનો, કંટાળો, પરાક્રમની ભાવના, આર્શીવાદ અને ભવિષ્યની અનેરી આશાઓની અભિવ્યક્તિ થયેલી હોય છે.

## હાલરડું - દીપવિજય [૪]

ઇષ્ટદેવ પ્રત્યેની ભક્તિ ભાવના પ્રગટ કરતી હાલરડાની રચના ભક્તિમાર્ગમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. પ્રભુના જન્મથી મોક્ષ પ્રયાણ સુધીના વિવિધ પ્રસંગોને પદ સ્વરૂપમાં વ્યક્ત થયેલાં જોવા મળે છે. તેમાં પ્રભુની બાલ્યાવસ્થાનું આકર્ષક વ્યક્તિત્વ અને વાત્સલ્ય ભાવ પ્રગટ કરતી હાલરડાની રચના અન્ય પદો સમાન ભક્તજનોના હૃદયમાં ચિરંજીવ સ્થાન ધરાવે છે.

કવિ દીપવિજયે ભગવાન મહાવીરસ્વામીના હાલરડાની રચના બીલીમોરામાં કરી હતી એવો ઉલ્લેખ ૧૮મી કડીમાં થયો છે. તે ઉપરથી કવિ બીલીમોરા આવ્યા હશે એમ અનુમાન કરવામાં આવે છે. ખંભાત-કાવી-વડોદરા-સુરત વગેરેની ગજ્જલની રચના કરી તે ઉપરથી એમ માનવાને કારણ છે કે કવિએ સુરતની મુલાકાત લીધી હશે. ત્યાર પછી બીલીમોરા આવ્યા હશે. કવિની પંક્તિ છે.

"બીલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરડું"

આ રીતે હાલરડાની રચના બીલીમોરાનગરમાં થઇ છે. તે નિ:શંક છે.

"માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે રે"........એ રચના કવિ દયારામની છે. તે પંક્તિના લયને અનુસરીને કવિએ મહાવીર

સ્વામીના હાલરડાની રચના કરી છે. પ્રારંભની પંક્તિ છે.

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે રે.......દયારામના હાલરડાની ગેયતા દીપવિજયના હાલરડામાં સમાન રીતે સ્થાન પામેલી જોવા મળે છે.

ભગવાનનું પારણું એ કંઇ સામાન્ય કક્ષાનું ન હોય એટલે કવિએ કલ્પના કરી છે કે -

"સોના રૂપાને વળી રત્ને જડિયું પારણું રે".
રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત. હાલો......॥૧॥

સુવર્ણ, રૂપુ અને વિવિધ રત્નોથી સુશોભિત, રેશમી દોરી અને ઘુઘરીઓના રણકારયુક્ત પારણું છે. કવિની કલ્પનાશક્તિના પ્રભાવથી પારણું પ્રત્યક્ષ નિહાળવાની ધન્ય પળની શ્રોતાઓને અનુભૂતિ થાય છે.

બીજી કડીમાં ભગવાન મહાવીર, પાર્શ્વનાથ ભગવાન પછી ૨૫૦ વર્ષે થશે એમ કેશી ગણધરે કહ્યું હતું તેનો ઉલ્લેખ કર્યો છે.

ભગવાનનાં માતાજી ૧૪ સ્વપ્ન જુએ છે. તેનું ફળ એ છે કે ચક્રવર્તી રાજા જન્મે અથવા તો તીર્થંકર ભગવાન જન્મે. હવે કોઇ ચક્રવર્તી થવાના નથી એટલે કેશીસ્વામીની વાણી સાચી પડી કે ૨૪મા ભગવાનનો જન્મ થશે. ત્રીજી કડીમાં સ્વપ્ન દર્શનના ફળની શંકા અને સમાધાન જણાવ્યું છે. આ ચોવીશીના અંતિમ તીર્થંકર માતાના ગર્ભમાં આવ્યા છે તેનો અપૂર્વ આનંદ થાય છે તેની અભિવ્યક્તિ કરતાં કવિ જણાવે છે કે -

"મ્હારી કુખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ
મ્હારી કુખે આવ્યા તારણ તરણ જહાજ
મ્હારી કુખે આવ્યા સંઘ તીરથની લાજ
હું તો પુન્ય પનોતી ઈંદ્રાણી થઈ આજ. હાલો." ૪

ગર્ભવતી સ્ત્રીને ગર્ભમાં રહેલા જીવાત્માના લક્ષણો કેવાં હોય તે સંદર્ભમાં દોહદ ઉત્પત્તિ થાય છે. તીર્થંકરનો ગર્ભ માતાના ઉદરમાં હોય ત્યારે સર્વ સામાન્ય સ્ત્રીઓને જે દોહલા થાય છે તેવા થતા નથી પણ વિશિષ્ટ પુણ્યાનુંબંધી પુણ્ય બંધાય તેવા અલૌકિક દોહલા ઉત્પન્ન થાય છે. માતાની ઈચ્છા સિંહાસન પર બેસવાની છે. અને પછી સેવકો ચામર વીંઝે, છત્ર ધરે આવી અનેરી કલ્પના તીર્થંકરનો ગર્ભ હોવાથી કરવામાં આવી છે. માતા બનનારી સ્ત્રીની સાહજીક માતૃત્વ વૃત્તિની પૂર્વ ભૂમિકાનું દર્શન થાય છે. આ ભવ્ય દિવસના સ્મરણથી શરીરનાં અંગો આનંદોલ્લાસથી ઉભરાય છે. કવિના શબ્દો છે.

"મુજને દોહલા ઉપન્યા બેસું ગજ અંબાડીએ
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય.
એ સહુ લક્ષણ મુજને નંદન ત્હારા તેજનાં
તે દિન સંભારૂં ને આણંદ અંગ ન માય. હાલો" (૫)

ભગવાનના શરીરના અંગો પર ૧૦૦૮ લક્ષણ છે તે ઉપરથી જિનેશ્વર ભગવાન થશે અને જમણી જંઘા પર સિંહનું લંછન છે. સામાન્ય રીતે તીર્થંકરની માતા પ્રથમ સ્વપ્નમાં વૃષભ જુએ છે. જ્યારે ત્રિશલા માતા શ્રેષ્ઠ હસ્તિને નિહાળે છે. તેનો પણ છઠ્ઠી કડીમાં ઉલ્લેખ કર્યો છે.

કવિએ ભગવાનના પરિવારનો ઉલ્લેખ કરીને કૌટુંબિક સ્થિતિનો પરિચય કરાવ્યો છે. 'નંદન' શબ્દ સંબોધન પણ બહુમાન સૂચક છે. ભાઈ નંદીવર્ધન, ભોજાઈના સુકોમલ દિયર ચેડારાજાના ભાણેજ, મામાના ભાણેજ, પાંચસો મામીના ભાણેજ વગેરે દ્વારા ક્ષણભર વિશાળ કુટુંબના લાડલા પુત્ર પ્રત્યેનો અહોભાવ પ્રગટ થાય છે.

ભગવાનના સ્નેહીઓ એમની બાલ્યાવસ્થાને અનુરૂપ વાત્સલ્યભાવથી એમની સાથે ક્રીડા કરે છે. તેનું નિરૂપણ કરતી પંક્તિઓ સ્વાભાવિક લાગે છે.

"હસશે ભોજાઈઓ કહી દીયર મારા લાડકા રે
હસશે રમશે ને વળી ચૂંટી ખણાશે ગાલ
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ. હાલો.. ॥૭॥

હસશે હાથ ઉછાળી કહીને નાના ભાણેજા,
આંખ્યો આંજીને વળી ટપકું કરશે ગાલ."॥૮॥

બાળકને નજર ન લાગે તે માટે ટપકું કરશે ગાલે એમ કહીને બાલ્યાવસ્થાનું આકર્ષક ચિત્ર ખડું કરવામાં આવ્યું છે. બાળકને રમાડવાની વિવિધ રીતોમાં ઉછાળીને ઝીલવો એ પણ બાળક પ્રત્યેના અપૂર્વ પ્રેમની એક રીત છે કવિએ આ નિરૂપણ દ્વારા સામાજિક સંદર્ભ પૂરો પાડ્યો છે. ભગવાનના મામા-મામી ટોપી, આંગલાં, રત્નજડિત ઝાલર, મોતી અને કસબની કોર, નીલાં પીળાં અને રાતાં વસ્ત્રો લાવીને પહેરાવશે. સુખડી ને લાડુ લાવીને ગજવામાં ભરશે.

આવા નંદનનો ચહેરો જોઈને મામી ભામણાં લઈ આર્શીવાદ

આપશે કે વૈભવમાં સુખેથી જીવો. સ્ત્રીઓ નાના બાળક સાથે આ રીતે સ્નેહ પ્રદર્શિત કરે છે.

ચેડા રાજાની સાત પુત્રીઓ, મારી ભત્રીજી ને તમારી નણંદ તે પણ લાખણશાહી લાવીને ગજવામાં ભરશે. બાળકોને મીઠાઇ પ્રિય હોય છે. તેનો પણ અહીં ઉલ્લેખ થયેલો છે.

બાલ્યા વસ્થામાં રમવા માટે વિવિધ પ્રકારનાં રમકડાં આવશ્યક હોય છે. તેનું વર્ણન કરતાં કવિ જાણાવે છે કે -

"રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો,
વળી સૂડા મેના પોપટ ને ગજરાજ,
સારસ કોયલ હંસ તીતર ને વળી મોરજી.
મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો" ॥૧૨॥

ઈન્દ્ર મહારાજા ભગવાનનો જન્મોત્સવ મેરૂ પર્વત પર ઉજવે છે. તેની સંક્ષિપ્ત માહિતી તેરમી કડીમાં આપવામાં આવી છે. તેમાં ભગવાનને આશીષ આપવામાં આવે છે. તે પંક્તિ નોંધપાત્ર છે.

'બહુ ચિરંજીવો આશીષ દીધી તુમને ત્યાંહી'

ભગવાનને અભિષેક કર્યા પછી એમનું દિવ્ય શરીર અલૌકિક સૌંદર્યનું દર્શન કરાવે છે.

"મુખડા ઉપર વારૂ કોટી કોટી ચંદ્રમા રે"

વિરાટ આકાશમાં નિશા સમયે માત્ર ચંદ્ર એકલો જ પ્રકાશ પાથરે છે. અહીં અતિશયોક્તિ અલંકારના પ્રયોગથી કરોડો ચંદ્રમાંનું તેજ આપણા મુખ ઉપર છે એમ દર્શાવવામાં આવ્યું છે. સાહિત્યની

દૃષ્ટિએ વિચારતાં કવિની આ કલ્પના ભવ્ય ને ઉદાત્ત લાગે છે. ધર્મની દૃષ્ટિએ વિચારીએ તો પણ કહી શકાય કે ભગવાનનાં મુખનું પ્રત્યક્ષ દર્શન ભવોદધિ તારક બને છે. કવિ ચિત્રાત્મક અભિવ્યક્તિ કરતાં જણાવે છે કે -

"ને વળી તન પર વારૂ ગ્રહ ગણનો સમુદાય"

મુખ પછીના બાકીના શરીરનાં અંગો પર આકાશમાં રહેલા તારલાઓ પ્રકાશ ફેંકે છે. તેમ તારામંડળ ભગવાનના દેહને દેદિપ્યમાન બનાવવામાં પૂરક બને છે.

બાલ્યાવસ્થા માત્ર ક્રીડામાંજ પૂરી થાય તેમ નથી પણ ઉંમર-લાયક થતાં નિશાળે ભણવા જવાના પ્રસંગની કલ્પના કરતાં કવિ નીચે મુજબ જણાવે છે -

"નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું
ગજપર અંબાડી બ્હેસાડી મ્હોટે સાજ
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું
સુખલડી લેશું નિશાળીયાને કાજ. હાલો" ॥૧૫॥

ભારતીય સંસ્કૃતિમાં ષોડશ સંસ્કારનું મહત્વ છે. તે મુજબ શાળામાં અભ્યાસ કરવા માટે મૂકવાની વિધિ યથોચિત રીતે કરવામાં આવે છે. અને છેવટે બાકીના નિશાળીયાને આનંદ મંગલરૂપે સુખડી વહેંચવામાં આવશે.

માતાને દીકરો પરણાવવામાં જે ઉલ્લાસ હોય છે તે અવર્ણનીય છે. 'નંદન' મોટા થાય એટલે પોતાની કક્ષાના પરિવારની કન્યા સાથે લગ્ન કરવામાં આવશે એવી કલ્પનાને હાલરડામાં ગૂંથી લેવામાં આવી છે.

બાળક જલ્દી મોટો થાય ક્યારે ને માતા પરણાવવાનો મોંઘેરો અવસર માણે ક્યારે ?

"ઈણિ પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું,
જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ,
બીલીમોરા નગરે વર્ણવ્યું (વરણવ્યુ) વીરનું હાલરડું,
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ" ॥૧૮॥

કવિએ બાળ મહાવીર વિશેની કલ્પનાઓ દ્વારા મનહર ને મનભર શબ્દચિત્ર આલેખ્યું છે. "હાલો હાલો હાલો હાલો મારા નંદને રે" એ ધ્રુવ પંક્તિ સમગ્ર હાલરડામાં રહેલા વાત્સલ્ય ભાવને મૂર્તિમંત રીતે વ્યક્ત કરે છે.

'નંદન'ના ઉદ્‌બોધનથી વ્યક્ત થયેલી પંક્તિઓ પુત્ર પ્રત્યેના અનુપમ હર્ષને વ્યક્ત કરવામાં સફળ નીવડે છે.

માતાને દોહલા ઉત્પન્ન થવા પરિવારના સભ્યો ને સગા સ્નેહીઓ બાળકને વહાલ કરે તેનું નિરૂપણ રંગીન વસ્ત્રો, સુખડી, નિશાળે ભણવા મૂકવા, લગ્ન કરવાં વગેરેમાં વાસ્તવિક્તાનું દર્શન થાય છે. માત્ર બે જ પંક્તિમાં પારણાનો લાક્ષણિક પરિચય 'નંદન'કુમારની બાળ-ક્રીડાનું નિરૂપણ, રમવા માટેનાં રમકડાંની સૂચી, મેરૂપર્વત પર જન્મોત્સવની ઉજવણી, જન્માભિષેક પછીના પ્રભુના શરીરનું દેહ લાલિત્ય વગેરેમાં કવિની શબ્દચિત્ર આપવાની કળા ચિત્રાત્મક શૈલીનો નમૂનો છે.

પાર્શ્વનાથ ભગવાનના ગણધરની વાણીથી ૨૪મા તીર્થંકર થવાના, માતાનું સ્વપ્ન દર્શન, સિંહાસન પર બેસી ચામર છત્ર ધરાય, ૫૬ દિક્કુમારિકા અને ૬૪ ઈન્દ્રો મેરૂપર્વત પર ભગવાનનો

જન્માભિષેક કરે વગેરેમાં સાંપ્રદાયિક સંદર્ભ છે. આ રીતે મહાવીર ભગવાનનું પારણું હાલરડામાં શાસ્ત્રીય પ્રણાલિકાની સાથે વ્યવહાર જીવનનો સંદર્ભ દર્શાવ્યો છે. ભગવાનના હાલરડામાં નિશાળે ભણવા જવું, લગ્ન કરવાં જેવી વિગતો એમના જીવનનીજ હોવાથી યથોચિત છે. ભોગાવળી કર્મને કારણે લગ્ન જીવન પણ હતું એટલે આવી કલ્પના કરી છે.

નંદન નવલા મ્હોટા થાશો ને પરણાવશું
વરવહુ સરખી જોડી લાવશું રાજકુમાર
સરખેસરખા વેવાઈ વેવાણોને પધરાવશું
વર વહુ પોંખી લેશું જોઈ જોઈને દેદાર હાલો"... (૧૬)

ત્રિશલા માતાનું પિયર અને સાસરું બન્ને સમૃદ્ધ છે. મારી કૂક્ષીએ અણમોલ રત્નસમાન પુત્ર અવતર્યો છે. રાજ દરબારના આંગણામાં અમૃત ને દૂધનો મેઘ વરસ્યો છે. અને શાશ્વત સુખ-મુક્તિ આપનાર કલ્પવૃક્ષનું બીજ રોપાયું છે. માતૃ હૃદયની આવી પરમોચ્ચ ભાવનાનું સત્તરમી કડીમાં નિરૂપણ થયું છે.

પીયર સાસર મ્હારા બેહુ પખનંદન ઉજળા
મારી કૂખે આવ્યા તાત પનોતા નંદ
મ્હારે આંગણ વુઠયા અમૃત દૂધે મેહુલા
મ્હારે આંગણ ફલીઆ સુરતરૂ સુખના કંદ. હાલો.." ॥૧૭॥

કવિએ પોતાનો નામોલ્લેખ કરીને મિતાક્ષરી શબ્દોમાં પારણું ગાનાર-સાંભળનારને પુત્રરત્નની પ્રાપ્તિ થશે એમ જણાવ્યું છે.

હાલરડાંની રચના બીલીમોરા નગરમાં થઈ છે તેનો પણ ઉલ્લેખ કરતાં જણાવે છે કે -

"બીલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરડું રે,
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ".

કવિરાજના મહાવીરસ્વામીના હાલરડાની પાંચ હસ્તપ્રતનો અભ્યાસ કરતાં શીર્ષકમાં એકતા નથી છતાં પ્રત્યેક શીર્ષકમાંથી તેનો ભાવ પ્રગટ થાય છે.

"ઈતિશ્રી મહાવીરસ્વામી હાલરીયું"
"વીર જિન પારણું"
"મહાવીરસ્વામીનું હાલરડું"

પ્રત્યેકમાંથી હાલરડાનો કેન્દ્રવર્તી વિચાર મળે છે. વિવિધ ગામમાં લખનાર વ્યક્તિએ કોઈની સૂચનાથી કે પોતાની રીતે હાલરડાનું લખાણ કર્યું છે. આ હસ્તપ્રતોમાં રચના સમયનો કોઈ ઉલ્લેખ નથી. અન્ય રચનાઓમાં વર્ષનો ઉલ્લેખ થયો છે તેવી રીતે 'હાલરડા' માં આવી વિગત જોવા મળતી નથી.

કવિરાજ દીપવિજયના હાલરડાનો આસ્વાદ કર્યા પછી અન્ય સાધુ કવિઓનાં હાલરડાંનો પરિચય આપવામાં આવ્યો છે. તે ઉપરથી હાલરડાંની રચના રીતિ, વિષયવસ્તુ અને શૈલીનો પણ ખ્યાલ આવી શકશે. કવિ હાલરડાથી ખ્યાતિ પામ્યા છે એટલે તુલનાત્મક રીતે અન્ય હાલરડાં પણ ભક્તિ માર્ગના કાવ્યમાં નોંધપાત્ર બને છે. જૈન સાહિત્યના હાલરડાંની સાથે ભક્ત કવિ દયારામના સુપ્રસિદ્ધ શ્રીકૃષ્ણના હાલરડાનો પણ આ વિભાગમાં સમાવેશ કર્યો છે. એટલે હાલરડાં વિષયક રચનાથી આ વિષય સમૃદ્ધ બન્યો છે.

"કવિ જયવિજય કૃત કલ્યાણવિજય ગણીનો રાસ ર–સં. -

૧૬૫૫ આસો સુદિ-૫ની ત્રીજી ઢાળ માતા હુલાવન હાલરડું ૧૭ કડીનું છે''

''માતા પુંજી પોતાના પુત્રને સુવડાવતાં કહે છે 'ધરમ ફળ્યું જિનવરતણું' અને તેથી 'દુલભ વદન દીઠું પુત્રનું મુઝ સફલી હો ફલીઓ ગૃહવાસ,' પોતાના ગૃહસ્થ જીવનની સફળતા આ પુત્ર પ્રાપ્તિમાં તેઓ માને છે તે પુત્ર કેવો ?

''ગુણનિધિ પુત્ર તું જનમીઓ મેં પામીઓ હો સઘલો સનમાન.''

ગુણોના સાગરરૂપ એ પુત્રની પ્રાપ્તિથી જગતનું સર્વ સન્માન પોતાને પ્રાપ્ત થયાનો તેમને આનંદ છે પછી તો પુત્રના શણગારનું મધ્યકાલીન પરંપરાગત વર્ણન છે. જેમ કે :

ભલી ટોપી લાલ ફરંગતણી,
મણિ મોતી હો ભરી ભરતઅપાર
પાય તણી ભલી મોજડી,
પહિરાવું હે તનુજ તમનિ આજ.

અને પછી તેના લગ્નની પણ કલ્પના, બાળક હજી ઘોડિયામાં હોય પણ માતા માત્ર પોતાના બાળક માટે સારામાં સારી કન્યા આવશે એમ જ વિચારે. પારણામાં એમ ગાય છે કે 'રાજાની કન્યા કાળી,' ભાઈએ પાછી વહેલી વાળી' અહીં પણ પુત્રના લગ્ન અંગે માતાના ભાવ પ્રગટ થયા છે. ઉદા.

આવાસિ પુત્રને માંગલાં
રૂડો કરસિંઓ હો વિવાહ સમ જોડિ

કુલ વધુ મુઝ પાય લાગશે
પુહચશે હો મનવાંછિત કોડ.

આ હાલરડામાં માતાના બાળક પ્રત્યેના પ્રેમને કવિએ જે રીતે રજૂ કર્યો છે તે ખાસ ઉલ્લેખનીય છે.

કમલનયન પુત્ર નિરખતાં
મુઝ કેરું મનસભર લીન
દિનદિન વાધે નેહલું
જિમ દીઠે હો જલ સંચય મીન.

માતૃ પ્રેમની ઉચ્ચતમ અભિવ્યક્તિ કાવ્યાત્મક રીતે કર્યા પછી માતા બાળકની રક્ષા માટે અનેક દેવીઓને પ્રાર્થે છે. એ રક્ષાની પ્રાર્થના સાથે આ હાલરડું સમાપ્ત થાય છે.

કવિ હીરવિજય ગુરુના શિષ્ય માનવિજયે ભગવાન મહાવીરના પારણાની રચના ૨૫ કડીમાં કરી છે.

મધ્યકાલીન પરંપરાને અનુસરીને સરસ્વતી અને ગુરુ સ્તુતિ દ્વારા પારણાનો પ્રારંભ કર્યો છે.

ભગવાનનો આત્મા માતાના ગર્ભમાં આવ્યો ત્યાર પછીની માતાની શારીરિક અને માનસિક સ્થિતિ, નવ મહિના પછી પુત્ર જન્મ થાય તેનું ક્રમિક આલેખન કર્યું છે.

કવિએ ગર્ભકાળની વાસ્તવિકતાનું નિરૂપણ કર્યું છે. તેમાં દીપવિજય કરતાં વધુ વિગતોનો ઉલ્લેખ થયેલો છે. પ્રથમ માસે ગર્ભ છે એમ ખ્યાલ હોતો નથી. બીજે મહિને ગર્ભ છે એમ જ્ઞાન થાય છે. ત્રીજે મહિને સખીને ગર્ભની વાત કરે છે. ચોથે મહિને

ખીર ભાવતી નથી. પાંચમે માસે રાખડી બાંધવામાં આવે છે. છઠ્ઠે મહિને પાણી ભરવાનું બંધ કર્યું છે. સાતમે મહિને સીમંત ઉજવાય છે. આઠમે મહિને સ્ત્રીઓ સખીઓ ગીત ગાય છે. નવમે માસે પ્રસૂતિ માટે પિયર મોકલવામાં આવે છે. જન્મ સમયે સોનાની સળીથી નાળ છેદવી. પાણી ને દૂધથી નવોદિત જાતકને સ્નાન કરાવવું, ચોખા અને મોતીથી બાળકને વધાવી સન્માન કરવું, તોરણ બાંધીને જન્મની ખુશાલી વ્યક્ત કરવી, સાડીનાં બાળોતીયાં કરવાં, પાલખીમાં બાળકને પોઢાડવો, છઠ્ઠા દિવસે વિધિલેખની ક્રિયા, સવા મહિને ગોત્ર જ, ચાલીસમા દિવસે દેવગુરુનાં દર્શન કરાવવાં વગેરે દ્વારા કવિએ સામાજિક રીતરિવાજની સૂક્ષ્મ વિગતો આપીને પ્રભુજન્મનો અનેરો ઉલ્લાસ વ્યક્ત કર્યો છે.

કવિ વિવિધ ઉપમાઓના પ્રયોગ દ્વારા ભગવાનની બાલ્યાવસ્થાનું વર્ણન કર્યું છે.

"દાંત દાઢમ કેરી કળીઓ એ, હોઠ છે પરવાળાનો રંગ. મહા.૧૬
આંખ કમળ કેરી પાંખડીએ, નાક દિશે દીવા કેરી સેજ. મહા. ૧૭
માથે મુગટ સોહામણો એ, કાને છે કુંડલ સાર મહા. ૧૮
બાંહે બાજુ બંધ બેરખા એ, સફળ બીજોરૂ સાર. મહા. ૧૯
હાથે તે કલ્લી હીરાજડી એ, કોટે છે નવસેરો હાર. મહા. ૨૦
પાયે પીપોળી મોજડી એ, રેશમીઓ છે રે સુરવાલ. મહા.૨૧
કેડે કંદોરો હેમનો એ, પાયે ઘુઘરાનો ઘમકાર. મહા. ૨૨

પછી કવિએ મહાવીરની ફોઈને બોલાવીને નામ પાડવાની વિધિનો ઉલ્લેખ કર્યો છે.

કવિની કલ્પના શક્તિ માત્ર બાલ્યાવસ્થાનું ચિત્ર આલેખવામાં જ નથી પણ અંતે કહે છે કે શત્રુંજયમાં ભગવાનનું પારણું છે. અને ગિરનારમાં એનો દોર છે.

શેત્રુંજે બાંધ્યાં એમના પારણા એ, ગીરનારે નાખ્યા છે દોર. મહા. ૨૪[૭]

માનવિજયના હાલરડામાં ગર્ભકાળની સ્થિતિ જન્મોત્સવનો આનંદ વગેરે નિરૂપણ કર્યુ છે. બાલ્યાવસ્થાનું ચિત્ર આકર્ષક લાગે છે. કવિની દાંત દાડમની કળી જેવા, હોઠ પરવાળા જેવા, આંખ કમળની પાંખડી જેવી ઉપમાઓ મધ્યકાલીન કવિઓના નખશિખ વર્ણન સાથે સામ્ય ધરાવે છે.

સાધુ કવિ સહજ કલાનિધિએ હાલરડાંમાં વૈવિધ્યપૂર્ણ વિગતો આપીને પ્રભુ ગુણ ગાયા છે. "ભવિજન ગાઈએ વીર કુંવરનું પારણું રે" થી શરૂ થતાં હાલરડાની પ્રથમ કડીમાં હાલરડું ગાવા અને સાંભળવાથી પ્રાપ્ત થતા ફળનો ઉલ્લેખ કર્યો છે. કવિના શબ્દો છે. "સુણતાં ગણતાં સુધરે ધર્મ અર્થ ને કામ, મંગળમાળા લચ્છી વિશાળા આ ભવમાં લહેરે, પરભવમાં સ્વર્ગ અને અપવર્ગ લહે શુભધામ ભાવિ ાા૧ાા ઉપરાંત છેલ્લી કડીમાં જણાવ્યું છે કે-

"તસ ઘર લીલા લચ્છી, બાલ ગોપાલ વિસ્તાર". નો સંદર્ભ હાલરડામાં છે. દીપવિજયે પણ "લેશે પુત્ર તણાં સામ્રાજય"ની સાથે આ વિચાર સામ્ય ધરાવે છે.

બીજી કડીમાં ભગવાનનું ચ્યવન, ત્રીજી કડીમાં ગર્ભકાળ અને જન્મદિવસ, ચોથી કડીમાં ભગવાનના જન્મથી રાજા અને પ્રજામાં આનંદોલ્લાસનું નિરૂપણ કર્યું છે.

કવિએ વર્ધમાનની બાલ્યાવસ્થાના આકર્ષક વ્યક્તિત્વનું

નિરૂપણ કરતાં જણાવ્યું છે કે એમની કંચનવર્ણી કાયા, સુકોમળ શરીર, કામદેવને શરમાવે તેવું રૂપ, શરદના ચન્દ્ર સમાન ઓજસ્વી મુખ, રક્ત કમળદળ સમાન પગલાં વગેરે દ્વારા અલંકાર યુક્ત અભિવ્યક્તિથી બાલ્યાવસ્થાનું શબ્દચિત્ર આલેખ્યું છે.

માતા પુત્ર પ્રત્યે વાત્સલ્ય વ્યક્ત કરી આશીર્વાદ આપે છે. તેની અવનવી કલ્પનાઓ હૃદયંગમ છે. 'બે કર ભીડી ભીડી હૃદય વિષે જીન રાજ કુંવરજી ઘણું જીવો, કુળનો દિવો તમે થજો રે તારણ તરણ વળી ભવોદધિ તારક જહાજ. તદુપરાંત "કુળની લાજ વધારજો, ભવરણમાં કર્મ ખપાવજો અને અંતિમ જિન પતિ થઈ શાસન વરતાવજો, નરનારીનો ઉદ્ધાર કરી શિવપદ અપાવજો, ધર્મ ધુરંધર બની ધર્મરથ ચલાવજો, યોગી બની ભવથી પાર થાય જો" વગેરે મહત્વકાંક્ષા દર્શાવી છે. હાલરડાની અન્ય રચનાઓની સરખામણીમાં આ રચનામાં માતાની પુત્રના ભવિષ્ય વિશેની કલ્પનાઓ વિશદ રીતે વ્યક્ત થયેલી જોવા મળે છે. એમના ભવિષ્યના જીવનની શુભ-મંગલમય પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરીને આશીર્વાદ આપે છે.

દીપવિજયના હાલરડાના રાગ સમાન આ રચનાની ગેયતાની માધુર્ય ભાવની અનુભૂતિ કરાવે છે. જે કવિની કલ્પના શક્તિના નમૂના રૂપ -

પ્રભુના જન્મનો અપૂર્વ આનંદ દર્શાવતી પંક્તિ જોઈએ તો-

ફરકે ઘર ઘર તરીયા તોરણ ગુડીયો ને ધજા રે,
મુક્તા ફળના સ્વસ્તિક પરે મનોહર બાળ.

'કુંદનપુરમાં વરતે, ઘર ઘર મંગળમાળ અને રક્ત કમળ દલ પગલાં, કંચન વરણી કાયા'ની ઉપમા, 'પ્રભુનું રૂપ જોઈને કામદેવ ભાન ભૂલ્યો'માં વ્યતિરેક, 'પ્રભુનું મુખ જોઈને શરદની કાંતિ ઝાંખી થઈ'માં વ્યતિરેક, 'પ્રભુની કાંતિ જોઈ સૂર્ય પશ્ચિમમાં જઈ વસ્યો'ની માં પ્રતીપ અલંકાર વગેરેથી કવિની અભિવ્યક્તિ કલાત્મક બની છે. લલિત મંજુલપદાવલી માધુર્યગુણ યુક્ત છે. હાલરડાને અનુરૂપ માતૃવાત્સલ્ય, ઉત્સાહ, આર્શીવાદ અને પોતાના લાડલા બાળની ભવિષ્યની અનેરી આકાંક્ષાઓ વ્યક્ત કરતી આ રચના હાલરડાની વિવિધ રચનાઓમાં આકર્ષક બની રહે છે.

વર્ણાનુપ્રાસની યોજનાથી પ્રાસાદિકતાની અનુભૂતિ થાય છે.

"ધર્મ ધુરંધર ધોરી રથ સીલાંગ ચલાવજો રે," "તસ ઘર લીલા લચ્છી બાલ ગોપાલ વિસ્તાર", દીધાં દાનમાંન વાચક નાઠા રોગ"

"ફરકે ઘર ઘર તરીયા તોરણ ગુડીયોને ધજા રે'
વપુ શુભ કોમળ નીરખી હરખે હૈયું માતાનું રે." (૮)

## શ્રી મહાવીરસ્વામીનું પારણું

સાત કડીની આ રચનામાં ભગવાન મહાવીરના જીવનના પ્રસંગોનો મિતાક્ષરી પરિચય આપવામાં આવ્યો છે.

પ્રથમ કડીમાં હાલરડાનો વિશિષ્ટ રણકાર સાંભળી શકાય છે.

"સ્નેહે સ્નેહે હિંચોળું શ્રી ભગવાન, વીરને હાલો હાલો.
વ્હાલું વ્હાલું વીર, એક તારું નામ, વીરને હાલો હાલો.

વ્હાલું, વ્હાલું મહાવીર તારું નામ. વીરને હાલો હાલો."

ચૈત્ર સુદ તેરશને દિવસે જન્મ. દેવદેવીઓએ હુલરાવ્યા. માતા-પિતા અને ભાઈ પ્રત્યેનો સ્નેહ. ૩૦ વર્ષે દીક્ષા. તપજપ કરી ઉપસર્ગો સહન કર્યા અને ઝગમગ જ્યોતિ સમ પામ્યા કેવળજ્ઞાન, જેવી વિગતોને અંતે પ્રભુની વિશેષણ યુક્ત સ્તુતિ દ્વારા વિનમ્રભાવે વંદન કરવાનો ભાવ પ્રગટ થયો છે.

"અધમઉદ્ધારક ભવિજન તારક ગુણ અનંતના જે ધારક, એવા
વીરને છે વંદન વારંવાર, વીરને હાલો હાલો."

આ રચનાનું નામ 'પારણું' છે. અહીં પારણાનો કોઈ ઉલ્લેખ નથી. તેમજ હાલરડાને અનુરૂપ માતાના વાત્સલ્ય અને અભિલાષાનો પણ સંદર્ભ નથી. માત્ર મહાવીરસ્વામીની માહિતી આપતી રચના છે. જેની પ્રથમ કડી વીરને હાલો હાલોથી હાલરડાના ભાવને પામી શકાય છે. ત્યાર પછી આ ભાવનું સાતત્ય જળવાતું નથી. એટલે આ રચના માત્ર માહિતી પ્રધાન બની છે. તેમાંથી કવિ નામનો સંદર્ભ મળતો નથી. એટલે અજ્ઞાત કવિકૃત હાલરડું છે. કપડવણજના અભયદેવ સૂરિ જ્ઞાનભંડારની હસ્તપ્રત ઉપરથી આ હાલરડું અને અમી વિજયકૃત હાલરડું શ્રી શ્રુતજ્ઞાન સંરક્ષક સમિતિએ પ્રગટ કરેલ છે તેને આધારે હાલરડાની માહિતી આપી છે.

મહાવીરસ્વામીનું હાલરડું (કાન્તિવિજય) કાન્તિવિજયની હાલરીયાના છ કડીની રચનામાં હાલરડાના વિષયને અનુરૂપ વિચારોની લયબદ્ધ અભિવ્યક્તિ થયેલી છે. રડતા બાળકને નિદ્રાધીન કરવા માટે પણ હાલરડું લોરી-ગાવાનો રિવાજ પ્રચલિત છે.

કવિએ અહીં આવીજ કોઈ કલ્પનાથી હાલરડાનો પ્રારંભ કર્યો છે.

"છાનો મોરા છબ, છાનો મોરા વીર,
પછે તમારી દોરી તાણું,
મહાવીર કુંવર ઝૂલે પારણીએ" ॥૧॥

હીરની દોરીથી દેવીએ હુલરાવ્યા આ ભાવને વ્યક્ત કરી કવિની પંક્તિઓ વિશિષ્ટ લયથી વાત્સલ્ય ભાવની અનુભૂતિ કરાવે છે.

"ઈંદ્રાણી આવે હાલણ હુલણ લાવે,
વીરને હેતે કરી હુલાવે. મહાવીર. ॥૨॥"

હાલરડાની અનુરૂપ કલ્પના વૈભવ વીરના ભવિષ્ય અંગેની અપેક્ષાઓમાં નિશાળે ભણવા મૂકવા, ત્રિશલામાતાને હર્ષ થવો, નંદીવર્ધન ભાઈને પરણાવે અને મોટા થઈને જગતમાં નામ કમાશે જેવી કલ્પનાઓથી હાલરડાના વિષયને યથોચિત ન્યાય આપ્યો છે.

## અમીવિજય કૃત હાલરડું

મુનિ અમીવિજયે ભગવાન મહાવીરના હાલરડાની રચના ૧૮ કડીમાં કરી છે. આરંભની કડી જોઈએ તો -

માતા ત્રિશલાએ પુત્ર રતન જાઈઓ
ચોસઠ ઈન્દ્નાં આસન કંપે ચાર
અવધિજ્ઞાને જોઈને ધ્યાયો શ્રી જિનવરને
આવે ક્ષત્રિયકુંડ નગર મોઝાર. માતા ॥૧॥

ઈન્દ્રમહારાજાનું આસન ચલાયમાન થવાથી અવધિજ્ઞાનથી ભગવાનનો જન્મ થયો જાણીને માતાને અવસ્વાપીની નિદ્રા આપીને

મેરૂપર્વત પર લઈ જઈ જન્મમહોત્સવ ઉજવે છે. તેનો ચાર કડી સુધી ઉલ્લેખ છે. રાજાને પુત્ર જન્મની વધામણીના સમાચાર મળે છે. અને દાસીને રાજા દાન આપીને સન્માન કરે છે. ક્ષત્રિયકુંડમાં રાજા જન્મોત્સવની ઉજવણી કરે છે.

"રાજા સિદ્ધારથને દીધી વધામણી,
દાસીને દાન અને બહુમાન દીએ"
ક્ષત્રિયકુંડ માંહે ઓરછવ મંડાવીયો
પ્રજા લોકને હર્ષ અપાર. માતા. ॥૫॥

સમગ્ર નગર શ્રીફળ અને તોરણથી શણગારવામાં આવ્યું છે. "ગોરી ગાવે મંગલ ગીત રસાળ" પંક્તિ પરથી ખ્યાલ આવે છે કે સ્ત્રીઓ મધુર કંઠે પ્રભુના જન્મના હર્ષથી ગીતો ગાય છે.

કવિએ ઉપરની વિગતો આપ્યા પછી હાલરડાને સાચા અર્થમાં ૭ કડીથી શરૂ કર્યું છે. ૭ કડીની વિગતો એ હાલરડાની ભૂમિકા સર્જવામાં સ્થાન પામી છે.

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે
ઝુલે લાડકડાં પ્રભુજી આનંદભેર
હરખી હરખીને ઈંદ્રાણીયો જાયે વારણે
આજે આનંદ શ્રી વીરકુંવરને ઘરે. માતા. ॥૭॥

ભગવાનની બાલ્યાવસ્થાનું અલંકારયુક્ત રેખાચિત્ર આલેખતાં કવિ જણાવે છે કે -

વીરના મુખડા ઉપર વારું કોટી કોટી ચંદ્રમા
પંકજ લોચન સુંદર વિશાળ કપોલ

શુક ચંચુ સરિખી દીસે નિર્મલ નાસિકા
કોમલ અધર અરૂણ રંગરોલ. માતા. ॥૮॥

ભગવાનના કંઠે મોતીનો હાર, સુવર્ણમય કાયા, ચહેરા પર હર્ષોલ્લાસની રેખાઓ, અંગુઠો ચૂસવો, અને બોલાવે તો કિલકિલાટ કરવો, કપાળમાં કુમકુમ તિલક, મરકત મણિ સમાન તેજસ્વી લલાટ પ્રદેશ, અણિયાળી આંખડી, ગાલે કસ્તુરીનું ટપકું વગેરે દ્વારા મહાવીરની બાલ્યાવસ્થાનું મનોહર મનભર આકર્ષક વર્ણન કરવામાં આવ્યું છે. કવિની મંજુલ પદાવલીઓ, લય, માધુર્ય, અને ચિત્મકત્તા વીરકુંવરનો પ્રત્યક્ષ પરિચય થતો હોય તેવી હૃદયસ્પર્શી અભિવ્યક્તિ કરી છે. કવિ પારણાનું વર્ણન કરતાં જણાવે છે કે -

કંચન સોલે જાતનાં રત્ને જડ્યું પારણું
ઝુલાવતી વેળા થાયે ઘુઘરાનો ઘમકાર
ત્રિશલા વિવિધ વચને હરખી ગાયે હાલરૂં
ખેંચે કૂમતિઆલી કંચન દોરી સાર. માતા. ॥૧૧॥

માતાએ પોતાના લાડકવાયા બાળક વિષેની અનેરી કલ્પનાઓ કરી છે જેમાં સ્વાભાવિક રહેલી બાલસહજ ક્રીડા બાળકોને ગમતી હોય છે. સરખીવયના બાળકો સાથે રમવા જશે, સુખલડી આપીશ, ભોજનવેળા રમઝમ કરતો આવશે, સ્નાનકરીને *આલિંગન કરીશ, રમવા કાજે હંસ, પારેવડાં, કોયલ, બપૈયા* સારસ, ચકોર, મેના, મોર વગેરે રમકડાં આપવાં ઘુઘરો રમશે, અને પછી નિશાળે ભણવા મૂકવો, વય પ્રાપ્ત થતાં યોગ્ય કન્યા સાથે લગ્ન કરવાની અભિલાષા વગેરેના નિરૂપણથી હાલરડાના

અપેક્ષિત વિચારો લયબધ્ધ રીતે વ્યક્ત થાય છે.

મેના મોર મેલ્યાં છે રમકડાં રમવા, ધમધમ ઘુઘરા બજાવે ત્રિશલા કિશોર, મારો લાડકડો વરરાજા ઘોડે બેસશે, મારો વીર કરશે સદા લીલાલ્હેર, વગેરે પંક્તિઓ બાલ્યાવસ્થાનું આકર્ષક ચિત્ર આલેખવામાં અમીવિજયની કવિત્વ શક્તિનું ઉદાહરણ બની રહે છે. માતા પોતાના લાડકવાયા પુત્ર માટેની મહત્ત્વાકાંક્ષા વ્યક્ત કરતી પંક્તિઓ જોઈએ તો -

"મારો નંદન જીવજો, ક્રોડા ક્રોડી વર્ષ,
એ તો રાજરાજેશ્વર થાશે ભલો દીપતો,
મારા મનના મનોરથ પુરશે જગીશ"

ત્રિશલા રાણીની સખીઓ પણ એમની સાથે હાલરડું ગાય છે. માતાના મનના મનોરથ પૂર્ણ થશે. અંતે વીરકુંવર શાશ્વત પદવી પ્રાપ્ત કરશે એમ જણાવીને હાલરડું પૂર્ણ થાય છે.

અમીવિજય અને દીપવિજયના હાલરડામાં ઘણું સામ્ય છે. વીરકુંવરની બાળક્રીડા, રમકડાંની સૂચિ, નિશાળે ભણવા મૂકવા, સુખલડી, લગ્નની વાત વગેરે બન્નેમાં જોવા મળે છે.

દીપવિજયે ભગવાનના મેરૂપર્વત પરના જન્મમહોત્સવનો ઉલ્લેખ પાછળથી કર્યો છે. જ્યારે અમીવિજયે આરંભમાં તે દર્શાવીને પારણાની વિગત આપી છે. અમીવિજયે વીરકુંવરનું રેખાચિત્ર આપ્યું છે તે દીપવિજયમાં નથી. તેમાં વીરકુંવરની બાલ્યાવસ્થાનું લાક્ષણિક ચિત્ર અંકિત થયેલું છે. દીપવિજયે વીરકુંવરના પરિવારનો સંદર્ભ આપીને વિશાળ પરિવાર કુળનો મહિમા પણ દર્શાવ્યો છે. અમીવિજયની કલ્પના શક્તિ વિશેષ નોંધપાત્ર છે. દીપવિજય તો

પારણા સોનારૂપાથી જડિત અને રેશમ દોરીનો ઉલ્લેખ કરે છે. જ્યારે અમીવિજય તો સુવર્ણ અને રત્નોથી મંડિત પારણું સોનાની દોરીથી ઝુલાવે છે એમ કહીને તીર્થંકરના આત્માનું મૂલ્ય ઊંચું આંક્યું છે. રેશમ દોરી કરતાં સુવર્ણની દોરીથી દેવાધિદેવ તીર્થંકરનું ગૌરવ-વિવેક પણ વધુ ભવ્ય લાગે છે. બન્ને કવિઓની રચનામાં હાલરડાની વસ્તુમાં ફેરફાર જોવા મળે છે. તેમાં વ્યવહારજીવનનો પ્રભાવ પડેલો છે. ભગવાન માટે આવાં રમકડાં રમવા માટે લાવવાં એ તો હિંસા છે એવો પણ એક વિચાર થાય છે. પણ બાળકુંવરની અવસ્થાને અનુરૂપ કોઈ હિંસાનો ભાવ હોતો નથી. ભગવાનની બાલ્યવસ્થાનો પ્રત્યક્ષ પરિચય કરાવવા માટેની આવી કલ્પના છે. બાળકોને ક્રીડા ગમે છે એટલે તેને અનુરૂપ વિશિષ્ટ ગુણયુક્ત રમકડાંની સૂચિ આપી છે. દીપવિજયે ભગવાનના શરીરના અંગો પર ૧૦૦૮ લક્ષણો છે એમ દર્શાવીને નિશ્ચયથી આ ભગવાન થવાના છે તે નિઃસંશય જાણી શકાય છે. કવિની આ કલ્પના અતિ સુંદર ને ભવ્ય છે. દીપવિજયના હાલરડામાં ફળ શ્રુતિનો સંદર્ભ છે જે અમીવિજયમાં નથી. હાલરડું ગાવાથી પુત્રરત્નની પ્રાપ્તિનો મહિમા પ્રગટ કરે છે. જો કે હાલરડા ગાવા પાછલનો શુભાશય એ જ હોઈ શકે કે ત્રિલોકના નાથ, ચરમ તીર્થંકર અને દેવાધિદેવ મહાવીરસ્વામીનો આ કાળમાં અનંત ઉપકાર છે અને એમના શાસનમાં એમની ભક્તિ-પૂજા-ઉપાસના તપ ત્યાગ જ્ઞાન ધ્યાન કરીને માનવ જન્મ સફળ કરીએ. વિશ્વના સર્વ મનુષ્યોને માટે એમનું જીવનકાર્ય આલંબન છે. લૌકિક ફળની અપેક્ષા કરતાં લોકોત્તર ફળનો હેતુજ વધુ ઈષ્ટ છે.

## હંસવિજયનું હાલરડું

કવિ હંસવિજયે સાત કડીમાં વીરકુંવરના પારણાની રચના કરી છે. તેની આરંભની કડીમાંથી પારણાની માહિતી મળે છે.

ઝુલાવે માઇ વીરકુંવર પારણે
રત્ન જડીત સોનેકા પારણા
દોરી જરીકી જાલને. ઝુલાવે ।।૧।।

વીરકુંવરના કંઠે માણેક મોતીના તેજનો ચમકાર, લલાટ પર તેજસ્વી રત્નોના પ્રકાશ, રમવા માટે મેના, પોપટ, સારસ છપ્પન દિકકુમારીઓ પ્રભુને હુલરાવે વગેરે વિગતો કવિએ દર્શાવી છે. આવા સૌન્દર્યવાન બાળકુંવરને જોઇને માતાની સ્થિતિ વિશે કવિ જણાવે છે કે -

ત્રિશલા માતા આનંદિત હોવે
નીરખે નીરખે લાલને. ઝુલાવે. ।।૬।।

કવિએ આ પારણામાં વિષયને અનુરૂપ વિગતો આપીને રચના કરી છે. અહીં માઇ, સોનેકા પારણા, દોરી જરીકી ના પ્રયોગ હિન્દી ભાષાનો પ્રભાવ દર્શાવે છે.

## કવિ પંડિત વીરવિજયનું હાલરડું

કવિ વીરવિજયે વીર ભગવાનના હાલરડાની રચના કરી છે. તેની આરંભની પંક્તિ નીચે મુજબ છે.

મારા વીરને હાલરડું વહાલું રે, મહાવીરને હાલરડું વહાલું રે.

"હું તો હેતે ઘુમરડી ઘાલું." અન્ય રચનાઓની માફત

રત્નજડિત પારણું, રમકડાંની યાદી, હીર જડીત દોરી, મખમલની સેજ, ફૂલની માળા, છપ્પન દિકકુમારી પ્રભુને હુલરાવે, માતાનું વાત્સલ્યભાવથી પુત્રને આલિંગન વગેરે વિગતો હાલરડામાં દર્શાવી છે.

કવિની યમક રચનાથી હાલરડું ભાવવાહી ને આકર્ષક બન્યું છે.

ભાતભાતની ભારી ભમરીયા પૂતળી પારણે જડાવું,
મોર ચકોર કોયલડી બાંધું, પારણે પોપટ પોઢાડું.

બાળસહજ ક્રીડા કરવા માટે કવિની કલ્પનાનો નમૂનો જોઈએ તો -

ગેડીદડો દેવતાઇ મહામૂલો, રમવાને રંગે લાવું.

ભગવાનને રમવા માટે સામાન્ય ગેડીદડો ના ચાલે એ તો દેવતાઇ જોઈએ. સામાન્ય બાળક કરતાં ભગવાન તો સર્વોત્તમ એટલે આવી કલ્પના યથાર્થ લાગે છે. માતાના આશીર્વાદ દર્શાવતી કવિની પંક્તિ નોંધપાત્ર છે.

કુલ દીવો કુંવર ઘણું જીવો, દોય કર ચપટી બજાવે,
રાજ્ય રમણી પ્રાપ્ત થઇ ત્યાગી ત્રિભુવન જગ ઉદ્ધારે
કર્મ કંટક ભવરણ સંહરી, શીવસુંદરી વીર વરજો.

માતાના આર્શીવાદનો આ નમૂનો અન્ય હાલરડાની સરખામણીમાં વધુ ઉચિત લાગે છે. વીરકુંવર તીર્થંકર થવાના છે તે હકીકતને આર્શીવાદમાંની પંક્તિઓમાં દર્શાવી છે. વીરવિજયના હાલરડાંની આ એક વિશેષતા છે.

# શ્રી મહાવીરસ્વામીનું પારણું

કવિએ હાલરડાનો પ્રારંભ દુહાથી કર્યો છે. તેમાં ભગવાનના જન્મનો ઉલ્લેખ કરીને સર્વત્ર આનંદ મંગળ પ્રવર્તે છે તેનું નિરૂપણ કર્યું છે.

તોરણ બાંધ્યાં ઘર ઘરે, ગીત મધુરાં ગાય,
ઘર ગોખે દીવડા ઝગે, મંગલ તુર બજાય.
રાસ લડે રમવા ચલે, સર્વ સાહેલી સાથ,
રૂમઝુમ નૃત્ય કરી સહુ, ઝુલાવે જગનાથ.

આરંભની પંક્તિમાં હાલરડાનો વિશિષ્ટ રણકાર સંભળાય છે.

ઝુલો ઝુલો વીર મારા પારણીયામાં ઝુલો,
રૂડા હાલરીયામાં ઝુલો

એકજ કડીમાં પારણાનું ચિત્રાંકન કરતાં જણાવે છે કે

સોના કેરું પારણું ને, ઉપર જડીયા હીરા,
રેશમ દોરે માત હિંચોળે, ઝુલો મહાવીર રૂડા. ।।૧।।

મહાવીરની બાલ્યાવસ્થાનો પરિચય આપતી નીચેની કડી કવિની કલ્પના શક્તિના પરિચયની સાથે પારણાને અનુરૂપ વિગતો દર્શાવે છે.

ઝીકે ભરીયુ આંગડીયું ને, જરીનો ટોપો માથે,
લાવ્યાં રમકડાં રમવા કાજે, મેવા મીઠાઈ સાથે. રૂડા. ।।૩।।

માતૃવાત્સલ્યથી અત્યંત હર્ષમાં આવીને માતા આશીર્વાદ આપતાં કહે છે કે -

મોટા થાજો, ભણવા જાજો, આશીષ દેઈ હસંતી,
પરણાવીશ હું નવલી નારી, જોબનવંતી તુજને,
માતાપિતાના કોડ પૂરજે, હોંશ હૈયે છે મુજને.

માતા પુત્ર માટે માત્ર લૌકિક આશા આકાંક્ષાઓ નથી રાખતી પણ જિન શાસનમાં તું દીપક સમાન છે. કર્મને કાપી ધર્મને સ્થાપજે. ધર્મ દેશના આપીને જગતના પ્રાણીઓનો ઉધ્ધાર કરજે એવી આધ્યાત્મિક કલ્યાણની ભાવના પણ વ્યક્ત કરે છે. અને છેલ્લે કવિ જણાવે છે કે -

"આત્મ સાધના સાધી વરજે, વિજય શિવ પટરાણી."

સાત કડીના આ હાલરડામાં માતૃ વાત્સલ્યને પારણાની સંક્ષિપ્ત માહિતીની સાથે માતાના ઉરના અરમાનને કવિએ મધુર લયાન્વિત પદાવલીમાં વ્યક્ત કર્યો છે. આ પારણું ભક્તિ ગીત તરીકે નોંધપાત્ર છે.

## શ્રી મહાવીરસ્વામીનું પારણું

ત્રિશલા માતા પારણું ઝુલાવેથી શરૂ થતી પારણાની રચનાની વિશેષતા એ છે કે કવિએ સ્પષ્ટ રીતે હાલરડા દ્વારા બાળક નિદ્રાધીન થાય એવો ભાવ વ્યક્ત કર્યો છે. અન્ય હાલરડામાં પારણું ઝુલાવાનો, પારણાની શોભાનો, માતૃ વાત્સલ્ય અને બાળક માટેની ભવિષ્યની અનેરી કલ્પનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

ત્રિશલામાતા પારણું ઝુલાવે, મહાવીર પોઢે રે,
રેશમ દોરે માત હિંચોળે, મહાવીર પોઢે રે. ॥૧॥

મધુર મધુર હાલરડાં ગાતી, અંતર કેરાં અમીરસ પાતી,
ત્રિશલા રાણી ગીત સુણાવે, મહાવીર પોઢે રે. ॥૨॥

માતા પોતાના લાડલા પુત્રના ભવિષ્ય વિષે ત્યાગ અને વૈરાગ્યની ભાવના વ્યક્ત કરીને મુક્તિ પામે તેમ જણાવે છે. આ હાલરડાની વિશેષતા એ છે કે એમાં ભૌતિક જીવન અંગેની કોઈ આશા પ્રગટ થયેલી નથી.

સંસારમાં સુખ ક્યાંય નથી રે, વેરઝેરથી દુનિયા ભરી રે,
કામ, ક્રોધ, મદમાયા ત્યજીને, ભવજલ તરજે રે. ॥૪॥

દુ:ખ ભરેલા જીવન જગમાં, કરૂણાવેદના પામે જીવનમાં,
રાજવૈભવનાં સુખ ત્યજીને, આંસું લ્હોજે રે. ॥૫॥

સંસારના સૌ સંબંધ ત્યાગી, દીક્ષા લેઈ થા સંયમ રાગી,
મોહનિદ્રામાં સુતેલા જગને, દેજે જગાડી રે. ॥ ૬ ॥

અને છેલ્લે માતા આશા રાખે છે કે-
ઘરઘર વનવન ઘૂમી વળજે, અહિંસા પરમો ધર્મ તું રટજે,
જિન શાસનની જ્યોત બનીને, મુક્તિ વરજે રે. ॥ ૭ ॥

કવિની વિશિષ્ટ કલ્પના શક્તિ, ગીતના વિશિષ્ટ લય યુક્ત સુમધુર પદાવલી અને હાલરડાના કેન્દ્રવર્તી ભાવ સભર આ રચના હાલરડાની વિવિધતામાં આકર્ષક બની રહે છે.

## કવિ દયારામ - હાલરડું

બંસરી બોલના કવિ દયારામે શ્રી કૃષ્ણના હાલરડાની રચના ૧૨ કડીમાં કરી છે. તેમાં શ્રી કૃષ્ણની બાલ્યાવસ્થાનું ચિત્રાત્મક

શૈલીથી ચિત્તાકર્ષક વર્ણન કરવામાં આવ્યું છે. બીજી અને ત્રીજી કડીમાં શ્રી કૃષ્ણનાં અંગોપાંગનું અલંકાર યુક્ત શૈલીમાં નિરૂપણ થયું છે.

"હરિના મુખડા ઉપર વારું કોટિક ચંદ્રમા
પંકજ લોચન સુંદર વિશાળ કપોળ,
દીપક શિખા સરખી દીપે નિર્મળ નાસિકા,
કોમળ અધર અરુણ છે રાતા ચોળ. માતા. ॥૨॥

મેઘશ્યામ' કાંતિ ભ્રકુટી છે વાંકડી
ખીટલિયાળા ભાલ ઉપર ઝૂમે કેશ
હસતાં દંતૂડી દીસે બેઉ હીરાકણી
જોતાં લાજે કોટિક મદન મનોહર વેશ. માતા, ॥૩॥

સિંહનખે મઢેલું શોભે સોવણ સાંગલું
નાજુક આભ્રણ સઘળાં કંચન મોતીહાર
ચરણઅંગૂઠો ધાવે હરિ બે હાથે ગ્રહી
કોઈ બોલાવે તો કરે કિલકાર. માતા. ॥ ૪ ॥

કવિએ પારણાનું વર્ણન કરતાં જણાવ્યું છે કે -

સાવ સોનાનું જડિત મણિમય પારણું
ઝૂલવે ઝણણણ બોલે ઘૂઘરીનો ઘમકાર
માતા વિવિધ વચને હરખે ગાયે હાલડાં
ખેંચે ફૂમતિવાળી રેશમ દોરી સાર. માતા. ॥ ૬ ॥

બાલ કૃષ્ણને રમવા માટે રમકડાંનો પણ ઉલ્લેખ થયેલો છે.

"હંસકારંડવ ને કોકિલ પોપટ પારણે
બપૈયા ને સારસ ચકોર મેના મોર.

મૂક્યાં રમકડાં રમવા શ્રી મોહનલાલને.
ઘમઘમ ઘૂઘરડો વજાડે નંદ કિશોર. માતા. ॥ ૭ ॥

હાલરડાની એક વિશેષતા એ છે કે માતા વાત્સલ્યભાવથી પોતાના લાડકવાયાના-ભાવિજીવનની કલ્પનાઓથી અતિ આનંદ અનુભવે છે તેની અભિવ્યક્તિ કરતાં કવિ જણાવે છે કે. -

"મારા કહાનાને સમાણી કન્યા લાવશું
મારા લાલને પરણાવીશ મોટે ઘેર
મારો જાયો વરરાજા થઈ ઘોડે બેસશે.
મારો ક્હાનો કરશે સદાય લીલા લ્હેર. માતા. ॥ ૮ ॥

શ્રી કૃષ્ણ જેવા પુત્ર રત્નને પ્રાપ્ત કરવાથી માતા જશોદા ભાગ્યશાળી બની છે. વ્રજવાસીઓના ભાગ્ય કરતાં અધિક ભાગ્યશાળી જશોદામાતા છે. વળી ગોપીઓ તો બન્ને કરતાં વધુ નસીબદાર છે કે જેની ભક્તિની બ્રહ્મા ને શિવ પણ પ્રશંસા કરે છે. દયારામના હાલરડામાં કૃષ્ણનું ચિત્રાંકન પારણું, બાળસહજ ક્રીડા, માતાની પુત્ર માટે ભાવિ આશા આકાંક્ષા ને વ્રજવાસી ગોપીઓની કૃત કૃત્યતાનું નિરૂપણ થયેલું છે.

દયારામની કવિત્વ શક્તિનો અહીં વિશિષ્ટ રીતે પરિચય થાય છે. કવિની બાળકૃષ્ણની ઉપમાઓ નોંધપાત્ર બની છે. પંકજ લોચન, સુંદર વિશાળ કપોળ, દીપશિખા સમાન નિર્મળ નાસિકા કોમળ અધર, વાંકી ભ્રકુટી, મેઘશ્યામ કાંતિ, હસતી દંતુડી વગેરે થી કૃષ્ણનો પ્રત્યક્ષ પરિચય થાય છે. લલિત મધુર પદાવલીઓ વર્ણવિન્યાસથી એમની કવિત્વ શક્તિનો ખ્યાલ આવે છે.

"હરખી સરખીને ગોપી જન જાયે વારલો
અતિ આનંદ શ્રી નંદાજીને ઘેર

લાવે લલાટે કીધો છે કુમકુમ ચાંદલો
જનની જુમાને આંજે અણિયાળી બેઉ આંખડી
સાવ સોનાનું જડિત મણિમય પારણું
ઝૂલો ઝણણણ બોલે ઘૂઘરીનો ઘમકાર
ઘમઘમ ઘૂઘરડો વજાડે નંદકિશોર
નેતિ નેતિ કરે છે જિગમ વારંવાર

બાળ કૃષ્ણના લલાટે કુમકુમતિલક જાણે કે મરકત મણિ જડ્યો ન હોય તેમ લાગે છે. કવિની આ ઉત્પ્રેક્ષાથી લલાટ સૌન્દર્યનું પ્રત્યક્ષ દર્શન કરતાં હોઈએ તેવું લાગે છે.

પારણું ઝૂલતું હોય, ઘૂઘરીયોનો ઘમકાર, કનૈયો જમવા માટે જતો હોય, નંદકિશોર ઘમઘમ ઘૂઘરો વગાડતો રૂમઝૂમ કરતો આવશે તે દ્રશ્ય કર્ણપ્રિય બની આંખને નિરખવા લલચાવે તેવું મોહક લાગે છે.

કૃષ્ણના હાસ્ય વિશે કવિ જણાવે છે કે ઉપર-નીચેના દાંતની હારમાળા બે હીરાકણી સમાન લાગે છે. એનો વેશ જોઈને મદન પણ શરમાઈ જાય છે. અહીં

''ચરણ અંગૂઠો ધાવે હરિ, બે હાથ ગ્રહી'

આ સ્વભાવોક્તિ દ્વારા બાળ ક્રીડાનો ઉલ્લેખ થયો છે. દયારામના હાલરડાની રચના ભવ્ય ને આકર્ષક રીતે થયેલી છે. તેમાં કવિત્વના અંશો કલાત્મક રીતે વણાયેલા છે. કવિની અભિવ્યક્તિના સુંદર નમૂના રૂપે હાલરડું ભક્ત જનોની મોંઘેરી મૂડી સમાન છે. જેનું સમૂહમાં ગાન કરવાથી ભક્તિની રમઝટ જામે છે.

# પ્રકરણ-૨ સંદર્ભ પુસ્તક સૂચી
## હાલરડું

| | | |
|---|---|---|
| નં. | મધ્ય કાલીન સાહિ. ઈતિ. | પા. - ૭૨ |
| | અનડા પ્રકાશન. | |
| ૨. | સાબરકાંઠાનાં ગરો એક અધ્યયન | પા. - ૧૭૨ |
| | ડૉ. મહેશચંદ્ર ત્રિવેદી | પા. ૧૭૨ |
| ૩. | એજન | પા. ૭૧ |
| ૩-A | લોક સાહિત્યની સમાલોચના લે. મેઘાણી | પા. ૨૦૮ |
| ૩-B | એજન | પા. ૨૦૯ |
| ૪. | જિન ગુણ મંજરી-સંપા.સા. સ્વયંપ્રભાશ્રીજી | પા. ૩૩ |
| ૫. | મધ્યકાલીન જૈન સાહિત્યનો ઈતિહાસ | પા. ૫૫ |
| | સંપા-જયંત કોઠારી | પા. ૩૪૨ |
| ૬. | જિન ગુણ મંજરી સંપા. સા. સ્વયંપ્રભાશ્રીજી | |
| ૭. | જિન ગુણ મંજરી સંપા. સા. સ્વયંપ્રભાશ્રીજી | પા. ૩૪૩ |
| ૮. | શ્રી શાંતિલક્ષ્મી સાધના આત્મભાવના સંગ્રહ | પા. ૭૯ |
| ૯. | શ્રી પ્રાચીન શ્રુત સંરક્ષક | |
| | સમિતિ કપડવણજ (પત્રિકા) | પા. ૧ |
| ૧૦ | શ્રી પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ | |
| | સંપા. તિલોકવિજયજી ગણિવર | પા. ૩૭૮ |
| ૧૧. | શ્રી પ્રાચીન શ્રુત સંરક્ષક સમિતિ | પા. ૬ |
| | કપડવણજ (પત્રિકા) | |
| ૧૨. | એજન | પા. ૬ |
| ૧૩. | વીરવિજયજીની હસ્તપ્રત (ગોધરા) | પા. ૧૨ |

# .પ્રકરણ - ૩

## સોહમકુળરત્ન પટ્ટાવલી રાસ

મધ્યકાલીન કાવ્ય પ્રકારોમાં રાસ, પ્રબંધ, વિવાહલો, પવાડો, છંદ, સલોકો વગેરે સ્વરૂપમાં જૈન સાહિત્ય વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ રચનાઓ મુદ્રિત થતાં પહેલાં હસ્ત પ્રતોમાં સુરક્ષિત મળી આવે છે. તેનું સંશોધન કરીને જૈન સાહિત્યની કેટલીક કૃતિઓ મુદ્રિત થયેલી છે. કવિએ 'સોડહમ કુળ પટ્ટાવલી રાસ' શબ્દ પ્રયોગ પોતાની કૃતિ માટે કર્યો છે.

પટ્ટાવલીમાં ભગવાન મહાવીરસ્વામીના પાંચમા ગણધર સુધર્માસ્વામીથી પ્રારંભ કરીને કવિના ગુરૂ ગચ્છાધિપતિ રત્નસૂરિ સુધીના આચાર્યોની પરંપરાની મહત્વપૂર્ણ વિગતો આપીને ક્રમિક નામોલ્લેખ કર્યો છે. સમગ્ર રચના ચરિત્રાત્મક છે. રાસના લક્ષણોનો સંદર્ભ અહીં જોવા મળતો નથી પણ ગુરુ પરંપરાના ઉલ્લેખની ગુરુગુણ ગાવાની ચરિત્રાત્મક વિગતો જ કૃતિમાં સ્થાન ધરાવે છે. 'રાસ' શબ્દ પ્રયોગ કર્યો ન હોત તો પણ યોગ્ય લાગે છે. પટ્ટાવલીમાં 'પાટ પરંપરા'નો સંદર્ભ આવે છે. 'રાસ' શબ્દપ્રયોગ રસપૂર્વક ભક્તિ-ભાવપૂર્વક પૂર્વે થઈ ગયેલા પ્રભાવશાળી - પ્રતાપી આચાર્યોનું ગુણગાન - મહિમા દર્શાવવા માટે રાસ કર્યો હશે એમ માનવામાં આવે છે.

પટ્ટાવલીનો સંદર્ભ ભદ્રબાહુસ્વામી વિરચિત કલ્પસૂત્ર નામના સ્થવીરાવલીમાં જોવા મળે છે. કલ્પસૂત્રની ટીકા - વિવેચનમાં સ્થવીરાવલીમાં સમાવેશ કરેલા કેટલાક આચાર્યો વિશે વિગતો

આપવામાં આવી છે. ગુજરાતીમાં પણ કલ્પસૂત્રનું ભાષાન્તર - વિવેચન પ્રગટ થયેલ છે. તેમાં પટ્ટાવલીની માહિતીનો સંચય થયો છે. વિશ્વના બધા જ ધર્મોમાં ગુરુકૃપા-ભક્તિનો મહિમા છે. એ ન્યાયે કવિ દીપવિજયે પણ જિન શાસનના શણગાર સમા આચાર્યોનો વિશિષ્ટ રીતે પરિચય કરાવવા માટે પટ્ટાવલીની રચના કરી છે.

કવિ મુનિ સુંદરસૂરિ અને ધર્મસાગરની પટ્ટાવલીની રચનાઓ મળી આવે છે. દેવન્દ્રસૂરિની પ્રભાવક ચરિત્ર એ ગુજરાતી ગદ્યમાં પટ્ટાવલીનો નમૂનો છે.

પટ્ટાવલી સમુચ્ચયના બીજા ભાગના પ્રકાશન વખતે પ્રકાશક શ્રી વાડીલાલ છગનલાલ સાડીવાળા, પ્રકાશકના બે બોલની માહિતીમાં જણાવે છે કે સં. ૧૮૮૯માં પટ્ટાવલી સમુચ્ચય ભા-૧ પ્રથમ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તેમાં તેર પટ્ટાવલીઓ દશ અનુપૂર્તિઓ અને સાત પરિશિષ્ટનો સમાવેશ થયેલો હતો. આ પટ્ટાવલીઓ સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાયેલી હતી. બીજો ભાગ તેને વધુ રસિક બનાવવા માટે ગુજરાતીમાં પ્રગટ કરવામાં આવ્યો છે. તેમાં વિસ્તૃત પાદનોધ સમાવેશ કરવામાં આવે છે. એટલે વાચકોને વધુ આસ્વાદ્ય બને તેમ છે.

પટ્ટાવલીની વિશેષતા એ છે કે ભારતીય સંસ્કૃતિ અને ધર્મના વિકાસની ઐતિહાસિક માહિંતી ઉપલબ્ધ થાય છે. જે સાહિત્ય સંશોધનમાં આધારભૂત દસ્તાવેજ બની રહે છે. જિન શાસનના ગૌરવવંતા વારસાના અધિકારી સંરક્ષક અને સંવર્ધક આચાર્ય ગુરૂ પરંપરાની કડીબદ્ધ વિગતો મેળવવા માટે પટ્ટાવલી જેવું અન્ય કાંઈ ઉપયોગી સાધન નથી. રાષ્ટ્રના વિકાસમાં ધર્મનું પ્રદાન ગણનાપાત્ર

છે. તેમાં પ્રાચીન ઈતિહાસની વિગતો વિકાસની સાક્ષી પૂરે છે. ભગવાન મહાવીરના સમયથી જિનશાસન અવિરતપણે વિકાસ યાત્રા કરી રહ્યું છે. તેના પાયામાં ગુરુ ભગવંતો છે. એટલે ગુરુઓની પરંપરાનું અનુસંધાન કરાવતી પટ્ટાવલી સૌ કોઈને માટે માર્ગદર્શક સ્તંભ સમાન છે. જૈન સંઘના સંગઠનમાં ગણો અને તેની શાખાઓનો ઉલ્લેખ કેટલેક અંશે કલ્પસૂત્રમાં મળી આવે છે.

ગણ, શાખા, કુળોનો પરિચય મથુરાના કંકાલી ટીલાથી મળેલા પહેલી-બીજી સદીના પ્રતિમા લેખોમાંથી પ્રાપ્ત થાય છે. મથુરા આ સમયે જૈન ધર્મ અને જૈન સંઘનું કેન્દ્રસ્થાન હતું. મથુરાનું પ્રાચીન નામ ઉત્તરાપથ કહેવાતું હતું.

આ અંગેની તુલનાત્મક વિગતો બુહલરે ઈન્ડિઅન સૈક્ટસ્ ઓફ ધી જૈન્સમાં દર્શાવી છે. પરિણામ સ્વરૂપે જૈન સાહિત્ય, ધર્મ અને ઇતિહાસ એમ ત્રિવિધ રીતે પટ્ટાવલીની રચનાનું મૂલ્ય લેશમાત્ર ઓછું આંકી શકાય તેમ નથી. જૈન પરંપરાનો ઈતિહાસ-ત્રિપુટી મહારાજે પ્રગટ કર્યો છે, તે ગદ્યમાં છે. આમ પદ્ય અને ગદ્યમાં પટ્ટાવલીની માહિતી પ્રાપ્ત થાય છે.

**પટ્ટાવલી**

પટ્ટાવલી જૈન સાહિત્યની ઐતિહાસિક અને ચરિત્રાત્મક કાવ્ય રચના છે. ભગવાન મહાવીરના શાસનના પરમપ્રભાવક આચાર્યો, તત્કાલીન સમયની દેશની રાજકીય, સામાજિક, નૈતિક અને ધાર્મિક પ્રવૃત્તિ વિશેની માહિતી પ્રાપ્ત કરવા માટેનું એક અધિકૃત સાધન પટ્ટાવલી છે. મનુષ્ય શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રના સમન્વયથી જીવન ઉન્નત બનાવી શકે તેવું પ્રેરક ને સંસ્કાર પોષક સાહિત્યની ક્રમિક

વિગતો પટ્ટાવલીમાંથી પ્રાપ્ત થાય છે.

પટ્ટાવલીનાં ચરિત્રોમાં મુખ્યત્ત્વે તો મુનિભગવંતોનો સમાવેશ થયેલો છે. એટલે "પ્રભાવક મુનીન્દ્રાણાં વૃત્તાંનિ" એમ કહીએ તો ઉચિત લેખાશે.

જૈનાચાર્યોનું વૃત્તાંત સ્વપરના કલ્યાણને માટે મહાન ઉપકારક હોઈ એનું શ્રવણ-વાંચનનું મૂલ્ય લેશમાત્ર ઓછું આંકી શકાય તેમ નથી. કેટલાક આચાર્યો પ્રભાવક તરીકે અમરકીર્તિને વર્યા છે.

જિન શાસનમાં પ્રભાવકો આઠ પ્રકારના માનવામાં આવ્યા છે. "પાવયણી ધમ્મકહી વાઈ નૈમિત્તિઓ ૧ તવસ્સીય વિજય, સિદ્ધોય કઈ અટ્ઠેવ પભાવગા ભાળિયા. ॥૧॥

પ્રાવચનિક, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન, સિદ્ધ અને કવિ આમ આઠ પ્રકારના પ્રભાવક છે.

યશોવિજયજી ઉપાધ્યાયની સમકિતના સડસઠ બોલની સજઝાયની છટ્ઠી ઢાળમાં પ્રભાવક આચાર્યોનો મિતાક્ષરી ઉલ્લેખ થયો છે.

પટ્ટાવલીના સર્જનમાં ઐતિહાસિક વિગતો, દૂતકથા બહુશ્રુત આચાર્યની શ્રુત પરંપરા અને પૂર્વ સૂરિઓએ રચિત પ્રાચીન ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે.

ઉપદેશ પ્રાસાદ મહાગ્રંથ ભા-પ (ભાષાંતર)માં પા-૨૯૬ પર પટ્ટાવલીનો ઉલ્લેખ મળી આવે છે.

પટ્ટત્રિશદ ગુણ રત્નાઢ્ય:, સૌધર્માદિપરંપર : ।
ગુરુ પટ્ટક્રમોધ્યેય:, સુરાસુર નરૈ: સ્તુત: ॥૧॥

સુર, અસુર અને મનુષ્યોએ સ્તુતિ કરેલા તથા છત્રીશ ગુણરૂપી રત્નોથી આઢય શ્રી સુધર્માદિક ગણધરોની પરંપરાવાળો ગુરુ પટ્ટનો ક્રમ ધ્યાન કરવા યોગ્ય છે.

## ઉ.પ્રા.ભા.-પ. લક્ષ્મીસૂરિ

પટ્ટાવલીમાં સંધિ, સમાસ, અલંકાર અને વિશેષણયુક્ત શૈલીમાં સુધર્માસ્વામીથી વિજય લક્ષ્મીસૂરિ સુધીનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે. મૂળ સંસ્કૃતમાં વિજય લક્ષ્મીસૂરિએ રચના કરી હતી તેનો ભાવાનુવાદ આચાર્ય વિશાલ સેન સૂરિએ કર્યો છે. તદ્ અનુસાર વીરાચાર્યનો કવિના શબ્દોમાં નીચે પ્રમાણે ઉલ્લેખ થયેલો છે.

"શ્રી કૃષ્ણની જેમ શુકલ ધ્યાનરૂપ સર્પેન્દ્ર તે રૂપ મન્થનરજ્જુ તેનાવડે અને સમતારૂપી મંદરાચળ પર્વત વડે મદરૂપી સમુદ્રનું મંથન કરીને શ્રી વીર નામના આચાર્ય તે માનતુંગસૂરિની પટ્ટલક્ષ્મીને વર્યા ".

આ પટ્ટાવલી એટલે જૈનાચાર્યોની પાટપરંપરાનું વિહંગાવલોકન.

## કલ્પસૂત્રની ટીકા (ગુજરાતી)

જૈન પરંપરાનો ઈતિહાસ અને જૈન સાહિત્યનો ઈતિહાસ, જેવા મૂલ્યવાન ગ્રંથો ગદ્યમાં ઉપલબ્ધ છે. તેમાંથી પણ દીપવિજયની પટ્ટાવલીમાં નામોલ્લેખ થયેલ પૂર્વાચાર્યોનો પરિચય પ્રાપ્ત થાય છે.

ભારતીય સંસ્કૃતિ અને જૈન સાહિત્યના સમૃદ્ધ સંસ્કાર-પૂર્ણ વારસાનું દિગ્દર્શન કરીને વર્તમાન પેઢી ગૌરવાન્વિત થાય તેવી માહિતીપ્રધાન ઐતિહાસિક રચનાનો આદર કરી જૈનતત્વને દીપાવે એવી અપેક્ષા અસ્થાને નહિ લેખાય.

ગુજરાતીમાં પટ્ટાવલીનો સીધો સાદો ઉલ્લેખ આગમસાર ભાગ ૫/૬માં છે તેમાં લેખકે પ્રથમ ક્રમિક નામોલ્લેખ કર્યો છે. ત્યારપછી સંક્ષિપ્ત માહિતી આપી છે.

સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં વિવિધ પ્રકારની પટ્ટાવલીઓ ઉપલબ્ધ છે, જેથી જે પ્રકારની રૂચિ હોય, ભાષાની જાણકારી હોય તેવી પટ્ટાવલીનું વાંચન જૈન ધર્મના ઈતિહાસનો લાક્ષણિક પરિચય કરાવીને ભૂતકાળના ગૌરવવંતા વારસાના રક્ષણને સંવર્ધનના પુનિત કાર્યમાં પ્રેરક બને છે.

ઈતિહાસ એટલે પૂર્વ પરંપરાનો ઉપદેશ છે. તેવો ગ્રંથ નિર્યુક્તિથી વિચારતાં 'ઈતિ' એટલે એ રીતે 'રૂ' નિશ્ચયથી ઈતિહ - એટલે પૂર્વવૃત્ત જેમાં છે તેવી રચના.

જૈન સૂત્રોમાં કલ્પસૂત્ર ઐતિહાસિક છે અને ભગવતી સૂત્રમાં પૂર્વ વૃત્તાંત છે. અતીત કાલની ઘટનાઓનું વિવરણ. પુરાવૃત શબ્દ પુરાણશાસ્ત્રના અર્થમાં પ્રયોજાયો છે.

"ઈતિહાસઃ પુરાણં પંચમો યેષાતે
તથેતિ ઈતિહાસ પુરાણ મુચ્યતે ॥૧॥"

વાચસ્પત્ય બૃહદભિધાનના એક શ્લોકનો અર્થ એમ છે કે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચાર પુરુષાર્થના ઉપદેશથી યુક્ત જે હોય તેને ઈતિહાસ કહે છે.

કવિ દીપવિજયે પટ્ટાવલીની રચનામાં ઐતિહાસિક પદ્ધતિનો પ્રયોગ કર્યો છે. દેશકાળ અને સમાજના સંદર્ભમાં જૈન શ્રમણોનું વર્ણન, પ્રભાવ, ગુરૂભક્તિની માહિતી, સામાજિક અને રાજકીય સંદર્ભો દ્વારા પટ્ટાવલીને ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. તેમાં મુખ્યત્વે ધર્મ અને મોક્ષ પુરૂષાર્થની ઉપાસના રહેલી છે.

સોડહમ્કુળ રત્ન પટ્ટાવલી રાસનું વિભાજન ચાર ઉલ્લાસમાં થયું છે. સંસ્કૃતસાહિત્યમાં વસ્તુ વિભાજન માટે ઉચ્છવાસ - ઉલ્લાસ શબ્દ પ્રયોગ થાય છે.

કવિએ સંસ્કૃત શૈલીનું અનુસરણ કરીને રાસના વસ્તુ વિભાજન માટે ઉલ્લાસ શબ્દ પ્રયોગ કર્યો છે. પ્રથમ ઉલ્લાસમાં ૯, બીજામાં ૯, ત્રીજામાં ૨૧ અને ચોથામાં ૨૨ મળીને કુલ ૬૧ ઢાળ છે.

દરેક ઉલ્લાસને અંતે નીચે મુજબ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

"ઈતિ શ્રી પ્રાગવાટ જ્ઞાતીય શાહ કલાશ્રીયુત કુલોત્પન્ન અનોપચંદ વ્રજલાલ આગ્રહાત સકલ પંડિત પ્રવર પ. પ્રેમવિજય ગણિ, પં.રત્નવિજય ગણિના શિષ્ય. પં. - દીપવિજય કવિરાજ બહાદરેણ વિરચિતે શ્રી સોહમકુલ રત્ન પટ્ટાવલી પ્રાકૃત પ્રબંધે નિગ્રંથ બિરદ ૧ કોટિક બિરદ ૨ ચંદ્ર બિરદ ૩ વનવાસી બિરદ-૪ એવં ચત્વારિ બિરદ ષોડશ-પયોધર સૂરિવર્ણન નામ પ્રથમોલ્લાસ ॥૧॥

સંસ્કૃત ભાષાના પ્રયોગ દ્વારા પ્રથમ ઉલ્લાસની સંક્ષિપ્ત માહિતી મળી ને તે પૂર્ણ થયો છે. એમ આ નોંધ દર્શાવે છે. બીજા ઉલ્લાસમાં વીરસૂરિ પટોધર વર્ણન, શ્રી કાલિકસૂરિ, દેવર્ધ્ધિગણિ ક્ષમાશ્રમણ,

જિનભદ્ર ગણિ, ક્ષમા શ્રમણ, હરિભદ્રસૂરિ, બપ્પભટ્ટસૂરિ આમનૃપતિ પ્રમુખ, વણરછ પરંભ બિરદ નામ દ્વિતીયોલ્લાસઃ ત્રીજા ઉલ્લાસમાં જસોભદ્રસૂરિ, વડગચ્છ બિરદ, વિમલમંત્રી, અભયદેવ સૂરિ, શાંતિ વેતાલ, હેમાચાર્ય, કુમારપાલ પૂરવભવ, બહુગચ્છભેદ, તપાબિરૂદ વસ્તુપાલ - તેજપાલ સંબંધ, વણિક ચોરાસી જ્ઞાતિ વીશા - દશા ઉત્પત્તિ, જગત્ ચંદસૂરિ ઉજેણીનગર પ્રવેશ, ગુરુ ઉપદેશ, પંચમીજ્ઞાન વર્ણન, રોહિણી ચરિત્ર, વીર ૭૨ વર્ષ સંખ્યા પ્રમાણ પૃથ્વીધર, ઝાંઝણશા, દેવેન્દ્રસૂરિ પ્રમુખ દસ પટોધર સૂરિ વર્ણનો નામ તૃતીયોલ્લાસઃ । ચોથામાં જ્ઞાનસાગરસૂરિ પ્રમુખ પંચસૂરિ, મુનિહત્યા પાતકી પ્રતિબોધન, ધન્નો, પોરવાડકૃત રાણપુર પ્રસાદે ચ્યાર સૂરિ આગમન, સંતિકર સ્તોત્ર નિષ્પન્ન, દિવાળી કલ્પ કર્તા પ્રમુખ ચ્યારસૂરિ, લહુડી, પોસાલ કમલ કલસા, કટીપરા, વિજામતી, કડુ આમતી પાર્શ્વચંદ્રસૂરિ, લુંકા પ્રમુખ ગચ્છભેદ, હેમ વિમલસૂરિ ક્રિયા ઉદ્ધાર, રાજવિજયસૂરિ ગચ્છ, પાલણપુર તથા પલ્લવિયા પાસ ઉત્પત્તિ, અકબર શાહ પૂર્વભવ, હીરસૂરિ દિલ્હી ગમન, શાહીમિલન, ડાંમરસર ચિડજીતી, જીજીયાદિ હિંસામોચન, સાહીરાજપર્યંત ષટ્ ફુરમાના ગુરુદક્ષણા કરણ, જગતગુરુબિરદ પ્રાપણ હીર સેન ઉભય વરણાન, શ્રી દેવસૂરિ, શ્રી વિજ્યાનંદ સૂરિ ઉભય ગચ્છનામ ધારણ, શ્રી વિજયાનંદસૂરિ, વિજય દેવસૂરિ ઉભય પટોધર મિલન, ઉભય ગચ્છ વરણન, શેઠ શાંતીદાસ કૃત સાગર ગચ્છ નિષ્પન્ન શ્રી લક્ષ્મીસૂરિ પ્રમુખ ચોવીસ સૂરિંવર્ણન, કવેસર સમસ્ત સૂરિ સમક્ષે પાપઓલો યણાદિ પ્રમુખ વર્ણનો નામ ચતુર્થોલ્લાસ.

આ રીતે ચાર ઉલ્લાસમાં વૈવિધ્યપૂર્ણ માહિતીનો ઉલ્લેખ થયેલો છે.

પટ્ટાવલી માત્ર ગુરુ પરંપરાનું જ આલેખન કરતી રચના નથી. તેમાં પૂર્વાચાર્યો અને એમના પ્રભાવનું વર્ણન દ્વારા જિન શાસનનો જય જયકાર દર્શાવી સાંસ્કૃતિક અને ધાર્મિક સિદ્ધિઓને બિરદાવમાં આવી છે.

વડગચ્છ, બહુગચ્છભેદ, કટુપરા વીજામતિ, કડુઆમતી પાર્શ્વચંદ્રસૂરિ, લુંકાગચ્છ, રાજવિજયસૂરિ ગચ્છ, દેવસૂરિ અને વિજયાનંદસૂરિ ગચ્છ, સાગર ગચ્છ, લહુડી પોસાલ વગેરે ગચ્છની માહિતી છે.

આમ નૃપતિ, વિમલમંત્રી, કુમારપાલ પૂરવભવ, વસ્તુપાલ-તેજપાલ સંબંધ, પૃથ્વીધર, ઝાંઝણશા, અકબર શાહ પૂરવભવ, પાલનપુર પલ્લવીયા પાસ ઉત્પત્તિ જેવા મહાન શ્રાવકોનું વૃતાંત છે. વણિક ચોરાસી જ્ઞાતિ, વીશા - દશા ઉત્પત્તિની માહિતી પણ વિગતવાર દર્શાવી છે.

પંચમીજ્ઞાન વર્ણન, રોહિણી ચરિત્ર, કલ્યાણમંદિર, સંતિકરં, ભક્તામર અને લઘુશાંતિ સૂત્રોના ઉદ્‌ભવનો પણ પટ્ટાવલીમાં સમાવેશ થયેલો છે. ટૂંકમાં પટ્ટાવલી વિવિધ વિષયોને સ્પર્શતી ઐતિહાસિક મૂલ્ય ધરાવતી નમૂનેદાર રચના છે.

**સમીક્ષાત્મક નોંધ**

આ રાસમાં દુહા, ઢાળ અને છપ્પયનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ઈષ્ટદેવ શ્રી મહાવીરસ્વામીની સ્તુતિ મંગલાચરણમાં કરી છે. જે મધ્યકાલીન રાસ પરંપરાનું અનુસરણ કરે છે.

"સ્વસ્તિ શ્રી ત્રિશલાસુતન્, વરધમાન જિનરાય
મહાવીર વળી વીરજી, તીર્થંકર સામ્રાજ" ॥૧॥ [૨]

(રોહિણી ચરિત્ર ઢાળ ૩૩ થી ૩૮ માં છે તે રોહિણી તપનો મહિમા દર્શાવે છે. આ વૃત્તાંત 'સ્તવન' તરીકે સ્તવનના પુસ્તકમાં સ્થાન ધરાવે છે.")

દુહામાં મહામંગલકારી શ્રી ભગવાન મહાવીરનો સંક્ષિપ્ત પરિચય આપીને વિષયનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

"શ્રી સોહમ સ્વામી તણેં પાટ પટોધર સૂર
આપ આપણા ગચ્છમેં વર્તે છે નિજનૂર" ॥૭॥

આગે ગચ્છ ઘણા હુઆ - સમયે વરતે જેહ
જે જે સમયે નિકલ્યા વરણવ કરસ્યું તેહ ॥૮॥ [૩]

મહાપુરૂષોના ગુણગાન ગાવાથી જન્મ પવિત્ર થાય છે માટે સોહમસ્વામી - સુધર્માસ્વામીથી આરંભ કરીને ક્રમિક રીતે ગૂરૂભગવંતોનાં ચરિત્રને નિરૂપણ કરું છું. કવિના શબ્દોમાં ઉપરોક્ત હકીક્ત નીચે મુજબ છે.

"મહાપુરૂષ ગુણ ગાવતાં કરસ્યું જીભ પવિત્ર,
શ્રી સોહમ સ્વામી થકી, ભાંખું સકલ ચરિત્ર" ॥૧૧॥ [૪]

ભગવાન મહાવીરની પાંચમી પાટે સુધર્માસ્વામી થયા. પાંચમા આરામાં એમના નામથી ભગવાન મહાવીરનું શાસન ચાલે છે.

"સોહમ સ્વામી પંચમ ગણધર, વીર તણા પટધારી રે,
શાસન જેહનું પાંચમે આરે, વરતે છે સુખકારી રે,
ગુણીજન વંદો રે, વંદો વંદો રે,
પટોધર ધીર ગુણીજન વંદો રે,
ગુરૂ જગબંધવ જગ વીર, ગુણીજન વંદો રે ॥૧॥ [૫]

કવિ સુધર્માસ્વામીને અહોભાવપૂર્વક (પી. ૨) વંદન કરે છે. તે ભાવ ઉપરોક્ત પંક્તિમાંથી વ્યક્ત થાય છે. 'વંદો' શબ્દની પુનરાવૃત્તિ ગુરૂ ભક્તિનું સમર્થન કરે છે. સુધર્માસ્વામીના પટધર જંબુસ્વામીનો મિતાક્ષરી પરિચય એમની લાઘવયુક્ત અભિવ્યક્તિનો નમૂનો છે.

"સોહમ સ્વામિના જંબુ પટધર, એ ગુરૂ બાલ બ્રહ્મચારી રે,
આગમ સહુ એ જંબુએ પૂછયાં,
સોહમ કહ્યાં સુવિચારી રે. ગુ. વં. ॥૫૫॥

પરણી આઠે પ્રભવાદિક સહુ, પાંચસેં સત્તાવીસ રે,
સંજમ લીધો એક સમુદાઈ, પ્રણમે સુર નર ઈશરે. ગુ.વં. ॥૬॥[૬]

પ્રભવસ્વામીના વર્ણનમાં કવિએ 'રતન' શબ્દનો અર્થાન્તર ન્યાસ અલંકારમાં પ્રયોગ કરીને એમના જીવનની વિશિષ્ટતા દર્શાવી છે.

"રતન ચોરતા રતન ચિંતામણી
સંજમ ગ્રંથિ સોહાય". [૭]

પ્રભવ નામનો ચોર જંબુકુમારને ત્યાં કિમતી રત્નોની ચોરી કરવા આવ્યો હતો પણ જંબુસ્વામી પોતાની આઠ નવોઢાને વૈરાગ્ય વાસિત કરી રહ્યા હતા ત્યારે તે આ વાણી સાંભળીને પ્રતિબોધ પામ્યો અને ૫૦૦ સાથીદારો સાથે સંયમ અંગીકાર કરવા તૈયાર થયો. ૫૦૦ ચોર, ચોરનો સરદાર પ્રભવ, જંબુસ્વામી, આઠ પત્ની અને તેમનાં માતાપિતા વિ. મળીને ૫૨૭ જણે એકી સાથે દીક્ષા અંગીકાર કરી.

સ્થૂલિભદ્રનો પરિચય આપતાં કોશાને પ્રતિબોધ કરી અને

ચોરાશી ચોવીસી સુધી નામ અમર રહેશે એમ દર્શાવીને સ્થૂલિભદ્રના અભૂતપૂર્વ શિયળ વ્રતનો મહિમા પ્રગટ કર્યો છે.

"કોશ્યા પ્રતિબોધિ ગુરૂરાજે, દુષ્કર દુષ્કરકારક રે,
પ્રણમો ત્રીજે મંગલ, એ ગુરૂ ચઉદપૂરવ શ્રુત ધારક રે
ગુ. વં. ॥૧૯॥ ૮

ચાર મંગલમાં ત્રીજા મંગલ તરીકે સ્થૂલિભદ્રનું નામ છે.

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુઃ
મંગલં સ્થૂલિભદ્રાદ્યાઃ જૈન ધર્મોસ્તુ મંગલમ્ (૧)

અવંતિ પાર્શ્વનાથ જિન મંદિરની રચના વિશે ઉલ્લેખ કરતાં કવિ જણાવે છે કે આર્યસુહસ્તિસૂરિ વિશાળ મુનિ પરિવાર સાથે ઉજ્જૈની નગરીમાં પધાર્યા ત્યારે અવંતિ સુકુમાર વંદન કરવા ગયા. ગુરૂદેશનાથી પ્રતિબોધ પામી સંયમ સ્વીકારી રત્નત્રયીની આરાધનાની સાથે તપ કરીને આયુષ્ય પૂર્ણ થતાં શુભ ભાવમાં સ્થિર થઈ નલિની ગુલ્મ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. અવંતિ સુકુમારે જે જગ્યાએ કાઉસગ્ગ ધ્યાનમાં રહીને આયુષ્યનો ક્ષય કર્યો હતો તે ભૂમિ પવિત્ર ગણીને ત્યાં અવંતિ પાર્શ્વનાથના જિનાલયની રચના કરવામાં આવી.

મુનિ કાઉસગ્ગ નિરવાંણ ઠેકાણે પાસ અવંતિ કેરો,
ભદ્રામાત કરાયો દેવલ, નંદિ ગાજે ગુહિરો ॥૩॥ ૯

જિન શાસનની પ્રભાવના કરનારા આઠ આચાર્યોમાં સિદ્ધસેન દિવાકરનું નામ વિશેષ ગૌરવવંતુ છે. એમને કલ્યાણમંદિર સ્તોત્રની રચના દ્વારા વિક્રમરાજાને પ્રતિબોધ પમાડી જૈન ધર્મના અનુયાયી બનાવ્યા હતા. કવિએ વિક્રમ રાજાનો ઉલ્લેખ કરીને વિક્રમ સંવત શરૂ થયો તે દર્શાવ્યું છે. સિદ્ધસેન દિવાકર અને વિક્રમરાજાની જોડી

જૈનધર્મના ઈતિહાસમાં અમર સ્થાન ધરાવે છે.

"નૃપતિ જુધિષ્ઠિર સંવત ભાંજી, સંવત આપ લિખાયો,
પરનારી બંધવ નૃપ વિક્રમ, પર ઉપગારી કહાયો. વંદો. ૧૮

વીર વેતાલ કર્યો જિહો હાજર, વલી હર સિદ્ધિ ભવાની,
દેવ સહાઈ સકલ મનોરથ, સિદ્ધિ થયા જગદાની...વંદો. ૧૯

વિક્રમ ચરિત્રથી જાણી લેજયો, વિક્રમ નૃપ અધિકાર,
વરણવ કિધા છે બહુ તેહમાં, એહનો વંશ પુંઆર. વંદો. ૨૦

સિદ્ધસેન ગુરૂ શ્રાવક વિક્રમ, દોઉ જોડ જગ રાજેં,
દીપવિજય કવિરાજ બહાદર,
વયુકુમાર સુકુમાલ રે. વંદો (૨૧) [૧૦]

કવિએ વ્રજસ્વામીનું વૃત્તાંત વિસ્તારથી વર્ણવ્યું છે. તેમાં પાટલીપુત્રના કોટીધ્વજની દીકરી રૂક્મિણી વ્રજસ્વામીને પરણવાની મહત્ત્વાકાંક્ષા વાળી હતી. કવિએ રૂકમણીના વૃત્તાંતમાં શ્રૃંગારરસનો આશ્રય લઈને રંગદર્શી નિરૂપણ કર્યું છે. પણ વ્રજસ્વામીની વાણીથી રૂકમણીનું હૃદયપરિવર્તન થતાં શાંત-રસ ઉપશમ ભાવની અનુભૂતિ થાય છે.

"અદ્‌ભુત રૂપ સુણિ સ્વામિનું, કરેં પ્રતિજ્ઞા એહજી,
વરવો માહરેં વયરસ્વામને સાચેં પૂરણ નેહ". શ્રુત. ૧૩

ગામ નગર પુર પટ્ટણ ફરતે, પાડલીપુર ગુરુ આયાજી,
નિસુણી રુકિમણી કહેં તાતને, "જામાતા તુમ આયા" શ્રુત...૧૪

વિહવા સામગ્રી સહુ કરીઈં, મંડપ સખર બનાઈજી,
દીપવિજય કવિરાજ બહાદર, મંગલ ગીત વધાઈ. શ્રુત..૧૫ [૧૧]

પુત્રીની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે વિવાહ પ્રસંગની તૈયારીનું વર્ણન કરતાં કવિ જણાવે છે કે -

"અતિ હરખે વ્યવહારીઈ, પુત્રી પ્રતિજ્ઞા કાજ,
મંડપ તોરણ સજકિઓ, ભાંત ભાંત કે સાજ... (૧)
કરી વરઘોડો અભિનવો, હય ગય રથ સુખપાલ,
બહુ વિધ વાજાં વાગતેં, મુદભર રુકિમણી બાલ. (૨)
કોડી નવાણું સોનિયા, વર પેહેરામણી કાજ,
હીર ચીર પટકુલ સહિત, વિવિધ વિવિધ કે સાજ....(૩)
વરમાલા કરમાં ધરી, ચાલી વરવા સ્વામ,
ગુરુ ઉપદેશે છે તિહાં, આવી રુકિમણી તામ.... (૪) [૧૨]

એક વખત વજ્રસ્વામી વિહાર કરીને પાટલીપુત્ર પધાર્યા ત્યારે રૂકિમણીએ કહ્યું કે પિતાજી તમારા જમાઈ આવ્યા છે. એમ કહ્યું એટલે પિતાએ લગ્નની સંપૂર્ણ તૈયારી કરી. પુત્રી વજ્રસ્વામીને વરમાળા આરોપવા જાય છે ત્યારે વજ્રસ્વામીએ પોતાના જ્ઞાનના પ્રભાવથી શિયળનો મહિમા વર્ણવ્યો. આ સાંભળીને રૂકિમણીએ પ્રતિબોધ પામીને સંયમ અંગીકાર કરી માનવ જન્મ ઉજમાળ કર્યો. આ વૃત્તાંતમાં રૂકિમણીના જીવનમાં આવતું પરિવર્તન વજ્રસ્વામીનો પ્રભાવ દર્શાવે છે. શીલનો મહિમા દર્શાવતી કવિની પંક્તિઓમાં શીલવતી સ્ત્રીઓનો ઉલ્લેખ થયો છે.

"પાંચે કરતાં ચોથા વ્રતનો, પાપ કહ્યો વિતરાગે,
બ્રહ્મચર્યસમ નહીં વ્રત બીજો, ધન્ય જે વિષયનેં ત્યાગે....(૭)
સ્ત્રી સંગે નવલાખ છૈ ગર્ભજ, વલી અસંખ્યાત કહીયા
ઈમ જાણી સંતોષ કરીને, મુનિવર ન્યારા રહીયા...અડ..(૮)

શીલથી દેવ રહેં જસ હાજર, શૂલી સિંહાસન થાવે,
શીલથી શીતલ પાવક પાણી, અહિ ફૂલમાલ થઈ આવે... અડ (૯)

શીલથી દૂરજન સજ્જન હોંવે, શીલે જસ સોભાગ
શીલથી સકલ મનોરથ સફલા, શીલથી ભવજલ તાગ. અડ (૧૦)

સતી સુભદ્રા સીતા માતા, ચંદનબાલા માડી,
મૃગાવતી ને શીલવતીને, શિવપુર લગ પહોંચાડી... અડ...(૧૧)

રાજીમતીને બ્રાહ્મી સુંદરી, કુંતા ને દમયંતી, (૧૨)
દ્રુપદી, કૌશલ્યા, વલી સુલસા, પ્રભાવતી કુલવંતી અડ...(૧૨) [૧૩]

વજ્રસ્વામીની સંયમજીવનમાં વ્રતપાલનની નિશ્ચલતાનું નિરૂપણ કરતાં કવિ જણાવે છે કે :

"મેરુ મહીધર ઠામ તજે જો, ઉદધિ મરજાદા મૂકે,
ચંદ્ર મંડલથી પાવક પ્રગટે, તો હિ વયરસૂરિ નવિ ચૂકે. અડ...(૧૮) [૧૪]

શ્રી માનદેવસૂરિએ લઘુશાંતિ સ્તવનની રચના કરી તે પ્રસંગનું નિરૂપણ.

"લેખ જોઈ ગુરુરાજજી રે, કરવા પર ઉપગાર
મંત્રગર્ભિત સ્તવના કરી રે, લઘુશાંતિ સુખકાર...પ્ર (૯)

પત્ર લિખિ તિહાં મોકલ્યો રે, લઘુશાંતિ વિધિ એહ,
પવિત્રપણે ભણજયો સહુ રે, છાંટજો નમણ કરેય. પ્ર. (૧૦) [૧૫]

ધારા ઉજ્જૈની નગરીના ભોજરાજાના સમયમાં માનતુંગાચાર્ય થયા હતા. કવિએ બાણ અને મયૂર એ સસરા જમાઈની વિદ્વત્તાના વિવાદનું વર્ણન રસિક વાણીમાં કર્યું છે. એમની પંડિતાઈના નમૂનારૂપ કવિની નીચેની પંક્તિઓનો ઉલ્લેખ નોંધપાત્ર છે.

''ચ્યાર લાખ રઘુવેદ હૈ, યજુર્વેદકો માન,
લાખ પાંચ નેવું સહસ, બીજો વેદ પ્રમાન ॥૨॥

તીન લાખ એંસી સહસ, સામવેદકો ગાન,
લાખ તીન ને સઠ સહસ વેદ અથર્વજાન ॥૩॥

અંગ ગ્રંથ અડસઠ સહસ, ઉપનિષદ પુનિ હોય,
એક લાખ બ્યાસી સહસ, ગ્રંથ માન હોં સોય ॥૪॥

પરિશિષ્ટ સંખ્યા કહું, સહસ અઢાર સુજાન,
એ સાતે વસ્તુ તણાં, પાઠી દોય પ્રમાણ ॥૫॥

ચાર વેદ ષડ અંગ હે, ઉપનિષદ છત્તીસ
પરિશિષ્ટ બહોતેર મલી, સહુ ગ્રંથ લખવીસ ॥૬॥ [૧૬]

બન્ને સરખા છે અને કોણ મોટું છે તે નક્કી કરવા માટે ભોજરાજા કાશ્મીરના પંડિતો પાસે ન્યાય કરાવવા માટે જવાનું સૂચન કરે છે. છેવટે સરસ્વતીએ પરીક્ષા કરી તો બન્ને જણ પંડિતાઈમાં સરખા હતા. રાજાએ બન્ને જણનું ભવ્ય સન્માન કર્યું. ભોજરાજાએ એકવાર પ્રધાનને પ્રશ્ન પૂછયો કે બાણ અને મયૂર જેવા જૈન ધર્મમાં કોઈ પંડિત છે ખરા ? પ્રધાને માનતુંગાચાર્યનું નામ સૂચવ્યું. રાજાએ માનતુંગાચાર્યને દરબારમાં બોલાવ્યા અને ચમત્કાર દેખાડવાની વાત કરી. એમને બે આચાર્ય મહારાજને પૂરીને બારણાને ૪૮ તાલાં લગાવ્યાં. આચાર્ય મહારાજે શાસનદેવીની સ્તુતિ કરી એટલે ચક્રેશ્વરી દેવી પ્રગટ થઈ અને આચાર્ય મહારાજે રૂષભદેવ ભગવાનની સ્તુતિ શરૂ કરી ભક્તામર સ્તોત્રની રચના કરી, એક એક શ્લોક બોલતા જાય અને એક એક તાળું ખુલતું જાય. એમ ૪૮ શ્લોકની રચનાથી ૪૮ તાળાં ખુલી ગયાં.

"ઋષભ પ્રભુ સ્તવના કરેં એ, ભક્તામર સ્તવરાજ.
નમો સૂરિરાજનેં એ. નં.
શ્લોક તણી ઉદ્દઘોષણાએ, માંનું જલધર ગાજ. ન. (૧)

જીમજીમ કાવ્ય ભણેં સૂરિએ, તિમતિમ દેવ પ્રભાવ. ન.
તડ તડ તાલાં ઊઘડે એ, જુઓ જુઓ પુન્ય પ્રભાવ. ન. (૨)

કાવ્ય અડતાલીસથી થયાં એ, તાલાં અડતાલીસ દૂર. ન.
સૂરિ ઉપાસરે આવિયા રે, ધન શાસન વડ નૂર. ન. (૩)

નૃપતિ પ્રભાતેં દેખીનેં એ, ચમક્યો હૃદય મઝાર, ન.
ધનધન એ સૂરિરાજનેં એ, જૈન ધરમ જગ સાર.ન. (૪)

ભક્તામરનાં કાવ્ય છે એ, ગર્ભિત મંત્ર પ્રયોગ. ન.
સદ્દગુરુ જાણ કૃપા થકી એ, પાંમે સુખ સંયોગ. નં. (૫)[૧૭]

આ પ્રસંગ નિરૂપણમાં અદ્દભુત રસની અનુભૂતિ થાય છે. ધાર્મિક ચમત્કારો માત્ર કલ્પના નથી પણ દૈવી શક્તિના અનોખા પરિચયની સાથે-સાથે સાધક આત્માની અપૂર્વ સાધનાનો પ્રભાવ પણ છે.

દેવર્ધિગણી ક્ષમાશ્રમણે વલ્લભપુરીમાં અને સ્કંદિલાચાર્યે મથુરામાં આગમને ગ્રંથસ્થ કર્યો. આ આગમને પ્રમાણભૂત ગણવામાં આવે છે. કવિએ જણાવ્યું છે કે -

"આ પણ દોય પ્રમાણ છે, એહની શંકા ન કાંહે રે" [૧૮]

દેવર્ધિગણી ગુરૂ ભગવંત પ્રત્યે કવિએ ઉપકારની ભાવના વ્યક્ત કરતાં જણાવ્યું છે કે -

"શ્રી દેવર્દ્ધિ શ્રી પૂજ્યજી, કીધો જગ ઉપકાર રે,
શાસન એકવીસ સહસનો, તેહમાં સૂત્ર આધાર રે. (૧૯)

હરિભદ્રસૂરિનું શબ્દચિત્ર કવિની કલમે આલેખાયેલું છે.

"ચિત્રકૂટ ગઢમેં તદા, સંવત પાંચ મઝાર,
રાજકરે મહાભુજબલી, રાવલ સગત કુમાર ॥૧૫॥

તેહ નયર મેં પ્રિય છે, હરિભદ્ર ઈણ નામ
પૂરવ સંજોગે હુઓ, વિદ્યાકુંભ સુધામ ॥૨॥

વીસ લાખ એ ગ્રંથ છે, ચાર વેદકો માન
વિદ્યા ચઉદ નિધિ સમો હરિભદ્ર ભટ જાન ॥૪॥

ધરે ગૌરવ મનમાં ઈસ્યો જગનહિ વાદી કોય
વિદ્યાવાદ વિના તવાં, પેટ આફરો હોય ॥૫॥

જે વાદી હારે તકો, ચરે ઘાસ પીંઈ નીર,
મુજને જીતે તેહનો, શિષ્ય હોઉં તસ તીર ॥૬॥ [૨૦]

શ્રી બપ્પભટ્ટસૂરિએ આમ નૃપને બોધ પમાડયો હતો. કવિએ હેમચંદ્રાચાર્ય અને કુમારપાળનું વૃત્તાંત વિસ્તારથી વર્ણવ્યું છે, કુમારપાળનાં પાંચ નામનો નિર્દેશ કરતી પંક્તિઓ જોઈએ તો -

"કુમર નૃપતિ ને સોલંકી રે, પરમાર્હત કહેવાય,
રાજઋષિ રાજવી પછે રે, પાંચ નામ સોહાય રે." [૨૧]

કલિકાલ સર્વજ્ઞની શાસ્ત્ર રચનાનો સંદર્ભ આપતાં કવિ નોંધે છે કે "કલિકાલ સર્વજ્ઞ બિરદના રે, ધારક શ્રી ગુરૂરાજ; સાઢી તીન કોટી ગ્રંથના રે, કરતા શ્રુત સામ્રાજ રે."

જગતચંદ્રસૂરિના પ્રભાવશાળી વ્યક્તિત્વનું વર્ણન કરતાં કવિ જણાવે છે. કે -

"પૂજ્યજીની વેગગતિ શનિ સરખી રે, મ્હેંતો ડગલે ડગલે નિરખી રે,
હંસ નેત્રચંદ સરખા હરાવે રે તોહેં બીજો એહ સમ નાવે રે. ॥૯॥

પાલે પંચ મહાવ્રત ભાટ રે, ટાલે સાવદ્ય જોગ વેંપાર રે,
ધારે જીવદયા ઉપગાર રે, ચારે પંચમે છે આધાર રે. ॥૧૦॥

કીરતિ જેહની દશ દિસિ વ્યાપી રે, વેલી જસની સઘલેં થાપી રે, (૨૨)
ગણધર સોહમના પટધાર રે, શાંસન શોભા વધારણ હાર રે ॥૧૧॥

કવિએ વસ્તુપાલ અને તેજપાલનું વૃત્તાંત અને વીશાદશાજ્ઞાતિની ઉત્પત્તિ મારવાડી બોલીમાં ગદ્યમાં દર્શાવી છે. પદ્યમાં પ્રસંગ વર્ણન દ્વારા કથારસ માણી શકાય છે.

વસ્તુપાલ અને તેજપાલના પરોપકારના કાર્યોની સૂચિ, એમનો અપૂર્વ વૈભવ, અજોડ દાનવીરતા, જિન શાસન પ્રત્યેનો અભૂતપૂર્વ પ્રેમ ને માનવતાના ગુણોનો પરિચય કરાવે છે.

જગતચંદ્રસૂરિનો જિનશાસનમાં જયજયકાર વર્ત્યો છે અને મહાતપસ્વી શાસનપ્રભાવક આચાર્ય તરીકે અમર કીર્તિ પ્રાપ્ત કરી છે. એમના પ્રત્યેનો ગુરૂભાવ વ્યક્ત કરતી કવિએ ગહુંલી રચી છે. તેમાં ભગવાનની વાણીનો પ્રભાવ તથા જૈન તત્વજ્ઞાનના વિષયોનો ઉલ્લેખ થયેલો છે. ભગવાનની વાણી પ્રત્યેક જણ પોતપોતાની ભાષામાં સમજી શકે છે. કવિના શબ્દો છે કે -

"ભીલ દષ્ટાંતે ખેચર ભૂચર, સૂરપતિ નરપતી નારી;
નિજનિજ ભાષાઈં સહુ સમઝે, વાણીની બલિહારી ॥૫॥ [૨૩]

ભગવાનની આગળ ગહુંલી કરવામાં આવે છે ત્યારે સ્વસ્તિક રચના કરીને તેના ઉપર મોતી ચઢાવવામાં આવે છે. આ પ્રકારની ભક્તિથી મુક્તિ પણ મળે છે. બારમાસી કાવ્ય પ્રકારમાં બાર મહિનાનો સંદર્ભ હોય છે. તેવી રીતે નવ ગ્રહોના સંદર્ભ દ્વારા ગુરૂની ગુણ સમૃદ્ધિ દર્શાવી છે. સમગ્ર ઢાળમાં કવિની ઉપમાઓ નોંધપાત્ર છે.

સૂર્યસમાન તેજસ્વી, ચંદ્ર સમાન વદન, જલધરની સમાન વાણીનો પ્રભાવ, ગુરુની બુદ્ધિમાં સરસ્વતીનો વાસ, શુક્ર સમાન ઉન્માદ, શનિ સમાન ગતિવાળા, વગેરે ઉપંમાઓથી ગુરુનો મહિમા દર્શાવ્યો છે. વળી પાંચ મહાવ્રતધારી, સાવદ્ય વેપારના ત્યાગી.

જીવદયા પ્રતિપાલક, દશ દિશામાં જેની કીર્તિ વ્યાપ્ત છે, શાસનની શોભા સમાન, ગંભીર, સમદમ ખાંતી ગુણોથી યુક્ત જગત્ચંદ્રસૂરિ ગુરુજી છે.

વિજય લક્ષ્મીસૂરિની વિદ્વત્તાનો પરિચય કવિએ કડી ૧-૨-૩ પા. ૧૦૨માં આપ્યો છે.

એમણે અભ્યાસ કરેલા ગ્રંથોની સૂચિ વિસ્તારથી દર્શાવીને અંતે કહે છે કે -

"નાંહના મોટા સાતસેં એ, ગ્રંથ ભણ્યા ગચ્છ રાજ. નમો.
આગમ તત્ત્વ લહી ઘણાં એ, સાર્યા આતમ કાજ નમો.[૨૪]

વિજય લક્ષ્મીસૂરિએ આયંબિલ તપ કરીને સરસ્વતિ મંત્રનો સવાલાખ વખત જાપ કર્યો હતો. આવા ગુરૂના ગુણ અકથ્ય છે. આ આચાર્યની નિશ્રામાં સુરત, રાંદેર, સિનોર, આમોદ, છાયાપુરી,

ગોધરા, જંબુસર, વગેરે સ્થળોએ અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી થઈ હતી.

ભગવાન મહાવીરથી ૬૮મા પટધર શ્રી દેવેન્દ્રસૂરિ થયા. વડોદરા ચાર્તુમાસ કર્યા પછી સંઘની વિનંતીથી સુરત આવી રાંદેરમાં અંજનશલાકા, ઉપધાન, માળારોપણ કરાવી તેઓ મેરૂતેરસને દિવસે ૬૪ વર્ષની વયે કાળધર્મ પામ્યા. આવા ઉપકારી ગુરૂનો કવિએ એક જ પંક્તિમાં લાક્ષણિક પરિચય કરાવ્યો છે.

"ગુણવંતા ગુરૂરાજના ગુણ સંભાલે લોક"

કવિએ પટ્ટાવલીના અંતે ૫૯મી ઢાળમાં વિજય દેવેન્દ્રસૂરિની ગુરૂ તરીકે અપૂર્વ ભક્તિથી પ્રેરાઈને પાંચ કડીમાં એમની સ્તુતિ કરી છે. પા. ૧૦૬ ઢાળ-૫

કળશમાં હીરસૂરિથી આરંભ કરીને મહેન્દ્રસૂરિ સુધીના ૧૩ ગચ્છાધિપતિનો ઉલ્લેખ કર્યો છે. કળશ પા. ૧૦૬

કવિએ ૭૦મા પટ્ટધર સમુદ્રસૂરિ એ પોરવાડ કુળના શણગાર સમો હતા એમના પિતા હરનાથ અને માતા દેહતાં. સં. ૧૮૮૦ના માગસર માસમાં પુનામાં સંઘ સમક્ષ સૂરિપદથી વિભૂષિત થયા. સમુદ્રસૂરિ વિશે કડી-૧૫ પા. ૧૦૮માં ઉલ્લેખ છે.

સોહમકુળ પટ્ટાવલી ગાવાનું ફળ બે દુહામાં જણાવ્યું છે.
(દુહા ૧-૨ પા. ૧૦૮)

૬૧મી ઢાળમાં પટ્ટાવલી રચના કરવા માટે આધારભૂત ગ્રંથોનો ઉલ્લેખ થયેલો છે. કડી ૬ થી ૮ પા. ૧૦૯

આલોયણા શીર્ષકથી શરૂ થતી ૯ થી ૧૫ કડીમાં કવિએ

આત્મનિરીક્ષણ કરવાં પોતાના આત્માની શુદ્ધિ માટે પશ્ચાતાપની પુનિત ગંગા વહેતી પંક્તિઓ રચી છે. પા. ૧૦૯ કડી ૯ થી ૧૫

કવિ આત્માભિમુખ બનીને એમ જણાવે છે કે રાજા મહારાજાઓનાં પરાક્રમની પ્રશંસા કરી પણ પોતાના આત્માના દોષ નિવારણ માટે સોહમ પટ્ટાવલી રચીને સૂરિ પરંપરાની ગુણ ગાઈને જીભ પવિત્ર કરી છે.

કવિ વિનમ્ર ભાવથી આ સંઘની સાક્ષીએ ઉત્સૂત્ર પ્રરૂપણાની માફી માગે છે. કડી ૧૬ પા. ૧૧૦

સોહમકુળ રત્ન પટ્ટાવલી રાસ એવું નામાભિધાન પણ જણાવે છે. ગ્રંથ રચનાનો સમય સં. ૧૮૭૭નો છે. તેનો ઉલ્લેખ નીચેની પંક્તિોઓમાં મળી આવે છે. કડી ૨૦

વિશ્વના સર્વ ધર્મોમાં જ્ઞાનના પ્રકાશનો સ્વીકાર કરવામાં આવ્યો છે. અજ્ઞાનતાનો અભિશાપ દૂર થતાં જ્ઞાનચક્ષુથી સર્વવસ્તુ જોઈને સમજી શકાય છે. જૈન ધર્મમાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી જ્ઞાન પ્રાપ્તિ થાય છે. પાંચ જ્ઞાનમાં કેવળજ્ઞાન સર્વોચ્ચ કક્ષાનું છે જેના પ્રતાપથી સમગ્ર વિશ્વના જડ અને ચેતન પદાર્થના દ્રવ્ય ગુણ ને પર્યાય જાણવાની અભૂતપૂર્વ શક્તિ પ્રાપ્ત થાય છે. કવિએ ગુરૂ જ્ઞાનદાતા છે એ વાત સ્વીકારીને ગુરૂ મહિમાની સાથે જ્ઞાનનો મહિમા દર્શાવતી માહિતી ઢાળ ૨૭ થી ૩૧માં આપી છે. જ્ઞાનનો મહિમા દર્શાવતાં કવિ કહે છે કે -

"કામધેનુ ને કલ્પતરુ પણ, નહીં કોઈ તારણ રૂપ રે,
તારણરૂપ જ્ઞાન છે જગમાં, જાણે જ્ઞાની સહુ રૂપ રે." ૨૪

જ્ઞાનવગર શું શું જાણી શકાતું નથી તેનો ઉલ્લેખ કરતાં કવિ જણાવે છે કે -

"જ્ઞાન વિના જાણે નહીં જે સહજ સ્વભાવ વિભાવજી,
જ્ઞાન વિના જાણે નહીં જે, ભેદ - છેદનો ભાવ.
જ્ઞાન વિના જાણે નહીં જે, પરમાનંદી ગેલ,
જ્ઞાન વિના જાણે નહીં જે, ગુણી ગુણાગર જેહ,. [૨૫]

જ્ઞાન વિના જાણે નહીંની પ્રત્યેક કડીની પુનરાવૃત્તિ જ્ઞાનના મહિમાનું સૂચન કરે છે. જ્ઞાની ગુરૂની સેવાભક્તિથી પોતે પણ જ્ઞાની બને છે. કવિની આ વિચાર વ્યક્ત કરતી પંક્તિઓ જોઈએ તો -

"મોટાનાં જે પાસાં સેવે, તે મોટાં પદ પાવે,
જ્ઞાનપ્રભુની ભક્તિ કરતાં, જ્ઞાન અબોધતા જાવે". [૨૬]

કવિએ ૧૩મી ઢાળમાં જિનવાણી ઉપદેશાત્મક રૂપે ગૂંથી લીધી છે. તેમાં મનુષ્યભવની મહત્તા દર્શાવી છે. જિનેશ્વર ભગવાનની આજ્ઞાના પાલનથી જ શિવગતિ થાય છે તેનું મહત્ત્વ દર્શાવતી કવિની પંક્તિઓ નીચે મુજબ છે. -

"જિન આણા સાચી ધરીઈં, તો વેહેંલા શીવપદ વરીઈં,
જિન વયણમાં સંસય બોલ, તે તો કુમતિ કદાગ્રહ તોલ. [૨૬]

ભગવાન મહાવીરનું આયુષ્ય ૭૨ વર્ષનું હતું. તેની સ્પષ્ટતા પ્રશ્નોત્તરરૂપે કરવામાં આવી છે.

ધર્મઘોષસૂરિએ મંડપાચળ નગરના પૃથ્વીધર શાહને બારવ્રતધારી શ્રાવક બનાવ્યો. પાંચમા વ્રતમાં લક્ષ દ્રવ્યનો નિયમ

રાખ્યો પણ ભાગ્ય યોગે કોટિધ્વજ દ્રવ્ય થયું એટલે સિદ્ધાચલનો સંઘ કાઢીને સુકૃતમાં દ્રવ્ય વ્યય કર્યો. તેને ૫૬ ઘડી સુવર્ણ ખર્ચીને ઈન્દ્રમાળ પહેરી, ૩૨ વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રતનું અખંડ પાલન કરીને દેવલોકમાં સિધાવ્યા. પૃથ્વીધરના પુત્ર ઝાંઝણ શાહે સિધ્ધાચલમાં સુવર્ણનો ધજાદંડ આરોપણ કર્યો.

ગચ્છાધિપતિ ધર્મઘોષસૂરિના પાંચમા આચાર્ય સોમપ્રભસૂરિએ આચાર્યનો વધ કરવા આવેલા અનુચરે મધ્યરાત્રિના સમયે ગુરૂ રજોહરણથી ભૂમિ શુદ્ધિ કરીને પડખું ફેરવે છે તે નિહાળીને પોતાના મુનિ હત્યા કરવાના અધમ વિચારનો ત્યાગ કરીને ગુરૂના ચરણોમાં મસ્તક નમાવી પોતાની જાતને ધિક્કારતો પશ્ચાતાપ કરવા લાગ્યો અને ધર્મોપદેશ સંભળાવવાની ગુરૂને વિનંતી કરી.

જૈન ધર્મના ઉપદેશમાં કર્મવાદ પ્રધાન છે. અહીં કવિએ તેનું નિરૂપણ કરતાં જણાવ્યું છે કે -

> ''સકલ જીવ વશ કર્મને કુણ રાજા કુણ રાંક,
> અમ મન સરીખા દોય છે, શત્રુ મિત્ર અભિરામ. [૨૮]

કવિ અહીં જૈન ધર્મના મુનિની હત્યા સંબંધી પ્રાચીન દૃષ્ટાંતનો ઉલ્લેખ કરીને મુનિહત્યાના મહાન પાપમાંથી બચવા માટે જણાવ્યું છે. વિશેષમાં મુનિભગવંત જીવદયાના પ્રતિપાલક છે. તેનો ઉલ્લેખ કરતાં કવિ જણાવે છે કે -

> ''નંદિષેણ મહાબલમુનિ, અવંતી ગજસુકુમાલ ॥
> એલાચી, આર્દ્રકુમારજી, જીવદયા પ્રતિપાલ. [૨૯]

કવિએ ૪૨મી ઢાળમાં મુનિસુંદરસૂરિએ સંતિકરં સ્તોત્રની રચના કરી તેનો ઉલ્લેખ કર્યો છે.

રત્નશેખર સૂરિએ શ્રાદ્ધવિધિ વૃત્તિની અને આચાર પ્રદીપની રચના કરી હતી.

કવિએ આણદં વિમલસૂરિના વર્ણનમાં એમની દીક્ષા, આચાર્ય પદપ્રાપ્તિ, ક્રિયા ઉદ્ધારની માહિતી આપી છે.

પાલનપુરની ગઝલમાં પલ્લવીયા પાર્શ્વનાથની ચમત્કારિક મૂર્તિનો મહિમા ગાવામાં આવ્યો છે. કડી ૩-૪- પા. ૮૬

પાલનપુરના ચોહાણા રાજાએ પાર્શ્વનાથની પ્રતિમાની સાથે નંદી-પોઠીયો શિવની મૂર્તિની સ્થાપના કરી. આ પ્રતિમાની આશાતનાથી રાજાને કોઢ રોગ થયો અને અરબુદરાજાએ તેનું રાજ્ય લઈ લીધું. રાજા નિરાધાર ને દુ:ખી થઈ ગયો.

ત્યારે સીલઘવસૂરિના પરિચયથી ધર્મોપદેશ શ્રવણ દ્વારા પાર્શ્વનાથની નવી પ્રતિમા ભરાવી દિવસમાં નવ વખત પૂજા ભક્તિ કરી. જેના પ્રભાવથી કોઢના રોગથી મુક્ત થયો ને આબુનું રાજ્ય પણ પ્રાપ્ત થયું. વૃક્ષ નવપલ્લવિત થાય તેમ શરીર પણ નવા સ્વરૂપે વિકસિત થયું એટલે પલ્લવીયા પાર્શ્વનાથ નામ આપવામાં આવ્યું.

પાલનપુર નગર વર્ણન ગઝલ સ્વરૂપમાં કર્યું છે. કવિએ અકબર બાદશાહની ઐતિહાસિક વિગતો વિસ્તારથી દર્શાવી છે. તેનું મુખ્ય કારણ જિનશાસન પ્રભાવક હીરસૂરિશ્વરજી મહારાજનું પ્રદાન વિશેષ ગૌરવપ્રદ છે. અકબર બાદશાહ, પૂરણ ભાગ્ય ભૂજાબલી, નૃપશેખર, નૃપભાન, જેવા વિશેષણોથી રાજાનો પરિચય આપ્યો છે. ચંપા શ્રાવિકાએ બે મહિનાના ઉપવાસ કર્યા હતા તે નિમિત્તે વરઘોડો નીકળ્યો ત્યારે રાજા અકબરની સવારી સામે મળી. રાજાને ત્યારે કુલેકુ જોઈને નવાઈ લાગી. પછી રાજાને જાણવા

મળ્યું કે ચંપા શ્રાવિકાએ ઉપવાસ કર્યાં છે. ચંપા શ્રાવિકાએ દેવ-ગુરૂ અને ધર્મના પસાયથી ઉપવાસ કર્યાં છે. મારા ગુરૂ હીરવિજયસૂરિ છે. રાજાના હુકમથી હીરસૂરિ મહારાજ વિહાર કરીને આગરા પધાર્યા. રાજાએ ગુરૂની પરીક્ષા કરવા માટે ગુરૂની બેસવાની જગા નીચે ખાડો કરાવીને બકરી પૂરી દીધી. અને તે જગા પર ગુરૂને બેસવા કહ્યું ત્યારે ગુરૂએ પોતાના જ્ઞાનથી આ જગા સાધુ તરીકે બેંસવા યોગ્ય નથી. અને તેની નીચે ત્રણ પંચેન્દ્રિય જીવ છે. છેવટે ભોંયરું ખોલતાં બકરી અને તેના બે બચ્ચાં મળી આવ્યાં. આ પ્રસંગ સંવત ૧૬૩૯ જેઠ વદ ૧૩ના રોજ બન્યો હતો. હીરસૂરિ મહારાજે અકબર બાદશાહને બે કલાક સુધી ધર્મોપદેશ આપ્યો, તેમાં અહિંસા પરમો ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. એમના શિષ્ય શાંતિચંદ્રસૂરિ રોજ બાદશાહને ઉપદેશ આપતા હતા. ત્યારે રાજાએ કહ્યું કે હે ગુરૂ મહારાજ કોઈ ચમત્કાર દેખાડો. ગુરૂએ રાજાને કહ્યું કે કાલે સવારે તમારા બાગમાં આવજો. રાજા ગુરૂ સાથે ધર્મ ચર્ચા કરતા હતા ત્યારે એકદમ શાહી નોબત વાગી. ગુરૂએ જણાવ્યું કે તમારા પિતા હુમાયું તમને મળવા માટે આવે છે. કવિએ આ પ્રસંગનું વર્ણન અદ્ભૂત રસમાં કર્યું છે.

ગુરૂએ વરૂણદેવની દૈવી સહાયથી સાત દિવસ સુધી સાત પેઢીના વંશજો દેખાડયા. રાજા વિચારવા લાગ્યા કે "શ્રી અકબર મન રાજીઓ, ધન્ય હીરસૂરિ ગુરૂરાય" રાજાએ ગુરૂને કહ્યું કે હું તમારા ધર્મના આચારથી અત્યંત પ્રસન્ન થયો છું. તમે વરદાન માગો, હું આપવા તત્પર છું. હીરસૂરિ મહારાજે વરદાન માંગ્યાં રાજાએ એમને "જગતગુરૂ" નું બિરૂદ આપ્યું.

હીરસૂરિ મહારાજનો અંતકાળ નજીક આવ્યો એ સમાચાર જાણીને વિજયસેનસૂરિ લાહોરથી ગુરૂને મળવા ઉગ્ર વિહાર કરીને નીકળ્યા પણ ગુરૂના કાળધર્મના સમાચાર વિહારમાં જ મળ્યા.

શ્રી વિજયસેનસૂરિ દિલ્હીમાં જહાંગીરના અમલ દરમ્યાન પધાર્યા. રાજાએ 'સવાઈ જગતગુરૂ'નું બિરૂદ આપ્યું. વિજયસેનસૂરિએ કાવીમાં સાસુવહુનાં દહેરાસરની પ્રતિષ્ઠા કરાવી. જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ અને નૈષધચરિતની ટીકાની રચના કરી છે. કવિએ હીરજી અને સેનજીની જોડલીને જિન શાસન પ્રભાવક તરીકે ઓળખાવ્યા છે.

દેવસૂરિ અને ધર્મસાગર ગણી એ સંસારી સંબંધે મામા ભાણેજ હતા. મામા ધર્મસાગર ગણીએ કુમતિકુદાલ - ની રચના કરી અને તે શાસ્ત્રથી પ્રમાણભૂત ન હતી એટલે ભાણા દેવસૂરિએ મામાને ગચ્છ બહાર કાઢયા. દેવસૂરિના સમયમાં સંવત ૧૬૮૬ માં સાગર ગચ્છ ઉદ્ભવ્યો. મારવાડનાં તીર્થોનો ઉલ્લેખ કરતી પંક્તિ નીચે મુજબ છે.

''લઘુ મરૂધર જે દેશ કહાઈ, જિહાં તીરથ બહુ સાથ વાહલા;
બંભણવાડ નેં દિયાણો લોટાણો, જીરાવલો જગનાથ વાહલા.
જયવંતા જિનતીરથ વંદો ॥૧॥

શ્રી સિરોહીમેં તેર દેરાસર, રૂષભ, અજિત ભગવાન, વા.
બહુ જિનશજનાં બિંબ જુહારી, હૃદય ધરો તસ ધ્યાન વા. જય. ॥૨॥

મોટો તીરથ શ્રી આબુજી, જોતાં હોય આહ્લાદ વા.
વિમલ મંત્રીસર તેહ કરાવ્યો, સુંદર જિન પ્રાસાદ. વા.જય. ॥૩॥

આ રીતે પટ્ટાવલીના કેટલાક પ્રસંગો - પૂર્વાચાર્યોની માહિતીની વિગતોથી જૈન પરંપરાનો ઈતિહાસ ભવ્ય અને ઉજ્જવલ છે તેનો ખ્યાલ આવે છે. હવે પટ્ટાવલીની રચનાની અન્ય માહિતી નીચે મુજબ છે.

શાસન પ્રભાવક આચાર્ય ભગવંતોનાં જન્મ સ્થળ, સૂરિપદ પ્રાપ્તિ, વિહાર સ્થાન, અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ, ધર્મની આરાધના અને તેના પ્રભાવથી સર્જાતા ચમત્કારો, ગ્રંથ રચનાઓ, ગુરૂ ભગવંતના અભ્યાસની માહિતી, ગુરૂભક્તિની અસાધારણ ને અનન્ય અભિવ્યક્તિ, સ્તોત્ર રચનાનો ઉદ્‌ભવ, સીધો ધર્મોપદેશ અને જિનવાણી જેવી વૈવિધ્યપૂર્ણ માહિતી દેશી ઢાળમાં ગૂંથી લીધી છે. તદુપરાંત ભગવાન મહાવીરના ૭૨ વર્ષના આયુષ્યની સ્પષ્ટતા, વસ્તુપાળ તેજપાલ વૃત્તાંત, વિશાદશા ઉત્પત્તિ, ચોરાસી જ્ઞાતિ, રોહિણી વૃત્તાંત, જ્ઞાન પંચમીનો મહિમા જેવી ઐતિહાસિક વિગતો પૂરી પાડી છે.

આ પટ્ટાવલીમાં વજસ્વામી, દેવર્ધિગણી, માનતુંગસૂરિ, હરિભદ્રસૂરિ, હેમચંદ્રસૂરિ અને કુમારપાલ, મહાતપસ્વી જગતચંદ્રસૂરિ, હીરસૂરિશ્વરજી, વિજયસેનસૂરી અને વિજય લક્ષ્મીસૂરિ આદિનું વૃત્તાંત વિસ્તારથી દર્શાવ્યું છે. આ કવિની રચનાઓમાં હિન્દી ભાષાનો વિશેષ પ્રભાવ છે. દા.ત.

''ફિરકો આબુ ગઢકો રાજ, પાયો બહોતહી સામ્રાજય,
કીનો પાપકો સંભાર, કીનો દુષ્ટકો આચાર,
કેતી કહું દુઃખ કી વાત, સુનિઈ જગ કે પિતા માત
તુમ હો જગત કે તારુકુ કહિઈ સંગકો ધરૂ કું.'' (૫)[૩૧]

દેશીઓની વિવિધતા નોંધપાત્ર છે. રાસ રચનાઓ પ્રાચીન સમયમાં જૈન સમાજમાં ભક્તિ ભાવ પૂર્વક ગવાતી હતી તેના પરિણામ સ્વરૂપે સાધુ કવિઓએ ઘણી મોટી સંખ્યામાં રાસ રચનાઓ કરી છે. તેમાં ગેય દેશીઓનો પ્રયોગ હોવાથી લોકો સમૂહમાં ગાતા હતા. કવિએ પટ્ટાવલીમાં નીચેની દેશીઓનો પ્રયોગ કર્યો છે.

''ઝીણા ઝરમર વરસે મેહ, ભીંજે મારી ચુનલડી
આદિ જિનેસર વિનતી હમારી.
અવિનાસીની સેજડીએ રંગ લાગ્યો સજની માહરી
નાંજી નાંજી નાંજી નાંજી છોડો નાંજી
હાંરે હુતો ભરવા ગઈતી તટ યમુનાનું નીરજો,
ભરતનૃપ નૃપ ભાવેશું.
મારુજી નિંદલડી નેણાં રે બિચ ધુલ રહી
ધુલ રહી નેણાં સેણાં વિરહો ઢોલા સહિબાંની
જીરે જીરે સ્વામી સમોસર્યા
વહલમ વહેલા રે આવજ્યો
વર વહુ બેહુ સાસુમલીરે કરે વહેવાણો વાત રે
જાુઓ અગમગતિ પુજાની રે
ઈણ પર કંબલ કોઈ ન લેસી, તે તરીયા ભાઈ
જાવડ સમરા તે તરીયા રે ઉદ્ધાર
હું તો મોહિ રે નંદલાલ મોરલીને તાને
જો સીકારી બેટી રૂપે આગલી વનડાજી
જો સીકારી ગલિઈં થે મત જાઓ સાહિબ
છોગો બિરાજે પંચરંગી પાઘ મેં વનડાજી.''

દુહા અને ઢાળ બન્નેમાં વિષય વસ્તુનો વિસ્તાર થયેલો છે. સામાન્યતઃ દુહા વિષય પ્રવેશ વસ્તુ નિર્દેશ માટે પ્રયોજાય છે. અહીં વસ્તુ નિર્દેશાત્મક અને વર્ણન કે પ્રસંગ નિરૂપણમાં પ્રયોજાયા છે.

કવિએ સુધર્માસ્વામીથી આરંભ કરીને ૭૦મા પટ્ટધર સમુદ્રસૂરિ સુધીના આચાર્યોની સંક્ષિપ્ત માહિતી આપી છે.

કળશ રચનામાં ગુરૂ પરંપરા અને કવિના નામનો ઉલ્લેખ કર્યો છે.

પટ્ટાવલી ચરિત્રાત્મક રચના હોવાથી તેમાં સંયમ જીવનના પરમ પ્રભાવક પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાંના કેટલાક આચાર્યોના વર્ણનમાં પ્રેરક પ્રસંગો પદ્યમાં ગૂંથી લીધા છે. પટ્ટાવલી એટલે કે ચરિતાવલી કહીએ તો પણ યથાર્થ લાગશે. વ્યક્તિના જીવનના બધા જ પ્રસંગો વાચક વર્ગને પ્રેરક નથી હોતા પણ કેટલાક પ્રસંગો સર્વસાધારણ જન સમૂહને હૃદય-સ્પર્શી બનીને સંયમધરસૂરિ ભગવંતો પ્રત્યે ગુરૂ ભક્તિ ભાવનો ઉદ્‌ભવ - વિકાસને સંવર્ધનમાં પૂરક બને છે. તેમાં વજસ્વામી, હરિભદ્રસૂરિ, માનતુંગાચાર્ય, હેમચંદ્રાચાર્ય, હીરવિજયસૂરિ વગેરે' ચરિત્ર નિરૂપણમાં કવિએ એમના વિશિષ્ટ ગુણો અને શાસન શોભાવૃદ્ધિની કામગીરીનો અહોભાવપૂર્વક ઉલ્લેખ કર્યો છે. સમગ્ર રચનામાં કવિની અપરંપાર ગુરૂ ભક્તિ અને જિન શાસન પ્રત્યેનો અપૂર્વ સ્નેહ પ્રગટ થાય છે.

આ રચના ઐતિહાસિક હોઈ તેમાં કલ્પનાનું પ્રમાણ અલ્પ છે. કવિની વર્ણન શક્તિ પ્રસંગના આલેખનમાં નિહાળી શકાય છે. આવા વર્ણનાત્મક પ્રસંગોમાં ચમત્કારના નિરૂપણથી અદ્‌ભુત રસની અનુભૂતિ થાય છે. તો બીજી તરફ અન્ય માહિતી દ્વારા

ભક્તિ રસની સૃષ્ટિમાં નિજાનંદે વિહાર કરવાની અણમોલ ક્ષણ પ્રાપ્ત થાય છે.

પટ્ટાવલી ઐતિહાસિક, સાંપ્રદાયિક અને ગુરૂગુણ મહિમા દર્શાવતી રચના છે. એની રચના પદ્યમાં હોવાથી એનો બંધ પદ્યનો હોવા છતાં કવિતાનાં વિશિષ્ટ અંશોનું પ્રમાણ અલ્પ છે.

આ રચનાને લલિત સાહિત્યમાં સમાવિષ્ટ કરી શકાય નહીં. ભક્તિમાર્ગની વિચારધારાના પ્રભાવથી ગુરૂની સ્તુતિ કરવા માટે લખાયેલી છે. જૈન ધર્મના પ્રભાવક આચાર્યોની ક્રમિક પરંપરાનું નિરૂપણ કરીને ભગવાન મહાવીરસ્વામીથી આરંભ કરીને વિખ્યાત આચાર્યોનું વિહંગાવલોકન કરાવવા માટેનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે.

દીપવિજયની રચના જૈન સાહિત્યના ભવ્ય વારસાને મૂર્તિમંત રીતે પ્રગટ કરીને ભવ્ય ભૂતકાળના દિગ્દર્શન દ્વારા વર્તમાનમાં અભિનવ ચૈતન્ય પ્રગટાવી ગુરુ પ્રત્યેનો ભાવ પ્રગટ કરવામાં મહત્વનું સાધન બને છે. કેટલાક આચાર્યના જીવનના પ્રસંગોનું નિરૂપણ રસિક કથાનો આસ્વાદ કરાવે છે. આ પ્રસંગ સ્વતંત્ર રીતે કથા તરીકે પણ જૈન સાહિત્ય ને સમાજમાં પ્રચલિત છે. વીશા દશાની ઉત્પત્તિ (પા.૫૪) રોહિણી તપ વર્ણન (પા.૬૭) પાલનપુર વર્ણન ગઝલ (પા. ૮૫) વસ્તુપાલ તેજપાલ (પા.૫૬-૪૯) ભક્તામર સ્તોત્રની રચના (પા.૨૩) લઘુશાંતિની રચના (પા.૨૧) સંતિકરં સ્તોત્રની રચના, કવિ બાણ મયૂરનો પ્રસંગ (પા.૨૧) કલ્યાણ મંદિર સ્તોત્ર વગેરે પ્રસંગો વિશેષ નોંધપાત્ર છે.

આ રાસની ૪૭મી ઢાળ જે આ પટ્ટાવલીના ૯૫મા પાને પૂરી થાય છે. ત્યાં સુધી ૫૯ પટ્ટધરનું વર્ણન આપ્યા પછી ૬૦મી

પાટ પછી આણંદસૂરિગચ્છ અને દેવસૂરિગચ્છ એમ બે ગચ્છ જુદા પડયા. કવિ દીપવિજયજી પોતે આણંદ સૂરિગચ્છના હતા. એટલે ૪૮મી ઢાળથી આણંદસૂરિગચ્છનું વર્ણન કરી રાસ પૂર્ણ કર્યા પછી દેવસૂરિગચ્છનું વર્ણન ૪૮થી ૫૧ ઢાળમાં કર્યું છે.

આ રીતે પટ્ટાવલી ચરિત્રાત્મક, માહિતી પ્રધાન અને ગુરુ મહિમાના ઐતિહાસિક વારસાનો સાંસ્કૃતિક પરિચય કરાવતો ગુજરાતી ભાષાનો એક સમૃધ્ધ ગ્રંથ છે.

ટૂંકમાં કહીએ તો પટ્ટાવલી જૈનાચાર્યોની પરંપરા દર્શાવતી સ્તુતિ મૂલક સાંપ્રદાયિક રચના છે. આ કૃતિનો લલિતેતર સાહિત્યમાં સમાવેશ થાય છે. તેમ છતાં તેમાં રહેલી ભક્તિમાર્ગની પરંપરાનો મહિમા ગાવામાં આવ્યો છે.

## પટ્ટાવલી સમીક્ષા

વીર સંવત ૪૭૧થી વિક્રમ સંવત શરૂ થાય છે. કવિએ વીર સંવત અને વિક્રમ સંવત એમ બન્નેનો આશ્રય લઈને ચરિત્ર નિરૂપણ કર્યું છે. પણ પછીની ઘટનાઓમાં વિક્રમ સંવતનો આધાર લીધો છે. વિક્રમ સંવત માટે માત્ર સંવત શબ્દ પ્રયોગ થયો છે.

ઉદા. "સંવત ગ્યાર સત્યોતેરે, હુઆ ધનેસર સૂર, તિણે શેત્રુંજા મહાતમ કિઓ, શિલાદિત્ય હજુર ॥૧॥ (પા.૨૫)

કવિએ પુનરૂકિત કરીને વીર સંવતની સાથે વિક્રમ સંવતનો પણ ઉલ્લેખ કર્યો છે. ઉદા.

"વીરથી પાંચસે વરસે ચોરાસી સંવત એકસો ચઉદા વરસે દંપતિ સૂરિપદ પાવે"[૩૧]

બન્ને સંવતનો સંદર્ભ આપ્યો છે.

હેમચંદ્રાચાર્યની સરસ્વતિની સાધના વિશે જણાવ્યું છે કે એમણે "નગન રૂપ સાહમી રહી રે" તે પંક્તિ દ્વારા એમ સ્પષ્ટ થાય છે કે એમણે સૌરાષ્ટ્રમાં નગ્ન પદ્મણીને સામે રાખીને મંત્રની આરાધના કરી હતી. પ્રભાવક ચરિત્રમાં આ ઘટના બીજી રીતે દર્શાવવામાં આવી છે.

પૃ. ૫૧ કડી ૨૪માં હેમચંદ્રાચાર્યનું સ્વર્ગારોહણ "બારસેં હે ઓગણ પચાસ મેં" છે તે બરાબર નથી. સં.૧૨૨૯ જોઈએ. વસ્તુપાલ તેજપાલ બાલવિધવાના પુત્ર હતા એ હકીકત પા.૫૩ ઢાળ ૨૪ પર જણાવવામાં આવી છે તે વિશે સમકાલીન અન્ય રચનાઓમાં કોઈ સંદર્ભ નથી. પા. ૨૩૧

કેટલાક નગરોની ઐતિહાસિક માહિતી - નામોના સંદર્ભ ઉપરથી કવિને ઈતિહાસ વિષયક પ્રેમ પ્રગટ થયેલો જોઈ શકાય છે. કવિની કેટલીક રચનાઓની હસ્તપ્રત (પા. ૨૩૩-૨૩૪) મળી આવે છે. આવી રચનાઓનો પટ્ટાવલીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. દા.ત. રોહિણી સ્તવન સ્વતંત્ર રીતે પ્રસિદ્ધ છે. પટ્ટાવલી ઢાળ-૩૩ માં છે. વિજય લક્ષ્મીસૂરિ સ્તુતિમાલાની હસ્તપ્રત નરસિંહજીની પોળ, વડોદરાના ભંડારમાંથી મળી છે. એમનું વૃત્તાંત્ત પટ્ટાવલીમાં ઢાળ ૫૧ થી ૫૯માં પ્રાપ્ત થાય છે. પાલનપુરની ગઝલ, ગઝલ તરીકે સ્વતંત્ર હોવાની સાથે સાથે પટ્ટાવલીમાં પલ્લવીયા પાર્શ્વનાથની ઉત્પત્તિના નિરૂપણમાં પાલનપુર શહેરનું વર્ણન મળી આવે છે. (ઢાળ ૪૪)

વજસ્વામીની સજ્ઝાય સ્વતંત્ર રચના તરીકે સજ્ઝાયમાળા

અને તેવાં અન્ય પુસ્તકોમાં મળી આવે છે. આ રચના પણ પટ્ટાવલીમાં ઢાળ-૫-૬માં વજ્રસ્વામીની ઉપરોક્ત રચનાઓ સ્વતંત્ર રીતે આસ્વાદ્ય હોવાથી પટ્ટાવલી અને અન્ય ચરિત્રાત્મક રચનાઓની એક વિશેષતા ગણો કે મર્યાદા ગણો તે એ છે કે ચરિત્રનાયકના જીવનની કૌટુંબિક માહિતી, દીક્ષા, આચાર્યપદ પ્રાપ્તિ, શાસ્ત્રાભ્યાસ, શાસન પ્રભાવનાનાં કાર્યો એટલે કે અંજનશલાકા મહોત્સવ, અસરકારક વ્યાખ્યાન શૈલીથી શ્રાવકોને ધર્મ માર્ગમાં સ્થિર કરી શ્રદ્ધાનું બીજારોપણ કરવું. વિહારનાં સ્થળોનો અને ગ્રંથ રચનામાં પ્રેરક શ્રાવકોનો નામોલ્લેખ નિર્વાણ મહોત્સવની ઉજવણી ગુરૂનો વિરહ જેવી હકીકતો - સર્વ સામાન્ય રીતે સ્થાન પામેલી છે. એટલે બધાં જ ચરિત્રો એક જ પ્રકારનાં લાગે છે.

ચરિત્ર સ્વરૂપનો સાહિત્યની એક શાખા તરીકે વિચાર કરતાં વ્યક્તિના જીવનનો ઇતિહાસ છે. ''ઓક્સફર્ડની ડીક્ષનરીમાં જે વ્યાખ્યા આપી છે તે ઉપરથી ચરિત્ર અને ઈતિહાસની સાથે સાહિત્ય શબ્દપ્રયોગ પણ મહત્વનો છે. જો તે માત્ર વ્યક્તિનો ઈતિહાસ હોય તો તેમાં કશું નવું નથી. પણ સાહિત્યકૃતિ તરીકે બન્નેનો સમન્વય કરીને કલાત્મક અભિવ્યક્તિ કરવામાં જ સર્જકની વિશેષતા છે.

વ્યક્તિમાં રહેલી વીરપૂજાની ભાવના; વ્યક્તિનાં પરાક્રમો અને ગુણો અને સુકૃત્યોથી પ્રભાવિત થઈને ચરિત્ર લખવાની પ્રેરણા મળે છે. માનવીને વિશેષ આકર્ષણ માનવીના જીવનનું છે. પરિણામે આવી કોઈ વ્યક્તિનું જીવનચરિત્ર સૌ કોઈને વાંચવાની ને જાણવાની સ્વભાવિક ઈચ્છા થાય છે. તેની પૂર્તિ ચરિત્રાત્મક સાહિત્યથી થાય છે. અન્ય વ્યક્તિના જીવન, કાર્ય અને અનુભવમાંથી પ્રેરણા અને બોધ મળે છે. જેના દ્વારા વ્યક્તિ પોતાના જીવનને ભવ્ય અને

ઉદાત્ત બનાવી શકે છે. તેમાં આવી ચરિત્રાત્મક રચનાઓ નિમિત્તરૂપ બને છે. જીવન સિદ્ધિના કોઈ એક ક્ષેત્રમાં વિશિષ્ટ કે અસાધારણ ચરિત્રાત્મક રચનાઓ વ્યક્તિના જીવનને સ્પર્શે છે. તેના વ્યક્તિત્વનો વિકાસ થયો હોવો જોઈએ. ગુણદોષનું તટસ્થ નિરૂપણ કરવું જોઈએ. કવિની ચરિત્રાત્મક રચનાઓમાં ગુણોનો ઉલ્લેખ થયેલો છે. પણ કોઈ દોષ દર્શન જોવા મળતું નથી એટલે આ પ્રકારના સાહિત્યની દૃષ્ટિએ મૂલ્યાંકન કરતાં કવિની માત્ર અહોભાવપૂર્વક પૂર્વકાલીન આચાર્યો અને મુનિભગવંતોની પ્રશસ્તિ થયેલી છે. કવિએ પદ્યના માધ્યમમાં દેશી બધ્ધ રચનાઓ કરીને કવિતા કલા પ્રગટાવવા પ્રયત્ન કર્યો છે. તેમ છતાં સાંપ્રદાયિક મર્યાદાને કારણે તેઓ જે તે વિગતોથી આગળ વધી શક્યા નથી. ચમત્કારનાં પ્રસંગો દ્વારા અદ્‌ભુત રસની જમાવટ કરી શકાય છે. જૂનું એટલે બધુંજ સાચું એમ માનીએ પણ તેમાં સમકાલીન સામાજિક, ધાર્મિક અને રાજકીય પરિબળોએ મહત્વનો ભાગ ભજવ્યો હતો, પરિણામે સર્જકની અભિવ્યક્તિનું પ્રમાણ થોડું છે.

કોઇ વ્યક્તિએ જીવનમાં સિધ્ધિ મેળવી તેની પાછળનો પુરુષાર્થ ને પરિબળોનું નિરૂપણ વર્તમાન અને ભવિષ્યની માનવ સૃષ્ટિને માટે એક નવો માર્ગ ચીંધે છે. માનવ માત્રમાં રહેલી પૂજ્યભાવના સન્માન અને સ્નેહની ભાવનાં પ્રગટ કરવા માટે ચરિત્ર સાહિત્ય મહાન આલંબનરૂપ બને છે. રાજકીય કે સામાજિક સંદર્ભો ચરિત્રો કરતાં ધાર્મિક ચરિત્રો ભલે સાંપ્રદાયિક હોય છતાં તેનો હેતુ આત્માભિમુખ-આત્મકલ્યાણનો હોવાથી વિશેષ પ્રેરક ને પ્રભાવક બને છે. માત્ર આ જન્મમાં બાહ્ય સુખ સમૃદ્ધિ કે માનસિક શાંતિ મળે તેવું ક્ષુલ્લક લક્ષ્ય નથી પણ જન્મ જરા મૃત્યુના ત્રિકોણમાંથી

બહાર નીકળવાની અપૂર્વ સામગ્રી તેમાંથી ઉપલબ્ધ થાય છે. તે દૃષ્ટિએ ચરિત્ર સાહિત્યનું મહત્વ વ્યક્તિ સમષ્ટિના ઘડતરમાં મૂલ્યવાન પ્રદાન કરે છે. ચરિત્રાત્મક સાહિત્યની આવી કેટલીક વિશેષતાઓના સંદર્ભમાં વિચારીએ તો દીપવિજયની રચનાઓમાં ચરિત્ર નાયકના વ્યક્તિત્વના કેટલાક અંશો પ્રગટ થાય છે. કવિ ઘટનાઓ, સમય, સમકાલીન સ્થિતિ જેવી વિગતોને વફાદાર રહીને ચરિત્રનિરૂપણ કરે છે. એટલે ઈતિહાસ તરફનો આત્યંતિક પ્રેમ પ્રગટ થયો છે. ચરિત્ર નાયકના વિકાસ તરફનું લક્ષ્ય ઓછું છે. પરિણામે કવિતાકલાની સિદ્ધિ અલ્પ પ્રમાણમાં છે. તેનું કારણ પદ્યનું માધ્યમ અને ઈતિહાસ તરફનું વિશેષ વલણ છે. ગદ્યમાં જે ભવ્ય આકર્ષક નિરૂપણ થઈ શકે તે પદ્યમાં થઈ શકતું નથી. અહીં તો એક નહિ પણ સમયની દૃષ્ટિએ વિવિધ વ્યક્તિઓને સ્થાન આપવામાં આવ્યું છે. ત્યારે પસંદગીની વ્યક્તિઓના જીવનની અનન્ય પ્રેરક નોંધપાત્ર સિદ્ધિને દર્શાવવામાં આવી છે.

દીપવિજયની આવી રચનાઓ માનવને જિજ્ઞાસા ઉત્પન્ન કરીને રસસભર બની વિશેષ વિસ્તારથી વિવિધ વ્યક્તિઓનાં જીવન જાણવાની ઈચ્છા થાય તેવો અનુભવ થાય છે. આખ્યાનોને પણ ઈતિહાસ અને કથકોને ઐતિહાસિકો એવાં નામ મળ્યાં છે. આખ્યાન અને ઈતિહાસ વિષયક વૃત્તાંતોમાં ચરિત્રનું બીજ પથરાયેલું છે.

"જૈન સાહિત્યના આગમગ્રંથો ઉત્તરાધ્યયન, આચારાંગ, ઉપાસકદશાંગ, ભગવતી સૂત્ર, જ્ઞાતા ધર્મકથાંગ વગેરેમાં મુનિ ભગવંતો, રાજા મહારાજાઓ અને શ્રાવક શ્રાવિકાના જીવન કે પ્રસંગોને કથાના માધ્યમ દ્વારા ચરિત્રરૂપે જોવા મળે છે. જૈન ગ્રંથકારોએ ચરિત્ર લખવાની પદ્ધતિ વિશેષ પ્રચલિત કરી છે.

મોહનલાલ દલીચંદ દેસાઈ કહે છે તેમ "જૈન સાહિત્યમાં ચરિતાનુયોગને જેટલું સ્થાન આપવામાં આવ્યું છે તેટલું સ્થાન બીજા સાહિત્યમાં આપવામાં આવ્યું નથી કારણ કે જૈન ધર્મ ચરિતાનુયોગી છે. આ કારણથી જૈનોએ પોતાના વાઙ્મયને ખાસ ચરિતાત્મક બનાવ્યું છે. એ ચરિતો ગદ્યમાં અને પદ્યમાં સાહિત્ય શાસ્ત્રને અનુસરીને વિસ્તારવામાં આવ્યાં છે."[૩૨]

રાસ-રાસા, પ્રબંધ, ચરિત્ર, પવાડા, છંદ, શ્લોકો વગેરે રચનાઓ ચરિત્રાત્મક છે. આજ પ્રણાલિકાનું અનુસરણ કરીને કવિ દીપવિજયે પદ્યમાં સોહમકુળ પટ્ટાવલી રાસની રચના કરી છે.

H. W. Long fellow - A psalma of life માં જણાવે છે કે -
``Lgives of great man all remind us,
we can make our live sublime
and departing leave behind us
Foot Prints on the Sands of time" [33]

આત્માભિવ્યક્તિ માટે ચરિત્રાત્મક રચનાઓ સર્જક અને વાચક બન્નેને પ્રેરક નીવડે છે. અન્ય વ્યક્તિની મહત્તાને સિદ્ધિઓ જાણ્યા પછી એક માનવી તરીકે તેના જીવનમાં પણ અભિનવ શક્તિ જાગૃત થાય છે. ચરિત્ર સાહિત્યની નૈતિક અસર પ્રબળ છે. આન્દ્ર મોર્વો કહે છે કે -

"Biography is a type of literature which is more than any other touches close on morality" [34]

ચરિત્ર એવો સાહિત્ય પ્રકાર છે કે જે બીજા કોઈ પણ સાહિત્ય પ્રકાર કરતાં નીતિ સાથે સૌથી વિશેષ નિકટનો સંબંધ ધરાવે છે.

સાહિત્ય દ્વારા જનતાજનાર્દનનું કલ્યાણ થાય તે માટે ચરિત્રાત્મક સાહિત્યનું મૂલ્ય ઘણું ઊંચું છે. સાંસ્કૃતિક વારસાના રક્ષણ ને સંવર્ધનમાં આ પ્રકારનું સાહિત્ય વિશેષ નોંધપાત્ર બને છે. મનુષ્યને જીવવામાં રસ છે. આવો જીવનરસ જીવન ચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે. દીપવિજયની ચરિત્રાત્મક રચનાઓ વિસ્તારવાળી નહિ હોવા છતાં વ્યક્તિ વૈવિધ્ય અને પ્રસંગોની વિવિધતાથી માનવજાતની ઉદાત્તતા - ભવ્યતા અને સાત્વિકતાનું દિગ્દર્શન કરાવવામાં સમર્થ નીવડે છે. પટ્ટાવલીનાં ચરિત્રો જિજ્ઞાસા જગાડીને પૂર્વાચાર્યોના જીવનના વિવિધ પ્રસંગો જાણવા માટે પ્રેરક ભૂમિકા સર્જે છે. કૃતિના મૂલ્યાંકનમાં સ્વરૂપલક્ષી વિગતો પણ ઉપયોગી નીવડે છે. તે દૃષ્ટિએ, ચરિત્ર સ્વરૂપની દૃષ્ટિએ વિચારતાં અપૂર્ણતા લાગે છતાં કવિનું લક્ષ્ય ઈતિહાસનું હોવાથી આ મર્યાદા ગૌણબને છે.

# પ્રકરણ - ૩

## સંદર્ભ પુસ્તક સૂચી


| | | |
|---|---|---|
| નં. ૧ | પ્રભાવક ચરિત્ર - સંપા. કલ્યાણવિજયજી | પા. ૮ |
| ૨ | સોહમ્કુળ રત્ન પટ્ટાવલી - દીપવિજય | પા. ૧ |
| ૩. | એજન | પા. ૧ |
| ૪. | એજન | પા. ૧ |
| ૫. | એજન | પા. ૨ |
| ૬. | એજન | પા. ૨ |
| ૭. | એજન | પા. ૩ |
| ૮. | એજન | પા. ૫ |
| ૯. | એજન | પા. ૮ |
| ૧૦ | એજન | પા. ૧૧ |
| ૧૧. | એજન | પા. ૧૧ |
| ૧૨. | એજન | પા. ૧૧ |
| ૧૩. | એજન | પા. ૧૨ |
| ૧૪. | એજન | પા. ૧૩ |
| ૧૫. | એજન | પા. ૨૧ |
| ૧૬. | એજન | પા. ૨૨ |
| ૧૭. | એજન | પા. ૨૪ |
| ૧૮. | એજન | પા. ૨૬ |
| ૧૯. | એજન | પા. ૨૭ |
| ૨૦. | એજન | પા. ૩૨ |
| ૨૧. | એજન | પા. ૫૧ |
| ૨૨. | એજન | પા. ૫૧ |
| ૨૩. | એજન | પા. ૬૨ |
| ૨૪. | એજન | પા. ૬૩ |
| ૨૫. | એજન | પા. ૬૪ |

| | | |
|---|---|---|
| ૨૬. | એજન | પા. ૬૫ |
| ૨૭. | એજન | પા. ૬૬ |
| ૨૮. | એજન | પા. ૭૯ |
| ૨૯. | એજન | પા. ૮૦ |
| ૩૦. | એજન | પા. ૯૯ |
| ૩૧. | એજન | પા. ૮૭ |
| ૩૨. | જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ મો-દ-દેસાઈ | પા. ૭૩ |
| ૩૩. | ચરિત્ર સાહિત્ય ઉપેન્દ્ર પંડયા | પા. ૨૭ |
| ૩૪. | એજન | પા. ૨૭ |

# પ્રકરણ- ૪ સ્તવન અને વધાવા

## સ્તવન :

ભક્તિમાર્ગની પ્રચલિત રચનાઓમાં સ્તવન પ્રથમ કક્ષાનું સ્થાન ધરાવે છે. ઈષ્ટ દેવની આર્દ્રહૃદયથી ગુણ ગાવાની પદ્ધતિ ભક્તજનોએ સહજ રીતે અપનાવી છે. સ્તવનના વિષય તરીકે ૨૪ તીર્થંકરો, વિવિધ પ્રાચીન તીર્થો આરાધના માટેની પર્વતિથિઓ, ધાર્મિક પર્વો અને સામાન્ય જિન સ્તવન એમ વિવિધ પ્રકારનાં સ્તવનો ઉપલબ્ધ થાય છે. કેટલાક કવિઓએ ૨૪ તીર્થંકરોના સ્તવનની ચોવીસીની પણ રચના કરી છે. ઉદા. આનંદઘનજી, યશોવિજયજી, હંસરત્ન, ભાણવિજય, મોહનવિજય, કાંતિવિજય, ન્યાયસાગર આદિ મુનિ ભગવંતોએ ચોવીસીની રચનાઓ કરી છે.

પરમાત્માની ભક્તિ એ જીવન શુદ્ધિનું પ્રથમ સોપાન છે. આત્મા પરમાત્મા સાથે સહૃદયતાથી સ્તવન દ્વારા ભક્તિમાં લીન થાય છે ત્યારે પ્રભુ સાથેની એકરૂપતાથી અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે. સર્વ સામાન્ય કક્ષાના લોકોથી માંડી વિદ્વાનો, વડીલો અને વૃદ્ધો સૌ કોઈ સ્તવન દ્વારા પ્રભુભક્તિમાં પ્રવૃત્ત થતાં કર્મનિર્જરા સાથે ભવોભવ પ્રભુ ભક્તિવડે પામવા પુણ્ય કાર્ય કરે છે. એટલે સ્તવન રચનાઓ જૈન સમાજમાં આરાધકો માટે અત્યંત પ્રેરક, પ્રભાવક ને પ્રબળ શક્તિશાળી માધ્યમરૂપે સ્થાન ધરાવે છે.

દીપવિજયનાં કેટલાંક સ્તવનોનો પરિચય આ વિભાગમાં આપવામાં આવ્યો છે.

જિનદેવ દર્શનમાં સ્તવનના ચાર પ્રકાર વિશે ઉલ્લેખ થયેલો છે.

(૧) યાંચા-પ્રભુ પાસે મોક્ષસુખની માગણી કરવામાં આવી હોય તેવા વિચારો દર્શાવવા.

(૨) ગુણોત્કીર્તન - પ્રભુના બાહ્ય અભ્યંતર ગુણોનું વર્ણન અને વાણી તથા અતિશયોનું નિરૂપણ કરવું.

(૩) સ્વનિંદા - ભક્ત પોતે સ્વદોષ પ્રગટ કરી પ્રભુ ગુણ ગાય.

(૪) આત્મસ્વરૂપાનુભવ - પ્રભુ સન્મુખ નિશ્ચય સ્વરૂપથી પોતાનામાં અને પ્રભુમાં કોઈ ભેદ નથી એમ અનુભવ સહિત આત્મસ્વરૂપનું નિરૂપણ કરવું. [૧]

કવિ વિજયનું ચંદ્રપ્રભુ સ્વામીનું સ્તવન યાંચા પ્રકારના ઉદાહરણ રૂપ છે.

મોહન મેર કરીને દર્શન મુજને આપજો રે લોલ
તારક તુમ પાલવ મેં ઝાલ્યો કે હવે મુને તારજો રે લોલ. [૨]

કવિ માનવિજયના શ્રેયાંસનાથના સ્તવનમાં પ્રભુના ગુણગાન ગાવામાં આવ્યા છે. બીજા પ્રકારના ઉદાહરણ રૂપે તેની કેટલીક પંક્તિઓ જોઈએ તો -

"શ્રી શ્રેયાંસ જિણંદ, ઘનાઘન ગહગહ્યો રે,
વૃક્ષ અશોકની છાયે, સુભર છાઈ રહ્યો રે,
ભામંડલની ઝલક ઝબૂકે વીજલી રે,
ઉન્નતગઢત્રિક ધનુષ શોભામૂલી રે ॥૧॥" [૩]

કાંતિવિજયનું વિમલનાથનું સ્તવન આત્મનિંદા સ્વરૂપ રચાયેલું છે.

''પ્રભુ મુજ અવગુણ મત દેખો,
રાગ દશાથી તું રહે ન્યારો હું મન રાગે ઘાલૂં,
દ્વેષ રહિત તું સમતા ભીનો, દ્વેષ મારગ હું ચાલૂં,
મોહ લેશ ફરસ્યો નહિ તૂંહિ પ્રભુજી ॥૧॥ (૪)

મોહલગન મુજ પ્યારી
તું અકલંકી કલંકી હું તો એ પણ રહિણી ન્યારી ॥૨॥

શ્રીમદ્ દેવચંદ્રજીએ નેમીશ્વર પ્રભુજીના સ્તવનમાં સ્તવના કરતાં આત્માના સહજ સ્વરૂપની સ્થિતિનો અનુભવ કર્યો હોય તેવી અભિવ્યક્તિ કરી છે.

''જગતદિવાકર શ્રી નેમીશ્વર સ્વામ જો
તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો.
જાગ્યું સમ્યગ્જ્ઞાન સુધારસ ધામ જો
છાંડી દુર્જય મિથ્યા નિંદ પ્રમાદની રે લો ॥૧॥ (૪-એ)

સ્તવન વિષયક ભૂમિકાને આધારે દીપવિજયનાં સ્તવનો આત્મસાત્ કરવામાં પૂરક બની રહેશે.

## ૧. શ્રી કેસરીયાજી તીર્થ સ્તવન :

જૈન તીર્થોમાં કેસરીયાજીનો મહિમા અપરંપાર છે. કેસરીયા દાદાની પૂજા ભક્તિ કરનારા જૈન અને જૈનોતરોની સંખ્યા ઘણી મોટી છે.

કવિ દીપવિજયે આ તીર્થના સ્તવનની રચનાનો ઉલ્લેખ ૩૩મી કડીમાં કર્યો છે.

"સંવત અઢાર પંચાસી વરસે, ફાગણ વદી તેરસ દીવસે,
મંગલ કે મંગલ કે દિન દીપવિજય કો,
દર્શન પરસન ભયો ઉલ્લસે" ॥૩૩॥

આ પંક્તિઓના રચના સમયની વિગત સાથે કવિએ તીર્થયાત્રા કરી તેથી અપૂર્વ ઉલ્લાસ છે તેનું પણ સૂચન થયેલું છે. ૩૩ કડીના સ્તવનમાં કવિએ કેસરીયાજી નામ વિશે રૂષભદેવ ભગવાનની સ્તુતિ કરીને નવપદ - સિદ્ધચક્રના આરાધક મયણા અને શ્રીપાળનું વૃત્તાંત ૭ થી ૧૪ કડીમાં જણાવ્યું છે.

ભક્તોએ ઋષભદેવ ભગવાનની પૂજા ઘણા મોટા પ્રમાણમાં કેસરથી કરી એટલે ભગવાનની મૂર્તિ કેસરમાં ગરકાવ થઇ ગઇ પરિણામે કેસરીયા ઋષભદેવ નામાભિધાન પ્રચલિત થયું છે.

ડુંગરપુર પાસે બડોદ ગામ છે. પહેલાનું બડોદ નગર અત્યારે બડોદા નામે અસ્તિત્વ ધરાવે છે. ત્યાંથી ઋષભદેવ ભગવાનની મૂર્તિ મળી આવી છે. આ ગામ ડુંગરપુરથી સલુંબર જતાં માર્ગમાં આવે છે. અહીંથી પ્રાપ્ત થયેલી મૂર્તિ કેસરીયાજી ભગવાનની છે. આજે બડોદામાં સુંદર નૂતન જિનાલય બનાવવામાં આવ્યું છે. ગામમાં બીજું પણ અક જિનમંદિર છે. અહીં ૨૫ થી ૩૦ શ્રાવકોનાં ઘર છે. કેસરીયાજી નામની બાબતમાં અર્થ ઘટન કરતાં નીચેની માહિતી વધુ યોગ્ય લાગે છે. ઋષભદેવ ભગવાનને મસ્તક ઉપર કેશવાળ હોવાથી કેસરીયા કહેવાય છે. આદીશ્વર પ્રભુએ ચતુર્મુષ્ઠિ લોચ કર્યા પછી ઇન્દ્રની પ્રાર્થનાથી એક મુષ્ઠિ લોચ બાકી રાખ્યો. તે કેશ બે ખભા ઉપર પથરાયેલા હતાં. એમની મૂર્તિ પણ એ પ્રમાણે ભરાવેલી મળી આવે છે. માટે ઋષભદેવ ભગવાન કેસરીયા કહેવાય

છે. દીપવિજય મહારાજે સ્તવનમાં જે ઉલ્લેખ કર્યો છે. તે એમનું પોતાનું અર્થઘટન છે. મૂળભૂત રીતે તો ભગવાનના 'કેશવાળ'નો સંદર્ભ વધુ યોગ્ય છે. આ ચમત્કાર સાંભળીને ગામેગામના લોકો ત્યાં આવ્યા અને પ્રભુની કેસરથી પૂજા એટલા મોટા પ્રમાણમાં થઈ કે ભગવાનની મૂર્તિ કેસરમાં ગરકાવ થઈ ગઈ એટલે 'કેસરીયા' રૂષભદેવ નામાભિધાન પ્રચલિત થયું.

''ગામ ધુલેવા કીરતિ સુનકર, દેસ દેસ નૃપ આવત્ત હે,
કેસરમાં ગરંકાવ રહત હૈ, કેસરીયા નાથ કહાવત હે. ॥૩૦॥

રૂષભદેવ ભગવાનની મૂર્તિનો પ્રભાવ દર્શાવતાં કવિ નીચે મુજબ જણાવે છે.

''થલવટ જલવટ વાટ ઘાટ મેં રણ વેરાન મે દુઃખ હરે,
એક ધ્યાન જે સાહિબ સમરે, અખય ખજાનો તેહ ભરે. ॥૩૧॥

ધીધી મપધપ મંદતાલ, પખાજત બાજત હૈ
અગડ દમ (૪) ઘોં ઘો નોબત બાજત હૈ ॥૩૨॥''

કેસરીયા સ્તવનની રચના પર હિન્દી ભાષાનો વિશેષ પ્રયોગ થયો છે. જો કે હિન્દી ભાષા ગુજરાતીના મિશ્રણવાળી છે. સ્તવનમાં કવિએ કેસરીયા તીર્થની ઐતિહાસિક માહિતી આપી છે.

કવિએ રૂષભદેવ ભગવાનની આરાધનાનો ભક્તિનો સંદર્ભ આપતાં રાવણ, રામ, લક્ષ્મણ, સીતા, શ્રીપાળ અને મયણાનો દૃષ્ટાંત તરીકે ઉલ્લેખ કર્યો છે.

ધુલેવા નગરમાં રૂષભદેવ ભગવાનની મૂર્તિ બિરાજમાન હતી અને ત્યાં સમાજના લોકો ભક્તિ ભાવથી પૂજા કરતા હતા. તેનું

નિરૂપણ કરતાં કવિ સંગીતમય ધ્વનિના મધુર રણકારનો આસ્વાદ કરાવે છે. કવિની વર્ણ યોજનાથી પદાવલી કર્ણપ્રિય બની રહી છે. મંદિરમાં વિશેષ રીતે નગારુ, ઘંટ, પખાજ સાથે આરતી થાય છે. તેની અભિવ્યક્તિમાં કવિની વિશિષ્ટ વર્ણયોજના દ્વારા ભક્તોનો ઉલ્લાસ પ્રગટ થાય છે.

કેસરીયા તીર્થ સ્તવન એટલે કેસરીયા તીર્થની ઐતિહાસિક માહિતીની સાથે રૂષભદેવ ભગવાનનો મહિમા દર્શાવતું કાવ્ય. કવિની અન્ય રચનાઓની માફક કવિનો ઈતિહાસ પ્રેમ પણ પ્રગટ થયેલો જોવા મળે છે.

કવિની રચનામાં હિન્દી ભાષાનું મિશ્રણ થયેલું છે. અન્ત્યાનુપ્રાસ ચમત્કાર નિરૂપણ ધુલેવા નગરમાં ભગવાનના મહિમા વર્ણનમાં સંગીતમય ધ્વનિયુક્ત વર્ણ યોજનાથી સ્તવનની રચનામાં કાવ્યત્વના અંશો જોવા મળે છે. (૫)

## ૨. કાવી તીર્થે સાસુ-વહુ કારાર્પિત
### પ્રાસાદે ઋષભ-ધર્મનાથ સ્તવન - પરિચય

કવિએ ઋષભદેવ અને ધર્મનાથ ભગવાનની પ્રથમ દુહામાં સ્તુતિ કરીને કાવી તીર્થની ઉત્પત્તિની માહિતી આપી છે.

"સાસુ વહુકા વાદવિવાદે, દેવલ શિખર બનાયાજી,
તેહની ઉતપત સઘલી વરણું, જે જસ સુકૃત કમાયા. ॥ સા. ॥

કવિએ કાવી તીર્થની ઉત્પત્તિ વિશે નીચેની માહિતી આપી છે.

દેપાલ ગાંધી નામના નાગર વણિક પોતાના પરિવાર સાથે ખંભાતમાં વેપાર અર્થે આવ્યા. વેપારમાં પૂર્વના પુણ્યથી અઢળક ધન સંપત્તિ પ્રાપ્ત કરી. તેમને અલુઓ નામનો લાડકો પુત્ર હતો. અલુઆની પત્નીને બાડુચ અને ગંગાધર નામના બે પુત્ર હતા. બાડુચ ગાંધીને પોપટી અને હીરાબાઈ નામની બે પત્ની હતી. હીરાબાઈને કુંવરજી, ધરમદાસ અને સુધીર નામના ત્રણ પુત્રો હતા. કુંવરજીની પત્નીનું નામ વીરાબાઈ હતું. પરિવારના સભ્યો ધાર્મિક પ્રકૃતિના હોવાથી પ્રભુપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, પ્રત્યાખ્યાન વગેરે જૈનાચારનું અપૂર્વ શ્રદ્ધાથી પાલન કરતાં હતાં. પરિવારના સભ્યોએ ભેગા મળીને કાવીમાં જિન પ્રાસાદ બનાવવાનો નિર્ણય કર્યો. કુંવરજી ગાંધીએ તપગચ્છાધિપતિ શ્રી વિજયસેનસૂરિની શુભનિશ્રામાં સંપ્રતિ રાજાના સમયની રૂષભદેવની પ્રતિમાવાળું જિન મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી. પણ બારણું નીચું હતું એટલે વીરાંબાઈ દર્શન કરવા આવ્યાં ત્યારે પોતે ઊંચી હોવાથી નીચા નમીને દર્શન કરવા જવું પડયું આ પ્રસંગે વહુએ સાસુને કહ્યું કે પુષ્કળધન ખર્ચીને ભવ્ય શિખર બનાવ્યું તો બારણું નીચું કેમ કરાવ્યું ? ત્યારે સાસુએ મહેણું મારીને કહ્યું કે પિયેરથી ધન મંગાવીને ઊંચું બારણું હોય તેવું જિનમંદિર બનાવો.

સાસુનાં કટાક્ષ વચનથી સ્વમાની વહુએ પોતાના પિયેરથી ધન મંગાવ્યું અને સં. ૧૬૫૭માં દહેરાસરનું ખાત મૂહુર્ત કરાવ્યું અને પાંચ વર્ષમાં રતન તિલક પ્રાસાદ બાવન જિનાલયનું નિર્માણ થયું. આ પ્રતિષ્ઠા પ્રસંગ તપાગચ્છાધિપતિ શ્રી વિજયસેનસૂરિની શુભ નિશ્રામાં સંવત ૧૬૬૫ શ્રાવણ શુદિ નવમીને દિવસે અંજનશલાકા મહોત્સવ સહિત ઉજવાયો અને ધર્મનાથ ભગવાનને

મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા.

કવિએ કાવી તીર્થની ઉત્પત્તિ વિશે ઉપરોક્ત કથા કાવ્યમાં ગૂંથી લીધી છે. સામાન્ય રીતે ઢાળમાં રચાયેલા સ્તવનોનો પ્રારંભ દુહાથી થાય છે. અહીં કવિએ દુહાને બદલે દેશીથી સ્તવનનો પ્રારંભ કર્યો છે.

''અવિનાશીની સેંજડીઈ રંગલાગો તાહરી સજની'' એ દેશી ઉપરાંત પ્રથમ ઢાળમાં 'ઝીણા ઝરમર વરસે મેહ ભીંજે માહરી ચુનલડી' તથા 'મ્હારે દીવાળી થઈ આજ જિનમુખ જોવાને', તૃતીય ઢાળમાં 'સમુદ્ર વિજય સુત ચંદલો સાંમલીયાજી', દેશીનો પ્રયોગ થયો છે.

કાવી તીર્થમાં સાસુ વહુના દેરાસર વિશેષ પ્રસિદ્ધ છે. સાસુ ને 'વીરાં વહુજી દરશન કરવા આવે રે' સ્ત્રીવર્ગમાં વિશેષ ખ્યાતિ ધરાવે છે.

કર્વિએ પ્રથમ ઢાળમાં સાસુ-વહુના પરિવારની વંશાવળીનો ઉલ્લેખ કર્યો છે. બીજીમાં સાસુના મહેણાથી વહુએ પિયેરથી ધન મંગાવીને જિનમંદિરનું નિર્માણ કરાવ્યું તેની વિગતો દર્શાવી છે.

ત્રીજીમાં સાસુ-વહુના દહેરાંની ખ્યાતિ અને જંબુસરનો સંઘ તીર્થનો વહીવટકર્તા છે એમ જણાવ્યું છે.

ત્રીજી ઢાળની છેલ્લી કડીમાં સ્તવન રચના વર્ષનો ઉલ્લેખ છે.

આ સ્તવનમાં કાવીતીર્થની ઐતિહાસિક વિગતોનો સમાવેશ થયેલો છે. તે કવિની કવિત્વ શક્તિના નમૂનારૂપ છે.

જિન મંદિરનું બારણું નીચું જોઈને વહુ-સાસુને તેની ફરિયાદ કરે છે તેના પ્રત્યુત્તરમાં સાસુ મહેણુ મારે છે. આ વાત નાનકડાં સંવાદરૂપે કાવ્યમાં સ્થાન પામી છે.

''સાસૂ વહુંકા વાદવિવાદે, દેવલ શિખર બનાયાજી,
તેહની ઉતપત સઘલી વરણું, જે જસ સુકૃત કમાયાજી. ॥૨॥
ગુર્જર દેશે શ્રી વડનગરે, નાગર નાત સવાઈજી,
ભદ્રસિઆણા ગોત્ર છે જેહનું, શ્રાવક ધરમ વડાઈ. ॥૩॥

સાસુ વહુના વાદનું સ્મરણ કરીને અન્ય સ્ત્રીઓ પણ આવા વાદ કરે, વાદમાંથી વિખવાદ થાય. પણ કવિ તો એવી અપેક્ષા રાખે છે કે સાસુ વહુએ ધર્મવાદ કર્યો તો બીજાઓએ આવો ધર્મ વાદ કરીને પુણ્ય ઉપાર્જન કરવું જોઈએ. કવિના શબ્દો છે -

''ધરમવાદ ફલ પુન્યના, બીજા સહુ વિખવાદ ગુ.'' ૨

આ સ્તવનમાં કવિએ કાવી તીર્થના જિનાલયની ઉત્પત્તિની જે વિગતો આપી છે. તેમાં ઐતિહાસિક રીતે કોઈ સંબંધ સ્થાપી શકાતો નથી. વળી શિલાલેખમાંથી જે માહિતી મળે છે તે ઉપરથી પણ સાસુ વહુના દહેરાંની વાત કંઈક જુદી છે.

અન્ય રચનાઓમાં હિંદી ભાષાનો પ્રભાવ છે તેવી રીતે ગુજરાતી ભાષાના પ્રયોગ સાથે હિન્દીનો પ્રભાવ જોવા મળતો નથી.

'ય'ને બદલે 'ઈ'નો પ્રયોગ પસાઈ, સખાઈ, વડાઈ, વહુઈ, જેહનું 'હ' શ્રુતિનો પ્રયોગ જોવા મળે છે.

તેહની પહેલો સેહેર, સુણજયો, કરજ્યો, એહવા 'ર' કારને

બદલે આખા રનો પ્રયોગ થયો છે. ગુર્જરનો બદલે 'ગુજર', તીર્થને બદલે તીરથ, ધરમ-ધર્મ વગેરે ભાષાકીય પ્રયોગો તત્કાલીન સમયનો સંદર્ભ પૂરો પાડે છે.

## કાવી :

કાવીના સ્તવનમાં કવિ દીપવિજયે સાસુ વહુનાં જિનમંદિરની ઉત્પત્તિ વિશે જે કથા જણાવી છે તે દંતકથા છે. શિલાલેખને આધારે દીપવિજયે સ્તવનમાં રાખેલી તદ્દન જુદી માહિતી છે તેની નોંધ નીચે મુજબ છે.

૧. બડુઆની બે પત્ની પોપટી અને હીરાબાઈ હતી. હીરાબાઈને ત્રણ પુત્ર થયા તે સાચું નથી. પોપટીબાઈને કુંવરજી અને હીરાબાઈને ધર્મદાસ ને વીરદાસ એમ બે પુત્ર થયા. આ માહિતી શિલાલેખને આધારે જાણવા મળે છે. દંતકથા કરતાં શિલાલેખને પ્રમાણભૂત ગણવામાં આવે છે.

૨. કુંવરજીના પરિવારે ભેગા મળીને પ્રાસાદ નિર્માણ કર્યો હતો એમ દીપવિજ્યજી જણાવે છે. શિલાલેખમાં વીરાંબાઇનું નામ નથી. બડુઆએ ત્રણપુત્રો સાથે મળીને જિનમંદિરની રચના કરાવી હતી.

૩. સંપ્રતિ રાજાના સમયની શ્રી રૂષભદેવની પ્રતિમા પ્રાસાદમાં સં. ૧૬૪૯ માગશર સુદિ ૧૩ને સોમવારે શ્રી વિજયસેનસૂરિએ પ્રતિષ્ઠા કરાવી. આ હકીક્ત પણ ભૂલ ભરેલી છે. વિજય પ્રશસ્તિમાં એવો ઉલ્લેખ છે કે સં. ૧૬૪૮માં તેઓશ્રીએ હીરવિજયસૂરિ સાથે રાધનપુરમાં ચાતુર્માસ કર્યું. ત્યાર પછી ગુરુની આજ્ઞાથી તેઓએ સં. ૧૬૪૯માં માગશર

સુદિ ત્રીજને દિવસે લાહોર તરફ જવા માટે વિહાર કર્યો. પાટણ, આબુ, સિરોહી, નાંડલાઈ, મેડતાસીટી, વૈરાટનગર, લુધિયાના થઈને લાહોરમાં સં. ૧૬૪૯ના જેઠવદિ-૧૨ના રોજ પ્રવેશ કર્યો એટલે કાવીની પ્રતિષ્ઠાના દિવસની વાત ઉપરોક્ત હકીક્તને આધારે સત્ય લાગતી નથી.

આ ઉપરથી એમ અનુમાન થઈ શકે કે મૂળનાયક ધર્મનાથની પ્રતિષ્ઠા સં. ૧૬૫૫ માગશર સુદિ પાંચમને ગુરુવારે થઈ હતી, તેજ દિવસે રૂષભદેવ પ્રાસાદની પ્રતિષ્ઠા થઈ હશે.

ગભારાની સામેની નાની દેરીમાં આદિનાથ પાદુકાની તેમજ બીજા મંદિરના મૂળ નાયક ધર્મનાથની પ્રતિષ્ઠા સં. ૧૬૫૬ના વૈશાખ સુદિ ૭ને બુધવારે કરી હશે.

શ્રી વિજયસેનસૂરિ આ સમય દરમ્યાન ખંભાતમાં હતા. સં. ૧૬૫૬ વૈશાખ સુદિ ૪ને દિવસે વિદ્યાવિજયજીને 'સૂરિ' પદ આપવાનો મહોત્સવ યોજાયો હતો. જયાં શ્રીમલ્લસનામના શ્રાવકે ઘણું દ્રવ્ય ખર્ચ્યું હતું. ત્યાર પછી મેઘવિજયજીને ઉપાધ્યાય પદ આપવામાં આવ્યું. પછી કીકા ઠક્કુરે પોતાને ત્યાં પ્રભુ પ્રતિષ્ઠા કરાવી. આજ દિવસે મોઢ જ્ઞાતિની કાન્હબાઈએ પાર્શ્વનાથની પ્રતિમાની અને લાલબાઈએ શાંતીનાથની પ્રતિમાની પ્રતીષ્ઠા કરાવી હતી.

એટલે વિજયસેનસૂરિએ ઉપરોક્ત ત્રણ પ્રતિમાઓની સાથે ધર્મનાથની પ્રતિમા પરિકર સહિત અને આદિનાથની પાદુકાની પ્રતિષ્ઠા કરાવી હતી.

બીજો રત્નતિલક પ્રાસાદ સં. ૧૬૫૫ શ્રાવણ વદિ ૯ને દિવસે

થયો. મૂળ લેખમાં સંવત સં. ૧૬૫૪ શ્રાવણ વદિ ૯ને શનિવારનો ઉલ્લેખ છે. તેમાં મૂળ નાયકની પ્રતિષ્ઠા સં. ૧૬૫૫ માગશર શુદિ ૫ને ગુરુવારે વિજયસેન સૂરિએ કરી છે.

ઉપરોક્ત વિગતોથી એટલું સ્પષ્ટ થાય છે કે બન્ને જિનમંદિર બાપ દીકરાએ બંધાવ્યાં હતાં. નહિ કે સાસુ વહુના ઝઘડાએ. કાવીના મંદિર વિશે સાસુ વહુની ઘટના એ માત્ર દંતકથા છે. જેનો કોઈ આધાર શિલાલેખમાં નથી. શિલાલેખની પ્રમાણભૂત વિગતોથી કાવી તીર્થ અંગેની સત્ય માહિતી ઉપલબ્ધ થાય છે.

કાવીનું પ્રાચીન નામ કાપી-કાપિકા હતું. શક સંવત ૭૪૯ (વિ.સં. ૮૮૩)ના ગોવિંદના દાનપત્રમાં કાવીનો 'કાપિકાન્તર્વર્તિ ભૂતે કોટિ પુરે' એવો ઉલ્લેખ મળે છે. તે ઉપરથી કાવી ગામ નવમા સૈકા પહેલાનું હોવાનો સંભવ છે.

ગોવિંદ ચોથાનો સમય વિ. સં. ૯૮૬નો છે. ખંભાતના તામ્રપત્રમાં લાટદેશ ખેટક મણ્ડલાન્ર્તગત કાવિકા મહાસ્થાન ઉપરથી કાવી એક મોટું સ્થાન હતું એમ સંદર્ભ મળે છે.

આ રીતે કાવી પ્રાચીન તીર્થ છે એમ જાણવા મળે છે. કવિ શીલવિજયજીની (સંવત ૧૪૬૩) તીર્થમાળામાં કાવી વિશેની પંક્તિઓ અત્રે સંદર્ભ તરીકે નોંધવામાં આવી છે.

કાવીંઈ જિન મંદિર જોડિ, દીપિં શેત્રુંજા સરીષિ હોડી.

જ્ઞાન વિમલસૂરિ - ૧૭૫૫ તીર્થમાળામાં

કાવી ઠાંમ એક દેરાસર તેહ જુહાર્યું;

અતિ ઉલટિ ભરી ભાવ, અધિકમનિ આણતો. જયો જયો ભાવ''

એમ જણાવે છે.(૬)

પ્રાચીન તીર્થ માળા-ભાગ-૧ (પા. ૧૨૨, કડી - ૧૨૦, પા. ૧૩૩ કડી. ૧૩)

## ૩. રોહિણી સ્તવન :

રોહિણી વ્રતનો મહિમા દર્શાવતું આ સ્તવન ૬ ઢાળમાં રચાયું છે. રોહિણીનું વૃત્તાંત બારમા વાસુપૂજય સ્વામી ભગવાનના સમયથી પ્રચલિત થયું છે.

ઢાળ - ૧

વાસુપૂજયસ્વામી ભગવાનના પુત્ર મઘવાની કમલા રાણીને આઠ પુત્ર અને રોહિણી નામની એક પુત્રી હતી. યૌવન વયમાંરાજાએ પુત્રીનો સ્વયંવર રચ્યો. મરૂધર દશેના રાજકુમાર અશોકને સ્વયંવરમાં રોહિણીએ વરમાળા પહેરાવી ત્યાર પછી રાજાએ રાજવી ઠાઠથી ભવ્ય લગ્નોત્સવ ઊજવીને આડંબર સહિત દીકરી જમાઈને ભાવભીની વિદાય આપી.

રોહિણી રાજસુખ ને વૈભવમાં કાળ નિર્ગમન કરતી હતી તે દરમ્યાન તેણીને આઠ પુત્ર અને ચાર પુત્રી સંતાનનો યોગ થયો. આઠમા પુત્રનું નામ લોકપાલ હતું. એક વખત રાણી લોકપાલને ખોળામાં લઈને બેઠી હતી તે સમયે નગરના વણિક શ્રેષ્ઠિનો બાળપુત્ર મરણ પામ્યો હતો. તેને સગાંસ્નેહીઓ સ્મશાનમાં લઈ જતા હતા. તે દશ્ય રાણીએ જોયું. માતા પિતાને રૂદન કરતા જોઈને રાણી અત્યંત હર્ષમાં આવી રાજાને પૂછે છે કે આ નાટક કેવું છે. ? તે મને સમજાવો. રોહિણીએ જન્મથી કોઈપણ જાતના દુઃખની અનુભૂતિ કરી નથી. એટલે આ દશ્ય આશ્ચર્ય અને આનંદ ઉપજાવે છે.

ઢાળ - ૨

રાજા અશોકે રાણીને કહ્યું કે આ યૌવન વયમાં વિવેકપૂર્ણ રીતે બોલવું જોઈએ. યૌવનના મદમાં સમજ્યા વગર બોલવું નહિ. બાળકના મૃત્યુથી માતા-પિતા કરુણ આક્રંદ કરે છે. અને તે તને તમાશો લાગે છે. ? આવી રીતે કોઈની મજાક કરવી ઉચિત નથી. રાજાના આ પ્રત્યુત્તરથી રાણીને ગુસ્સો આવ્યો. અને ખોળામાં રહેલા પુત્રને ગોખેથી નીચે ફેંક્યો. રાજ દરબારીઓ આ વાત જાણીને ચિંતાતુર થયા પણ નગરરક્ષક દેવે બાળકને ઝીલી લીધો ને સોનાના સિંહાસન પર બેસાડયો. લોકોને ઘણું આશ્ચર્ય થયું અને કહેવા લાગ્યા કે આ બાળક અત્યંત ભાગ્યશાળી છે.

કવિના કરૂણરસનો નિર્દેશ કરતી પંક્તિઓ રાણીને માટે આનંદદાયક બને છે. સુખ અને દુઃખના વિરોધાભાસ દર્શાવતી પંક્તિઓ કથા વસ્તુમાં જિજ્ઞાસા જગાડે છે.

"હાં રે મારે માત પિતાદિક સહુ તેહનો પરિવારજો
રડતો પડતો ગોખ તળે થઈને વહે રે લો. ॥ ૫ ॥
હાં રે મારે તે દેખી અતિ હર્ષિત રોહિણી તામ, જો
પિયુને તાખે રે નાટક કુણ ભાતિનું રે લો ॥ ૬ ॥

રાજાનો પ્રત્યુત્તર પણ રોહિણીને વિવેકપૂર્ણ વિચારથી બોલવા જણાવે છે. કવિના શબ્દો છે -

"પિયુ કહે જોવન મદમાતી સહુને સરખી આશા એ
બાલકના દુઃખથી રોવે તુજને હોવે તમાસા,
બોલો બોલ વિચારી કાજ એમ કેમ કીજે હાંસી ॥૧॥

નગરના લોકો મૃત વણિકપુત્રને સ્મશાનમાં લઈ જાય છે તે

દશ્ય જોઈને રોહિણી પતિને આ નાટક કેવું છે ? તેનો જવાબ રાજા આપે છે. આ પ્રત્યુત્તરના પ્રસંગમાં સંવાદનું તત્વ રહેલું છે. સમગ્ર સ્તવનમાં રોહિણીનું પાત્ર આકર્ષક રીતે આલેખાયેલું છે. આ સ્તવનની બીજી વિશેષતા રોહિણી તપની વિધિ અને તેનો મહિમા દર્શાવવામાં છે. પૂર્વ જન્મના વૃત્તાંતની આ કથા પણ સુસંવાદી રીતે સ્તવનમાં ગૂંથાયેલી છે. કર્મવશ જીવનમાં આવતાં સુખ દુઃખ અને ધર્મની આરાધના તપ-જપથી કરનારને દીક્ષા લઈ અવશ્ય મુક્તિ સુખ મળે છે, એવી એક અને અંતિમ ઈષ્ટ ભાવના પ્રગટ થઈ છે.

ઢાળ - ૩

ચાર જ્ઞાનના અધિકારી વાસુપૂજય ભગવંતના અંતેવાસી રૂપકુંભ સુવર્ણકુંભ પ્રભુ પાસે પધાર્યા. અશોકરાજા રોહિણી અને પરિવારના સભ્યો સાથે ભગવંતની દેશના સાંભળવા ગયા. રાજાએ ગુરુ ભગવંતને પૂછયું કે રોહિણીએ પૂર્વભવમાં ક્યાં સુકૃત કર્યા હતાં તે અધિકાર જણાવો ? કૃપા કરી ગુરૂએ પ્રત્યુત્તર આપ્યો કે રોહિણીએ પૂર્વ જન્મમાં રોહિણી તપ કર્યું હતું. તેના પ્રભાવથી વર્તમાનમાં અંશ માત્ર દુઃખનો તેને અનુભવ થયો નથી.

ઢાળ : ૪

ગુરુએ રોહિણીનું પૂર્વ જન્મનું વૃત્તાંત જણાવ્યું તે નીચે મુજબ છે.

જંબુદ્વીપના ભરત ક્ષેત્રના સિદ્ધપુર નગરમાં પૃથ્વીપાલ રાજા અને સિદ્ધમતી રાણી નિવાસ કરતાં હતાં. એક દિવસ રાજા રાણી ચંદ્ર ઉદ્યાનમાં ક્રીડા કરવા આવ્યાં. ત્યાં ગુણસાગર મુનિ ભગવંતનાં દર્શન થયાં. પ્રશ્ન પૂછીને ઉત્તર મેળવીને સંતોષ પામે છે.

"પાઉ ધાર્યા પ્રભુ નયર સમીપે
હરખ્યો રોહિણી કંત વાલા
સહુ પરિવારશું પદ જુગ વંદે
નિસુણ્યો ધર્મ એકંત વાલા રે ॥૨॥

કવિ વીરવિજયજીના સ્તવનમાં આ પ્રસંગના નિરૂપણમાં કરૂણના રસ વધુ ગાઢ બને છે.

"શિર ઘાતી કરે મલકેતી માય રોતી જલ જલી દેતીમાથાના કેશ તે રોલે"
જોઈ રોહિણી કંતને બોલે, પનોતા પ્રેમથી તપ કીજો ॥૯॥

રાણીને આદેશ કર્યો કે મુનિ મહારાજને સૂજતો યોગ્ય આહાર તુરતજ વહોરાવો. વનમાં ક્રીડા કરતાં અંતરાય થયો એમ જાણીને રાણીને મુનિપર ક્રોધ ચઢયો અને ક્રોધાગ્નિમાં જલતી તેણીએ કડવું તુંબડું મુનિને વહોરાવ્યું. આ આહારને કારણે મુનિ ભગવંત તત્કાળ કાળધર્મ પામ્યા. રાણીના આ કૃત્યથી રાજાએ તેણીને દેશનિકાલ કરી. રાણીને સાતમે દિવસે શરીરે કોઢનો રોગ થયો અને સમગ્ર શરીર પર રોગ વ્યાપી ગયો. પછી રાણીનું અવસાન થયું અને છટ્ઠી નરકમાં ગઈ. પછી તેણીના આત્માએ તિર્યંચ અને નરક ગતિમાં અનંત કાળ વીતાવ્યો.

કવિએ ઉપરોક્ત પ્રસંગનું વર્ણન કરતાં જણાવ્યું છે કે -

*સાતમે દિન મુનિહત્યા પાપે, ગલત્ત કોઢ થયો અંગેરે;*
*કાલ કરીને છટ્ઠી નરકે ઉપની પાપ પ્રસંગ. ॥૨॥ (૭)*

નારકીને તિર્યંચ તણા ભવ, ભટકી કાલ અનંત રે,
દીપ કહે હવે ધર્મ જોગનો, કહીશું સરસ વૃત્તાંત રે. ॥૨॥ (૮)

ઢાળ ૫

રાણી મુનિની હત્યામાં નિમિત્ત બનીને ભવચક્રમાં જન્મ મરણ કરતી હતી. અંતે મરૂધરમાં વનમિત્ર શેઠની પત્ની ધનવંતીની કુખે પુત્રીપણે ઉત્પન્ન થઈ. જેનું નામ દુર્ગંધા પાડવામાં આવ્યું હતું. દુર્ગંધાને અન્ય વણિકપુત્ર સાથે પરણાવવામાં આવી. તેણી સ્વામીને મળવા માટે નજીક આવી તો તીવ્ર દુર્ગંધ આવતી હોવાથી તેણીને એકલી મૂકીને પરદેશ ગયો. આ જાણીને દુર્ગંધાના પિતાએ ગુરુ મહારાજને દીકરીના પૂર્વજન્મની વાત પૂછી. ગુરુએ કહ્યું કે ચોવિહાર ઉપવાસથી રોહિણી તપ સાત વર્ષ ને સાત માસ વિધિ સહિત કરો અને તેનું ભાવપૂર્વક ઉજમણું કરો તો આ સ્થિતિમાંથી મુક્ત થવાશે. ગુરુએ કહ્યું કે રોહિણી તપના પ્રભાવથી પુણ્યોપાર્જન કરીને તારી રાણી બની છે.

ઢાળ - ૬

એક દિવસ મરૂધરમાં વાસુપૂજ્ય સ્વામી ભગવાન પધાર્યા હતા ત્યારે એમની દેશના સાંભળીને આખા ગામમાં આનંદની લહર ઉદ્ભવી. પછી ભગવંત પાસે બન્ને જણે ચારિત્ર અંગિકાર કર્યું. ચારિત્ર અંગીકાર કરીને ઉગ્ર તપ તપી કર્મ ખપાવી આયુષ્ય પૂર્ણ કરીને બન્ને જણ મુક્તિમાર્ગમાં સિધાવ્યા. સંવત ૧૮૫૯ ભાદ્ર - સુદમાં સ્તવનની રચના કરી છે.

**કળશ :**

વાસુપૂજ્યસ્વામી ભગવાનના સમયમાં રોહિણીનો અધિકાર થયો હતો તે અહીં જણાવ્યું છે.

આ ઢાળમાં રચાયેલા સ્તવનોનો પ્રારંભ બે ત્રણ દુહાથી થાય છે. કવિએ આ પરંપરાનું અનુસરણ કર્યું નથી. પહેલી ઢાળથી જ

સ્તવનની રચના કરીને અંતે કળશ દ્વારા આ સ્તવન પૂર્ણ થયું છે. કવિએ ગેય દેશીઓનો પ્રયોગ કરીને પદ્યાત્મક કથાનો આસ્વાદ કરાવ્યો છે.

વાસુપૂજ્યસ્વામી ભગવાન નગરમાં પધાર્યા તે પ્રસંગના નિરૂપણમાં ભક્તિ રસની લ્હેર અનુભવી શકાય છે. ઢાળવાળાં સ્તવન સજઝાયમાં આવા પ્રસંગોનું નિરૂપણ સ્વાભાવિક રીતે થયેલું હોય છે. તેમાંય પૂર્વ જન્મના વૃત્તાંતનો સમાવેશ થાય છે.

"એક દિન વાસુપૂજ્યજી એ; સમોસર્યા જિન રાજ;
નમો જિનરાજને રે, રાય ને રોહિણી હરખીયાં રે.
સીધ્યાં સઘલાં કાજ. નમો. ॥૧॥

બહુ પરિવારશું આવિયા એ, વંદે પ્રભુના પાય;
શ્રી મુખથી વાણી સુણી એ, આનંદ અંગ ન માય નમો. ॥૨॥"

ભગવાનના મુખેથી દેશના સાંભળીને વૈરાગ્ય વાસિત બની પ્રભુ પાસે દીક્ષા અંગિકાર કરી. કવિ સંયમની પ્રશંસા કરતાં કહે છે કે -

"ધન્ય ધન્ય સંજમ ધર મુનિ એ
સુરનર જેહના દાસ એ ॥૩॥"

ધન્ય ધન્ય સંજમ પછી આવા શબ્દ દ્વારા ધન્ય ધન્ય વાસુપૂજય તીર્થ ને ધન્ય ધન્ય રોહિણી નારની પણ અહોભાવપૂર્વક પ્રશંસા ઔચિત્યપૂર્ણ બની રહે છે.

પ્રથમ ઢાળમાં હાંરે મારે...... પ્રારંભ થતી પ્રત્યેક કડીમાં વિશિષ્ટ લય પ્રગટે છે. બીજી ઢાળનું ધ્રુવ પંક્તિ બોલે બોલ વિચારી

રાજ દ્વારે વગર વિચાર્યું બોલવું નહિ એવી ઉપદેશાત્મક વાણી છે.

ત્રીજી ઢાળમાં રોહિણી તપ જયવંતુની ધ્રુવ પંક્તિ તપનો મહિમા દર્શાવે છે. કવિને કેશરીયાલાલ એટલે રૂષભદેવ ભગવાન વધુ વહાલા છે. એટલે પ્રત્યેક પંક્તિને અંતે કેશરીયાલાલથી પંક્તિઓ ભાવવાહી ને ગેય બની છે. જુઓ જુઓ કર્મ વિટંબના કેશરીયાલાલ ઘનવંતી કુખે ઉત્પન્ન કેશરીયાલાલ. કવિએ ગુજરાતમાં વિવિધ સ્થાનોમાં સમય ગાળ્યો હશે તે સમય દરમ્યાન રચના કરી હશે એટલે હિન્દીનો પ્રભાવ જોવા મળતો નથી.

રોહિણી સ્તવનની રચનાના હેતુ માટે કવિ પંડિત વીરવિજય જણાવે છે કે -

"ભક્ત પાન કુચ્છિત દીએ, મુનિ જાણ અજાણ;
નરક તિર્યંચમાં જીવ તે પામો બહુ દુઃખ ખાણ ॥૨॥

વીર વિજયજીએ રોહિણી સ્તવનની રચના ચાર ઢાળ-૪૩ કડીમાં કરી છે. તેમાં રોહિણીના વર્તમાન જીવન અને પૂર્વ જન્મનું વૃત્તાંત, રોહિણી તપની વિધિ અને ઉજમણીની માહિતી આપી છે.

રોહિણી સ્તવન એટલે રોહિણી તપનો મહિમા દર્શાવતી રચના. કવિની વર્ણન શક્તિ, શાસ્ત્ર જ્ઞાન, ઉપદેશાત્મક વિચારો, પૂર્વ જન્મના વૃત્તાંત દ્વારા કર્મજન્ય સ્થિતિનું આલેખન જેવી વિગતોથી સ્તવનની રચના કરી છે. જૈન કથા સાહિત્ય અતિ વિશાળ પટ પર પથરાયેલું છે. તેમાં મૂળ કથાની સાથે પૂર્વ જન્મના વૃત્તાંતનું નિવેદન વર્તમાનનાં સંદર્ભમાં ગૂંથી લેવામાં આવ્યું છે. જૈન ધર્મની ઘણી *કૃતિઓમાં યેન કેન પ્રકારેણ કર્મવાદનો રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે*

ઉલ્લેખ થયેલો છે. કર્મવાદના સિદ્ધાંતને ચરિતાર્થ કરતી આ રચના જૈન સમાજમાં વધુ લોકપ્રિય બની છે.

કવિ દીપવિજયની સોહમકુળ'પટ્ટાવલી રાસના ત્રીજા ઉલ્લાસની ઢાળ-૩૩થી ૩૮માં રોહિણીનું વૃત્તાંત છે. આ વૃત્તાંત સ્તવનરૂપે અન્ય સ્તવન સંગ્રહના પુસ્તકમાં સ્વતંત્રરૂપે પ્રગટ થયેલ છે.

પટ્ટાવલીમાં આ વૃત્તાંતના પ્રારંભમાં ત્રણ દુહા છે જે સ્તવનમાં મૂકવામાં આવ્યા નથી. આ દુહા વસ્તુ નિર્દેશાત્મક છે.

ઈણ અવસર શ્રોતા સકલ, પૂછે શ્રી ગુરુરાજ,
કૃપા કરી ઉપદેસિઈ, રોહિણી ફળ સામ્રાજ. ॥૧૫ ॥

કહેની પુત્રી કુણ વધૂ, કવણ પૂજયજી હેત,
કિણ વિધ સંજમ શિવ વરી, સ્વામી પુત્ર સમેત ॥૨॥

જગતચંદ્રસૂરિ ઉપદિસે, શ્રવણેં સહુ નરનાર;
સમેત દેખી અવસર પૂજ્યજી, ભાખે સમય વિચાર ॥૩॥

(સોહમકુલ પટ્ટાવલી - રાસ)

ઉપરોક્ત દુહા જિજ્ઞાસામૂલક છે અને તેનાથી કથા રસ ઉત્પન્ન થતાં રસિક કથા શ્રવણ ધર્મકથાનો આસ્વાદ થાય છે. કથાનુયોગ દ્વારા ધર્મ બોધ આપવાની જિન શાસનની અનોખી શૈલી ભવ્યાત્માઓને ઉપકારક છે. તત્ત્વજ્ઞાનની ગહન વાતો સીધી રીતે ન સમજી શકનારા બાળજીવોને માટે કથાનુયોગ ઉત્તમ પ્રકાર છે.

**શ્રી રૂષભદેવ સ્તવન :**

રૂષભદેવ ભગવાનના ૧૬ કડીના સ્તવનમાં ભગવાનને

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી દેવો સમવસરણની રચના કરે છે. બાર પર્ષદા બિરાજે છે. અષ્ટ પ્રાતિહાર્યથી પ્રભુના અલૌકિક ને અનુપમ સૌન્દર્યનું દર્શન થાય છે.

કવિએ પ્રથમ ૧૦ કડીમાં પ્રભુનો મહિમા દર્શાવ્યો છે. બાકીની પાંચ કડીમાં મરૂદેવી માતાને કેવળજ્ઞાન થાય છે તેનું નિરૂપણ કર્યું છે.

ઋષભદેવ ભગવાનના કેવળજ્ઞાન પછી મરૂદેવી માતાને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તે પ્રસંગ રસિક કથાનો આસ્વાદ કરાવે તેવી છે. સ્તવનના આરંભની પંક્તિમાં કથાની દૃષ્ટિએ રહેલી જિજ્ઞાસા પ્રગટે છે.

''ભરતજી કહે સુણો માવડી, પ્રગટયા નિધાન રે;
નિતનિત દેતાં ઓલંભડા, હવે જુઓ પુત્રના માન રે.
રૂષભની શોભા હું શી કહું ।।૧।।'

રૂષભદેવ ભગવાન માતાને એકલી મૂકીને સંયમ અંગિકાર કરે છે. ત્યારે વાત્સલ્યમૂર્તિ માતા પુત્રની સ્મૃતિમાં સ્નેહથી કરૂણ ક્રન્દન કરીને નયનોની દૃષ્ટિ ગુમાવી દે છે. પુત્ર ભરતને સમાચાર મળ્યા કે રૂષભદેવ ભગવાનને (પોતાના પિતા) કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. એટલે માતાને હાથી પર બેસાડીને પુત્ર શોભા જોવા લઈ જાય છે.

સમવસરણનું વર્ણન કરતી કડીઓ નીચે મુજબ છે.
''અઢાર કોડા કોડી સાગરે, વસીયો નયર અનુપ રે.
ચાર જોયણનું માન રે, ચાલો જોવાને રુપ રે. રૂ. ।।૨।।

પહેલો રૂપાનો કોટ છે; કાંગરા કંચન સાજ રેં;
બીજો કનંકનો કોટ છે, કાંગરા રત્ન સમાન રે. રૂ. ।।૩।।

ત્રીજો રતનનો કોટ છે, કાંગરા મણિમય જાણ રે;
તેમાં મધ્ય સિંહાસને, હુકમ કરે પ્રમાણ રે. રૂ. ।।૪।।

કેવળજ્ઞાન થયા પછી સમવસરણના મધ્ય ભાગમાં પ્રભુ બિરાજયા છે. ત્યારે એમની શોભા કેવી છે તેનું વર્ણન કરતાં કવિ જણાવે છે કે -

"શિર પર ત્રણ છત્ર ઝળહળે, તેહથી ત્રિભુવન રાય રે;
ત્રણ ભુવનનો બાદશાહ, કેવલજ્ઞાન સોહાય રે. રૂ. ।।૬।।

ચામર જોડી ચોવીસ છે, ભામંડળ ઝળકંત રે;
ગાજે ગગને દુંદુભિ, ફુલે. જગના સંત રે. રૂ. ।।૮।।

પ્રાતિહાર જ આઠ થી, તુમ સુત દીપે દેદાર રે;
ચાલો જોવાને માવડી, ગયવર ખંધે અસવાર રે. રૂ. ।।૧૦।।

પ્રભુની દેશના (વાણી) અમૃત સમાન મધુર અને મેઘ સમાન વૃષ્ટિ કરતી હોય તેવી છે. ભગવાનના સમવસરણ પાસે જતી વખતે માતા દૂરથી વાજાં વાગે છે તેનો મધુર ધ્વનિ સાંભળી અતિ હર્ષોલ્લાસમાં આવી જાય છે. માતાને પુત્ર આદર કે માન સન્માન આપતો નથી. એટલે મનમાં અત્યંત ખેદ થાય છે કે આવો પુત્ર ? માતાને શું ભૂલી ગયો ? આવા વિચારોમાં લીન બની મરૂદેવી માતા શુભ ધ્યાનમાં ચઢતા પરિણામે ભાવોલ્લાસથી વૃદ્ધિ પામતાં વિચારે છે અને કેવળજ્ઞાન થાય છે. તેની અભિવ્યક્તિ કરતાં કવિ જણાવે છે -

"કેનાં છોરૂ ને માવડી, એ તો છે વિતરાગ રે
એણિ પરે ભાવના ભાવતાં, કેવલ પામ્યાં મહાભાગ રે ॥૧૩॥"

કેવળજ્ઞાન પછી મનના શુભ પરિણામથી ભાવના ભાવતાં આયુષ્ય પૂર્ણ કરી કર્મ ખપાવી મોક્ષસુખને વિશે બિરાજમાન થયાં.

આવા રૂષભદેવ ભગવાન એ સમકિત દાતા છે. અને સિદ્ધાચળ તીર્થમાં એમની ભક્તિ કરવાથી પણ આત્મ સ્વરૂપને પામી શકાય છે.

સામાન્ય રીતે ઢાળમાં રચાયેલાં સ્તવનોમાં રચના સમયનો ઉલ્લેખ મળી આવે છે. કવચિત્ નાનાં સ્તવનોમાં પણ આવી વિગતો ઉપલબ્ધ થાય છે.

"સંવત અઢાર એંસી એ, માગસર માસ સોહાય રે;
દીપ વિજય કવિરાજનો, મંગલમાળ સોહાય રે. રૂ. ॥૧૬॥

કવિની વર્ણન શક્તિ પ્રસંગ ચિત્ર આલેખન, કળા, મધુર પદાવલીની રચનાના સમન્વયથી સ્તવનમાં રૂષભદેવ ભગવાનનો અપૂર્વ મહિમા ગાવામાં આવ્યો છે. પરિણામે આ સ્તવન નોંધપાત્ર બની રહે છે. (૮)

## ૫. પાર્શ્વનાથ જન્મ કલ્યાણક સ્તવન :

૨૪ તીર્થંકરોમાં ૨૩મા શ્રી પાર્શ્વનાથ ભગવાનનો મહિમા આ કળિકાળમાં અપરંપાર છે. આદેય નામ કર્મના ઉદયથી એમની ઉપાસના અને ભક્તિથી ભાવિક ભક્તો ધર્માનુરાગી બનવામાં સફળ થયા છે.

૭ કડીના આ સ્તવનમાં પાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણકની કેટલીક માહિતી આપી છે. આરંભની પંક્તિમાં જ કવિનો અદમ્ય ઉલ્લાસ-આનંદ વ્યક્ત થયેલો જોઈ શકાય છે.

"ગાઉં ત્રેવીશમા જિનરાય, વ્હાલાજીનું જન્મ કલ્યાણક ગાઉં રે"

"સોના રૂપાને ફુલડે વધાવું વ્હાલાજી.
થાલ ભરી ભરી મોતીડે વધાવું વ્હાલાજી."

કવિએ ભગવાનના જન્મસ્થળ વારાણસી નગરી, અશ્વસેન પિતા, અને વામા માતાનો ઉલ્લેખ કરીને ચૈત્ર વદિ ચતુર્થીના દિવસે દેવલોકમાંથી ચ્યવીને વામા માતાના ગર્ભમાં આવી પોષ દશમીને દિવસે જન્મ્યા હતા તેની માહિતી આપી છે.

ભગવાનના જન્મનો પ્રભાવ દર્શાવતાં કવિ કહે છે કે -
"નારકી નરકે સુખ પાવે રે, અંતર્મુહૂર્ત દુઃખ જાવે રે,
એ તો જન્મ કલ્યાણક કહાવે. વ્હાલાજી."

છેલ્લી કડીમાં ભગવાનતી વિશેષતા દર્શાવતાં ત્રણ ભુવન શિરતાજ અને તારણ તરણ જહાજ, જેવાં વિશેષણોનો પ્રયોગ કર્યો છે.

આ સ્તવન એક ગીત કાવ્યના ઉદાહરણ રૂપ છે. તેની ધ્રુવ પંક્તિનો લય ગીત સાથે સાયુજય સાધીને ભક્તિસભર હર્ષોલ્લાસની ભાવના વાચકોના ચિત્તમાં ઉત્પન્ન કરવામાં નિમિત્તરૂપ બને છે.

સ્તવનનો રાગ "મલ્લિજિન નાથજી વ્રત લીજે રે" તે મુજબ છે. દેશીઓ ઉપરાંત પ્રચલિત સ્તવનના રાગનો પ્રયોગ સ્તવનમાં કરવામાં આવે છે.(૯)

**વીર પ્રભુનું સ્તવન :**

દરેક તીર્થંકર ભગવાનનાં પાંચ કલ્યાણક હોય છે. કલ્યાણકનો દિવસ પર્વ સમાન મોંઘેરો છે. આરાધનાની ઉચ્ચ કોટીએ પહોંચવા માટે આવા દિવસો ભાવિક ભક્તોને ભક્તિ માટે નવું ચૈતન્ય પ્રગટાવે છે. ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણક એમ પાંચ કલ્યાણકનો ક્રમ છે.

કવિ દીપવિજયે વીર પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકના પ્રસંગનું નિરૂપણ કરતું સ્તવન ૧૦ ગાથામાં રચ્યું છે. તેમાં ભગવાનને વંદન કરવા જઈએ એમં જણાવ્યું છે તેનું કારણ વીર ભગવાનને કેવળજ્ઞાન પ્રગટયું છે તેવા સમાચાર સૌ કોઈને પ્રભુવંદન-દેશના સાંભળવા માટે હર્ષોલ્લાસ પ્રગટ કરે છે. આરંભની પંક્તિ જોઈએ તો-

ચાલોને ચેતનજી પ્યારા વીર વંદન જઈએ ;
વીર વંદન જઈએ રે વ્હાલા પ્રભુ વંદન જઈએ.

વીર ભગવાને ૧૨ વર્ષ સુધી દુષ્કર તપ કરીને કર્મ ખપાવી વૈશાખ સુદિ ૧૦ને દિવસે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. કવિએ કેવળજ્ઞાનની પ્રાપ્તિથી ભગવંતનો મહિમા દર્શાવતાં કહ્યું છે કે -

કેવળજ્ઞાન અને કેવળ દર્શન તેરમે ગુણઠાણે;
ગુણ અનંતા પ્રગટયા પ્રભુજી, ભૂત ભવિષ્ય જાણે. ॥૩૪॥

વીર ભગવાન મહસેન વનમાં પધાર્યા, માગશર સુદિ એકાદશીના શુભદિને દેવોએ સમોસરણની રચના કરી. આઠ પર્ષદા દેવોની અને ચાર મનુષ્યની એમ બાર પર્ષદા વિરાજમાન હતી ને પ્રભુ દેશના આપતા હતા. કવિના શબ્દો છે -

આઠ દેવ ને ચાર માનવની પર્ષદા એ બાર;
નિજભાંષાએ સહુ સમજે, પ્રભુ ગુણ દિલધાર ॥૬॥

કવિએ ભગવાનના પ્રાતિહાર્ય દ્વારા એમના અનુપમેય ને અલૌકિક સૌંદર્યનું નિરૂપણ કરતાં જણાવ્યું છે કે -

વૃક્ષ અશોકની છાયા ગહેરી સિંહાસન રાજે ;
દેવ તણાં તિહાં વાજાં વાગે, ભામંડલ છાજે. ॥૭॥

પ્રભુએ ગૌતમસ્વામીને ત્રિપદી સંભળાવી. મસ્તક પર હસ્ત મૂકીને પ્રથમ ગણધર પદે સ્થાપી આશીર્વાદ આપ્યા. પ્રભુએ ૩૦ વર્ષ સુધી કેવળજ્ઞાનના પ્રકાશથી અનેક જીવોને પ્રતિબોધ કરીને સિદ્ધિપદ આપવામાં નિમિત્તરૂપ બન્યા.

"ત્રીશ વરસ લગે કેવળ પાળી, જગ જન ઉધ્ધરીયા".

કેવળજ્ઞાન કલ્યાણકના મહિમા દ્વારા કવિનો ભગવાન પ્રત્યેનો અપૂર્વ સ્નેહ ને ભક્તિ પ્રગટ થાય છે.

ગીત કાવ્ય સમાન લયથી ભાવ ભક્તિમાં તન્મય કરે તેવી આ રચના છે. સ્તવન અને સજઝાય પ્રકારની 'ચેતનજી' એ શબ્દ પ્રયોગ દ્વારા આત્માને ઉદ્દેશીને ઉપદેશાત્મક - બોધ પ્રધાન રચનાઓ ઘણી મોટી સંખ્યામાં મળી આવે છે. (૧૦)

## જૈન કાવ્ય પ્રકાર - વધાવા

ભક્તિમાર્ગના સાહિત્યની રચના પ્રકાર અને સંખ્યાની દૃષ્ટિએ વધુ વિસ્તાર ધરાવે છે. લગભગ પ્રત્યેક કવિએ નાનીમોટી કૃતિઓમાં ભક્તિમાર્ગને પોષક વિચારો લયબદ્ધ રીતે વ્યક્ત કર્યા છે. તત્ત્વજ્ઞાન, કર્મયોગ અને જ્ઞાનમાર્ગની જટિલતા સર્વસાધારણ જનતાને સ્પર્શતાં

વધુ સમય જાય છે. જ્યારે ભક્તિમાર્ગને હૃદય ને બુદ્ધિ સાથે સંબંધ હોવાથી સહજ સાધ્ય બને છે. ઈષ્ટદેવ પ્રત્યે ચિત્ત મળી જાય એવી મનની સ્થિતિ પ્રાપ્ત થતાં ભક્તિમાં સ્વાભાવિક રીતે વિશેષ ગતિ થઈ શકે છે.

ભાવિક ભક્તો પ્રભુ સન્મુખ એક ચિત્તે ભાવ વિભોર બનીને ઈષ્ટ દેવ કે ગુરૂની અહોભાવથી સ્તુતિ કરી ગુણગાન ગાય છે. આ પ્રકારની કૃતિઓ ઉપાસનામૂલક કહેવાય છે. સાલંબન ભક્તિના નિમિત્તથી આત્માભિમુખ થવા માટે નિરાલંબન ભક્તિ તરફ વિકાસ સધાય છે.

ઉપાસનામૂલક કૃતિઓમાં વિશેષ રીતે ઈષ્ટ કે આરાધ્ય દેવ-દેવીનો મુક્ત કંઠે મહિમા ગાવામાં આવે છે. એવા કાવ્ય પ્રકારોમાં સ્તુતિ, સ્તોત્ર, ગહુંલી, ચૈત્યવંદન સ્તવન, ભજન, આરતી, હાલરડાં, થાળ, તીર્થમાળા, પટ્ટાવલી, સલોકા, છંદ, ધવલ, વધાવા, સ્નાત્ર પૂજા, કળશ વગેરે પ્રકારની રચનાઓ ઉપલબ્ધ થાય છે.

સ્નાત્રપૂજા, કળશ, ધવલ અને મંગલ જેવી રચનાઓનાં નામ જુદાં છે પણ તાત્વિક રીતે વિચારતાં તેનું વસ્તુ એક જ છે. તેમાં મુખ્યત્વે દેવાધિ દેવ, તીર્થંકર ભગવાનના જન્મોત્સવનું કવિઓએ વિવિધ રીતે વર્ણન કરવાનો પ્રયોગ કર્યો છે. ઈંદ્ર મહારાજા મેરૂપર્વત ઉપર ભગવાનનો જન્મોત્સવ આડંબર સહિત ઉજવે છે અને એમનો મહિમા ગાય છે. તેનું અનુકરણ મૃત્યુલોકના માનવીઓ સિંહાસનમાં પ્રભુની મૂર્તિની સ્થાપના કરીને જન્મોત્સવ ઉજવે છે. તેની સાથે ઉપરોક્ત રચનાઓને સંબંધ છે. રચનાઓનો સંદર્ભ અત્રે નોંધવામાં આવ્યો છે.

'વધાવવું' એ સન્માનસૂચક ક્રિયાપદ છે. ભક્તો પ્રભુના જીવનના પરમ પાવનકારી કલ્યાણકના પ્રસંગોને ભક્તિભાવપૂર્વક મહિમા ગાઈને વધાવે છે. અક્ષત, સુગંધી ચૂર્ણ, સોના ચાંદીનાં પુષ્પો વગેરેથી પ્રભુને વધાવવામાં આવે છે. આ ક્રિયા એ ભક્તિની બાહ્ય પ્રવૃત્તિ હોવાની સાથે ભક્ત હૃદયની પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાનું પ્રતીક બને છે. વધાવાનાં આવા પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવે છે, જે પ્રભુની ચરિત્રાત્મક માહિતી પૂરી પાડે છે. તે દૃષ્ટિએ આવી પદ્ય રચનાઓનો ચરિત્રાત્મક સાહિત્યમાં સમાવેશ થાય છે. વધાવાનો વિચાર કરતાં બીજી પણ કેટલીક વિગતો જાણવા મળે છે. જૈનાચાર્યોના નગર પ્રવેશ, ચાતુર્માસ પરિવર્તન કે મહોત્સવમાં આગમન થાય ત્યારે તેવા પ્રસંગોમાં એમના સ્વાગતને અનુલક્ષીને ગુરુ મહિમા દર્શાવતી પદ્ય રચનાઓ થતી હતી. આવા પદોને વધાવા નામની સંજ્ઞા આપવામાં આવે છે. જૈન સાહિત્યમાં સૌથી વધુ ચરિત્રાત્મક રચનાઓ વિવિધ સ્વરૂપોમાં મળી આવે છે.

ભક્ત કવિ સૂરદાસ અને તુલસીદાસનાં પદોમાં "વધાઈ" નામથી પદો રચાયેલાં ઉપલબ્ધ થાય છે. વધાઈ એ લોકગીત સાથે સામ્ય ધરાવતો કાવ્ય પ્રકાર છે. લોક વ્યવહારમાં પુત્ર જન્મના પ્રસંગે વધાઈ ગાવામાં આવે છે. આના પર્યાયરૂપે જૈન સાહિત્યની વધાવાની રચનાઓ છે. 'વધામણી આપવી' નામનો ગુજરાતી ભાષામાં રૂઢપ્રયોગ જાણીતો છે. તેમાં પણ શુભ સમાચાર આપવાથી આનંદ કે હર્ષનો અનુભવ થાય છે. તેમાં પુત્રજન્મ, વિવાહ, જેવા વ્યવહારના પ્રસંગો સ્થાન ધરાવે છે. તો બીજી તરફ તીર્થંકર ભગવાનનો જન્મોત્સવ, આગમન, દેશના સાંભળવી, વિદાય, ગુરુનું આગમન એ પણ વધાઈ સ્વરૂપે કાવ્ય રચનામાં સ્થાન પામેલાં છે.

ધવલમાં જન્મોત્સવ ઉપરાંત તીર્થંકર ભગવંતની દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ કલ્યાણકના પ્રસંગોનું અલગ ઢાળમાં વર્ણન કરવામાં આવે છે.

એક રીતે જોઈએ તો કેટલાક કવિઓએ પંચકલ્યાણક સ્તવનની રચનાઓ કરી છે. તેમાં વધાવા સમાન વસ્તુ નિરૂપણ કરવામાં આવેલ છે. એટલે વધાવાને પંચ કલ્યાણક સ્તવન તરીકે સંજ્ઞા આપીએ તો કાંઈ વાંધો નથી.

સ્નાત્રપૂજામાં માત્ર જન્મોત્સવજ કેન્દ્રસ્થાને હોય છે. જયારે વધાવામાં જન્મોત્સવ ઉપરાંત પ્રભુનાં દીક્ષા, કેવળ અને નિર્વાણ કલ્યાણકનું પણ વર્ણન કરવામાં આવે છે.

અત્રે દીપવિજય કૃત 'મહાવીરસ્વામીના વધાવા'ની સમીક્ષા કરવામાં આવી છે.

## ૬. - મહાવીરસ્વામીના પાંચ વધાવા

જૈન સાહિત્યમાં દેશીઓનો વિપુલ પ્રમાણમાં પ્રયોગ થયો છે. કવિ દીપવિજયે મહાવીરસ્વામીના પાંચ વધાવાની રચના દેશી બંધમાં કરી છે. આ ચરિત્રાત્મક રચનાનો પરિચય નીચે મુજબ છે.

કવિએ સરસ્વતી દેવીની સ્તુતિ કરીને પ્રભુનાં કલ્યાણકનો ઉલ્લેખ કર્યો છે. પ્રથમ વધાવામાં મહાવીરસ્વામીએ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું અને ૧૦ માં સ્વર્ગમાંથી ચ્યવીને માતાના ગર્ભમાં આવ્યા. માતાએ શુભ સ્વપ્નો જોયાં. સ્વપ્ન ફળથી પુત્રરત્નની પ્રાપ્તિ વગેરે વિગતોનો સમાવેશ થયેલો છે.

ભગવાનના ચ્યવન કલ્યાણકનો ઉલ્લેખ કરતાં કવિ જણાવે છે કે "કલ્યાણક પહેલે જગ વલ્લભા, ત્રણ જ્ઞાની મહારાય રે", "દશમા સ્વર્ગ વિમાનથી પ્રભુજી ભોગવી સુહનું આય એહને"[11]

"દીપ કહે ઈમ પ્રથમ વધાવો" દ્વારા પહેલી ઢાળમાં પ્રથમ વધાવો છે એમ સૂચન કર્યું છે.

શાસનનો સુલતાન, ભવોદધિ તરણ, જગવલ્લભ જેવાં વિશેષણો દ્વારા પ્રભુનો પરિચય આપ્યો છે.

અન્ત્યાનુપ્રાસ અને વર્ણમાધુર્યનો પરિચય તો આરંભની કડીમાં જ થાય છે.

"વંદો જગજનની બ્રાહ્માણી, દાતા અવિચલ વાણી રે;
કલ્યાણક પ્રભુનાં ગુણખાણી શુંણશું ઉલટ આણી એહને
સેવો રે ॥૧॥"

બીજો વધાવો એટલે જન્મ કલ્યાણક, ચૈત્ર સુદ તેરસની મધ્ય રાત્રિએ ભગવાન જન્મ્યા, મેરૂપર્વત ઉપર ૬૪ ઈન્દ્રોએ જન્મોત્સવ ઉજવ્યો. મિથ્યાદષ્ટિ દેવને શંકા થઈ કે ભગવાન આ અભિષેકનો ભાર કેવી રીતે વહન કરશે ? શંકાનું નિવારણ, અંગુઠાથી મેરૂપર્વત ચલિત કરવો, ત્રિશલામાતાને પુત્ર રત્ન પ્રાપ્તિથી અપૂર્વ ઉલ્લાસ અને વર્ધમાન નામાભિધાન જેવી માહિતીનો સંદર્ભ રહેલો છે.

ભગવાને મેરૂપર્વત ચલાયમાન કર્યો તે પ્રસંગની અભિવ્યક્તિ કરતાં જણાવે છે કે -

"મહાવીર નિજ અંગુઠે ચંપ્યો તતક્ષણ મેરૂ થરથર કંપ્યો;
માનું નૃત્ય કરે છે કે રસિયો,
પ્રભુપદ ફરસે થઈ ઉલ્લસિયો. વી. ॥૭॥" (૧૨)

કવિની ઉત્પ્રેક્ષા નોંધપાત્ર છે. કાંઈ રસિયો રસભર બની મનભર નાચ કરતો હોય તેમ મેરૂપર્વત કંપાયમાન થયો. આ પ્રસંગ એ ચમત્કાર નિરૂપણનો છે. એટલે તેમાં અદ્ભુત રસની અનુભૂતિ થાય છે.

જન્મોત્સવનો મિતાક્ષરી ઉલ્લેખ કરતી કડી જોઈએ તો -

''પુત્ર વધાઈ નિસુણી રાજા, પંચ શબ્દ વજડાવે વાજાં ;
નિજ પરિકર સંતોષી વારૂ, વર્ધમાન નામ કવિ ઉદારૂ ॥૧૦॥

ત્રીજા વધાવામાં દીક્ષા કલ્યાણકના પ્રસંગનું વર્ણન છે. કવિના શબ્દો છે -

''હવે કલ્યાણક ત્રીજું બોલું, જગગુરૂ દીક્ષા કેરૂ,
હર્ષીત ચિત્તે ભાવે ગાવે, તેહનું ભાગ્ય ભલેરૂ,
સહિતુમ સેવો રે કલ્યાણક ઉપકારી
સંયમ મેવો રે આતમને હિતકારી ॥૧॥ (૧૩)

પાલખીમાં બેસીને પ્રભુ દીક્ષા લેવા માટે નીકળ્યા અને વરસીદાન આપે છે. દેવો અને મનુષ્યોનો મોટો સમૂહ આ પ્રસંગે એકત્રિત થાય છે. માતા પુત્રને આર્શીવાદ આપે છે. વગેરેનું ભાવવાહી વર્ણન કરવામાં આવ્યું છે. કવિના શબ્દોમાં ઉપરોક્ત પ્રસંગ જોઈએ તો -

''સુરગણ નરગણને સમુદાયે, દીક્ષાયે સંચરીયા;
માતા ધાવ કહે શિખામણ, સુણ ત્રિશલા નાનડિયા. સ. ॥૬॥

મોહમલ્લને જેર કરીને ધરમેં જોઉજ્જવલ ધ્યાન
કેવળ કમલા વહેલી વરજો, દેજો સુકૃત દાન. સ. ॥૭॥ (૧૪)

ભગવંતે ભાઈ નંદીવર્ધનની આજ્ઞા લઈ પંચમુષ્ટિ લોચ કરી સંયમ સ્વીકાર્યો. સમિતિએ સમિતાં, ગુપ્તિએ ગુપ્ત, 'જીવદયા ભંડાર' જેવાં વિશેષણોથી ભગવાનના સંયમ જીવનનો પરિચય કરાવ્યો છે. સાધુ એટલે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલન કરનારા અને સમતાના ભંડાર.

દીક્ષા કલ્યાણંક એ ત્રીજું, એમ શબ્દ પ્રયોગ દ્વારા ત્રીજો વધાવો પૂર્ણ થાય છે.

ચોથો વધાવો એટલે ચોથું કલ્યાણક કેવળજ્ઞાનની પ્રાપ્તિ. તીર્થંકર ભગવંતના જીવનનો આ મોંઘેરો અવસર છે. કવિના શબ્દો છે.

''ચોથું કલ્યાણક કેવલનું, કહું છું અવસર પામીજી;
જગ ઉપકારી જગબંધવને, હું પ્રણમું શીર નામી.
સાંભલ સુજનીજી ાા૧ાા (૧૫)

ભગવાને ઘોર તપશ્ચર્યા કરીને ચાર ઘાતી કર્મો ખપાવીને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. દેવોએ સમવસરણની રચના કરી. બાર પર્ષદા સમક્ષ પ્રભુએ દેશના આપી. ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. ઈંદ્રભૂતિ આદિ ગણધરોની સ્થાપના, ૩૦ વર્ષ કેવળી પર્યાયમાં અનેક જીવોને તાર્યા, વગેરે પ્રસંગોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

''પ્રભુની વાણીનો પ્રભાવ દર્શાવતાં કવિ કહે છે કે -
ગુણ પાંત્રીશ સહિત પ્રભુવાણી, નિસુણે છે સહુ પ્રાણીજી
લોકાલોક પ્રકાશક વાણી, વરસે છે ગુણખાણી સાં. ાા૬ાા

માલકોશ શુભરાગ સમાજે, જલધરની પેરે ગાજેજી;
આતપત્ર પ્રભુ શિર પર રાજે, ભામંડલ છબી છાજે. સાં. ાા૭ાા

જાકી રચના ત્રણ ગઢની પ્રભુના ચારે રૂપજી
વળી કેવલ કમળાની શોભા નિરખે સુરનર ભુપ સાંધા. ॥૮॥ [૧૬]

મધુર પદાવલીઓ પ્રભુના સમવસરણનું સૌન્દર્ય, વર્ણનની ચિત્રાત્મકતા, મેઘગર્જના જેવી વાણીની ઉપમા વગેરેથી કવિત્વ શક્તિનો ઉન્મેષ સધાયો છે.

પાંચમો વધાવો એટલે પાંચમું નિર્વાણ કલ્યાણક. પ્રભુનું અપાપાનગરીમાં આગમન, સોળપહોરની દેશનાની વાક્ધારા, દીવાળીના દિવસે મુક્તિ પામ્યા, સહજ સ્વરૂપને પામ્યા. વગેરે માહિતીથી પાંચમો વધાવો રચ્યો છે. નિર્વાણનો ઉલ્લેખ કરતી કવિની પંક્તિઓ જોઈએ તો -

''દીવાળી દિને મુક્તિ પધાર્યા, પામ્યા પરમાનંદવાલા
અજર અમર પદ જ્ઞાન વિલાસી,
અક્ષય સુખનો કંદ વાલા. સાં. ॥૭॥ [(૧૭)]

ગાવો પાંચમો મોક્ષવધાવો, ધ્યાવો વીર જિણંદ વાલા;
શુભ લેશ્યા શે જગગુરૂ ધ્યાને,
ટાળો ભવભય ફંદ વાલા. સાં.॥૮॥ [(૧૮)]

''હું તો મોહીરે નંદના લાલ, મોરલી તાને રે,
શ્રાવણ વરસે રે સુજની ભવિ તુમે વંદો રે, સુરીશ્વર ગચ્છરાયા,
અવિનાશીની સેજડીમે રંગ લાગ્યો મોરી સુજનીજી.

આદિ જિનેસર વિનતિ હમારી, વગેરે ગેય દેશીઓનો પ્રયોગ વધાવામાં થયો છે. સમગ્ર રીતે મૂલ્યાંકન કરતાં કવિની લલિત મધુર પદાવલીઓ, વર્ણન કલા, અલંકાર યોજના, ચમત્કાર નિરૂપણ, ચરિત્રાત્મક વિગતોથી વધાવાની રચના થઈ છે. જે સ્તવન પ્રકારની

રચના સાથે સામ્ય ધરાવે છે. અને પરંપરાગત રીતે પાંચમા વધાવામાં પોતાના ગુરુ અને કવિ તરીકે પોતાનો ઉલ્લેખ થયો છે.

પ્રભુનો વધાવો ગાવાથી ભવભયનું દુઃખ ટળી જાય છે. એવો સંક્ષિપ્ત બોધ દર્શાવ્યો છે. સાંપ્રદાયિક સાહિત્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માનવતાના ગુણોનો વિકાસ થાય તેવા શુભ હેતુથી ઉપદેશનું તત્ત્વ અનિવાર્યપણે રહેલું હોય છે. જોકે વધાવાની રચનામાં ઉપદેશનો માત્ર ઈશારો જ છે. દેશીઓનો પ્રયોગ કાવ્ય તત્વની માવજત કરવામાં ઉપયોગી નીવડે છે. પણ દેશીનો માત્ર રાગ-લયની સાથે સંબંધ છે. તેમાં રહેલા ભાવ સાથે સંબંધ નથી.

કરૂણ શૃંગાર કે વીરરસનું નિરૂપણ કરતી દેશીઓ અન્ય રસના સંદર્ભમાં પ્રયોજાય છે. (૧૧)

## ૭. પાર્શ્વનાથ પંચ વધાવા સ્તવન (સંદર્ભ- હસ્તપ્રત)

'મહાવીર સ્વામી - પાંચ વધાવા'ની માફક ''પાર્શ્વનાથના પાંચ વધાવા''ની કૃતિ પાર્શ્વનાથ ભગવાનનાં પાંચ કલ્યાણકનું વર્ણન કરતી ચરિત્રાત્મક ભક્તિપ્રધાન રચના છે. પંચ કલ્યાણક સ્તવન વ્યવહાર જીવનમાં વિશેષ પ્રચલિત છે. કવિએ અહીં ''વધાવા'' શબ્દ પ્રયોગથી સ્તવનની રચના કરી છે. વધાવા એ સ્તવનનો પર્યાયવાચી શબ્દ છે. માત્ર ભગવાનનું જન્મ કલ્યાણકજ વધામણી કે ખુશી વ્યક્ત કરવાનો મર્યાદિત અર્થ પ્રગટ થતો નથી પણ બાકીનાં કલ્યાણકો પણ ભવ્યજીવોને અનેરો ઉલ્લાસ આપે છે તેમ સમજવાનું છે.

આ સ્તવનની રચનાનો સંદર્ભ હસ્તપ્રતને આધારે નીચેની પંક્તિઓથી જાણી શકાય છે.

"ઈતિ શ્રી પાર્શ્વનાથ પરમેશ્વરજીના પાંચ વધાવા ગુણ ગર્ભિત સ્તવન સંપૂર્ણ લિખીતં સંવત ૧૮૮૦ના વર્ષે પોષ સુદ-૬ દિને શ્રી પાટણ મધ્યે. શુભંભવતુ શ્રી. સામાન્ય રીતે ઢાળબદ્ધ રચનાઓમાં દુહાથી વસ્તુ નિર્દેશ કરાવીને 'ઢાળ'માં તેનો વિકાસ થાય છે. અહીં કવિએ પ્રથમ ઢાળથી જ 'વધાવા'ની રચનાનો પ્રારંભ કરતાં પ્રભુની મુખમુદ્રાનો મહિમા ગાયો છે. કવિના શબ્દો છે -

"જિન મુખ પંકજ વાસિની રે, આપો વચન સુરંગ;
સાહિબ સુખ કરું રે, ત્રેવિસમો સુલતાન "આ. ॥૧॥
હસ્તપ્રત ૧.

પ્રથમ વધાવામાં ભગવાનના ચ્યવન કલ્યાણકનો ઉલ્લેખ કરીને જન્મ થયો તે વિશે માહિતી છે.

ચ્યવન વધાવો ગાવતાં રે પ્રગટે પુણ્ય. બીજા વધાવામાં ૫૬ દિક્કુમરીઓ મેરૂપર્વત પર ભગવાનનો જન્મોત્સવ ઉજવે છે તેનું વર્ણન છે. આ પ્રકારની રચનાઓમાં પરંપરાગત નિરૂપણ હોય છે. તેમાં કવિ કલ્પનાનો કોઈ અવકાશ હોતો નથી. કવિએ ભગવાનના જન્મોત્સવની ચિત્રાત્મક અભિવ્યક્તિ કરતાં જણાવ્યું છે કે -

"મૃગ મદ કેશર ચંદન અરચેં અંગ, ધૂપ દીપ શુભ મંગલ આદે આલેખીરે" ભગવાનની બાલ્યાવસ્થામાં આ રીતે દેવોની ભક્તિ અપૂર્વ ગણાય છે. ભગવાનને આરતી મંગલ દીવો કરવો, પુત્ર જન્મની વધામણીના સમાચાર આપવા.

આ પ્રકારની રચનાની પરંપરાગત વિગતો નીચે મુજબ છે.

"દીપવિજય કવિરાજ ચરણ શિરનામી રેં
બીજો વધાવો ગાતાં નવ નિધ પામી રે"

સંયમ અવસર આવ્યો છે એમ જાણીને લોકાંતિક દેવો પ્રભુને સંયમ સ્વીકારવા વિનંતી કરે છે. એટલે દીક્ષા કલ્યાણકની માહિતી ત્રીજા વધાવામાં છે.

"ભોગ કરમ ક્ષીણ જાણી ત્રિભુવન નાથજી,
જગહિત જાણી કંબલ દાન દીયે શુભ મારગ રે લો."
"દીક્ષા મહોત્સવ પરમ પ્રમોદ આરંભીયો રે"

સુરપતિ ને સુરગણ કનકના કળશથી પ્રભુને અભિષેક કરે છે. અંગો પ્રભુનાં ચંદન કેસરથી સુવાસિત કરીને સાધુ વેશ આપે છે અને પ્રભુ અણગાર બને છે.

પ્રભુએ દીક્ષા સ્વીકારીને ચાર ઘાતી કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

'ચિંહુ ગતિ ફેરા ફરી, પ્રભુ વરીયા કેવલ કમલા. કેવલજ્ઞાનથી પ્રભુ જગતના સર્વ પદાર્થોનું જ્ઞાન ધરાવે છે - એમ જણાવ્યું છે.

પાંચમાં વધાવામાં ભગવાનની દેશના, પરિવારની માહિતી, ભગવાનની વાણીના ગુણ, અતિશય વગેરેની માહિતી છે.

"સુદ પાંચમ શ્રાવણ માસની રે, શિવપુર વસીયા"

આ પંક્તિ દ્વારા ભગવાનના નિર્વાણ કલ્યાણકનો ઉલ્લેખ થયો છે.

દેશી બદ્ધ ગેય ઢાળ યુક્ત આ રચના પાર્શ્વનાથ ભગવાનની

ચરિત્રાત્મક માહિતી આપે છે. ઉપમાઓ અને વર્ણનમાં કોઈ નવીનતા નથી.

વામા માતા માટે કવિની કલ્પના છે કે હંસ ગામીની, મૃગ લોચની, જિનમુખ પંકજની ઉપમા, વામા માતાના કુક્ષિમાં ભગવાન આવ્યા અને પછી માતાને પણ શુભ સ્વપ્નો આવ્યાં, ગર્ભ વૃદ્ધિ પામ્યો ને માતાને દોહલા થયા તે પૂર્ણ કરવા નિત્ય ચઢતા પરિણામે જિનપૂજા ભક્તિ કરતી, વગેરે વિગતો આકર્ષક રીતે કાવ્યમાં ગૂંથી લીધી છે.

રચના સમય વર્ષ સ્થળ લહિયાનું નાંમ વગેરે માહિતી પણ કવિએ દર્શાવી છે. પાર્શ્વનાથ ભગવાનનું આદેય નામ કર્મ એવું પ્રબળ હતું કે ૧૦૮ નામથી એમની ભક્તિ ઠાઠમાઠથી ગામેગામ થાય છે. કવિ પણ પાર્શ્વનાથ પ્રભુનો મહિમા ગાઈને જીવનને ધન્ય બનાવે છે.

# ૮. સિદ્ધાચલનું સ્તવન

જૈન તીર્થોમાં સિદ્ધાચલ પરમ પાવનકારી તીર્થાધિરાજ તરીકે વિખ્યાત છે. અડસઠ તીર્થની યાત્રાનું ફળ એક માત્ર ગિરિરાજની યાત્રાથી મળે છે. ગિરિરાજનો મહિમા, પ્રભાવ અને વર્ણન કરતી વિવિધ પ્રકારની કાવ્ય રચનાઓ ઘણા કવિઓએ કરીને એનો અપરંપાર મહિમા ગાયો છે.

કવિ દીપવિજયે ૧૫ કડીના સિદ્ધાચલના સ્તવનમાં એનો મહિમા ગાયો છે.

આરંભની કડી જોઈએ તો -
"જે કોઈ સિદ્ધિગિરિ રાજને આરાધશે રે
તેની સંપદા મનોરથ વાધશે રે
ગિરિરાજ છે ભવોદધિ તારણો રે
સર્વ પીઠે મહા દુઃખ વારણો રે ॥૧॥"

ગિરિરાજનો મહિમા દર્શાવતાં કવિએ તેનાં એકવીશ નામ, તપ, જપ ને સાધનાથી અનેક મુનિઓ સિદ્ધિ પદ પામ્યા, પાંચ પાંડવો, નારદ, શેલ્લકાચાર્ય, સુદર્શન શેઠ, દ્રાવિડ ને વારિખિલ્લજી, થાવચ્ચાકુમાર, શાંબ ને પ્રદ્યુમ્ન, નમી-વિનમી, શુક રાજા વગેરે સિદ્ધિ પામ્યાનો ઉલ્લેખ કર્યો છે. કવિના શબ્દો છે -

"હું તો જાણું છું ગણધર વાણી ને રે,
જઈ વસ્યા છે સિદ્ધશીલા ઉપર રે રે,
તેની સાદિ અનંત સહુ સિદ્ધગિરિ મહાતમ જાણીને રે ॥૯॥"

ગિરિરાજને વંદન - સ્પર્શના અને સેવા કરવાની ભાવના

વ્યક્ત કરતાં કવિ જણાવે છે કે "સેવો સેવો ગિરી સુખ કંદ ને રે, સેવો સેવો મરૂદેવા નંદ, વંદો વંદો ઈશ્વાકું કુળ વંશને રે, પૂજો પૂજો ને રે શ્રી રૂષભ જીનંદ ને રે ॥૧૧॥"

છેલ્લી કડીમાં સ્તવન રચનાનો સમય મળી આવે છે.

"વિક્રમ રાજથી અઢારસો સત્તોતેર રે,
માગશર માસની ત્રયોદશી વાસ રે હો"

તીર્થયાત્રાનો મહિમા માનવ જન્મ સફળ કરવા માટે અનન્ય પ્રેરક બને છે. ધર્મોલ્લાસની વૃદ્ધિ, ધર્મની શ્રદ્ધા દઢ બને, શ્રદ્ધાનો પાયો નખાય, સમક્તિ નિર્મળ થાય અને આત્મા કર્મથી લેપાયેલો છે તો કર્મથી મુક્ત થઈ હલકો થાય. સ્વરૂપમાં રમણતા કેળવે એવી તીર્થની પવિત્ર ભૂમિ આબાલ ગોપાળને જીવનમાં આમૂલ પરિવર્તન લાવી સન્માર્ગે વાળે છે.

કવિની વાણી સરળ છે. વર્ણનાત્મક રચના હોવાથી સિદ્ધાચલનો મહિમા દર્શાવતી માહિતી આપી છે. જૈન ધર્મના પ્રચલિત મહાપુરુષો, આચાર્ય, ૨૧ નામ જેવી દષ્ટાંત યુક્ત વિગતો સાંપ્રદાયિક સંદર્ભના નમૂનારૂપ છે. (૧૯)

# ૯. સ્તવન (અબોલડાનું)

પ્રભુનાં ગુણગાન ને મહિમા દર્શાવતી સ્તવન પ્રકારની રચનાઓ ભક્તિ માર્ગના કાવ્ય તરીકે સજઝાય સમાન પ્રચલિત છે. સંખ્યાની દૃષ્ટિએ તે વિપુલ પ્રમાણમાં મળી આવે છે. જૈનેતર ભક્તિ માર્ગમાં પ્રભાતિયાં, ભજન, પદો, ગરબીઓ વગેરે જેટલી પ્રચલિત છે, તેથી પણ વિશેષ જૈન સમાજમાં સ્તવનનો મહિમા જોવા મળે છે. પ્રભુ ભક્તિ-સાકાર ઉપાસનાના પ્રતીકમાં સ્તવનનું સ્થાન બહુ ઊંચી કક્ષાનું છે. સાકારમાંથી નિરાકાર તરફ પ્રયાણ માટે ને આત્માનું પરમાત્મા સાથે તાદાત્મ્ય સાધવામાં સ્તવન જેવી બીજી કોઈ રચના સહજ સાધ્ય નથી. ભક્તિ-રસસભર સ્તવનોની રચનાઓ સાધુ કવિઓએ મોટી સંખ્યામાં કરીને આબાલ ગોપાલને ભકિતમાર્ગમાં પ્રવેશ, પ્રવેશ પછી તેના ઊંડા રહસ્યને પામવાની ભૂમિકા પૂરી પાડવામાં સ્તવન પ્રકારની રચનાઓનું પ્રદાન અગણિત છે.

સ્વ. પૂ. પં. શ્રી અભયસાગરજી મહારાજે ભક્તિ રસ ઝરણાં નામના પુસ્તકનું સંપાદન કર્યું છે. જેના પ્રથમ વિભાગમાં ૩૧ સ્તવન ચોવીશીઓનો સંગ્રહ થયેલો છે. તદુપરાંત બીજા પણ જૈન સાધુ કવિઓએ વિવિધ પ્રકારનાં સ્તવનોની રચના કરેલી છે. સ્તવનમાં પ્રભુનાં ગુણ ગાવાની સાથે ભક્ત અને ભગવાન વચ્ચે જે ભેદ છે તેનું નિખાલસતાથી વર્ણન કરીને ભક્તપ્રભુને વિનંતી કરે છે કે હે ભગવાન ! હું તારા શરણે આવ્યો છું. મારો ઉદ્ધાર કર. આવી ભાવના પણ સ્તવનમાં પ્રગટ થયેલી જોવા મળે છે. સંસારમાં પરિભ્રમણ કરતા અનેક આત્માઓએ પ્રભુના આત્મા સાથે નિગોદ થી આંરભીને માનવ જન્મ મળ્યો ત્યાં સુધી સંબંધ બાંધ્યો હશે. તેનું

સ્મરણ કરીને પ્રભુ પ્રત્યે 'તરણ તારણ', બિરૂદ હોવાથી ઉદ્ધાર કરવાની ભાવના પ્રગટ થઈ છે.

કવિ દીપવિજયે સામાન્ય જિન સ્તવનની રચનામાં આવો ઉલ્લેખ કર્યો છે. ચોવીશીમાં ૨૪ તીર્થંકરો વિશે રૂષભદેવથી મહાવીર સ્વામી સુધીનાં સ્તવનની રચના હોય છે. તેમાં મુખ્યત્વે તીર્થંકર ભગવાનના જીવન કાર્ય કે પ્રભાવનું ભાવવાહી નિરૂપણ કરવામાં આવે છે. જયારે સામાન્ય જિનમાં કોઈ તીર્થંકર ભગવાનનો નામોલ્લેખ હોતો નથી પણ અરિહંત ભગવાન એવો સંદર્ભ મળે છે.

સામાન્ય જિન સ્તવનમાં આત્મા નિગોદમાંથી નીકળીને કયા કયા ભવમાં ગયો તેની ક્રમાનુસાર માહિતી આપી છે. તે ઉપરથી શુભ કર્મના પ્રભાવથી આત્મા જન્મ મરણ કરતાં મનુષ્ય જન્મ ધારણ કરીને પ્રભુને પામી શકે છે.

પ્રણય સંબંધમાં અબોલડાનો પણ પ્રસંગ આવે છે, ત્યારે પ્રેમીને અત્યંત દુઃખ થાય છે. કવિએ સ્તવનના પ્રારંભમાંજ પ્રભુને ઉદ્દેશીને આવી જ હકીક્ત વ્યક્ત કરી છે.

''જીવ જીવન પ્રભુ માહરા, અબોલડા શાના,
તમે અમારા અમે તમારા, વાસ નિગોદમાં લીધાં છે. રહેતો''

પછી તો આત્મા નિગોદ છોડીને એકેન્દ્રિયથી ચઉરેન્દ્રિયમાં ગયો. નરકમાં પણ સાથે રહીને પરમાધામી દેવોએ જે દુઃખ આપ્યું તે પણ સહન કર્યું. દેવના ભવમાં એક વિમાનમાં સાથે રહીને શૈય્યામાં આરામ કરતાં કરતાં નાચગાન નિહાળ્યા કરતા હતા. તમે

સમવસરણમાં બેસીને ઉપદેશ આપતા હતા અને હું તે સાંભળતો હતો. ભક્ત ભગવાન સાથેના પૂર્વના સંબંધોની યાદી આપીને પોતાના તરફ અમી દૃષ્ટિ કરવા જણાવે છે. કવિના શબ્દો છે -

"એક દિન તમે અને અમે બેઉ વેલડીએ વળગીને ફરતાં,
એક દિન બાલપણામાં આપણે ગેડી-દડા નિત્ય રમતાં
તમે અને અમે બહુ સિદ્ધ સ્વરૂપી એવી કથા નિત્ય કરતા
એક દિન કુળ ગોત્રને ઠેકાણે એક જ થાળીમાં જમતા
એક દિન હું ઠાકોર તમે ચાકર સેવા મ્હારી કરતા !

હવે ભક્ત જણાવે છે કે આપ થયા જગ ઠાકોર સિદ્ધિ વધૂના પનોતા. આ સ્તવનમાં કવિની કલ્પના શક્તિનો પરિચય થાય છે. આત્માએ પરમાત્મા સાથે જુદા જુદા ભવોમાં સંબંધ બાંધ્યો તો હવે હે પરમાત્મા પદ આપો એવી માગણી કરી છે. ભક્ત વિનમ્ર બનીને પોતાની ભવોભવની ભ્રમણાનો ઉલ્લેખ કરીને પોતાનો ઉદ્ધાર થાય એમ અભિલાષા વ્યક્ત કરે છે.

પ્રભુ પાસે આત્મા પોતાના ઉદ્ધારની માગણી કરે છે તેને કેન્દ્રમાં રાખીને લખાયેલું આ સ્તવન યાંચા પ્રકારનું છે.

"કાલ અનંતનો સ્નેહ વિસારી કામ કીધાં મન ગમતાં,
હવે અંતર કેમ કીધું પ્રભુજી ચૌદરાજ જઈ પહોતા ॥૧૦॥ (૨૦)

## ૧૦. વિજયશેઠ - વિજયા શેઠાણીનું સ્તવન :

વિજયશેઠ અને વિજયા શેઠાણીની પ્રભુ મિલનની ઉત્કટ ભાવના પ્રગટ થયેલી છે. તેને વિષય વસ્તુ તરીકે સ્વીકારીને કવિએ ૧૦ ગાથામાં સ્તવનની રચના કરી છે. ભગવાન પોતાના નગરમાં એકવાર પધારીને વંદન - દર્શનનો અપૂર્વ લાભ આપે એવી હૃદયની શુભ ભાવના વ્યક્ત કરતું સ્તવન ભક્તોનો પ્રભુ પ્રત્યેનો સ્નેહ પ્રગટ કરે છે.

આરંભની કડી નીચે મુજબ છે.

''એકવાર વચ્છદેશ આવજો જિણંદજી

વિજય ને વિજયા વધાવીએ રે, પૂર્વ દેશ વહુ કચ્છ અનંતો કેમ લેખ પઢાવીએ જિણંદજી ધણી ધણીયાણી શ્રાવક તમારા કોઈ દિન ધર્મ લાભ કહાવીએજી.... ॥૧॥

ભક્ત ભગવાનના જીવનના પ્રસંગોને યાદ કરીને એમનો મહિમા ગાય છે. પ્રભુએ ઉપસર્ગો સહન કર્યા, સમવસરણનું અલૌકિક સૌન્દર્ય, ત્રિશલા માતાનો હર્ષોલ્લાસ, એમની અમૃત સમ વાણીનું શ્રવણ, બાર પર્ષદા, શ્રેણિકની દેશના સાંભળવી, ચંદનબાળાનો ઉદ્ધાર વગેરેનું નિરૂપણ કરીને કવિ જણાવે છે કે દયા કરીને અમને પાંચ મહાવ્રત ઉચ્ચરાવો એવી વિનંતી કરી છે. (કડી ૮-૯)

સેવક જાણીને દયા મન આણી, મહાવ્રત ઉચ્ચરાવોજી;
કેવળીને મોકલ્યા સોળ કચ્છ દેશે, સંયમ લીયે જોગ ભાવીયે. ॥૮॥

સંયમ લઈ બેઉ સ્વર્ગ સીધાવ્યાં, વળી વળી શીષ નમાવીએજી;
વિજય ને વિજયા દંપતિ માતા ક્રોડ ક્રોડ કર્મ ખપાવીએજી. ॥૯॥

આ સ્તવનની રચના ખંભાતમાં સંવત ૧૮૮૫માં કરવામાં આવી છે. તેનો પણ છેલ્લી કડીમાં ઉલ્લેખ થયેલો છે.

વિજય શેઠ અને વિજયા શેઠાણીની અંતરની ભક્તિ ભાવના આશા - આકાંક્ષા વ્યક્ત થયેલી છે. કવિની કલ્પના શક્તિનો અહીં પરિચય થાય છે. ગરબાના ઢાળમાં રચાયેલું સ્તવન પ્રભુ ભક્તિનો અનેરો આસ્વાદ કરાવે છે. તેમાં રહેલી લય અને ભાવનાથી સુમધુર કાવ્ય રચના તરીકે સ્થાન પામે છે. કવિએ વિજય શેઠ અને વિજયા શેઠાણીના અંતરની અભિલાષાને પ્રગટ કરવામાં સફળતા મેળવી છે. (૨૧)

# પ્રકરણ - ૪ સંદર્ભ પુસ્તક સૂચી

## સ્તવન


| | | |
|---|---|---|
| ૧. | જિન દેવદર્શન મોહનલાલ દ. દેસાઈ | પા. ૮૦ |
| ૨. | જિન દેવદર્શન મોહનલાલ દ. દેસાઈ | પા. ૯૮ |
| ૩. | જિન દેવદર્શન મોહનલાલ દ. દેસાઈ | પા. ૯૯ |
| ૪. | જિન દેવદર્શન મોહનલાલ દ. દેસાઈ | પા. ૧૦૧ |
| ૪.એ | જિન દેવદર્શન મોહનલાલ દ. દેસાઇ | પા. ૧૦૩ |
| ૫. | શ્રી જૈન સત્ય પ્રકાશ મુ.પ. અંક ૫.૭ | પા. ૨૦૦ |
| ૬. | શ્રી જૈન સત્ય પ્રકાશ મુ.પ. અંક. ૧૧ | પા. ૩૯૨ |
| ૭. | જિન ગુણ મંજરી | પા. ૫૧૭ |
| ૮. | જિન ગુણ મંજરી | પા. ૨૩૭ |
| ૯. | હસ્તપ્રત | |
| ૧૦. | હસ્તપ્રત - ગણધર દેવવંદન | પા. ૮ |
| ૧૧. | ગહુંલી સંગ્રહ નામા | પા. ૧ |
| ૧૨. | ગહુંલી સંગ્રહ નામા | પા. ૨ |
| ૧૩. | ગહુંલી સંગ્રહ નામા | પા. ૨ |
| ૧૪. | ગહુંલી સંગ્રહ નામા | પા. ૩ |
| ૧૫. | ગહુંલી સંગ્રહ નામા | પા. ૩ |
| ૧૬. | ગહુંલી સંગ્રહ નામા | પા. ૪ |
| ૧૭. | ગહુંલી સંગ્રહ નામા | પા. ૪ |
| ૧૮. | ગહુંલી સંગ્રહ નામા | પા. ૬ |
| ૧૯. | શ્રી પ્રાચિન સ્તનાદિ સંગ્રહ<br>સંપાદક : તિલક વિજયજી ગણિવર પા. | પા.૫૫ |
| ૨૦. | જિન ગુણ મંજરી - સં.પા સા.<br>સ્વયં પ્રભાશ્રીજી | પા. ૩૪૯ |
| ૨૧. | શ્રી પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ<br>પં. તિલકવિજયજી ગણિવર. | પા. ૪૮ |

# પ્રકરણ-૫

# ગહુંલી

જૈન કાવ્ય સાહિત્યમાં ગહુંલીની રચનાઓમાં અન્ય કાવ્ય પ્રકારોની માફક સાધુ કવિઓએ કલમ ચલાવી છે. ગેય દેશી કે પ્રચલિત ગરબા ગરબીના ઢાળમાં ગહુંલીઓ રચાઈ છે. તેમાં મુખ્યત્વે ગુરુ મહિમા ગાવામાં આવે છે.

દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણમાં ગુરૂ કેન્દ્ર સ્થાને છે. ગુરૂ પોતાના વિશિષ્ટ જ્ઞાનથી દેવ એટલે કે વીતરાગનું વિસ્તારથી સ્વરૂપ સમજાવે છે. વીતરાગનો ધર્મ શું છે ? તે વિશે પણ વૈવિધ્યપૂર્ણ માહિતી આપે છે. જૈન સમાજમાં વ્યાખ્યાનનો મહિમા વિશેષ છે. ધર્મના સ્વરૂપને સમજવા માટે વ્યાખ્યાન સાંભળવું અનિવાર્ય છે. જૈનેતરોની કથા શ્રવણની પ્રવૃત્તિની તુલનામાં વ્યાખ્યાન કંઈક જુદી જ પ્રવૃત્તિ છે. તેમાં જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો, આગમ ગ્રંથો અને અન્ય પૂર્વાચાર્યો વિરચિત ગ્રંથોના સંદર્ભથી કથા કે દૃષ્ટાંતનો આશ્રય લઈને વિશ્લેષણ કરવામાં આવે છે. પરિણામે વ્યાખ્યાન શ્રવણ શ્રોતાઓને હૃદયસ્પર્શી બની ધર્મ પામવાની અનેરી ધન્ય પળ પ્રાપ્ત કરાવે છે. આ ધર્મ શ્રવણ ત્યાગ અને વૈરાગ્યના બીજારોપણની મહત્ત્વની કામગીરી પણ કરે છે. સંસારની મોહમાયામાં ફસાયેલા લોકોને વ્યાખ્યાન દ્વારા ધાર્મિક જ્ઞાન આપીને અનન્ય ઉપકાર કરનાર ગુરુને વિસ્મૃત કેવી રીતે કરાય ? આવા ગુરુનો મહિમા ગહુંલી દ્વારા ગાવામાં આવે છે. વ્યાખ્યાનને અંતે ગહુંલી ગાવાની જૈન સમાજની પ્રચલિત પ્રણાલિકા છે. ગહુંલીનું મધુર કંઠે શ્રવણ એ વ્યાખ્યાનનું અનેરું અંગ પણ છે. ગહુંલીમાં

ગુરુમહિમા ઉપરાંત વ્યાખ્યાનના વિષયોને પણ આવરી લેવામાં આવે છે. પર્વના દિવસો - તહેવારો, ધાર્મિક મહોત્સવો - દીક્ષા, પ્રતિષ્ઠા યાત્રા વગેરેને પણ વિષય બનાવીને ગહુંલીઓ રચાયેલી છે. દીપવિજય કવિરાજે પણ કેટલીક ગહુંલીઓ રચી છે. તેનો પરિચય આપવામાં આવ્યો છે.

## ૧. ભગવતી સૂત્રની ગહુંલી

૪૫ આગમમાં ૧૧ અંગ સૂત્રો છે. તેમાં પાંચમું વિવાહ પ્રજ્ઞપ્તિ છે. જેનું બીજું નામ ભગવતી સૂત્ર છે. વ્યાખ્યાનમાં ચાતુર્માસ દરમ્યાન ગુરુ પોતાના જ્ઞાન અને અભ્યાસ અનુસાર વ્યાખ્યાન માટે વિષયની પસંદગી કરે છે. એટલે ભગવતી સૂત્રનું વ્યાખ્યાનમાં વાંચન થાય તે દષ્ટિએ વિચારતાં આ ગહુંલીમાં ભગવતી સૂત્રનો પરિચય અને મહિમા ગાવામાં આવ્યો છે.

સાત કડીની ગહુંલીમાં કવિએ પ્રથમ ત્રણ કડીમાં ભગવતી સૂત્રનો ટૂંકો પરિચય, પછીની બે કડીમાં ગંગમુનિ અને સંગ્રામ સોનીનો દષ્ટાંત રૂપે ઉલ્લેખ, બાકીની બે કડીમાં ગુરુ મહિમા દર્શાવ્યો છે. ગહુંલીની વિશેષતા છે કે તેની ધ્રુવપંક્તિ ભાવવાહી ને સમૂહમાં ગાઈ શકાય તેવી છે. પરિણામે ગહુંલી સાંભળવાનો અનેરો લ્હાવો વ્યાખ્યાનમાં સૌ કોઈને પ્રાપ્ત થાય છે. આરંભની પંક્તિ નીચે મુજબ છે.

"સહિયર સુણિયે રે ભગવતી સૂત્રની વાણી,
પાતક હણીયે રે, આતમને હિત આણી"

ભગવતી સૂત્રની વાણી ભવોદધિતારક, સમક્તિ દાયક, નરક નિગોદ ગતિ દૂર કરનારી અને સ્વર્ગની નિસરણી સમાન છે.

કવિએ સ્વર્ગની નિસરણીની ઉપમા દ્વારા ભગવતી સૂત્રની વાણીનો પ્રભાવ દર્શાવ્યો છે.

ગુરુની ભક્તિ એટલે એમના જ્ઞાનની ભક્તિ પણ ખરીજ.

૨. ગુણશીલ ચૈત્યમાં ગૌતમસ્વામી અને અન્ય ગણધરો, મુનિઓનો અભ્યાસ કરે છે. તેમને ભાવપૂર્વક વંદન કરવા જઈએ એ વિષયને કેન્દ્રમાં રાખીને કવિએ ગહુંલી રચી છે. પ્રથમ સાત કડીમાં ગૌતમસ્વામી આદિ ગણધર-મુનિઓના અભ્યાસની માહિતી છે. બાકીની બે કડીમાં ગહુંલીને અનુરૂપ ગહુંલી પૂરીને વધાવવાનો ભાવ દર્શાવ્યો છે.

આરંભની પંક્તિઓ જોઈએ તો --

"ચાલો રે બાઈ ચાલો રે, જુઓ ગૌતમ સ્વામીની રચના રે
લબ્ધિવંત ગુણવંત ગિરૂઆ કરતા સંજમ જતનારે. ।।૧।।

મુનિઓનો ઉલ્લેખ કરતાં કવિ જણાવે છે કે -

"કેઈ મુનિ ગણધર પદ સેવે છે.
કેઈ મુનિધ્યાન ધરે છે રે,
કેઈ મુનિ આગમ દાન દિયે છે.
કેઈ મુનિ વિજય કરે છે. ।।૩।।

આગમનો અભ્યાસ કરતા મુનિઓનો ઉલ્લેખ કરતી કડી જોઈએ તો -

"કેઈ આચારાંગ સૂયગડાંગ ઠાણાંગ
કેઈ સમવાયાંગ ગોખે રે,
ભગવતી સૂત્ર પ્રમુખ બહુ આગમ
ભણી આતમ રસ પોષે રે. ।।૫।।

અનંતલબ્ધિનિધાન ગૌતમસ્વામીનું નામોચ્ચારણ પરમ પાવનકારી ગણાય છે.

"દીપવિજય કહે ગૌતમ નામે, માહામંગલ પદ પાવે રે."

આ ગહુંલીમાં ભગવાન મહાવીરસ્વામીના પ્રથમ ગણધર અને મુનિઓના જ્ઞાન, ધ્યાન અને આત્મસાધનાની પ્રવૃત્તિને બિરદાવવમાં આવી છે. અહીં કવિએ ગેય દેશીનો પ્રયોગ કરીને ગહુંલી કાવ્યનો લય સાધ્ય કર્યો છે.

"આ જો રે બાઈ, આ જો રે સોભાગી ગુરૂના પગલાં રે,
પગલે પગલે રત્ન જડાવું, ડગલે ડગલે હીરા રે."

૩. ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એટલે દેવોએ સમવસરણની રચના કરી. બાર પર્ષદાની રચના થાય છે. પછી ભગવાન દેશના આપે છે. તે પ્રસંગને ગહુંલીમાં ગૂંથી લેવામાં આવ્યો છે. દેવો-દેવીઓ, નરનારી અને તિર્યંચો પણ ભગવાનની દિવ્યવાણીનો શ્રવણ દ્વારા આસ્વાદ કરે છે. ભગવાન મહાવીરના ૧૦ શ્રાવકો વિશેષ લોકપ્રિય છે. શ્રાવકનાં ૧૨ વ્રત સ્વીકારીને આરાધના કરે છે. ભગવાનના શ્રાવકોની સંખ્યા એક લાખ ઓગણસાઠ હજારની હતી, તેમાં સર્વશ્રેષ્ઠ શ્રાવક તરીકે આનંદનું નામ ગણાય છે. શ્રાવકો ઉપરાંત ભગવાનના પરિવારની વિગતો આપીને ગહુંલીને અનુરૂપ ગહુંલી પૂરી મંગલ ગાવાની શુભ ભાવના વ્યક્ત કરી છે. આ સમગ્ર વૃત્તાંત સાતમા અંગ સૂત્ર ઉપાસક દશાંગમાં છે. ઉપરોક્ત વિચારોને ગહુંલીમાં વ્યક્ત કરવામાં આવ્યા છે.

"અરે હાંરે વીરજી વાયે છે વાંસલી રે" દેશીમાં ગહુંલી રચી છે. આરંભની કડી - જોઈએ તો -

“અરે હાંરે વીરજી દીયે છે દેશના રે
ચાલો ચાલો સહીયરનો સાથ
સુરવર કોડા કોડિ તિહાં મળ્યા રે.
પ્રભુ વરસે છે ત્રિભુવન નાથ. વીર. ॥૧॥”

પ્રભુને વધાવવા માટે ને મંગલ પૂરવા માટે બાલિકા આવે છે. તેની અભિવ્યક્તિ કરતાં કવિ જણાવે છે કે -

“અરે હાંરે સખી વયણે ઉજમાલી બાલિકા રે,
આવી વંદે પ્રભુજીના પાય
મહામંગલ પ્રભુજીની આગલે રે.
પુરે ચઉ મંગલ સુખદાય. વીર. ॥૬॥

૪. આ ગહુંલીમાં કવિએ ભગવાનની દેશના વખતે બહેનો ભક્તિ-ભાવપૂર્વક ચાર મંગલ પૂરે છે. તેનો સંદર્ભ આપ્યો છે. તેમાં પણ ભગવાનને ગુરુ તરીકે સ્વીકારી મહિમા ગાવાની જ પ્રણાલિકા દર્શાવી છે. મહાવીર પ્રભુ ગુણશીલ ચૈત્યમાં પધાર્યા છે. અને પર્ષદામાં ઉપદેશ આપે છે. તે વાત એક સખી બીજી સખીને સંબોધીને કરે છે. અને પ્રભુની દેશના સાંભળી પાવન થવાનું જણાવે છે.

‘આવો હરિ લાલરિયા વાલા’ એ દેશીમાં ગહુંલી રચી છે. આરંભની પંક્તિમાં જ વંદનનો ભાવ સખીને ઉદ્દેશીને વ્યક્ત થયેલો છે. “ચાલો સખિ વંદનને જઈએ, વંદીને પાવન તો થઈએ.” ભગવાન મહાવીર ત્રિશલાના કુંવર ધર્મ ધુરંધર છે. એમની શોભાનું શું વર્ણન કરું ?

“છાજે રે કેવલ ઠકુરાઇ, આદિ અનંત ગુણગાઇ
ગણધર આગમમાં ગાઈ. ચાલો ॥૩॥

સુરનર કોડિ સેવા કરતા, ઓગણીશ અતિશય અનુસરતા;
ભાવે ભવ સાયર તરતા. ચાલો ॥૪॥"

શ્રેણિક રાજા અને ચેલણા રાણી ભગવાનની દેશના સાંભળવા આવ્યાં છે. પ્રભુને મોતીથી વધાવીને આઠ મંગલ કરે છે. પ્રભુનું આ ભક્તિસભર સન્માન-વિનય કરવામાં આવ્યો છે. તેનો ગહુંલીને અંતે ઉલ્લેખ કર્યો છે.

૫. "વાડીના ભમરા રે દ્રાખ મીઠી રે ચાંપાનેરની" એ દેશીમાં કવિએ ૮ કડીની ગહુંલી રચી છે. તેનો વિષય ભગવાન મહાવીરના પ્રથમ ગણધર ગૌતમસ્વામીનો ઉલ્લેખ કરીને મુનિજીવનનો પરિચય આપી મહિમા ગાવામાં આવ્યો છે. ગહુંલીની પ્રથમ કડી નીચે મુજબ છે.

" જીરે કામની કહે સૂણો કંથજી રે
ફલિયા મનોરથ આજ રે પાર ઉતારીયાજી રે.
નણદીના વીરા ગણધર આવ્યા છે. ચાલો વાંદવાજી રે ॥૧॥

ગૌતમસ્વામીનું વર્ણન કરતાં કવિ જણાવે છે કે વીરના પટોધર પાંચસો મુનિનો પરિવાર, કંચન કામિનીના ત્યાગી, જંગમ તીર્થસમાન પરિષહની ફોજને જીતનારા, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિના પાલક મેરૂ પર્વત સમાન મહાન, પાંચ મહાવ્રત ધારણ કરનાર દેવો ને મનુષ્યો સેવા કરે, અમૃત સમાન દેશના આપનારા વગેરે વિશિષ્ટતાઓ દર્શાવી સાધુ જીવનનો મહિમા ગાયો છે. અંતે કવિના શબ્દો છે કે "જી રે ગૌતમ ગણધર પૂજ્યજી, જી રે વીર શાસન શણગાર રે."

## ૬. અગીયાર ગણધરની ગહુંલી

ભગવાન મહાવીરના અગીયાર ગણધરનો નામોલ્લેખ કરવામાં આવ્યો છે. પર્યુષણ પર્વમાં ગણધરવાદના વ્યાખ્યાનમાં આ ગહુંલી ગાવામાં આવે છે. જૈન કવિઓએ લગભગ દરેક પ્રસંગ પર્વને અનુરૂપ વિચારો વ્યક્ત કરતી ગહુંલીઓ રચી છે. તેમાં આ ગહુંલીનો સમાવેશ થાય છે. ગણધર એ ભગવાનના પટ્ટધર કહેવાય છે.

ગહુંલીની આરંભની પંક્તિ નીચે મુજબ છે.

"પહેલો ગોયમ ગણધરૂ ઈન્દ્રભૂતિ જેહનું છે નામ"

"ગણધર ગચ્છપતિ ગણપતિ તીરથના અવતાર."

"દ્વાદશાંગી ધરનાર સહુ, મુનિના શિરદાર, પામ્યા ભવનો પાર"

અહીં ગહુંલીને અંતે કવિએ શ્રેણિક રાજા અને ચેલ્લણા રાણીનો ઉલ્લેખ કરીને ગહુંલી પૂરવામાં આવી છે એમ દર્શાવ્યું છે. માત્ર નામ નિર્દેશ હોવાથી કાવ્યત્વના અંશો અલ્પ છે. એક સામાન્ય રચના તરીકે ગણી શકાય તેમ છે.

કવિએ નવ કડીની આ ગહુંલીમાં ગુરુ મહિમા ગાયો છે. ગુરુ તરીકે ગૌતમસ્વામીને કેન્દ્રમાં રાખીને એમના પ્રત્યેનો પૂજ્યભાવ પ્રગટ કર્યો છે. આરંભની કડી જોઈએ તો

"ચિત્ત સમરૂ સરસતિ પાય રે, વળી વંદુ સદ્ગુરુ પાય રે,
ગાઈશ તપગચ્છ રાય રે, ગચ્છ રાયા રે ॥૧॥

૭. ગુરુ સંયમમાં ધ્યાન ધરે છે, પંચાચારનું પાલન, આત્મ ધ્યાનમાં મસ્ત, જિન શાસનના શણગાર, જ્ઞાનથી દેશના આપનારા વગેરે દ્વારા ગૌતમસ્વામીનો મહિમા ગાયો છે. ગહુંલીના લક્ષણ

મુજબ અંતે જણાવ્યું છે કે -

"કરો ગહુંલી ગચ્છપતિ આગે રે, વધાવો ગુરુ મહાભાગે રે"

આ ગહુંલીમાં કવિનો અંત્યાનુપ્રાસ નોંધપાત્ર છે.પ્રાસથી આ ગહુંલીઓ વિચારતાં એમ લાગે છે કે કવિને ગૌતમ ગણધર ગુરુઓના પણ ગુરુ તરીકે અતિપ્રિય ને પૂજ્ય લાગે છે.

"ગુરુ દેશના દે લટકાળી રે, ગુરુ પ્રતાપે કોડિ દિવાળી રે"

આ પંક્તિમાં ગુરુની દેશના અને તેના પ્રભાવ પ્રગટ થાય છે.

## ૮. કેશીકુમારની ગહુંલી

શ્રી પાર્શ્વનાથ ભગવાનના કેશી ગણધરનો મહિમા દર્શાવતી આ ગહુંલી ૭ કડીમાં રચાયેલી છે.

કવિ જણાવે છે કે પાર્શ્વનાથ ભગવાનના ગણધર કેશી મુનિ શ્વેતાંબીનગરીમાં પધાર્યા છે તો એમને વધાવવા જઈએ અને વંદન કરી પાવન થઈએ એવો વિચાર વ્યક્ત કર્યો છે.

આરંભની કડીમાં ઉલ્લાસનો ભાવ પ્રગટ થયો છે.

" જી રે કુંકુમ છડો દેવરાવીયે
જી રે મોતીના ચોક પુરાવો વધાઈ વધાઈ છે "

૯. ભગવાન મહાવીર રાજગૃહી નગરીના ઉદ્યાનમાં આવેલા ગુણશીલ ચૈત્યમાં પધાર્યા છે. તેની વધામણી મગધરાજા શ્રેણિકને મળે છે એટલે ચતુરંગી સેના સાથે વાજતેગાજતે પ્રભુને વંદના કરવા આવે છે. તે પ્રસંગનું નિરૂપણ ગહુંલીમાં કરવામાં આવ્યું છે. ચેલણા રાણીને પ્રભુની ગહુંલી પુરવાના કોડ છે. અને સુવર્ણના

ચોખા અને મોતીની ગહુંલી રચીને પ્રભુ પ્રત્યેનો અપૂર્વ ભક્તિભાવ વ્યક્ત કરે છે. આ મહિતીને કેન્દ્રમાં રાખીને કવિએ સાત કડીમાં ગહુંલીની રચના કરી છે. આરંભની કડી જોઈએ તો -

" ભવિયણ વંદો રે, ચોવીશમો જિનરાય,
સુગતિ આપ રે ટાલે કુગતિ કુઠાય"

ભગવાન પધાર્યા છે. તેની વધામણી સાંભળીને શ્રેણિક પ્રભુને વાંદવા જાય છે. તેનું વર્ણન કરતી પંક્તિઓ નીચે મુજબ છે.

"વનનો પાલક જેહનું નામ, દીધી વધામણિ જઈને તામ
શ્રેણિક હરખ્યો સુણીને નામ ચલચિત થયો રે
મગધપતિ મહારાજ પરિવાર સંયુક્ત રે, સાથે રમણી સમાજ
તિહાંથી ચાલ્યો રે પ્રભુને વંદન કાજ ભવિ. ।।૩।।

ગહુંલીનો સંદર્ભ આપતાં કવિ જણાવે છે કે -
"ચેલણા રાણી અતિ સોભાગી, જિન વંદીને ભક્તિ જાગી;
ગહુંલી કરવા રઢ બહુ લાગી, કનક ચોખા લઈને હાથે;
અતિહી રસાલ ગહુંલી પુરે રે,
જગપતિ આગે વિશાલ મોતીડે વધાવે રે".

## ૧૦. સિદ્ધચક્રની ગહુંલી :

રાજગૃહી નગરીમાં ભગવાન મહાવીરના પ્રથમ ગણધર ગૌતમસ્વામી પધાર્યા. દેશનામાં સિદ્ધચક્રની આરાધના કરવાની ઉપદેશાત્મક વાણી વ્યક્ત કરે છે, તેનો અહીં સંદર્ભ છે.

શ્રેણિક રાજા ચેલ્લણા રાણી સાથે આવીને આ ઉપદેશ સાંભળે છે. સ્વસ્તિકની રચના કરી શ્રદ્ધાપૂર્વક ગહુંલી પુરવાનો ઉલ્લેખ કર્યો

છે. આરંભની પંક્તિ નીચે મુજબ છે.

"હાં રે મહારે જિન આણા લઈ ઇંદ્રભૂતિ
ગણધ ર જો વિચરે રે."

આ ગહુંલી સીધી સાદી રચનાના નમૂના રૂપ છે.

૧૧. "સહી ચાલોને શ્રી મહાવીરને નમવા જઈએ રે" થી શરૂ થતી ગહુંલીમાં કવિએ ભગવાન મહાવીરના સમોવસરણના અલૌકિક સૌન્દર્યનું નિરૂપણ કર્યું છે. અને ભગવાનની દેશના સાંભળી હર્ષ અનુભવે છે. પ્રભુના ચરણોને મુક્તાફળથી વધાવે છે.

ભગવાન મહાવીરના સૌન્દર્યનું ચિત્રાત્મક વર્ણન કરતી પંક્તિઓ જોઈએ તો -

"ચૌદ સહસ મુનિ પરવરિયા, ગુણશીલવત ઉતારીયા રે;
અનંત અનંત ગુણે કરી ભરીયા, સમતા રસના દરીયા રે.

ત્રિગડાની રચના કરી સારી, ત્રિદશપતિ અતિભારી રે;
ગુણશીલવન ઉતરીયા રે
આતપત્ર પ્રભુ શિર પર રાજે
ભામંડલ છવિ છાજે બેની. સહિ. ।।૫।।

"બહુબાલા મળી ગહુંલી ગાવે, સરવે કંઠ મિલાવે"
એમ કહીને કવિ જણાવે છે કે ગહુંલી એક
બાલા ગવડાવે છે અને બીજી બાલાઓ ઝીલે છે.

ગહુંલીમાં સખીનું ઉદ્બોધન નોંધપાત્ર છે. સહી, સખી, સહિયર, બહેની જેવા શબ્દ પ્રયોગ આ પ્રકારની રચનાના આરંભમાં વિશેષ પ્રયોજાય છે.

## ૧૨. જંબુકુમારની ગહુંલી

જંબુકુમાર પાંચસો સત્તાવીશના પરિવાર સાથે સુધર્માસ્વામી પાસે દીક્ષા અંગીકાર કરે છે. તે પ્રસંગનું કવિએ ગહુંલીમાં વર્ણન કર્યુ છે. જંબુકુમારની વૈરાગ્યભાવના ને વૈભવનું વર્ણન કરતી રાસ-ફાગુ અને સજ્ઝાય જેવી રચનાઓ પ્રચલિત છે. અહીં વર્ણન નથી પણ આ પ્રસંગનો સંક્ષિપ્ત ઉલ્લેખ થયો છે.

ગહુંલીના આરંભની પંક્તિ જંબુકુમારના સંયમ જીવનની ભવ્ય ઝાંખી કરાવે છે.

"રાજગૃહી નયરી સમોસર્યા પાંચશે મુનિ પરિવાર,
મોરી સહિયા હો"
કેવળજ્ઞાન દિવાકરૂ શ્રી સોહમ ગણધર

જંબુસ્વામીએ સુધર્માસ્વામીની વૈરાગ્યપૂર્ણ વાણી સાંભળી દીક્ષા લેવાનો દ્રઢ સંકલ્પ કર્યો. લગ્નની પ્રથમ રાત્રિએ એમને ત્યાં પ્રભવ ચોર જંબુકુમારના વૈભવથી આકર્ષાઈને ચોરી કરવા આવ્યો ત્યારે જંબુકુમાર પોતાની આઠ નવોઢાને દીક્ષા લેવા માટે પ્રભુનો પાવનકારી ઉપદેશ સમજાવતા હતા. પ્રભવ ચોર પણ આ ઉપદેશ સાંભળી પ્રતિબોધ પામ્યો અને ચોરી કરવાને બદલે પોતાના પાંચસો ચોર સાથીઓ સાથે દીક્ષા અંગીકાર કરી. જંબુકુમાર અને એમનાં માતાપિતા, આઠ રાણીઓ અને એમનાં માતા પિતા અને પાંચ સો ચોર એમ પાંચસો સતાવીશ સાથે દીક્ષા અંગીકાર કરી. જંબુકુમારનો ત્યાગ આકર્ષક ને અનન્ય પ્રેરક છે. ત્યાગદ્વારા સંયમની આરાધના કરીને આત્માના શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. તેવો સંદર્ભ આ ગહુંલીનો છે. જંબુકુમારનું વૃત્તાંત પ્રચલિત હોવાથી પાંચસો

સત્તાવીશની ગહુંલીમાં સ્પષ્ટતા કરી નથી એટલે સંક્ષિપ્ત માહિતી અહીં આપવામાં આવી છે. કવિની કેટલીક નોંધપાત્ર પંક્તિઓ જોઈએ તો-

''ગુરૂ મુખથી રે સુણી દેશના, સંયમે ઉલ્લસિત ભાવજો,
ક્ષાયિક સમકિતનો ધણી, તરવાને ભવજલ દાવજો. ચા. ॥૩॥

પ્રત્યેક ગહુંલીમાં ચરિત્રાત્મક નિરૂપણ દ્વારા ગુરુભક્તિ દર્શાવવામાં આવી છે.

જૈન સાહિત્યમાં પ્રચલિત દુહો પણ જંબુકુમારની લોકપ્રિયતા દર્શાવે છે.

''એક જંબુ જગ જાણીએ, બીજા નેમિકુમાર
ત્રીજા વયર વખાણીયે, ચોથા શ્રી સ્થૂલિભદ્ર''.

## ૧૩. ચક્કેશ્વરી માતાની ગરબી

શત્રુંજય તીર્થપર બિરાજમાન આદીશ્વર ભગવાનની અધિષ્ઠાયક ચક્કેશ્વરી દેવીને કેન્દ્રમાં રાખીને ગહુંલી રચવામાં આવી છે.

ધાર્મિક ઉત્સવોની ઉજવણી પ્રસંગે સમૂહમાં ગાવાની જરૂરિયાતોમાંથી ગરબીનો ઉદ્‌ભવ થયો છે. સંઘ નૃત્યનો આ એક પ્રકાર છે. તેમાં મુખ્યત્વે માતાની ભક્તિનો મહિમા ગાવામાં આવે છે. ક્રમશ ઈષ્ટદેવને પણ ગરબીમાં સ્થાન આપવામાં આવ્યું છે. ગરબી લલિત મધુર પદાવલીથી રચાયેલી હોય છે. તેમાં કવિની ભાવવાહી અભિવ્યક્તિ રહેલી છે. સંક્ષિપ્તતાએ પણ ગરબીનું લક્ષણ છે. કવિએ ચક્કેશ્વરી દેવીનું મંજુલ પદાવલીમાં શબ્દચિત્ર આલેખ્યું

છે અને દેવીના વંદનથી પાવન થવાની ભાવના વ્યક્ત કરી છે. અંતે એમ જણાવ્યું છે કે પુંડરિકગિરિને પણ ધન્ય છે કે જ્યાં આ દેવીનો વાસ છે. વિવિધ સંઘો અત્રે આવીને યાત્રા કરી-દર્શન દ્વારા મનખાવતાર સફળ કરે છે. આવા વિચારો ગહુંલીમાં ગૂંથી લેવામાં આવ્યા છે.

''ચક્કેશ્વરી દેવીનું શબ્દચિત્ર કવિના શબ્દોમાં નોંધીએ તો દેવીનો પ્રત્યક્ષ પરિચય થાય તેમ છે.

''અલબેલી રે ચક્કેશ્વરી માતા જોવાને જઈએ રે,
જેહની સોવન ગાંત્ર જોવાને જઈએ રે.
આઠભુઅલી રે ચક્કેસરી માતા જોવાને જઈએ રે,
જેહની સોવન ગાત્ર જોવાને જઈએ રે.

આઠભુઅલી અતિ લટકાળી, મૃગપતિ વાહનવાલી રે.
જિનગુણ ગાતી લેતી તાલી, તીરથની રખવાલીજો, અ. ॥૨॥

શ્રી સિધ્ધાચલ ગિરિ પર ગાજે દેવી દેવ સમાજે રે
રંગિત જાલી ગોળ બિરાજે ઘડી ઘડી ઘડીયાળી કાજે. અ. ॥૩॥

ઘાટડી લાલગુલાલ સોહાવે પીલા રાતા ચરણા રે,
બહુ શોભે છે જગજનની ને કેશર કુંકુમ વરણાજો. અ. ॥૪॥

ખડકે કર કંકણ ને ચુડી, નવસરો હઈડે હાર રે,
રત્ન જડિત ઝાંઝર છે ચરણે ઘુઘરીયે ઘમકારજો. અ. ॥૫॥

નાકે મોતી ઉજ્જવલવાને બાજુબંધ બેહુ વાહે રે,
કેડે કટિમેખલા રણઝણતી, ઝલકે હીરા માંહે જો અ. ॥૬॥

આ રીતે ચક્કેશ્વરી દેવીનું વર્ણન ચિત્તાકર્ષક ને મનોહર છે.

કવિની શબ્દ પસંદગી, પ્રાસ, રચના, ઉચિત વર્ણનકળા વગેરે દ્વારા કવિત્વ શક્તિનો પરિચય થાય છે. અન્ય ગહુંલીઓ કરતાં અહીં કવિની નિરૂપણ શૈલી અને વર્ણયોજનાથી નમૂનેદાર રચના બની છે.

આ ગરબીમાં ચક્કેશ્વરી દેવીનું લલિત મધુર પદાવલીમાં ચિત્રાંકન કરીને ભક્તિભાવના વ્યક્ત થયેલી છે.

ગુજરાતી સાહિત્યમાં કવિ દયારામે કૃષ્ણ ભક્તિ વિષયક ગરબીઓ ઘણી મોટી સંખ્યામાં રચી છે. અને ગરબીના કવિ તરીકેનું બિરૂદ પ્રાપ્ત કર્યું છે. કવિ ભાલણનાં કેટલાંક પદો ગરબીના ઉદાહરણરૂપ છે. તદુપરાંત 'ભાણદાસ' પ્રીતમ, રાજે, રણછોડ અને સ્વામીનારાયણ સંપ્રદાયના કવિ નિષ્કુળાનંદ વગેરેની કેટલીક રચનાઓ ગરબી સ્વરૂપની મળી આવે છે. તેમાં સમકાલીન આચાર વિચાર ઉપરાંત ઈષ્ટદેવનાં ગુણગાન ગવાયાં છે.

આમ ગરબી પણ કાવ્ય પ્રકાર તરીકે સ્વતંત્ર રીતે સ્થાન ધરાવે છે. પદ સ્વરૂપની રચનાઓમાં ગરબી ઘણું સામ્ય ધરાવે છે. પદમાંથી ક્રમશઃ ગરબી સ્વરૂપ વિકાસ પામ્યું છે એમ માનીએ તો કાંઈ વાંધો નથી. ગરબીમાં રહેલી ઊર્મિ યુક્તતાએ અર્વાચીન સાહિત્યમાં ઊર્મિકાવ્ય કે ગીતોની રચનામાં પ્રેરણા આપી છે.

ગહુંલીની રચનાઓ સીધી સાદી હોવા છતાં અહીં કલાત્મક અંશો વિશેષ રહેલા છે.

કવિ દીપવિજ્યની રચનાઓની વિવિધતાનો વિચાર કરતાં એમની ગહુંલીની રચનાઓ પણ નોંધપાત્ર છે. વ્યાખ્યાન વખતે ગહુંલી ગાવાનો રિવાજ પ્રચલિત છે. સ્ત્રીઓ મધુર કંઠે સમૂહમાં

ગહુંલી ગાય છે. તેમાં વ્યાખ્યાનના પ્રસંગને અનુરૂપ વિચારો વ્યક્ત થયેલાં હોય છે. ઉદા-પર્યુષણ, નવપદની આરાધના, તપની ઉજવણી, દીક્ષા મહોત્સવ, તીર્થંકર ભગવાનનું ચરિત્ર જેવા વિષયોની ગહુંલીઓ પ્રાસંગિક રૂપે ગાવામાં આવે છે. ગહુંલીમાં વિષયોની વિવિધતા જોવા મળે છે. પ્રસંગો ઉપરાંત વૈરાગ્ય, ધર્મના સિદ્ધાંતો, ધર્માચરણ, આવશ્યક ક્રિયાઓ, ગુરુમહિમા, મુનિધર્મ, જિન વાણીનો આદર, સ્ત્રીઓની નીતિ, બ્રહ્મચર્ય જેવા વિષયોનો તેમાં સમાવેશ થયેલો છે.

યોગનિષ્ઠ આચાર્ય ભગવંત બુદ્ધિસાગરસૂરિ કૃત 'ગહુંલી સંગ્રહ' ઈ.સ. ૧૯૧૧માં પ્રગટ થયો છે. તેમાં વિવિધ ગહુંલીઓનો સંચય છે.

આ સંગ્રહમાં દીપવિજય કવિરાજની બે ગહુંલી પણ સ્થાન પામેલી છે. કવિની 'મુનિવંદન' શીર્ષકની ગહુંલીની રચના ૭ કડીમાં થયેલી છે. તેમાં ગુરુનો મહિમા ગાવામાં આવ્યો છે. ગુરુનો મહિમા ગાવાની પ્રણાલિકા એટલા માટે પ્રચલિત છે કે સમાજના બધા જ લોકોને ભગવાનની દિવ્ય વાણી અને ઉપદેશ આપીને રખડતા - રઝળતા, હારેલા - ત્રાસેલા જીવોને માર્ગસ્થ કરવામાં સાચી દિશા ઉઘાડી આપીને ધર્મમાં જોડાવવાનું કામ શાસ્ત્રોક્ત પદ્ધતિથી જો કોઈ કરતું હોય તો તે માત્ર ગુરુ છે.

આવા ગુરુનાં ગુણ ગાવાની ચરિત્રાત્મક રચનાઓ ઉપરાંત વ્યાખ્યાનના પ્રસંગે એમનો મહિમા ગહુંલી દ્વારા ગાવામાં આવે છે.

"પ્રભુજી વીર જિણંદને વંદીયે રે" એ દેશીમાં ગહુંલીની રચના થઈ છે.

ગુરુ તપાગચ્છના પટ્ટધર, છત્રીશ ગુણ યુક્ત અને ભવ્યજીવોના આધાર સમાન છે.

કવિએ ગુરુનો પરિચય આપતાં સુંદર ઉપમાનો પ્રયોગ કર્યો છે. ઉદા.

"તખતેં સોહે ગુરુ રાજજી
ઉગ્યો જિમ જગ ભાણ હો, (દષ્ટાંત)
મુખડું સોહે રે પૂરણ શશી (ઉપમા)
અણીયાળાં ગુરુ નેણ હોં
જલધરની પેઠે ગાજતા (ઉપમા)
અંગ ઉપાંગની દેશના
બરસત અમૃતધાર હો" (ઉત્પ્રેક્ષા)

ઉપરોક્ત પંક્તિઓ ગુરુનો પ્રત્યક્ષ પરિચય કરાવે છે. ને વળી તેમાં કવિત્વ શક્તિના અંશો જોઈ શકાય છે.

'સજની શાસન નાયક દિલધરી
ગાશું તપગચ્છ રાયા હો અલબેલી હેલી"

અલબેલી હેલીની ધ્રુવપંક્તિ ગહુંલીમાં રહેલી ગેયતાને અનુરૂપ બને છે.

ગહુંલી ગાવાની સાથે અક્ષત, ફળ, સુવર્ણ મુદ્રાનો ઉપયોગ કરીને સ્વસ્તિક રચી મોતીથી કે સોના ચાંદીના ફૂલોથી વધાવવામાં આવે છે. સ્ત્રીઓ ઉત્તમ વસ્ત્રાભૂષણથી અલંકૃત થઈને ગહુંલી ગાવામાં ભક્તિરસની અનુભૂતિ કરે છે.

"શુભ શણગાર સજી કરી
મોતી વડે ભરી થાળ હો,
શ્રદ્ધા પીઠની ઉપરે
પૂરે ગહુંલી વિશાળ હો. અ.સ.વી. ॥૬॥ (૨૩)

ગહુંલીમાં 'જિનવાણી'ને પણ ગ્રૂંથી લેવામાં આવે છે. દીપ-વિજયની ૭ કડીની આ ગહુંલીનું 'અધ્યાત્મ' શીર્ષક આપવામાં આવ્યું છે પણ તેમાં 'જિનવાણી' અને તેનો પ્રભાવ કેવો છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. 'ભવિ તુમે વંદો રે શંખેશ્વર જિન રાયા' એ દેશીમાં ગહુંલીની રચના કરવામાં આવી છે.

આરંભની પંક્તિથી જ જિનવાણીનો સંદર્ભ મળે છે.

"અમૃત સરખી રે સુણીએ વીરની વાણી"

આ ગહુંલીમાં ભગવાનનો ઉપદેશ તત્ત્વજ્ઞાન વિષયક છે. તેવા શબ્દોનો ઉલ્લેખ થયેલો છે. પાંચ અસ્તિકાય, ચેતન - પદાર્થોની નિત્યાનિત્ય સ્થિતિ, દ્રવ્ય-ગુણ અને પર્યાય, નયથી અભિવ્યક્તિ સામાન્ય અને વિશેષ એમ ૨૧ ગુણયુક્ત વાણી, ચઉભંગી, ચારનિક્ષેપ, વગેરે તાત્વિક પરિભાષાના શબ્દોનો ઉલ્લેખ કરીને વાણીનો લાક્ષણિક પરિચય આપ્યો છે. વાણીનો પ્રભાવ દર્શાવતાં કવિ કહે છે કે "યોજન ગામિની વાણી, નિજ નિજ ભાષાએ સહુ સમજે" "વાણીની બલિહારી" આમ જિનવાણી પ્રભાવશાળી છે.'

કવિએ જિનવાણી દ્વારા મહાવીરસ્વામીનો સંદર્ભ આપતાં જણાવ્યું છે કે એમના ભાઈ નંદીવર્ધનની પટ્ટરાણી ચાર મંગલ ગાઈને ગહુંલી રચી મોતીડે વધાવે છે. અહીં કવિની ચિત્રાત્મક અભિવ્યક્તિનો પરિચય થાય છે.

"નંદિવર્ધનની પટ્ટરાણી, ચઉમંગલ પ્રભુ આગે પૂરે;
સ્વસ્તિક મુક્તાફળનો ચડવા શિવગતિ પાગે." અમૃત (૨૪)

આ ગહુંલી પારિભાષિક શબ્દોની માહિતી વગર સમજી શકાય તેમ નથી. જો કે જૈન સમાજમાં આ બધા શબ્દોનો પ્રાથમિક પરિચય તો હોય છે એટલે તેને સમજવામાં કોઈ મુશ્કેલી ન પડે છતાં અધ્યાત્મ રસિકજનોને સામાન્ય ગહુંલી કરતાં આવી તાત્વિક ગહુંલી આત્મરમણતા કેળવવામાં વધુ પૂરક બને તેમ છે.

આ પ્રકારની ગહુંલી દ્વારા કવિની જ્ઞાનોપાસનાનો પરિચય થાય છે. શાસ્ત્રની શુષ્ક અને ગહન હકીકતોને જૈન કવિઓએ વિવિધ કાવ્ય પ્રકારમાં ગૂંથી લીધી છે. તેનું ઉદાહરણ આ ગહુંલી છે.

ગહુંલીની એક વિશિષ્ટતા એ છે કે જૈન સાધુઓ પોતે ગહુંલીઓની રચના કરતા હતા અને શ્રાવિકાઓ આવી રચનાઓ વ્યાખ્યાનમાં ગાતી હતી. પ્રસંગોચિત ગહુંલીઓ મોટા પ્રમાણમાં રચાયેલી છે. તેમ છતાં પ્રભુ વાણીને જિનાગમના વિષયોનું વાંચન થતું હોવાથી તેવી ગહુંલીઓ કવિઓએ રચી છે. દીપવિજયની ગહુંલીઓ વિષય વૈવિધ્યની સાથે કાવ્યત્વના અંશોથી અલંકૃત છે.

# પ્રકરણ - ૫
# સંદર્ભ સૂચી
## ગહુંલી

| નં. ૧ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૯ |
|---|---|---|
| ૨ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૧૧ |
| ૩ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૧૨ |
| ૪ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૧૨ |
| ૫ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૨૦ |
| ૬ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૨૦ |
| ૭ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૩૬ |
| ૮ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૩૬ |
| ૯ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૩૬ |
| ૧૦ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૩૯ |
| ૧૧ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૪૦ |
| ૧૨ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૪૦ |
| ૧૩ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૬૦ |
| ૧૪ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૬૦ |
| ૧૫ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૬૦ |
| ૧૬ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૬૨ |
| ૧૭ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૬૬ |
| ૧૮ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૬૭ |
| ૧૯ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૬૭ |
| ૨૦ | ગહુંલી સંગ્રહ નામા | પા. ૭૫ |
| ૨૧ | ગહુંલી સંગ્રહ (મુનિશ્રી બુદ્ધિસાગરજી) | પા. ૮૧ |
| ૨૨ | ગહુંલી સંગ્રહ (મુનિશ્રી બુદ્ધિસાગરજી) | પા. ૮૧ |
| ૨૩ | ગહુંલી સંગ્રહ (મુનિશ્રી બુદ્ધિસાગરજી) | પા. ૮૨ |
| ૨૪ | ગહુંલી સંગ્રહ (મુનિશ્રી બુદ્ધિસાગરજી) | પા. ૮૩ |

# પ્રકરણ - ૬

## ગઝલ

મધ્યકાલીન કાવ્યપ્રકારોમાં જૈન સાહિત્યકારોનું પ્રદાન મૂલ્યવાન ગણાય છે. આ કવિઓએ વિવિધ વિષયોમાં કાવ્ય રચનાથી સાહિત્યને સમૃધ્ધ કર્યું છે. પરંપરાગત કાવ્ય પ્રકારો ઉપરાંત ગઝલ જેવા પરદેશી કાવ્ય પ્રકારની રચનાઓ જૈન કવિઓએ કરી છે. કવિ દીપવિજયની આ પ્રકારની રચનાઓ સંખ્યાની દ્રષ્ટિએ વિશેષ નોંધપાત્ર છે. વડોદરાની ગઝલ, સુરતકી ગઝલ, ઉદેપુરકી ગઝલ, પાલનપુર ગઝલ, સિનોર ગઝલ, ખંભાત ગઝલ, જંબુસર ગઝલ જેવા સ્થળોની ગઝલો રચી છે.

ગઝલનો જન્મ અરબસ્તાનમાં થયો હતો. તેનું 'ઇલ્મે અરૂઝ' (છંદ- બંધારણ) ઇ.સ. ૭૩૧ થી ૭૮૭ વચ્ચે થયેલા બસરાના વતની અહમદ ખલીલ બસરીએ સર્વ પ્રથમ આપ્યું હતું. ત્યાંથી ગઝલ ઈસ્લામ ધર્મના પ્રચાર સાથે ઇરાનમાં ગઇ. અહીં ફારસી ભાષાને ગઝલ એટલી બધી અનુકૂળ આવી ગઇ કે એનું સ્વરૂપ સોળે કળાએ ખીલી ઊઠ્યું : ત્યાર પછી વિશ્વના અન્ય દેશોમાં તેનો પ્રચાર થયો.

ગઝલ ફારસી અને ઊર્દૂ ભાષાના પ્રભાવથી ગુજરાતી ભાષામાં પ્રવેશ પામી છે. મુસલમાન શાસનકાળ દરમ્યાન મુસ્લિમ સંતો, ફકીરો અને સૂફીવાદીઓએ ગઝલને પોતાનો કાવ્ય પ્રકાર માનીને રચનાઓ દ્વારા સમૃધ્ધ કરી હતી.

આરંભમાં એમ માનવામાં આવતું હતું કે મુસલમાનો ગઝલ ગાય છે અને લખે છે. ગઝલમાં ઠુમરી, દાદરા, કવ્વાલી વગેરે

ગાયકીઓ પ્રધાન સ્થાન ભોગવતી હતી એટલે ગઝલ સંગીતનો કોઇ રાગ છે એમ મનાતું હતું. આ માન્યતા યથાર્થ નથી. મધ્યકાલીન સમયમાં કેટલાક જૈન મુનિઓએ રાજ્યાશ્રય પ્રાપ્ત કરવા કે વિરોધના ઉપશમનના હેતુથી ફારસી ભાષાનો અભ્યાસ કરીને ધર્મ, દેશ, યાત્રાનું વર્ણન કરતી ''Narrative'' ગઝલોની રચના કરી હતી.

''ગઝલ'' ક્રિયાપદ ઉપરથી ગઝલ શબ્દ ઉદ્‌ભવ્યો છે. તેનો અર્થ પ્રેમની વાત કે સંવનનની વાણી એમ થાય છે. ગઝલ બબ્બે પંક્તિઓના યુગ્મમાં રચાય છે. આ યુગ્મકને 'બેતે' અથવા 'શેઅર' કહેવાય છે. તેમાં બન્ને પંક્તિના કાફિયારદીફ જાળવવામાં આવે છે. પછીના 'શેરો' કાફિયારદીફ વિનાના હોય છે.

દીપવિજય કવિની ગઝલોના સંદર્ભમાં આ પ્રકાર વિશેની માહિતીનો ઉલ્લેખ અનિવાર્ય બની રહે છે. ગઝલ મૂળભૂત રીતે ફારસી ભાષાનો કાવ્ય પ્રકાર છે. શ્રી કૃષ્ણારામ મહારાજે સં. ૧૮૭૦માં 'કળિકાળના ગરબા'ની રચના કરી છે. તેમાં અનેક વસ્તુઓ સાથે ફરિયાદ કરી છે. તે સાથે એ પણ ફરિયાદ કરી છે કે ફારસી ભાષાના સંપર્કથી આ ગઝલ-પ્રકાર આપણે ત્યાં દાખલ થયો હોવો જોઇએ.

ગઝલની ચાલને રેખતો કહે છે.
''ફારશિયોના હરફ વસ્યા વિપ્રની વાણે
ગઝલ રેખતા તરફ ગમતા દીઠા ગાણે.'' [૧]

૧૬ મા ૧૭ મા સૈકાની ભવાઈ રચનામાં 'રેખતા' મળી આવે છે.

સ્થળ વર્ણન અને તીર્થ મહિમાની ગઝલો જૈન કવિઓએ રચી છે. સંસ્કૃત સાહિત્યમાં તીર્થ માહાત્મ્યની રચનાઓ છે તેવી જ

ગઝલો છે. જૈન સાહિત્યમાં આ તીર્થ વર્ણનની રચના 'કલ્પ' તરીકે નોંધાયેલી છે.

ઉદા. જિનપ્રભસૂરિની રચના "વિવિધતીર્થકલ્પ."

આ રચનાઓમાં પ્રાકૃતિક, ઐતિહાસિક અને ધાર્મિક માહિતી મળી આવે છે. મુસલમાનોના શાસનકાળ દરમ્યાન ગઝલનો પ્રચાર વધ્યો હતો.

સંવત ૧૭૪૮ માં ખરતરગચ્છીય કવિ ખેતાએ 'ચિતાડેરી' ગઝલ રચી હતી. તેની નમૂના રૂપ પંક્તિઓ જોઈએ તો. -

"ચરણ ચર્તુભુજ ધારિ ચિત્ત અરુઠીક કરો મન ઠોર
ચોરાશી ગઢ અક્કલે, ચાલો ગઢ ચિતોર (દુહા)
ગઢ ચિતોડ હેં વંકાકિ, માનું સમંદમેં લંકાકિ " [૨]

કવિ ખેતાની બીજી ગઝલ 'ઉદપુરરી ગઝલ' છે.

કવિ નિહાલની બંગાલ દેશકી ગઝલ, પણ સ્થળ વર્ણનથી મળી આવે છે.

ગુજરાતી ભાષામાં કવિ કલાન્ત બાલશંકર કંથારિયાએ ઇ.સ. ૧૮૮૭માં 'ભારતી ભૂષણ' ના પ્રથમ અંકમાં 'હરિપ્રેમ પંચદશી' ગઝલમાળા શરૂ કરી હતી.

ઉદા. "બલિહારી તારા અંગની, ચંબેલીમાં દીઠી નહિ
સખ્તાઇ તારા દિલની, મેં વ્રજમાં દીઠી નહિ"[૩]

ગઝલના આરંભમાં જાણીતા કવિઓમાં કાન્ત મણિભાઇ દ્વિવેદી, કલાપી જેવા કવિઓએ ગઝલના રંગે રંગાઇને પોતાની રચનાઓથી આ કાવ્ય પ્રકારનો વિકાસ કર્યો. તેમાં કલાપીની કાવ્ય

કળાનું ઉજ્જવળ પાસું તે કલાપીની ગઝલો છે. કવિએ પ્રણયની અભીપ્સા, વૈરાગ્યવૃત્તિ અને પ્રભુ ભક્તિના વિષયોની ગઝલો રચીને જ્ઞાનની ઉચ્ચ ભૂમિકા દર્શાવી છે.

"યારી ગુલામી શું કરું તારી ? સનમ
ગાલે ચૂમું કે પાનીએ તુંને ? સનમ" [૪]

કવિની આવી ગઝલોમાં 'મસ્ત રંગ' નિહાળી શકાય છે. સૂફી વાદના પ્રભાવથી કવિ પ્રભુની ઝંખના કરતાં ગુજરાતી સાહિત્યની સર્વોત્તમ નમૂનેદાર ગઝલ 'આપની યાદી' આપે છે.

"જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની" [૫]

કવિ દયારામને ઉત્તર હિન્દુસ્તાનના પ્રવાસ દરમ્યાન હિન્દી અને ઉર્દુ ગઝલોનો પરિચય થયો હતો. ત્યાર પછી કવિએ ગઝલમાં કલમ ચલાવી હતી.

ઉદા. "લગી હૈ યાદ પ્રીતમકી, તલફકે જિય જાવેગા,
મુઝે સો કહે સૈયા મેરી, મેરા જાની કબ આવેગા ?
લગા મેરે કલજે મેં ઈશ્કકા જખ્મ તો જુલ્મ હે,
દર્દ મેરા મહેરેમ માલૂમ, આલમ સારા બે માલૂમ હૈ. [૬]

મણિલાલ નભુભાઇ ત્રિવેદીએ 'પ્રેમ જીવન' અને 'અભેદોર્મિનાં' કાવ્યોમાં કેટલીક ગઝલો રચી છે. ઉદા.

"કહી તું જાય છે દોરી દગાબાજી કરી.
કિસ્મત ભરોસે તે લઇ શાને આ હરરાજી કરી ?
કંઇ લાખો નિરાશામાં અમર આશા છૂપાઇ છે
મરીને જીવવાનો માત્ર દિલ પરની દુહાઇ છે."

સરસ્વતીચંદ્રમાં ગોવર્ધનરામની ગઝલ પણ વધુ હૃદયસ્પર્શી ને ભાવવાહી છે.

"સુખી હું તેથી કોને શું, દુઃખી હું તેથી કોને શું ,
દીધાં છોડી પિતા માતા, તજી વ્હાલી ગુણીદારા,
જહાંગીરી ફકીરીએ, લલાટે છે લખાવી મેં,
પ્રજા એ હું નૃપાય એ હું, ઉરે ઓ એકલી તું તું."

કવિ કાન્તની 'મારી કિશ્તી' અને 'પ્રભુની પાઠશાળા' ગઝલમાં પ્રભુ પ્રત્યેની ભક્ત હૃદયની ઊર્મિઓ છે. તો "મૂર્તિ મનોહર માશુકની મને, સાંભરે આખી રાત સખી" જેવી ગઝલોમાં જીવનનો ઉલ્લાસ વ્યક્ત થયેલો છે. "ચંદાને સંબોધન" ગઝલમાં જીવન સખીના વિરહની ઘેરી વ્યથા વ્યક્ત થયેલી છે.

"ભલાજી ભેદ પૂછા ખૂબ અબ તું સબદ સુણ મહેબુ
જો હે દિલકા તું દોસ્ત, મનમેં રાખીએ ના રોષ.

બંદે બોલ બિસ્મિલ્લા, અવલ તું યાદ કર અલ્લા,
જબ લગ તેરી જિંદગી, બરાબર કીજીએ બંદગી,
મન માન લે મેરા, ખુદા બિન કોને હૈ તેરા.
(ઝુલણાનો વેશ) પા. ૬૨૬

જૈન સાધુ કવિઓએ સ્થળ વર્ણનની 'ગઝલ' ની રચનાઓ કરી છે. વડોદરા, સુરત, ઉદેપુર, ચિત્તોડ જેવા શહેરોની ગઝલ રચનાઓ મળી આવે છે. જૈન સાધુ કવિઓએ, તત્કાલીન સમયના રાજકીય વાતાવરણ ભાષા સાથે સમન્વય સાધીને ફારસી કાવ્ય પ્રકાર અપનાવ્યો હશે એમ માનવામાં વાંધો નથી.

અકબર બાદશાહ તરફથી 'ખુરફહમ' નો ઈલ્કાબ પામનાર

સિધ્ધચંદ્ર ગણિએ 'નેમિનાથ ચતુર્માસકમ' ની રચના કરી છે. આ કવિને ફારસી ભાષાનું જ્ઞાન વિશેષ હતું એટલે રાજાએ ઉપરોક્ત ઇલ્કાબ આપ્યો હતો. કવિની આ રચના ઋતુકાવ્ય-બારમાસી પ્રકારની છે. શ્રાવણ, ભાદરવો, આસો અને કાર્તિક એમ ચાર માસનું વર્ણન, પ્રથમ દુહા પછી હરિગીત છંદમાં થયેલું છે. તેના પર ચારણી ઋતુગીતોનો પ્રભાવ જોવા મળે છે.

"શ્રાવણહિંતુ રલિઆમલી, ધરા સીંચી જલધાર
ચિત્ત ચાતક પિઉ પિઉ, ચવઇ મોર કોઉ મલ્હાર
મલ્હાર મનહર કીધું મયૂરહ,વીજ ચમકઇ ચિહુ વલઇ
મદમસ્ત જોવન જોર માતી, વિરહ રાજુલ વિલવલઇ
નિસિ અંધારી નિરાધારી, પિયુ વિહૂણી પદમણી
ખુરફહમ સાંઇ મિલિ, દિલખુસ સુત્રઇ હિંતુ શ્રાવણી." ૯

કહેગી કબ જવાં મેરી દયાકા પ્રીતમ ઘર આયા હૈ ?"

ઉપરોક્ત ઉદાહરણોને આધારે ગઝલ કાવ્ય પ્રકારની માહિતી પ્રાપ્ત થાય છે. 'ગઝલ' મૂળ અરબી ભાષાનો શબ્દ છે. તેનો અર્થ પ્રેમયુક્ત ભાષામાં અથવા કાવ્યરૂપે બોલવું. ફારસી કાવ્ય પ્રમાણે ગઝલની પાંચ, સત્તર કે ઓગણીસ બેત્તની સંખ્યા રાખવામાં આવે છે. દરેક બેત્તમાં જુદી જુદી ભાવના પ્રગટ થયેલી હોય છે.

ગઝલમાં કવિનું નામ કે તખલ્લુસનો ઉલ્લેખ થયેલો હોય છે. ગઝલમાં પ્રેમ, સૌન્દર્ય, મનની વેદના, ઉત્સાહ, નિરાશા, વિયોગ, મિલનની ઉત્કટતા, સુખચેનનો અભાવ, બેચેની, ઉજાગરા, દુઃખનો આર્તનાદ, વગેરેને વ્યક્ત કરવામાં આવે છે. મદિરાનો નશો, વસંતઋતુ, પુષ્પોની પરિમલને પણ સ્થાન આપવામાં આવે છે.

સાધુ સંતો ને સૂફી દરવેશોના દંભને પણ સખત શબ્દોમાં પ્રગટ કરવામાં આવે છે. મૂળભૂત રીતે પ્રણયની વિવિધ સ્થિતિનું હ્રદય સ્પર્શી આલેખન કરતી ગઝલમાં સમય જતાં ઉપરોક્ત વિષયો સ્થાન પામ્યા છે.

'ઇશ્કે મિજાગી' ગઝલમાં પ્રિયાનો પ્રેમ કેન્દ્રસ્થાને હોય છે. જ્યારે 'ઇશ્કે હકીકત'માં પ્રભુ પ્રેમનું વર્ણન હોય છે. મુસલમાન રાજ્ય અમલ દરમ્યાન રાજકીય પ્રભાવથી ગઝલ કાવ્ય પ્રકાર પ્રચલિત બન્યો. 'મુશાયરા'ઓ દ્વારા પણ તેનો વિકાસ વિશેષ થયો છે. ગઝલની ઐતિહાસિક માહિતી જોતાં એમ લાગે છે કે કવિ દીપવિજયની ગઝલોમાં સ્થળ વર્ણન છે. તેમાં રાજકીય પ્રભાવ ને તત્કાલીન પરિસ્થિતનું વર્ણન હોવાથી ઐતિહાસિક રચના બને છે. વીસમી સદીના મહાન ગુર્જર કવિ સાહિત્ય રત્ન, કવિકુલ કિરિટ શ્રી આચાર્યદેવ લબ્ધિસૂરિનું નામ સુખ્યાત છે. તેઓશ્રીએ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી એમ ત્રિવિધ ભાષામાં સાહિત્ય સર્જન કર્યું છે.

લબ્ધિવિજયની ૨૫ ગઝલો, પૂજા અને સ્તવનાદિ સંગ્રહમાં મળી આવે છે. જૈન કવિઓએ અન્ય કવિઓની માફક તત્કાલીન સમયના વહેણમાં તાલ મિલાવવા પોતાની કલમ ચલાવી છે. અને આધ્યાત્મિક ભાવનાને ગઝલમાં સાકાર કરી છે.

જૈન તત્ત્વજ્ઞાનમાં બાર ભાવનાનું સ્વરૂપ કર્મબંધ અટકાવવા અને કર્મથી મુક્ત થવા અનન્ય પ્રેરક ગણાય છે. બાર ભાવનામાં નવમી ભાવના નિર્જરા કહેવાય છે. કવિએ બાર ભાવનાની પૂજામાં નવમી ભાવના નિર્જરાની રચના ગઝલ કાવ્યમાં કરી છે. પાંચ કડીની આ ગઝલનો કેન્દ્રવર્તી વિચાર તપથી કર્મની નિર્જરા અને

અક્ષયસુખ મળે છે તેમ દર્શાવ્યું છે. નિર્જરાની વ્યાખ્યા જેવો ભાવ દર્શાવીને ગઝલનો પ્રારંભ કર્યો છે.

''ખરેખર કર્મનું ખરવું, આતમથી નિર્જરા એ છે''
તપોથી બાર ભેદોથી, નવમ એ ભાવના ભાવો ।।૧।।

કર્યું તપ શ્રી પ્રભુ-પાર્શ્વે કરમ કષ્ટો જલાવાને ।।
થયા તેથી પૂરણજ્ઞાની, નવમ એ ભાવના ભાવો ।।૨।।

તપશ્ચર્યા સદા સેવો, મળે જેથી મોક્ષનો મેવો ।।
બધા એથી બન્યા દેવો, નવમ એ ભાવના ભાવો ।।૩।।

કમલને સૂર્યથી સ્નેહ, મયૂરને વ્હાલો છે મેહ;
વ્હાલો તપને કરમ છેહ, નવમ એ ભાવના ભાવો ।।૪।।

તપો જે પ્રેમથી સાધે અઠ્ઠાવીશ લબ્ધિઓ લાધે
નિજાતમ સુખ ત્યાં વાધે, નવમ એ ભાવના ભાવો ।।૫।।

બારમી ધર્મભાવનામાં કવિએ ધર્મની મહત્તા દર્શાવી છે.

''ધરમ ધારો સદા પારો, હૃદયમાં દુઃખ હરનારો;
સદાશિવ સુખ કરનારો, દ્વાદશ એ ભાવના ભાવો. ।।૬।।

જિનેશ્વર મુખથી નીકસ્યો ધરમરૂપ સુખ કર સૂરજ;
જગત અંધેર હરવાને, દ્વાદશ એ ભાવના ભાવો ।।૭।।'' (૧૦)

લબ્ધિવિજયના પાંડિત્યનું સર્વોત્તમ ઉદાહરણ એ છે કે એમણે ચંદ્રપ્રભુ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી ભગવાનના સ્તવનની રચના સંસ્કૃતમાં ગઝલરૂપે કરી છે. ગુજરાતી હિન્દીના મિશ્રણ ને લય વાળી ગઝલ જેવી જ નમૂનેદાર આ ગઝલો છે. ચંદ્રપ્રભુનું સ્તવન ગઝલ સ્વરૂપે ૭ કડીમાં રચાયું છે. આરંભની કડી જોઈએ તો -

''જિન ચન્દ્રપ્રભં વન્દે નિકૃત્ત કર્માવ્‌લી કન્દમ્
કલંક-હીન જ્ઞાન-જયોત્સ્નાભિં નિસ્તત પૂર્ણિમા ચન્દ્રમ્ ॥ (૧૧)

પાર્શ્વનાથ સ્તવન-ગઝલ પ્રથમ કડીનું ઉદા.

''સેવેડહં સજ્જના નન્દં જગજ્જલ મજ્જનાદ ભીતઃ
વામાયા નન્દનં ભુજગઃ ઈન્દ પદવીયતોનીતઃ ૧૨
મહાવીર સ્તવન ગઝલની પ્રથમ કડી -

''પ્રભોડહં દીનતાધારી સમાયાતચરણયોસ્તે
જન્મમૃત્યૂનિ લગ્નાનિ રક્ષાંસિનાથ પૃષ્ઠે મે ॥૧॥'' (૧૩)

કવિની હિન્દી ભાષાના પ્રભાવવાળી ગઝલ પાર્શ્વનાથના સ્તનવરૂપે લખાયેલી છે.

શરણ લે પાર્શ્વચરણોંકા, ફિર ફિર નહીં મિલે મૌકા;
દેવનકે દેવયે સોહે, ઈન્હોંકો દેખ જો પોહે.
હઠે તસ દુઃખ દુનિયાકા, ફિર ફિર નહીં મિલે મોકા ॥૧॥

પ્રભુ નામ સ્મરણનો મહિમા દર્શાવતાં કવિ જણાવે છે કેઃ
ઈન્હોંકા નામ જો લેતે, ઉન્હોંકો શિવસુખ લેતે, (૧૪)
મારગ યહ મોક્ષ જાનેકા, ફિર ફિર નહીં મિલે મોકા. ॥૨॥

કવિની સજઝાયમાં વૈરાગ્ય ભાવના વ્યક્ત કરતી શિખામણ રૂપે રચાયેલી સજઝાયનો નમૂનો નીચે મુજબ નોંધવામાં આવે છે.

''તનિક તું સોચ લે ચેતન, નહી દમકા ઠિકાના હૈ ।
ટુપ્ત હૈ એક પલવિરામેં, જુડત નહીં વો કોસીસે હૈ ॥૧॥ (૧૫)

'જીવનનું એ જ સાર્થક છે. એ શીર્ષકવાળી ૧૬ ગઝલો મળી આવે છે. તેમાં જૈન ધર્મના આધારે મનુષ્ય જન્મ કૃતાર્થ કરવાની

ઉપદેશાત્મક અને વૈરાગ્યપ્રદ વાણી જોવા મળે છે.

ગુરુ ગુણ જ્ઞાન ગંગામાં, સદા સ્નાને શુચી થાજો,
ગુરુ પદ પૂજાજો પ્રીતે, જીવનનું એ જ સાર્થક છે.
ધરમ ધન ધારજો ધીરે, મુસીબત મોહની હરવા,
ધરમધ્યાને રહો રાચી, જીવનનું એજ સાર્થક છે. (૧૬)

દયા દુઃખ તણી દિલમાં, ધરો તમે ધર્મના માટે,
જવાશે મોક્ષની વાટે, સુંદર એ ભાવના ભાવો. (૧૭)

પરસ્ત્રી વિષયક ગઝલનું ઉદા.

"કુટિલ ઝહેર દેનારી, આશકના પ્રાણ લેનારી;
અનેકરૂપો ભજવનારી, નરકનિગોદની બારી." (૧૮)

ઉપરોક્ત ઉદાહરણોને આધારે કવિની ગઝલ રચનાઓનો પરિચય થાય છે. જૈન કવિઓની ગઝલ રચનાઓમાં લબ્ધિસૂરિનું નામ આગવું સ્થાન ધરાવે છે. વિષયવૈવિધ્ય હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત ભાષામાં ગઝલ રચનાથી એમની કવિતા શક્તિનો નવો ઉન્મેષ જોવા મળે છે.

**ભટેવા પાર્શ્વનાથનું સ્તવન :**

અનુયોગાચાર્ય પંડિત મણિવિજયજી ગણીએ ભટેવા પાર્શ્વનાથના સ્તવનની રચના 'કવાલી'માં કરી છે.

સાત કડીના આ સ્તવનમાં જીવાત્માનો ઉદ્ધાર કરવાનો, શરણ સ્વીકારવાની ભાવના આત્મ સ્વરૂપ પામવા માટેના વિચારો વ્યક્ત થયા છે.

"ભટેવા પાર્શ્વસુખ આપો, ભવિના દુઃખ સહુ કાપો;
દુષમ કાળે બહુલ કર્મિ, ઘણા જીવોના સિદ્ધાર્મિ,
શરણ પ્રભુ તાહરૂં ધાર્યું, રહે નહિ કર્મ પણ વાર્યું." (૧૯)

સમાજના લોકોને સાચા ધર્મની કે તત્વની વાત ન કરતાં અવળે માર્ગે દોરનારા અધ્યાત્મ માર્ગીઓને ઉદ્દેશીને જણાવે છે કે -

''અનુષ્ઠાનાદિ નહિ કરવું, સ્વમત ધ્યાને જ સુખ વરવું;
ધરી અજ્ઞાનતા ભારી, છેતરે સર્વ નરનારી. ભટેવા ॥૪॥ (૨૦)

''ખરો જિન માર્ગ નહિ ધારે, વસે નિત્ય દેહ સુખ સારે
તપી જનની ધરી હાંસી, ધરે સુખ મોજ મઠવાસી. ભટેવા'' (૨૧)

કવિ વીરવિજયની પદ્મપ્રભુસ્વામી ભગવાનની સ્તવન રચના ગઝલ કાવ્ય પ્રકારમાં છે. આ સ્તવન સ્વ નિંદાત્મક છે અને અંતે પ્રભુને વિનંતી કરી કહેવામાં આવે છે કે મને આત્માનંદ આપજે.

''પદ્મ પ્રભુ પ્રાણ સે પ્યારા, છોડાવો કર્મ કી ધારા;
કરમફંદ તોડવા ધોરી, પ્રભુજી સે અર્જ મોરી. પદ્મ ॥૧॥ (૨૨)

આત્મા પોતાની નિંદા કરતાં જણાવે છે કે :-

''વિષયસુખ માનિ મો મનરે, ગય સબ કાલ ગફલતમેં;
નરક દુઃખ વેદના ભારી, નીકલવા ના રહી બારી''પદ્મ ॥૩॥ (૨૩)

''પરવશ દીનતા કીની, પાપકી પોટ સીર લીની;
ભક્તિ નહિ જાણી તુમ કેરી, રહ્યો નિશદિન દુઃખ ઘેરી'' પદ્મ ॥૪॥ (૨૪)

કવિ ખાન્તિવિ જયની 'સ્વાર્થ'ની સજ્ઝાય ગઝલ પ્રકારની છે. તેમાં મુખ્યત્વે વૈરાગ્યભાવ દર્શાવતી વિગતો સ્થાન પામેલી છે. જગત સ્વાર્થી છે, કાયા કાચનો કુંભ, માલ મિલક્ત નકામી, કુટુંબ પરિવારના સભ્યો સ્વપ્ન સમાન, શરીરમાંથી આત્મા વિદાય લે ત્યાર પહેલાં જિન ભક્તિ કરી ધર્મ આરાધનથી કર્મથી મુક્ત થવું

વગેરે વિચારો દર્શાવ્યા છે.

"જગત હૈ સ્વાર્થ કા સાથી, સમજ લે કૌન હૈ અપના ?
એ કાયા કાચકા કુંભા, નાહક તું દેખકે ફુલતા. જગત ॥૧॥
"કુટુંબ પરિવાર સુત દારા, સુપન સમ દેખ જગ સારા;
નિકલ જબ હંસ જાયેગા, ઉંસી દિન હૈ સભી ન્યારા, જગત ॥૪॥"

**શ્રી પાર્શ્વનાથ સ્તવન**

"જનારું જાય છે જીવન, જરા જિનવરને જપતો જા,
હૃદયમાં રાખી જીનવરને, પૂરાણાં પાપ ધોતો જા.... (૧)
બનેલો પાપથી ભારે, વળી પાપો કરે શીદને,
સળગતી હોળી હૈયાની, અરે જાલિમ બુઝાતો જા.... (૨)
દયાસાગર પ્રભુ પારસ, ઉછાળે જ્ઞાનની છોળો,
ઉતારી વાસના વસ્ત્રો અરે ? પામર તું ન્હાતો જા.... (૩)
જીગરમાં ડંખતા દુઃખો, થયાં પાપો પિછાનીને
જિણંદવર ધ્યાનની મસ્તી, વડે એને ઉડાતો જા..... (૪)
અરે ? આતમ બની શાણો, બતાવી શાણપણ તાહરું;
હઠાવી જુઠ્ઠી જગમાયા, ચેતન જ્યોતિ જગાતો જા... (૫)
ખીલ્યાં જે ફુલડાં આજે, જરૂર તે કાલે કરમાશે,
અખંડ આત્મ-કમલ-લબ્ધિ, તણી લય દીલ લગાતો જા... (૬)

પાર્શ્વનાથ ભગવાનના આ સ્તવનની રચના લબ્ધિસૂરિએ ગઝલ સ્વરૂપમાં કરી છે. તેમાં સ્વનિંદાત્મક વિચારો રજૂ થયા છે. છેલ્લી કડીમાં કવિએ મૃત્યુનો સંકેત રૂપકાત્મક વાણીમાં કરીને પ્રભુ-ભક્તિ - ઉપાસના કરવાનો પરોક્ષ રીતે બોધ આપ્યો છે.

શ્રી વલ્લભસૂરિએ વિક્રમ સંવત ૧૯૮૧માં શાંતિનાથ

પંચકલ્યાણક પૂજાની રચના કરી છે. તેમાં પ્રભુને પોખવા માટેની રચના કવ્વાલીમાં કરી છે.

"પ્રભુકો પોંખતી ભાવે, સોહાગન નારી હરખાવે;
મનોગત ભાવના સુંદર, અધ્યાત્મ ભાવ દિખલાવે.
અનાદિ જીવ કર્મો કે, ફંસા હૈ ગાઢ બંધનમેં;
ક્રિયા અરૂ જ્ઞાન મિલનસે, નિજાતમ રૂપકો પાવે." (૨૭)

એમની બીજી રચના શાંતિનાથનું સ્તવન છે.

"પ્રભુ શ્રી શાંતિ જિનસ્વામી, ગુરિશ તેરે દરખારા
તેરે બિન કોઇ નહીં મેરા, મેરી તું ચાલી સરકારા ॥૧॥ (૨૮)

ભગવાનનું નામ શાંતિનાથ પાડવામાં આવ્યું છે. તેની માહિતી કવિના શબ્દોમાં જોઈએ તો -

"ગર્ભમેં જબ પ્રભુ આયે, શાંતિ સબ દેશ મેં ફૈલી;
શાંતિ શુભ નામ ઈસ કારણ, શાંતિ પ્રભુ શાંતિ ॥૫॥" (૨૯)
(શાંતિનાથ પંચ કલ્યાણક પૂજા)

ગઝલના સ્વરૂપનો પરિચય અને જૈન કવિઓની ગઝલના ઉદાહરણોને આધારે એટલું નિશ્ચિત છે કે રાજકીય પ્રભાવથી સાહિત્ય મુક્ત નથી. કવિઓ પણ સમયના વહેણને અનુસરીને કાવ્ય રચના કરે છે. દીપવિજય કવિરાજની ગઝલ રચનાઓ પણ આના ઉદાહરણ રૂપ છે.

એમની ગઝલો સ્થળ વર્ણનની છે. કવિનો અતિપ્રિય વિષય ઈતિહાસ છે. એટલે એમની આ ગઝલોમાં પણ શહેરનું ચિત્રાત્મક શૈલીમાં વર્ણન થયેલું જોવા મળે છે. એમની બધી જ રચનાઓ જૈન

ધર્મના વિષયને સ્પર્શે છે. આ ગઝલ સાંપ્રદાયિક પ્રભાવથી મુક્ત છે. તેમાં રાજકીય પ્રભાવ જોવા મળે છે. જૈન સાધુઓ આધ્યાત્મિક માર્ગમાં પ્રવૃત્ત હોવા છતાં દેશકાળના વાતાવરણને અનુરૂપ કંઈક અંશે સમન્વય સાધવાના હેતુથી આવી રચનાઓ કરતા હશે એમ માનવામાં આવે છે.

## વટપ્રદ (વડોદરા)ની ગઝલ

વડોદરાની ગઝલ દીપવિજય રચિત હિંદીમાં છે. તેની રચના સંવત ૧૮૫૨માં (શ્રી ફાર્બસ સભાનાં હસ્તલિખિત પુસ્તકોની યાદી ભાગ ૨ માં જણાવ્યા પ્રમાણે ૧૮૫૪માં) થયેલી છે. 'સ્થળ કાવ્ય' કોટિની આ રચના તેમાં સંગ્રહેલી તત્કાલીન માહિતી માટે ઉપયોગી છે. એમાં કવિતા નથી, છતાં 'ગઝલ રેખતા'નું સ્વરૂપ મધ્યકાલીન જૈન કવિઓએ એક વિશિષ્ટ ઉદ્દેશથી અંગીકાર કર્યું હતું તે આ ઉપરથી જાણવા મળે છે. તે વખતે વડોદરામાં ગોવિંદરાવ ગાયકવાડ રાજ્ય કરતા હતા. આ ગઝલની એક પોથી સં. ૧૮૫૯માં ઊતારેલી છે. બીજી એક ચિત્રાંકિત વિજ્ઞપ્તિપત્રમાં અંતર્ગત આ ગઝલની પ્રતિ મળેલી છે. કવિ દીપવિજયે રચેલી વડોદરાની ગઝલવાળો ભાગ તેમના પૂજ્યશ્રી વિજયલક્ષ્મીસૂરિ તરફ વડોદરાના સંઘે મોકલાવેલ મૂળ વિજ્ઞપ્તિપત્રમાં તે ઊતારેલો છે. આ વિજ્ઞપ્તિલેખમાં તત્કાલીન વડોદરાનાં વિવિધ દશ્યો અને સ્થળો, મંદિરો, બજાર, હાટ, સામૈયામાં સ્ત્રીઓ, પુરુષો, કારીગરો, મસ્જિદમાં કુરાન પઢતા મૌલવી અને ચતુર્વિધ જૈન સંઘનો પણ આ ચિત્રમાલામાં સમાવેશ થાય છે.

આ 'વિજ્ઞપ્તિ પત્ર'માં નીચેના બે છંદ વધારાના છે.

શ્રેણી બંધ હટ્ટાં સોરે થટ્ટાં ભરિયાં મટ્ટા બહુ કરિયાણે
બહોચીજાં વિકતે વીણજાં કરતે, ગરજે ફીરતે મન જાણે.
રાજેશ્વર રાજે અતિહિ છાજે, ગાયકવાલ સિરિ સિરદાર
દેસાં-સિર દેશં અરિ ન પ્રવેશં. જિન ઉપદેશં અતિફાર,
પ્રજા પ્રતિ પાલો છેલ છોગાલો રઢિયાલો ગોવિંદ રાવસિરે.
કમઠાં ભારે જસ દરબારે, સેવક લારે હુકમ કરે.

ગોવિંદરાવ સમૂરો ન્યાયઈ પૂરો, રૂપ અનુરો ઝૂઝારં
દેસાં - શિર દેશં અરિ ન પ્રવેશં, જિન ઉપદેશં અતિફાર.

આ રીતે આ ગઝલ વધારે નોંધપાત્ર છે. દયારામભાઈ કરતાં આની રચના પચાસ - પોણોસો વર્ષ જેટલી પ્રાચીન છે. તેમાંથી અવતરણ લઈયે.

(દુહો)

''સેવકને વરદાયિની ભગનિ શશી ઉવલઃ
પ્રણમી વટપટ્ટનયરની કેહેસ્યું એક ગઝલ.

અગ્ગા માંડવા નિરખેક, દેખન વાર હીર હરખેક્
બેઠે સરાફી મૌજિક નાણાં પરખે વેંચોજીક્
નીકી પોલ ઘડી આલીક હવેલ્યાં ખૂબ મતવાલીક્
ફતેસિંઘકી બારીક ગોખૂં ગોખમેં બારીક્
નરસિંહરાવ વરઘોડેક્ ખલકાં નિરખવા દોડેક્
કાર્તિક પૂનમે મેલાક રસીઆ લેત હૈ ખેલક્
દીપક માલ હે ઊંચીક વાતો ગગનમેં પોહોંચીક્
દીપક શ્રેણિ હેતાજીક્ વામેં જોત હે ગાઝીક્
ચાહે જોહ જયૂં મોરાક્ ચાહે ચંદ્ર ચકોરક્

(ન્યોં) સંઘ સબ કરત અરદાસાયે આના પૂજ્યે ચોમાસાક્
એંસી લોકહી વરણ્યાક દેખ્યાં બડોદા બરણ્યાંક્
ગુનીજન હાંસી ના કરનીક્ ગજજલ દીપને બરનીક્" (૩૦)

(કલશ)

પુરન કિધ્ધ ગજલ અવલ્લ, અઢાર સે બાવન ચિત ઊલાસે.
થાવર વાર મૃગશીર માસ તિથિ પ્રતિપ્રદા પક્ષ ઉજાસે
ઉદયો ભલે થાટ ઉદયસૂરિ પાત્રહ લક્ષ્મીસૂરિ જિનમાંન આકાસે
પ્રેમે યે રત્ન સમાંન બરનન સેવક દીપવિજય ઇમ ભાસે.

કવિએ કલશ રચનામાં સવૈયાનો પ્રયોગ કર્યો છે.

કવિની ગઝલને આધારે કેટલીક મહત્વની વિગતો નીચે મજબ નોંધવામાં આવે છે. આ ગઝલની રચના સંવત ૧૮૫૨માં પોતાના ગચ્છનાયક વિજય લક્ષ્મીસૂરિને ઉદ્દેશીને રચાઈ હતી. ૬૦મી ગાથામાં આવો ઉલ્લેખ છે.

"એસેં બરનણ અઢારાક કર્યો લહે નયરકા પારાક
બડોદા નયર નગીનાક્ પાવન ચરનસે કરનાક્ ॥૬૦॥ " (૩૧)

કવિએ પોતાના ગુરૂદેવને વડોદરા નગરમાં પધારીને પાવન કરવાનો સંદર્ભ આપ્યો છે.

૬૧ મી ગાથામાં શ્રી સંઘ તરફથી ગુરૂદેવને ચાતુર્માસની વિનંતી કરવામાં આવી છે તેનો ઉલ્લેખ થયેલો છે.

"ચાહે મેહ જ્યું મોરાક્, ચાહે ચંદ ચકોરાક્,
સંઘ સબ કરત અરદાસાક્, આંના પૂજ ચોમાસાક્. ॥૬૧॥ ૩૨

મોર અને ચકોર જેમ મેઘ અને ચંદ્રની ઝંખના કરે છે તેમ સંઘ ચોમાસાની વિનંતી કરે છે.

"આ ગઝલનું વર્ણન ચિત્રાત્મક શૈલીના નમૂનારૂપ છે."

મૂળમાં આ ગઝલ ચિત્રો સાથે પ્રગટ થયેલી હતી. તેની નકલ પ્રવર્તક મુનિ કાંતિવિજય પાસે હતી. આ ગઝલનું સંપાદન ડૉ. ભોગીલાલ સાંડેસરાએ " દીપવિજય કૃત વડોદરાની ગજલ" એ શીર્ષકથી "સાહિત્ય" માસિકના ઈ.સ. ૧૯૩૨ ના ફેબ્રુ. ના અંકમાં પ્રગટ કરી હતી."

અહીં કવિએ હિન્દી-ફારસી ભાષાનો પ્રયત્નપૂર્વક પ્રયોગ કર્યો છે તેમ જાણવા મળે છે." [૩૩]

## સૂરતની ગજલ

સમકાલીન રાજ્ય શાસનના પ્રભાવથી જૈન કવિઓએ ગઝલ પ્રકારની રચનાઓ કરી છે. તેમાં કવિ દીપવિજયની ગઝલોનો પણ સમાવેશ થાય છે.

કવિએ પોતાના હસ્તાક્ષરમાં જ ગઝલ રચનાનો ઉલ્લેખ કર્યો છે. તે નીચે મુજબ નોંધવામાં આવે છે.

"ઇતિ શ્રી પં. દીપવિજય કવિરાજ બહાદરેણ વિરચિતાય સૂરતકી ગજલ ૮૩ ગાથાકી ખંભાત કી ૧૦૩ ગાથાકી, જંબુસર કી ગજલ ૮૫ ગાથા કી, ઉદેપુર કી ગજલ ૧૨૭ ગાથાકી, સંવત ૧૮૭૭ શાકે ૧૭૪૨ પ્રવર્તમાને માગસિર સુદિ-૫ રવિવારે લિ. પં. દીપવિજય કવિરાજ બહાદરેણ."

"એ પાંચ ગજ્જલ બનાઇ હૈ" એવું વાક્ય પણ આ પરિચ્છેદમાં છે. પણ તેમાં સૂરત, ખંભાત, જંબુસર અને ઉદેપુર એમ ચાર ગઝલ થાય છે. પાંચમી ગઝલ વટપદ્રની જેનો તેમાં

ઉલ્લેખ નથી. એ ગણતાં પાંચ ગઝલ થાય છે.

પ્રથમ કડીમાં ગુરુ સ્તુતિ કરીને સુરતની ગઝલ રચનાનો ઉલ્લેખ કર્યો છે. ત્યાર પછી ૧ થી ૭૨ કડીમાં ગઝલ ૭૩ થી ૮૨ માં દોહરાનો પ્રયોગ કર્યો છે. સુરત શહેરની ઐતિહાસિક માહિતી આપતું વર્ણન કરવામાં આવ્યું છે. અંતે કળશ રચના દ્વારા ગઝલ પૂર્ણ થાય છે.

આરંભની કડી જોઇએ તો -

"શ્રી ગુરૂ પ્રેમ પ્રતાપથૈં, ઉપતિ ઉપાઇ અવ્વલ,
વરતું સૂરત સેહેરકી, અભિનવ ખુબ ગજ્જલ ॥૧॥"

જૈન મુનિઓ એક ગામથી બીજે ગામ વિહાર કરીને જાય છે એટલે દીપવિજય કવિરાજ સુરતમાં આવ્યા અને સુરત શહેર જેવું જોયું તેવું વર્ણવ્યું છે. એનો ઉલ્લેખ કવિના શબ્દોમાં જોઇએ તો -

"કીનો સેહેરે બરનન, અપની દષ્ટિ દહેખ્યો જેહ"

રચના સમયની નોંધ નીચે મુજબ મળે છે.

"સતોતેર સંવતાં અઢાર માગસિર માસ દ્વિતિયાસાર
બરન્યો દીપ શ્રી કવિરાજ સુરત સહેંરેં કો સામ્રાજ ॥૮૨॥"

સુરતનું વર્ણન કરતાં કવિ જણાવે છે કે-

"નવ ગજ બાર ગજ કે માન, માનું જોગણી કો ધ્યાન,
ધણણં બાજતી ઘંટાક, માનું મેઘકો ગડ્ડાક"

કવિની ઉત્પ્રેક્ષા નોંધપાત્ર છે. સુરત શહેરની આજુબાજુ ખાઇ હતી અને કિલ્લો પણ કલાત્મક હતો. કિલ્લા પર બાદશાહનો વાવટો-ધ્વજ ફરકે છે. તેના બાર દરવાજા હતા અને અલકાનગરી પણ લાજી જાય એવી કલ્પના દ્વારા સુરત શહેરનું સૌન્દર્ય છે. સુરતનું

વર્ણન કરતાં કવિએ, તાપી નદીમાં ફરતી હોડીઓ, દરિયા મહેલ વિસ્તારમાં આવતાં ૭૨ જાતનાં કરિયાણાં, દેશવિદેશમાં વિખ્યાત અને નસીરૂદીન રાજાના વૈભવનું વર્ણન છે. નમૂનારૂપ કડીઓ નીચે મુજબ છે.

"અચ્છે ઝૂલતે ગજરાજ, માનુ મેઘ જેસો ગાજ
નવ નવ જાત ઘોડેવ્યાંહ, સોહે સવારિકે મોહ ॥૨૨॥

વલ્લભ મહેતા, ગિરધરલાલ, આણંદ રામશાસ્ત્રી જેવા શાહુકારો, સુરતની અઢળક સંપત્તિ, અગણિત લછમી, સુરતના કિલ્લા પાસે ગુજરી ભરાતી હતી. વગેરેનો ઉલ્લેખ કર્યો છે.

"ગુજરી ચીજ જ્યો મિલતીફ તાકું બરનવું તહતીફ
કિલ્લા પાસ હેં મેદાન ગુજરી ભરત હેં બહોમાન ॥૩૫॥

મિસરૂ બેચતે કેઈ લાલ, કજિયા મેટતે દલ્લાલ
હિમરૂ વેચતે કિનખાબ, દોસી બેચતે જરબાબ ॥૩૬॥

છાયલ છિંટકે લે તેક્ રોકડ દાંમકુ દેતેક્
કાપડ બંગાલી સરતાક્ દોસી લોક્હેં મરતાક્ ॥૩૭॥

બિલાતિ ચીન મધરાઝક્ નગરી સોરઠી તાઝક્
નવનવ જાતકે પટકૂલ અદ્લ કરત તાકો મૂલ ॥૩૮॥"

નાણાવટ અને કેળાં પીઠ વિસ્તારમાં મીઠાઈ ફળફળાદિ સૂકો મેવો મળે છે. તે બજારનો ઉલ્લેખ થયેલો છે. ગોપીપુરામાં ગોપી શાહ રહેતા હતા અને વેપાર કરતા હતા તે ઉપરથી ગોપીપુરા બન્યું છે.

આચાર્ય વિજયસેનસૂરિની નિશ્રામાં સૂરજમંડન પાર્શ્વનાથ જિન પ્રાસાદની સ્થાપના થઈ.

ઝવેરીઓનો સંદર્ભ આપતાં કવિ જણાવે છે કે -

"સંવત સોલ અગન્યાસીક કાલા માસ ગુનરાસીક
સૂરી સેન ગોપીદાસ થાપે સૂરજ મંડનપાસ
ઝવેરી લોક કરતે મોજ નાંહી કરત કિનકી ખોજ
હીરા પરખતે હે નંગ, મોતી પન્ને પાંચો રંગ ॥૫૨॥

પન્ના પિરોજા અરૂ લાલ, લેકર ફિરત હૈ દલ્લાલ
સબહી માંનતે નિજધર્મ, અપને સાધતે ખટકર્મ ॥૫૩॥

શહેરમાં બધા પોતપોતાનો ધર્મ માળે છે. એટલે સર્વધર્મ સમભાવ સહિષ્ણુતા જોવા મળે છે.

"છેલી મદ્રેબીકે તેક, દાંની દાંનકુ દેતેક
કિતને વેદકે પાઠીક્ ભાષા રચત કે ઠાઠીક ॥૫૪॥

દરજી, પારસી, દંતારા, ૮૪ બજાર છે. કોઈ દુઃખ નથી.

"યોં સબ લોક હેં સુખિયક્, નહિ કોઈ બાતસેં દુખિયેક્
સેહરમેં અંગરેજી રાજ, પાવત લોક સબ સુખ સાજ ॥૬૦॥"

ઊંચી હવેલીઓ, ગોખમાં બેસતાં સ્ત્રી પુરુષો, અંબામાતા, બહેચરાજી, વિષ્ણુ, શિવમંદિર, જૈન મંદિરોનો ઉલ્લેખ થયો છે

"નીકે જૈનકે પ્રાસાદ દેખત હોત હૈ આલ્હાદ;
સૂરત મંડનના શ્રી પાસ, ફિરકે ધર્મ દેવલ ખાસ ॥૬૩॥

સંખેસરા શ્રી જિનરાજ, ઉબરવાડિ શ્રી મહારાજ;
ગોડી પાસ જિનવર દેવ સારે ભક્ત જન પ્રભુ સેવ ॥૬૪॥

સાંતીનાથકા દેહરાક્ માનું સિવપુરી સે રાફ;
આદીનાથ જિનવર વીર, તારે ભવાં સાગરતીર ॥૬૫॥

ચિંતામની પારસનાથ, મેલે સિવપુરાંકો સાથ;
દેવલ બડે બેહેંતાલીસ, વંદે સુરનરાંકા ઈસ ॥૬૬॥

વિજયાદેવકા આલાક્ ઉંચા ગોખહે માલાક્
આલય ફેર વિજ્યાનંદ, સાગરગચ્છ ખરતર વૃંદ ॥૬૭॥

સાધુ સાધતે શિવપથ પઢતે તત્વકે બહુ ગ્રંથ.
શહેરના વિસ્તારના નામ જોઈએ તો -

ગોપીપુરા ફિર સાહપુર, હરિપુરા રૂઘનાથ
મેહેંઘર મેંહેઝર રામપુર, મંછર બેગમ સાથ ॥૭૩॥

''સલાતપુરા સગરામપુરા રૂસ્તમપુરા સુલતાન
રૂદરપુરા અરૂ નાંનપુર, નવાપુરા બડથાંન ॥૭૪॥

સઈદપુરા ઈદરપુરા પુરે અઢાર બખાન
બડેબડે થાનક સરસ, ભૂમ સાત આરામ ॥૭૫॥

બાગનું વર્ણન કરતી કડી નીચે મુજબ છે -

''બરનું બાગવન આરામ, મોજી કરતે હે વિસરાંમ
દાપત ફૂલસેં, નીકે રસભરે ઝૂલેફ્ ॥૭૬॥

ફિરતે બાગ બહો દ્જેક ભાનુ સુરસકે કૂંજેક
નીલી ભૂમ હરિયાલીક્ નિરખત દષ્ટિ ભરભાલીફ ॥૭૭॥

૧૮ વર્ણના લોકો રહે છે. ભગવાનની આ શહેરપર મોટી કૃપા મહેરબાની છે.

આ રીતે કવિએ સુરત શહેરની વૈવિધ્યપૂર્ણ માહિતી આપતી સ્થળ વર્ણનની ગઝલ રચી છે.જેમાં ઉર્દુ, ફારસી ભાષાના શબ્દોની આછી ઝલક જોવા મળે છે. ગઝલના પ્રાસ માટે શબ્દો તોડ ફોડ કરવામાં આવ્યા છે. હિન્દી ભાષાનો પણ પ્રભાવ જોવા મળે છે.

(પંક્તિ સંદર્ભ જૈનયુગ પુ. ૪. અંક ૩/૪ પા. ૧૪૩ થી ૧૪૬)

કવિએ ગઝલને અનુરૂપ ભાષા વૈભવનો વિશિષ્ટ પ્રયોગ કર્યો છે. હિન્દી, ઉર્દુ અને અરબી ફારસી ભાષાના શબ્દપ્રયોગોથી ગઝલ સ્વરૂપ કલાત્મક બન્યું છે. સ્થળ વર્ણનની ગઝલોમાં આ ગઝલ નમૂનેદાર છે.

અવ્વલ, ગજ્જલ, સહેરેં, બરનન, કાબિલઝીક્ર, દેતેક, કોરાફ, લાલાક, દલ્લાલ, પાનક, મક્કન, બહોત, મહેલાક, હુકમક્રીનો, અરૂ, ઐસે, પૌં, તારીફ, કૌન, નિચૌઇસે, સફરિ, સમઝણ, ભારીફ, હુંડીફ અચ્છે, પાતસાર, નવ્વાબ, ખાસાક, ઈમાંની, નેકી વગેરે શબ્દ પ્રયોગો અને હિન્દી ભાષાના શબ્દોના મિશ્રણથી ગઝલની ભાષા તત્કાલીન મુસ્લિમ શાસનનો પ્રભાવ દર્શાવે છે.

કવિની ઐતિહાસિક વિષય વસ્તુની વર્ણન કરવાની અભિરૂચિનો ખ્યાલ આવે છે.

સાંપ્રદાયિક રચનાઓનું મોટા પ્રમાણમાં સર્જન થતું હતું ત્યારે જૈન કવિઓએ સંપ્રદાય મુક્ત રહીને સમયની સાથે રાજકીય પ્રવાહને લક્ષમાં લઈને સ્થળ રચનાની ગઝલો રચી છે. તેમાં જૈન મંદિરો અને ગચ્છનો પણ ઉલ્લેખ કરીને સાંપ્રદાયિકતાનો સંકેત કર્યો છે.

# પ્રકરણ - ૬ સંદર્ભ પુસ્તક સૂચી

## ગુજરાતી ગઝલ


| | | |
|---|---|---|
| ૧ | સાહિત્યનાં સ્વરૂપોમાં - મંજુલાલ મજમુંદાર | પા. ૬૨૬ |
| ૨ | સાહિત્યનાં સ્વરૂપોમાં - મંજુલાલ મજમુંદાર | પા. ૬૨૮ |
| ૩ | સાહિત્યનાં સ્વરૂપોમાં - મંજુલાલ મજમુંદાર | પા. ૬૪૨ |
| ૪. | કલાપીનો કાવ્યકલાપ કુમકુમ પ્રકાશન | પા. - ૭ |
| ૫. | કલાપીનો કાવ્ય કલાપ એજન. | પા. ૯ |
| ૬. | ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો- મંજુલાલ મજમુંદાર | પા. ૬૩૩ |
| ૭. | ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો - મંજુલાલ મજમુંદાર | પા. ૬૪૪ |
| ૮. | ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો - મંજુલાલ મજમુંદાર | પા. ૬૨૬ |
| ૯. | ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો - જૈન રત્ન | પા. ૨૮૧ |
| ૧૦. | પૂજા સ્તવનાદિ સંગ્રહ - લબ્ધિવિજયજી | પા. ૨૮ |
| ૧૧. | પૂજા સ્તવનાદિ સંગ્રહ - લબ્ધિવિજયજી | પા. ૨૧ |
| ૧૨. | પૂજા સ્તવનાદિ સંગ્રહ લબ્ધિવિજયજી | પા. ૨૨ |
| ૧૩. | પૂજા સ્તવનાદિ સંગ્રહ લબ્ધિવિજયજી | પા. ૨૩ |
| ૧૪. | પૂજા સ્તવનાદિ સંગ્રહ લબ્ધિવિજયજી | પા. ૨૭ |
| ૧૫. | પૂજા સ્તવનાદિ સંગ્રહ લબ્ધિવિજયજી | પા. ૭૨ |
| ૧૬. | પૂજા સ્તવનાદિ સંગ્રહ લબ્ધિવિજયજી | પા. ૮૨ |
| ૧૭. | પૂજા સ્તવનાદિ સંગ્રહ લબ્ધિવિજયજી | પા. ૮૬ |
| ૧૮. | પૂજા સ્તવનાદિ સંગ્રહ લબ્ધિવિજયજી | પા. ૯૪ |
| ૧૯. | નિત્ય જિનગુણ મણિમાળા સંપા-મુનિ મેરૂવિજય | પા. ૪૦ |
| ૨૦. | નિત્ય જિનગુણ મણિમાળા સંપા-મુનિ મેરૂવિજય | પા. ૪૦ |
| ૨૧. | નિત્ય જિનગુણ મણિમાળા સંપા-મુનિ મેરૂવિજય | પા. ૪૦ |
| ૨૨. | નિત્ય જિનગુણ મણિમાળા સંપા-મુનિ મેરૂવિજય | પા. ૬૭ |
| ૨૩. | નિત્ય જિનગુણ મણિમાળા સંપા-મુનિ મેરૂવિજય | પા. ૬૭ |
| ૨૪. | નિત્ય જિનગુણ મણિમાળા સંપા-મુનિ મેરૂવિજય | પા. ૬૭ |
| ૨૫. | સજ્ઝાય માળા | પા. ૩૩૯ |
| ૨૬. | સુધારસ સ્તવન સંગ્રહ - સોમચંદ-ડી. શાહ | પા. ૧૩૦ |
| ૨૭. | શાંતિનાથ પંચ કલ્યાણક પૂજા | પા. ૭૪ |
| ૨૮. | શાંતિનાથ પંચ કલ્યાણક પૂજા | પા. ૬૮ |
| ૨૯. | શાંતિનાથ પંચકલ્યાણક પૂજા વલ્લભવિજયજી | પા. ૬૮ |
| ૩૦ | ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો - મંજુલાલ મજમુદાર | પા. ૬૩૧ |
| ૩૧. | ઐતિહાસિક લેખ સંગ્રહ - લાલચંદ નં. પંડિત | પા. ૪૬૯ |
| ૩૨. | ઐતિહાસિક લેખ સંગ્રહ - લાલચંદ નં. પંડિત | પા. ૪૬૯ |
| ૩૩. | ઐતિહાસિક લેખ સંગ્રહ - લાલચંદ્ર નં. પંડિત | પા. ૪૬૧ |

# પ્રકરણ - ૭

# પૂજા સાહિત્ય

## ૧. અષ્ટાપદની પૂજા

પ્રભુ ભક્તિના વિવિધ પ્રકારમાં દ્રવ્ય અને ભાવના સમન્વયવાળું પૂજા સાહિત્ય વિષયની દ્રષ્ટિએ પણ અભિનવ સ્વરૂપ તરીકે પ્રચલિત છે. પૂજયની પૂજા કરવા માટે ભક્ત ગમે તેટલી બાહ્ય સંપત્તિનો વ્યય કરે તો પણ પૂજ્યભાવ પ્રગટ થઈ શકતો નથી. અચિંત્ય અને અવર્ણનીય પ્રભુ મહિમા ગાતાં ગિરૂવા પણ થાકી જાય એવા પ્રભુને વિવિધ રીતે પૂજીને માનવજન્મ સફળ કરવા માટેનો મોંઘેરો અવસર ભાગ્યેજ કોઇ ચૂકી જાય. કવિઓએ ભક્તિસાગરમાં સફર કરવા માટે વિવિધ પૂજાઓની રચના કરી છે તેમાં કવિ દીપવિજયની અષ્ટાપદની પૂજા પણ વિશેષ નોંધપાત્ર છે.

અષ્ટાપદની પૂજાની વિશેષતાઓ નીચે મુજબ છે. કવિએ પૂજાની રચનામાં દૂહાથી વસ્તુ નિર્દેશ કરીને ઢાળમાં વસ્તુ વિશ્લેષણ કર્યું છે. ઢાળમાં ગેય દેશીના પ્રયોગ કરીને સમૂહમાં ગાઈને પ્રભુ સાથે તાદાત્મ્ય સાધવામાં આલંબન રૂપ બને છે. પૂજાને અંતે સંસ્કૃતમાં કાવ્ય અને મંત્રની રચના છે. પૂજાની અધિકાર મહાનિશીથ સૂત્રમાં છે. એમ જણાવીને તેના બે પ્રકાર દ્રવ્ય અને ભાવપૂજાને અંતે દ્રવ્ય પૂજાના ત્રણ, પાંચ, આઠ, સત્તર, એકવીશ અને ૧૦૮ ભેદ છે. સાધુઓ માટે ભાવપૂજા છે. શ્રાવકો માટે દ્રવ્ય પૂજા છે. તેનો અર્થ એમ નથી કે ભાવ પૂજા નથી. દ્રવ્ય પૂજામાંથી ભાવપૂજામાં જવાનું છે. દ્રવ્ય પૂજા એ ભાવપૂજાનું

નિમિત્ત છે. દ્રવ્ય પૂજામાંથી ભાવપૂજામાં પ્રયાણ કરવાનું છે. કવિના પોંતાના જ શબ્દોમાં આ માહિતી જોઈએ તો -

"ભાવ સ્તવ મુનિવર કરે, ચારિત્ર જિન ગુણ ગ્રામ,
જેહથી શિવ સંપદ વરે, અક્ષય અવિચલ ઠામ. ॥ ૩ ॥

દ્રવ્ય સ્તવન જિનપૂજના, ત્રિવિધ પંચ પ્રકાર,
આઠ સત્તર એકવીશની, અષ્ટોત્તર જયકાર. ॥ ૪ ॥

શ્રાવક કરણી દોય છે, દ્રવ્ય ભાવ ગુણગ્રામ
સીંચે ભાવ જલે કરી, સમક્તિ તરૂવર ઠામ ॥ ૫ ॥

પ્રથમ પૂજા બે વિભાગમાં વહેંચાયેલી છે. પહેલી ઢાળમાં પૂર્વે કવિજનોએ પૂજા રચી છે. તેનો નામોલ્લેખ કરીને અષ્ટાપદની પૂજાની રચના કરું છું એમ જણાવ્યું છે. વિજય લક્ષ્મીસૂરિની વીશ સ્થાનક તપની પૂજા, યશોવિજયજી ઉપાધ્યાયની નવપદની પૂજા, રૂપવિજયની ૪૫ આગમની પૂજા, વીરવિજયની ૬૪ પ્રકારી બાર વ્રતની પૂજા, ૪૫ આગમની પૂજાનો ઉલ્લેખ કર્યો છે. પછી પોતાની પૂજા રચનાનો ઉલ્લેખ કરતાં જણાવે છે કે "અસ્મતકૃત પૂજા અછેરે અડસઠ આગમ દેવ રે.

જૈન ધર્માનુસાર અષ્ટાપદ પર્વત કયાં આવ્યો છે તેની માહિતી આપતાં કવિ જણાવે છે કે અષ્ટાપદ પર્વત સિદ્ધાચલ પર્વતથી આશરે એક લાખ પંચાશી હજાર ગાઉ દૂર છે.

અષ્ટાપદની આકૃતિની રચના કરીને અષ્ટપ્રકારી પૂજા કરવા માટેનું વિધાન કર્યું છે. કવિએ કાળચક્રના સંદર્ભ દ્વારા ત્રીજા આરામાં રૂષભદેવ ભગવાન નાભિરાજાના કુળમાં ઉત્પન્ન થયા તેમ દર્શાવીને અયોધ્યા નગરીની ભૌગોલિક માહિતી આપી છે.

"જંબુના દક્ષિણ દરવાજેથી વૈતાઢયથી મધ્ય ભાગ રે ॥
નયરી અયોધ્યા ભરતની જાણો, કહે ગણુધર મહાભાગ રે ॥

રૂષભદેવ ભગવાનનો આત્મા સર્વાર્થસિધ્ધ વિમાનમાંથી અષાઢ વદ-૪ને દિવસે ચ્યવીને મરૂદેવી માતાની કુક્ષિએ આવ્યો અને ચૈત્ર વદની આઠમે જન્મ્યા હતા. અહીં ચ્યવા ન અને જન્મ કલ્યાણકનો ઉલ્લેખ કર્યો છે.

પ્રથમ ઢાળમાં ભગવાનના જન્મ મહોત્સવની ઉજવણી કરવા ઈન્દ્ર અને દેવોનો ઉલ્લેખ કરીને પ્રભુનું નામ રૂષભદેવ પાડવામાં આવે છે. તદુપરાંત એમના પરિવારની માહિતી આપતાં જણાવ્યું છે કે -

"નાભિ નૃપતિ ઈંદ્ર મળી પ્રભુજીના ઋષભદેવ તે નામ ઠવાય છે રે ॥ જેનાં
રાણી સુનંદા સુમંગલાની જોડલી, સો બેટા દો બેટડી થાય છે રે ॥ જેનાં
ભાઈ બેનના સંભોગને નિવારી, યુગલા ધર્મને હરાય છે રે ॥ જેનાં ॥
બાહુબળી બ્રાહ્મી ને ભરત સુંદરી, સગપણ વિવાહ કરાય છે રે ॥ જેનાં ॥

બીજી ઢાળમાં કવિએ આ ચોવીશીના પ્રથમ તીર્થંકર ઋષભદેવના કુળ અને ગોત્રની પ્રશંસા કરી છે.

"ઋષભનાં વંશ ને ગોત્ર વખાણું સ્થાપ્યાં જે સુરરાજે રે
એક કોડાકોડી સાગર માને, પ્રત્યક્ષ વરતે આજ રે,
ધન ધન એ કુલને રે, જેમાં પ્રગટ્યા જિન બાવીશ" ॥ ૧ ॥

ભગવાનનું કાશ્યપ ગોત્ર અને ઈક્ષ્વાકુ વંશ છે. નેમનાથ અને મુનિસુવ્રતસ્વામી, હરિવંશ ને ગૌતમ ગોત્ર વખાણતાં કવિના શબ્દો છે. -

"બાવીસ જિન સહુ કાશ્યપ ગોત્રી
ઈક્ષ્વાકુ વંશી છાજે રે"

કવિએ આ ઢાળમાં "ધન ધન એ કુળને રે" ની ધ્રુવ પંક્તિ દ્વારા પ્રભુના કુળની અહોભાવપૂર્વક પ્રશસ્તિ કરી છે તે યથાર્થ છે. જે કુળમાં આ ચોવીશીના પ્રથમ તીર્થંકરનો જન્મ થાય તે કુળને ધન્ય કહેવાય તેમાં કોઈ શંકા નથી.

ત્રીજી પૂજામાં પ્રભુને યુગલીયાઓ અભિષેક કરીને પોતાના રાજા તરીકે સ્વીકારે છે અને રૂષભદેવ વિનીતા - અયોધ્યાના રાજા બનીને લોકોને વિવિધ કલા શીખવાડે છે. તે પ્રસંગનું વર્ણન છે.

તે વિનીતાનો રાજા થઈને, પંચશિલ્પ પ્રગટાવે;
વીશવીશ એક એકની પાછળ, એકસો શિલ્પ બતાવે
પુરુષ કળા બહોંતેર ને ચોસઠ નારી કળા પ્રગટાવે,
લેખન ગણિતક્રિયા અષ્ટાદશ, ઈમ સહુ જીત બતાવે ॥અ.॥

રૂષભદેવ ભગવાને રાજય વહીવટ કર્યા પછી ચૈત્ર વદ ૮ ને દિવસે સંયમ પંથે પ્રયાણ કર્યું. એમનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતું. તેનો સંદર્ભ કવિની નીચેની પંકિતઓમાં રહેલો છે.

"ચૈત્ર વદી આઠમને દિવસે લેઈ સંયમ શુભધ્યાન ॥
ચાર હજાર મુનિવર સાથે, પુરિમતાલ ઉદ્યાન ॥ અ. ॥

પ્રભુએ ૪૦,૦૦૦ વ્યકિતઓ સાથે સંયમ અંગીકાર કર્યા પછી મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. એક વર્ષ તપ કરીને કર્મનો નાશ કર્યો. શ્રી શ્રેયાંસકુમારના હસ્તે પ્રભુએ ઈક્ષુ રસનું પારણું કર્યું. ત્યારથી વર્ષીતપનું આચરણ કરવામાં આવે છે. આજે પણ

આ તપનો જયજયકાર વર્તે છે. અનેકવિધ લોકો વર્ષીતપ કરીને કર્મની નિર્જરા કરે છે.

આ પૂજા વર્ણનાત્મક અને માહિતી પ્રધાન છે. રૂષભદેવ ભગવાનનું ચરિત્ર, તપ - પારણું વગેરેની વિગતો સ્થાન પામેલી છે.

ચોથી પૂજાની ૧૩મી કડીમાં કવિએ પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણક, મરૂદેવી માતાને પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાન, ચતુર્વિધ સંઘની સ્થાપના, નિર્વાણ કલ્યાણકવિ. ની માહિતી ગૂંથી લેવામાં આવી છે. પ્રભુ વિહાર કરીને વિનીતા નગરીમાં આવ્યા અને ચાર ઘનઘાતી કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ને વર્યા.

વદ આઠમ ફાગણ માસે રે ॥ જ. ॥ જસ ધ્યાન શુકલ ઉજાશે રે ॥જ.॥
ચઉ ઘાતી કર્મ ખપાવે રે ॥ જ. ॥ દોય કેવલ પદ નિપજાવે રે ॥જ.॥

મરૂદેવી માતા દેવવાણી સાંભળીને રૂષભદેવને વંદન કરવા હાથી પર બેસીને ભરત સાથે જાય છે. પુત્ર વિયોગના કરૂણ રૂદનથી નેત્રની દ્રષ્ટિ ગુમાવી અંધ બનેલી માતાને પુત્રની પર્ષદા જોતાં જ આંખનાં અંધારા દૂર થયાં. ઝળહળ જયોતિના પ્રકાશમાં પુત્રના મુખારવિંદનું દર્શન કરી કૃતકૃત્ય બને છે, પછી મરૂદેવી માતાને કેવળજ્ઞાન થાય છે. આ પ્રસંગનું વિવિધ રીતે સ્તવન ને સજ્ઝાયમાં નિરૂપણ થયેલું જોવા મળે છે. મરૂદેવી માતાને દષ્ટિ પ્રાપ્ત થાય છે તે સમગ્ર પ્રસંગમાં ચમત્કાર દૈવી તત્વનો સંદર્ભ છે. એટલે અદ્‌ભુત રસની અનુભૂતિ થાય છે.

સુતમુખ જોવા હરખાણી રે ॥ જ. ॥
ફાટયાં દોય પડલને દેખે રે ॥ જ. ॥
મુખ જોઈ જોઈ માતા હરખે રે ॥ જ. ॥ ૩ ॥

રૂષભદેવ ભગવાન માતાને બોલાવતા નથી. એટલે માતાને અતિ દારૂણ દુઃખ થાય છે. પછી માતા વિચારે છે કે -

એ તો વીતરાગ નિઃસ્નેહી રે ॥ જ. ॥
થયા બંધન પ્રેમ વિછોહી રે ॥ જ. ॥

આવા શુભ વિચારના ધ્યાનમાં લીન બનતાં માતાને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

''ગજસ્કંધે પદ શિવ વરિયા રે ॥ જ. ॥
ત્રીજે ભવ ભવજળ તરિયા રે ॥ જ. ॥

પ્રભુ, દશહજાર મુનિ ભગવંતો સાથે અષ્ટાપદ પર્વત પર અનશન કરીને મહા વદિ ૧૩ના મંગલમય દિવસે નિર્વાણ પામ્યા. ઈન્દ્ર મહારાજ પ્રભુનો નિર્વાણ મહોત્સવ ઉજવે છે તે પ્રસંગનું વર્ણન કરતી કવિની નીચેની કડીઓ નોંધપાત્ર છે.

''ચોસઠ સુરપત્તિ સુર આવે રે ॥ જ. ॥
ક્ષીરોદકે જિન નવરાવે રે ॥ જ. ॥
જિન ગણધર મુનિવર કાજે રે ॥ જ. ॥
કીધી ત્રણ ચય સુર રાજે રે ॥ ૧૦ ॥

કવિએ ચાર પૂજામાં રૂષભદેવ ભગવાનના જીવનના વિવિધ પ્રસંગોનું ચારિત્રાત્મક નિરૂપણ કર્યું છે.

પાંચમી પૂજાના આરંભમાં ક્ષણિક કરૂણ રસનો પ્રયોગ

થયેલો છે. રૂષભદેવ ભગવાનના સમાચારથી રાજા ભરત શોકગ્રસ્ત બને છે. અને એમના દર્શનની ઝંખના કરતાં અંતે અષ્ટાપદ પર્વત પર મૂળનાયક રૂષભદેવ અને બાકીના ૨૩ તીર્થંકરોના જિનપ્રાસાદની રચના કરાવે છે તે પ્રસંગનું નિરૂપણ થયેલું છે. કવિની રસનિરૂપણ શકિતનો પરિચય કરાવતી પ્રથમ કડી નોંધપાત્ર છે.

"તાતનું નિર્વાણ સાંભળી રે, ભરતજી શોક ધરાય,
આવ્યો ગિરિ અષ્ટાપદે રે, પરિકર લેઈ સમુદાય રે,
પ્રભુજી, દિયો દર્શન મહારાજ ॥ ૧૧ ॥

રૂષભદેવ ભગવાનનાં વિશેષણો ઈક્ષાગકુલની લાજ, કાશ્યપવંશ શિરતાજ, તારણ તરણ જહાજ, વગેરે કવિની કલ્પના શક્તિનું પ્રમાણ છે. પ્રભુના પગલાંને વંદન કરીને અંતે શોકાકુળ ભરતનાં નયનોમાંથી નીર વહે છે. સમગ્ર પ્રસંગ કરૂણ ને ભક્તિ રસના સમન્વયવાળો આકર્ષક બની રહે છે.

૨૪ તીર્થંકરોના શરીરના પ્રમાણ મુજબ પ્રતિમા ભરાવીને અષ્ટાપદ પર્વત પર ભવ્ય જિન પ્રાસાદ હારમાળાની રચના કરવામાં આવે છે.

પૂર્વદિશિ દોય ચાર દક્ષિણ, આઠ પશ્ચિમ દિશિ જાણ ॥
ઉત્તર દિશિ દશ પ્રભુ બિરાજે, નાસિક ભાગ સમાન ॥ ૫ ॥

લાંછન વર્ણ ને દેહ પ્રમાણ, જક્ષિણી જક્ષ પ્રમાણ
ચૌમુખ સરખી ભૂમિ બિરાજે, પ્રત્યક્ષ મુક્તિ સોપાન રે ॥ ૬ ॥

આ પ્રસંગ ચિત્રાત્મક શૈલીના નિરૂપણનું ઉદાહરણ છે. ભરત મહારાજા, રૂષભદેવ, આદિ જિનપ્રાસાદને રત્ન અને ફૂલથી

વધાવે છે. કવિએ ઢાળને બદલે મારૂ છંદમાં રચના કરીને ભરતનો હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો છે.

"રયણે વધાવે રે, ભરત રાય રયણે વધાવે રે,
ફૂલ વધાવે પ્રભુને ફુલ વધાવે" ૧૩

પછી સકલ સંઘના ભાઈ બહેનો પ્રભુને રત્ન, મોતી અને સુવર્ણ ચાંદીના વિવિધ પુષ્પોથી વધાવે છે. ભરત રાજાને શંકા થાય છે કે આગળ જતાં વિષમકાળ આવશે ને તીરથની આશાતના થશે એટલે અષ્ટાપદનાં આઠ પગથિયાંની રચના કરી દરેક પગથિયા વચ્ચે એક યોજનનું અંતર રાખ્યું, કવિના શબ્દોમાં આ વિગત નીચે મુજબ જોવા મળે છે.

બત્રીશ કોશનો પર્વત ઊંચો, આઠ ચોક બત્રીશ ાા તીરથ. ાા
યોજન યોજન અંતર કીધાં, પગથિયાં આઠ નરેશ ાા તીરથ. ાા૩ાા

અષ્ટાપદ તીર્થની સ્થાપના કર્યા પછી આરીસા ભુવનમાં ભરત રાજાને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પાંચમી પૂજાની વિશિષ્ટતા દર્શાવતાં કવિ જણાવે છે કે :- "પાંચમી પૂજા તીરથ સ્થાપન અષ્ટાપદ ગિરિરાજ"

છઠ્ઠી પૂજાની પ્રથમ ઢાળમાં રૂષભદેવ ભગવાનના શાસનમાં ૧૮ જાતિ અને ચાર વર્ણના અસંખ્યાતા લોકો મુક્તિ પામ્યા તેની માહિતી આપવામાં આવી છે.

"બ્રહ્મ ક્ષત્રિય વૈશ્ય વળી શુદ્ર જે વર્ણ એ ચાર અઢારજી,
એક એકમાં શિવ પદવી વર્યા, સંખ્ય અસંખ્ય અપારજી ાા ૨ ાા

કૃતારથ જયકારમાં દીખ્ખશેતાપરી જોગી જંગમ મિથ્યાગુણઠાણું
તજી સમકિત પામી ક્ષપકશ્રેણી વેગે સિદ્ધિવહુ ભજી ાા ૨ ાા

રૂષભદેવ ભગવાનના શાસનમાં અર્ધા આરાના સમયે આટલી મોટી સંખ્યામાં સિદ્ધિપદ પામ્યા જયારે બાકીના ૨૩ તીર્થંકરોના સમયમાં પણ લોકો સિધ્ધિને પામશે.

એક તરફ ઋષભદેવ ભગવાનનું શાસન અને બીજી તરફ ૨૩ તીર્થંકરોનું શાસન, આ બેમાં રૂષભદેવનું શાસન જયવંતુ ને ધન્ય ધન્ય કહેવાય છે.

બીજી ઢાળમાં રૂષભદેવ ભગવાન પછી અજિતનાથ ભગવાન મહા સુદ અષ્ટમીને દિવસે જન્મ્યા અને તે જ સમયે ચક્રવર્તી થયા.

"એક જિનપતિ એક ચક્રી બિરાજે
જોડી જગત દિવાજે રાજ"

સાતમી પૂજાના પ્રથમ ભાગમાં સગર ચક્રવર્તીના ૬૦ હજાર પુત્રો, અષ્ટાપદ પર્વત પર પ્રભુના ચૈત્યને વંદન - પૂજન કરવા જાય છે તેનો ઉલ્લેખ થયેલો છે.

બીજા ભાગમાં તીર્થ રક્ષા માટે ખાઇ બનાવવાની વિગત આપવામાં આવી છે. આ વાત જાણીને નાગકુમાર દેવ આવીને ખાઇ ન કરવા માટે વિનંતી કરે છે. તમે બાળક બુદ્ધિથી આવું વિચારો છો. પણ તમે તો નાગકુમાર દેવાનો અપરાધ કર્યો છે. તમે રૂષભદેવના વંશના છો એટલે અમે ક્રોધ કરીને વિપરીત કરવા માગતા નથી. નાગકુમારની વાણીમાં વિવેક બુદ્ધિનો પરિચય થાય છે. નાગકુમાર દેવની વિદાય પછી સગર પુત્રોએ ગંગાના નીરથી ખાઇ ભરવાની યોજના કરી એટલે તીરથની આશાતના થાય નહિ.

આઠમી પૂજાના પ્રથમ વિભાગમાં અષ્ટાપદનો મહિમા ગાઈને તેનો મિતાક્ષરી ઉલ્લેખ થયો છે. બીજો વિભાગ કલશ સમાન છે. તેમાં ગુરૂ પરંપરા અને કેટલીક મહત્વની માહિતી છે.

અષ્ટાપદના જિન ચૈત્યનો ઉલ્લેખ કરતાં કવિ જણાવે છે કે 'ચત્તારિ અટ્ઠ દસ દોય મળીને ચોવીશ જિન ગુણ ગાયારે,
''કૈલાશ શિખરે પ્રભુજી બિરાજે અષ્ટાપદ ગિરિ પ્રભુજી બિરાજે.
ભરતે બિંબ ભરાયા રે ॥ ૧ ॥

''રાંદેર બંદર સંઘ વિવેકી લાયક ગુણ નિપજાયા રે,
અષ્ટાપદના મહોત્સવ કારણ, પૂજા ગુણ ગવાયા રે, ગાયા. ॥૩॥

સંવત અઢાર છન્નું વરસે, કારતક માસ સોહાયા રે,
પ્રેમ રત્ન ગુરૂરાજ પસાયે, અમૃત ધન વરસાયા રે,
દીપવિજય કવિરાજ સવાઈ, મંગલ ધવલ ગવાયા રે,
મુગતા અક્ષત ફૂલ વધાવો, અષ્ટાપદ ગિરિરાયા રે. ॥ ૬ ॥

અષ્ટપ્રકારી પૂજાના ક્રમ પ્રમાણે કવિએ આઠપૂજાની રચના કરી છે. જેમાં રૂષભદેવ ભગવાનનાં પાંચ કલ્યાણકના નિરૂપણ દ્વારા એમની ચરિત્રાત્મક માહિતી ક્રમિક રીતે આપવામાં આવી છે. પ્રભુના રૂષભદેવ ભગવાનના નિર્વાણથી ભરત રાજા અતિ શોકગ્રસ્ત બન્યા પછી અષ્ટાપદ પર્વત ઉપર જિનપ્રાસાદની રચના કરાવી. અજિતનાથ ભગવાનનો જન્મ, સગર ચક્રવર્તી અને તેના ૬૦ હજાર પુત્રો, નાગકુમારનું વૃત્તાંત વગેરે વિગતો દ્વારા અષ્ટાપદની ભૌગોલિક માહિતીની સાથે તેનો મહિમા ગાવામાં આવ્યો છે. જૈન પદ્ય સાહિત્ય દેશીઓમાં રચાયેલું છે. ગેય દેશીઓની પરંપરાથી ભક્તિ માર્ગના આરાધકોને અપૂર્વ

આનંદોલ્લાસની અનુભતિ થાય છે. વાજિંત્રોના સૂર સાથે તાલબદ્ધ રીતેં મધુર કંઠે ગવાતી પૂજા અને તેમાં ભક્ત હૃદયની એકાગ્રતાનું દશ્ય એ જૈન સમાજની ભક્તિનું આદર્શ ઉદાહરણ છે.

કવિએ નીચેની દેશીઓનો પ્રયોગ કર્યો છે.

ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા, (આશાવરી રાગ)
દલવાદલનાં પાણિ કુણ ભરે,

હું તો મોહ રે નંદલાલ મોરલીને તાને (ગીત.)
વેણમ વાજયો રે વિઠલા વારૂં તમને,
અમે વાટ તુમારી જોતાં રે સાચું બોલો શામળીયા,
કપૂર હોય અતિ ઉજલો રે,
અબોલા શ્યાના લો છો.
"કપૂર હોય અતિ ઉજલો રે, અબોલા શ્યાના લો છો.
તિરથપતિ અરિહા નમું, ધર્મ ધુરંધર ધીરોજી,
આઠ કૂવા નવ વાવડી, હું તો શેં મિશે દેખણ જાઉં
મહારાજ, દધિનો દાણી કાનુડો,
અવિનાશીની સેજડીએ રંગ લાગ્યો મોરી સજનીજી રે,
ગોપી મહિ વેચવા ચાલી મટુકીમાં ગોરસ ઘાલી.
શ્રાવણ વરસે રે સ્વામી, મેલી મજાઓ અંતરજામી.
ગિરુઆ રે ગુણ તુમ તણા.

અષ્ટાપદની પૂજામાં નાગકુમારનો પ્રસંગ ચિત્રાત્મક શૈલીની રચનાના ઉદહરણ રૂપ છે, દુહા, ઢાળ, કાવ્ય અને મંત્ર એમ ચાર વિભાગમાં સમગ્ર પૂજાની રચના થયેલી છે. કાવ્ય અને મંત્ર

સંસ્કૃત ભાષામાં રચાયેલાં છે. દરેક પૂજાને અનુરૂપ સંસ્કૃત કાવ્ય દ્રુત-વિલંબિત છંદમાં છે. ઉદા. તરીકે -

"સકલ પુદ્‌ગલસંગ વિવર્જનં, સહજ ચેતન ભાવ વિલાસનમ્,
સરસ ભોજન કસ્ય નિવેદનાત, પરમનિવૃત્તિ ભાવમહં સૃજે

સમકિત ભાવવૃક્ષ તરૂવર, ભાવજલ, જેવી રૂપક રચના અષ્ટાપદનો શ્લેષમમાં પ્રયોગ કરીને અષ્ટઆપત્તિ નાશ કરે તેવી અભિવ્યક્તિ, કવિત્વશક્તિના પરિચય રૂપ છે. પ્રાસ યોજનાવાળી પંક્તિઓ પણ લલિત મધુર બની છે.

**અલંકાર :**

ચોથી ધૂપપૂજા ભાવવૃક્ષના સીંચન કરવા માટે જાણે અમૃતના મેઘ સમાન છે. એમ કવિની ઉત્પ્રેક્ષા દ્વારા ધૂપપૂજાની વિશિષ્ટતા પ્રગટ થઈ છે.

જિનવાણી અમૃતધારાની ઉપમા,
ચોસઠ સુરપતિ સુર આવે રે,
ક્ષીરોદકે જિન નવરાવે રે,
કીર્તિ જગમાં જસ વ્યાપે રે,
જુઓ જંબુ દ્વીપ પન્નત્તિ રે,

રૂષભદેવનું નિર્વાણ સાંભળીને ભરત રાજા શોકગ્રસ્ત બને છે. તે કરૂણ ભાવ દર્શાવતી રચના ગીત કાવ્યના નમૂનારૂપ બની છે.

"તાતનું નિર્વાણ સાંભળી રે, ભરતજી શોક ધરાય,
આવ્યો ગિરિ અષ્ટાપદે રે, પરિકર લેઈ સમુદાય રે,
પ્રભુજી દિયો દરિદશન મહારાજ, ઈક્ષાગકુળની લાજરે.

આમ અષ્ટાપદની પૂજા જૈન ભૂગોળનો પરિચય આપતી ભક્તિપ્રધાન રચના છે.

તેહમાં યુગલનો કાળ ગવેષો કહે ગણધર ગણ જોડી રે
અવસર્પિણી ઉત્સર્પિણી એહવાં લોમ વિલોમ છે ભાવ રે,
સરવારથનાં સુરસુખ પાળી સાગર તેત્રીસ આય રે,
નાભિ નૃપતિ ઇંદ્ર મળી પ્રભુજીના ઋષભદેવ નામ દેવાય રે,
આરા અવસર્પિણીના અનંતા એહ રીત જીત તે લખાય રે.
ઈહભવ પરભવ સુખ લહે સિદ્ધિ તણા સંકેત.

સગરના ૬૦ હજાર પુત્રો અને નાંગકુમાર દેવ સાથેનો પ્રસંગ નાનકડાઆ સંવાદ રૂપ છે. કવિની વર્ણની કળામાં ચિત્રાત્મકતા રહેલી છે. અષ્ટાપદનું વર્ણન આકર્ષક વર્ણન પ્રત્યક્ષાનુભૂતિ કરાવવાથી સફળ નીવડે છે.

કવિએ આ પૂજાની માહિતીના આધાર માટે જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ, ઠાણાંગસૂત્ર, આવશ્યક નિર્યુકિત જેવા ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે.

કવિ પંડિત વીર વિજયજીએ પૂજા સાહિત્યનાં વિવિધ વિષયોમાં કલમ ચલાવીને સમૃદ્ધ કર્યું હતું ત્યારે અષ્ટાપદ અને નંદીશ્વર દ્વીપને ઐતિહાસિક અને ભૌગોલિક માહિતી પૂજાના વિષયમાં ગૂંથી લેવાનો પ્રશસ્ય પ્રયત્ન કવિરાજ દીપવિજયે કર્યો છે. આ પૂજા ભકિતનું માધ્યમ હોવાની સાથે જૈન ભૂગોળની વિગતો આપે છે. ભક્તિ રસ કેન્દ્ર સ્થાને છે. પ્રભુનાં પાંચ કલ્યાણકના પ્રસંગો ભકતજનોને ચરિત્રાત્મક માહિતી દ્વારા ઇષ્ટદેવ પ્રત્યેનો ભક્તિભાવ વૃદ્ધિ કરવામાં પૂરક નીવડે છે. અષ્ટાપદના

વર્ણનની પૂજા માહિતી પ્રધાન છે. રસભંગ થાય છે પણ આ પૂજામાં અષ્ટાપદનો વિષય પૂજા નામને સાર્થક કરવા મહત્વનો હોઈ જ્ઞાન અને ભક્તિનો સમન્વય સધાયેલો જોવા મળે છે. આ પૂજા અષ્ટાપદની માહિતી મેળવવા માટેનું જ્ઞાનવર્ધક આધારભૂત માધ્યમ છે. જ્ઞાની જનો માટે જ્ઞાનની માહિતી આપે ને ભકતોને ભક્તિ રસમાં તરબોલ કરે એવી દ્વિવિધ હેતુવાળી અષ્ટાપદની પૂજા કવિની પૂજા સાહિત્યની અણમોલ પ્રસાદી છે. જેનો આસ્વાદ કરવાથી તેના રહસ્યને આત્મસાત કરી શકાય. કવિની પૂજાના સંદર્ભ સાથે અત્રે એક વાતનો ઉલ્લેખ કરવાનો છે કે અન્ય જૈન કવિઓએ અષ્ટાપદના સ્તવનની રચના કરી છે.

કળશને આધારે પૂજાના સમયનો સંદર્ભ નીચે પ્રમાણે ગણવામાં આવ્યો છે.

આગમ અભ્યાસી ઉપદેશી, રાજેન્દ્ર વિજય કહાયા રે,
તેહના વચન સંકેતને હેતે, સુકૃતલાભ કમાયા રે ॥ ૪ ॥

સંવત અઢાર બાણું વરસે, ફાગણ માસ સોહાયા રે,
પ્રેમરત્ન ગુરૂ ચરણ પસાયે, અમૃત ઘન વરસાયા રે ॥ ૫ ॥

પૂજાની રચના સં.૧૮૯૨માં થઈ છે એમ સૂચિત થાય છે. ત્યાર પછી રાંદેરમાં ચાતુર્માસ દરમ્યાન અષ્ટાપદની પૂજાનો મહોત્સવ ઉજવાયો છે. એમ કવિની પંક્તિઓ પરથી જાણવા મળે છે.

રાંદેરબંદર સંઘ વિવેકી, લાયક ગુણ નિપજાયા રે,
અષ્ટાપદના મહોત્સવ કારણ, પૂજા ગુણ ગવરાયારે. ॥ ૩ ॥

આ પંક્તિઓના સંદર્ભ ઉપરથી એવું અનુમાન તારવવામાં

આવે છે કે સંવત ૧૮૯૨માં પૂજાની રચના થઈ અને ૧૮૯૬માં પૂજાનો ઉત્સવ ઉજવાયો હતો. અષ્ટાપદની પૂજાની રચના સમય વિશે કવિના શબ્દો જોઈએ તો -

"સંવત અઢાર છન્નુ વરસે, કારતક માસ સોહાયા રે;
પ્રેમ રત્ન ગુરુરાજપસાયે, અમૃત ઘન વરસાયા રે.

કવિએ કઠોર નગરમાં રહીને પૂજાની રચના કરી છે. તેમાં એવો પણ ઉલ્લેખ છે કે ભગવતી સૂત્રની વાણી સાંભળીને સમકિતનો લાભ થયો. કવિ જણાવે છે કે -

"ચિતવિત વળી પાંત્ર વડાઈ, જ્ઞાન અમૃત રસ પાયા રે"

જેવી નાનકડી પંકિતમાં કાવ્યનો લય અને શબ્દ માધુર્ય જોવા મળે છે.

કવિએ પૂજાના ક્રમમાં ફેરફાર કરીને સાતમી ફળ અને આઠમી નૈવેદ્ય પૂજા દર્શાવી છે. આજ ક્રમનું અનુસરણ એમની અન્ય પૂજામાં થયેલું છે.

પૂજા સાહિત્યની એક વિશેષતાનો અત્રે ઉલ્લેખ કરવામાં આવે છે કે તેમાં પ્રભુ ભક્તિ કેન્દ્ર સ્થાને હોવાથી કેટલીક પૂજાની ઢાળ સ્તવન તરીકે પ્રસિદ્ધ છે. અષ્ટાપદની પૂજામાં ચોથી ધૂપપૂજાની ઢાળ "વિચરંતા પ્રભુજી આયા રે જગજીવન જગ સાહેબિયા" સ્તવન તરીકે પ્રચલિત છે. તેનો સ્તવન સંગ્રહમાં ઉલ્લેખ મળી આવે છે.

અષ્ટાપદ પર્વતનો લાક્ષણિક પરિચય કરાવતી નીચે દર્શાવ્યા પ્રમાણે સ્તવન રચનાઓ ઉપલબ્ધ થાય છે.

કવિ જ્ઞાનવિમલસૂરિ "અષ્ટાપદ ગિરિ યાત્રા કરણકું રાવણ પ્રતિહરિ આવ્યા", કવિ પદ્મવિજયજી - અષ્ટાપદ અરિહંતજી, મ્હારા વહાલાજી, પંડિત વીરવિજયજી ચઉ અઠ દશ દોય વંદીયેજી વર્તમાન જગદીશરે, કવિ ભાણવિજયજી, શ્રી અષ્ટાપદ ઉપરે, જાણી અવસર હો આવ્યા આદિનાથ કે, સમયસુંદર - મનડું અષ્ટાપદ મોહ્યું માહરુંજી વગેરે લઘુ રચનાઓ દ્વારા અષ્ટાપદ તીર્થનો મહિમા ગાવામાં આવ્યો છે.

## ૨. નંદીશ્વર દ્વીપ પૂજા - ભૂમિકા

સર્વજ્ઞ દેવ પ્રણીત જૈન સિધ્ધાંતો ચાર વિભાગમાં વહેંચાયેલા છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને કથાનુયોગ.

દ્રવ્યાનુંયોગમાં ષડ્ દ્રવ્ય અને નવતત્ત્વનો વિષય છે. ગણિતાનુયોગ ગણિત - ગણતરીનો સમાવેશ થયેલો હોય છે. ચરણકરણાનુયોગમાં સાધુ - સાધ્વી માટેની આચાર સંહિતાનો સંદર્ભ મળે છે. અને કથાનુયોગમાં ધર્મતત્વને પામવા માટે આબાલ ગોપાળને અનુલક્ષીને સમૃદ્ધ કથાનો સમાવેશ થાય છે.

નંદીશ્વર દ્વીપની પૂજાની માહિતી એ ગણિતાનુયોગમાં સ્થાન ધરાવે છે. જૈન ભૂગોળ એટલે ક્ષેત્ર સમાસ ગ્રંથનો એક પર્યાય. ગણિતાયોગમાં ગુણાકાર, ભાગાકાર, બાદબાકી, સરવાળા વગેરે દ્વારા ચૌદરાજલોકનું સ્વરૂપ, સમુદ્રો, પર્વતો, દ્વીપો, નદીઓ

વગેરેનો અધિકાર સમજાવવામાં આવે છે.

નંદીશ્વર દ્વીપની પૂજાની ભૂમિકા રૂપે કેટલીક વિગતો ક્ષેત્ર સમાસને આધારે આપવામાં આવે છે. જેથી પૂજા વિષેની વિગતોનું સ્પષ્ટીકરણ થવામાં સહયોગ મળે છે.

પઢમો જંબુ બીઓ ધાયઈસંડોય પુખ્ખરો તઈઓ ।
વારુણિવરો ચઉત્થો, ઈખ્ખુરસો પંચમોદીવો ॥ ૬ ॥

ઘયવર દીવો છઠ્ઠો, ઈખ્ખુરસો સત્તમો અઠમોઅ ।
ણદીસરો અ અરૂણો, નવમો ઈચ્ચાઈ સંખિજજા ॥ ૭ ॥

પહેલો જંબુ દ્વીપ, બીજો ઘાતકીખંડ, ત્રીજો પુષ્કરવર દ્વીપ, ચોથો વારૂણી દ્વીપ, પાંચમો ક્ષીરવરો, છઠ્ઠો વૃત્તવર દ્વીપ, સાતમો ઈક્ષુરસ દ્વીપ, આઠમો નંદીશ્વર દ્વીપ, નવમો અરૂણ દ્વીપ ઈત્યાદિ અસંખ્યાતા દ્વીપ છે.

"તત્તો દુગુણપમાણ ચઉદારા થુત્ત વણ્ણિ અસરૂવે ।
ણંદીસરિબાવન્ના, ચઉ કુંડલિ રુઅગિ ચત્તારિ" ॥

તે આઠ ચૈત્યોથી બમણા પ્રમાણવાળાં અને ચાર દ્વારવાળાં ચૈત્યો સ્તોત્રમાં વર્ણવેલા સ્વરૂપવાળા નંદીશ્વર દ્વીપમાં બાવન (૫૨) છે. કુંડલદ્વીપમાં ૪ છે અને રૂચક દ્વીપમાં પણ ૪ છે.

શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજીનું રચેલું 'શ્રી શાશ્વતચૈત્ય સ્તવ' નામના સ્તોત્રમાં ચૈત્યોનું વર્ણન છે.

નંદી - એટલે સમૃદ્ધિ વડે, ઈશ્વર એટલે વૈભવવાળો, દીપતો જે દ્વીપ તે નંદીશ્વર દ્વીપ. આ દ્વીપની પહોળાઈ ૧૬૩૮૪૦૦૦૦૦ એકસો ત્રેસઠ ક્રોડ ચોરાશી લાખ યોજન છે.

એ દિશાના અતિ મધ્યભાગની ચાર દિશામાં અંજનરત્નના શ્યામવર્ણી ચાર અંજનગિરિ નામના ચાર પર્વતો ભૂમિથી ૮૪૦૦૦ યોજન ઊંચા અને એક હજાર યોજન ભૂમિમાં ઉંડા છે તથા ૧૦ હજાર યોજન ભૂમિસ્થાને વિસ્તારવાળા અને શિખર ઉપર ૧૦૦૦ યોજન વિસ્તારવાળા છે. મતાંતરે ભૂમિસ્થાને ૯૪૦૦ યોજન વિસ્તારવાળા પણ કહ્યા છે. એ દરેક અંજનગિરિ ઉપર એકેક જિનભવન છે એ દરેક અંજનગિરિની ચાર દિશાએ લાખ લાખ યોજન દૂર ગયે લાખ યોજનની લાંબી પહોળી મતાંતરે લાખ યોજનની લાંબી પચાસહજાર યોજન પહોળી અને ૧૦ યોજન ઊંડી મતાંતરે ૧૦૦૦ યોજન ઊંડી ચાર ચાર વાવડી મળીને ૧૬ વાવડી છે. તે દરેક વાવડીની પણ ચાર દિશાએ પાંચસો યોજન દૂર ગયે ૫૦૦ યોજન પહોળું અને એક લાખ યોજન લાંબું એક એક વન હોવાથી ૬૪ વન છે. તથા એ સોળ વાવડીમાં દરેકમાં મધ્યભાગે ઉજ્જવળ વર્ણનો સ્ફટિક રત્નનો ૬૪૦૦૦ યોજન ઉંચો ૧૦૦૦ યોજન ભૂમિમાં ઊંડો મૂળમાં તથા શિખરતળે ૧૦૦૦ યોજન લાંબો પહોળો વર્તુળ આકારનો ધાન્યના પાલા સરખો એક એક દધિમુખ પર્વત હોવાથી સર્વ મળી ૧૬ દધિમુખ પર્વત છે. તે દરેક ઉપર પણ એકેક શાશ્વત જિન ચૈત્ય હોવાથી ૧૬ ચૈત્ય દધિમુખ પર્વતોનાં ગણાય છે. તથા દરેક અંજનગિરિને ફરતી ચાર વાવડીઓના ચાર આંતરામાં દરેકમાં બેબે રતિકર પર્વત હોવાથી ચારે અંજનગિરિને ફરતા સર્વ મળીને ૩૨ રતિકર પર્વત છે. તે પદ્મરાગ મણિના છે. એ પર્વતોનું પ્રમાણ દેખાતું નથી. એ દરેક ઉપર એકેક શાશ્વતા જિન ચૈત્ય હોવાથી ૩૨ જિન ચૈત્ય છે. આ પ્રમાણે ૪ + ૧૬ + ૩૨ મળીને બાવન

જિન ચૈત્યો નંદીશ્વર દ્વીપમાં કહેલાં છે. તે સર્વ ચૈત્યો સિંહ નિષાદી આકારનાં છે. એક બાંજુ નીચાં અને બીજી બાજુ અનુક્રમે ઊંચા થતાં યાવત્ ૭૨ યોજન ઊંચા થયેલાં છે. તથા પૂર્વે કહેલા ઇષુકારાદિ યાવત્ ઉપરના જિનચૈત્યોથી બમણા પ્રમાણવાળા હોવાથી ૧૦૦ યોજન દીર્ઘ ૫૦ યોજન પહોળાં અને ૭૨ યોજન ઊંચા છે.

## નંદીશ્વર દ્વીપની પૂજા - ૧

કવિ દીપવિજયના પૂજા સાહિત્યમાં વિષયની નવીનતા જોવા મળે છે. જૈન ભૂગોળ પ્રમાણે ચૌદ રાજલોક પ્રમાણમાં સમગ્ર વિશ્વનો સમાવેશ થાય છે. તેમાં નંદીશ્વર દ્વીપની જૈન ભૂગોળ પ્રમાણે વર્ણન દ્વારા પરિચય કરાવવામાં આવ્યો છે. પૂજા સાહિત્યની લોકપ્રિયતા અને વિષય વૈવિધ્ય કેટલું છે તે આ પૂજાની રચના ઉપરથી ખ્યાલ આવે છે. પૂજાની રચના અને ફળશ્રુતિ કવિની પંકિતઓમાં નીચે મુજબ છે.

"સંવત અઢાર નવ્યાશી વરસે સુરત સંઘ સવાયો રે ।
નંદીશ્વરનો મહોત્સવ કીધો તે કારને જિન ધ્યાયો રે ॥ ૨ ॥

ફળ વિશેષ જોઈએ તો

"જીભ પવિત્ર થઈ ગુણગાતાં, સુકૃત લાભ કમાયા રે;
ભકતે જિન ગુણ ગાતાં ઉપજે, સમકિત શુદ્ધ ઉપાયા રે ॥૫॥

કવિની પૂજા રચવાની પદ્ધતિ પરંપરાગત છે. તેમાં દુહા થી પ્રારંભ, ઢાળમાં વસ્તુ વિશ્લેષણ કે વર્ણન, અંતે મંત્ર અને કાવ્ય છે.

પૂજાના દૂહા વસ્તુ નિર્દેશાત્મક છે. આરંભમાં ચાર શાશ્વત જિનશ્વરો રૂષભાનન વારિષેણ, ચંદ્રાનન અને વર્ધમાનની સ્તુતિ કરવામાં આવી છે. સ્વર્ગ, મૃત્યુ અને પાતાલલોકમાં અસંખ્યાતા જિનબિંબો છે. તેમાં નંદીશ્વર પણ સ્થાન ધરાવે છે.

તેહમાં વરણું આઠમું, નદીસર જસ નામ,
બાવન ચૈત્યાલા જિહાં, ઈદ્ર તણા વિશરામ. ॥ ૪ ॥

પ્રથમ ન્હવણ પૂજાની બે ગાથામાં ભગવાનની દિવ્યવાણીનો પરિચય કરાવ્યો છે. કવિના શબ્દો છે.

"ભાંગે ભૂખ તૃષા ષટ માસની રે,
એ તો ત્રિભુવન જિન આધાર;
દશ બોલે જ ખજાનો સંચીયારે
કહ્યા પન્નવણમાં વિચાર વાલો. ॥ ૨ ॥

પ્રથમ પૂજામાં કવિએ ત્રીજી કડીથી નંદીશ્વરના જિન પ્રાસાદનું વર્ણન કર્યું છે. જંબુદ્વીપ, ઘાતકી ખંડ અને અર્ધપુષ્કર દ્વીપ એમ અઢી દ્વીપના જિનબિંબોની સંખ્યા દર્શાવી છે.

પ્રથમ પૂજામાં નંદીશ્વર દ્વીપમાં રહેલા જિનમંદિરોની માહિતી આપતાં કવિ જણાવે છે કે -

ફુલગિરિ ત્રીશનાં ત્રીશ પ્રાસાદ છે રે,
વલી એંશી વખ્ખારા વખાણ । અ. ।
એક હજાર છે.
કંચનગિરિ તણાં રે, દશ દેવકુરૂ ઉત્તર કુરૂ જાણ આ.
મંદિરગિરિના વીશે વન તણા રે, તિહાં એંશી પ્રાસાદ જુહારા । અ. ।
મેરૂદિગિરિ ચાલીશ વંદીયે રે, વલી ચૂલિકા પાંચ વિહાર ॥ અ. ॥

બીજી પૂજામાં નંદીશ્વર દ્વીપનું વર્ણન છે. ત્રીજી પૂજામાં પ્રતિમા વિશેનો વિશિષ્ટ સંદર્ભ મળી આવે છે. પાંચશે ધનુષ્યની પ્રતિમા જાણો, એ પંક્તિ દ્વારા જિન પ્રતિમાની ભવ્યતાનો ખ્યાલ આવે છે. ત્રીજી પૂજામાં શાશ્વતી પ્રતિમાઓને ભાવપૂર્વક વંદના કરવામાં આવી છે તેની માહિતી કવિના શબ્દો "ત્રણ ભુવનમાં શાશ્વત પ્રતિમા, તેહના અંગ વખાણું; અંગમાં નવ નવ રંગ છે, સહુ ગણધર પંચને હું જાણું રે."

ભાવિકા શાશ્વત જિનવર વંદો, વંદી પરમાનંદો રે. ભવિ. ॥૧॥

પ્રતિમાનું વર્ણન કરતી કવિની પંક્તિઓ જોઈએ તો -

લાલ નહીં પણ ઘેરે રંગે અંક રતન તે કહાય ॥
નાસિકા આંખ ખૂણા નખ ગણ્યે અંક રત્નમેં સોહાય રે ॥ ૨ ॥
શ્રીવત્સ નાભી ને વલી સ્તન દોય જે કર તલ પગતલ દોય ॥
મુખની મુંછ તાલુ ને જિવ્હા, લાલ એ આઠ સોહાય રે ॥ ભ. ॥ ૩ ॥
આંખની કીકી ને કેશ મસ્તકના, પાંપણ ભમુહ સોહાય ॥
શરીરની રોમ રાજી એહ પાંચે અરિષ્ટ રત્નમય કહાય રે ॥ ભ ॥ ૪ ॥

ઉપરોક્ત પંકિતઓમાં જિન પ્રતિમાનો ચિત્રાત્મક શૈલી દ્વારા સાક્ષાત્કાર કરાવ્યો છે. તેમાં કલ્પના અને અલંકાર એમની કવિત્વ શક્તિના ઉદાહરણ રૂપ છે. નંદીશ્વર દ્વીપના જિન પ્રાસાદના રત્નોનો પ્રકાશ સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને બહોતેર યોજન ઊંચા વિસ્તારમાં ફેલાય છે. અલૌકિક સૌન્દર્ય સમાન રત્ન અને તેનો પ્રકાશ મંદિરની દિવ્યતાનો પરિચય કરાવે છે.

પાંચમી અને છઠ્ઠી પૂજામાં નંદીશ્વર દ્વીપનો વિસ્તાર

દર્શાવીને બાવન જિનાલયનો ઉલ્લેખ કર્યો છે. કવિના શબ્દોમાં ઉપરોક્ત માહિતી જોઈએ તો -

નંદીશ્વર નામે ભલો રે આઠમો દ્વીપ સુઠામ રે. ગુણા
એકશો કોડી ઉપર વલી રે ત્રેસઠ કોડી પ્રમાણ રે ।। મ. ।।
ચોરાશી લખ જાણીયે રે એટલા જોયણ માન રે ।। ગુણા. ।।૩।।
પહોલો એ નંદીશ્વર રે તેહમાં જિન પ્રાસાદ રે ।। મન. ।।
બાવન ચૈત્યાલાં તિહાંરે, વર્ણુ મન આલ્હાદ રે ।। ગુણા ।। ૪ ।।

સાતમી ફળ પૂજામાં નંદીશ્વર દ્વીપ પર દેવો પર્વના દિવસોમાં દૈવી ઠાઠથી ભક્તિના રંગે રંગાઈને મહોત્સવ કરે છે. પ્રભુની અષ્ટ પ્રકારી અને સત્તરભેદી પૂજા ભણાવે છે. તેનો સંદર્ભ છે. પક્ષીઓ પણ પ્રભુના ધ્યાનમાં લીન બને છે. "પ્રભુ ધ્યાને ભવજલ તરતા" એમ કહીને નંદીશ્વર દ્વીપનો પ્રભાવ દર્શાવ્યો છે. ચારણ મુનિઓ આવી નિર્મળ બને છે. ગણધરો અહીં આવી દર્શન કરી પવિત્ર બને છે. ક્રોડ દેવો ભેગા મળીને ભગવાનનો પંચ કલ્યાણક મહોત્સવ ઉજવે છે. કવિના શબ્દો છે.

"કરે અઠ્ઠાઈ મહોત્સવ રંગ રે, બહુગીત ગાન ઉચ્છરંગે રે,
ઇન્દ્રાણી નૃત્ય કરતી રે, પ્રભુ ગીતગાન અનુસરતી રે;
પ્રજુસણ દોય ઓળી રે, ચોમાસી ત્રણ સુર ટોલી રે; ૮

કવિએ ૧ થી ૬ અને ૮ મી પૂજામાં નંદીશ્વરનું વર્ણન કરીને સાતમી પૂજામાં તેમાં ઉજવાતા પર્વોનો સંદર્ભ આપીને રસિક અભિવ્યક્તિ કરી છે. વળી અહીં બાવન જિનાલય હોવાથી ભક્તોને બાવન જિનાલય તપ કરીને યાત્રાનો લાભ મળે તેનો ઉલ્લેખ પણ કર્યો છે. નંદીશ્વર દ્વીપની પૂજા એટલે જૈન દર્શનને

આધારે ભૌગોલિક માહિતી આપતી કાવ્ય રચના, તેમાં વર્ણન કેન્દ્ર સ્થાને છે. કલ્પના રસ કે અલંકારનું તત્ત્વ નહિવત્ છે. ભૌગૌલિક વિષય ને દેશી બધ્ધ રચનામાં વર્ણન કરવાનો કવિનો શ્રમ પ્રશસ્ય છે. ક્ષેત્ર સમાસનો અભ્યાસ નહિ કરનારા બહુજન સમાજના લોકોને આવી પૂજા નંદીશ્વરનો પરિચય પ્રાપ્ત કરવાનું એક આધારભૂત સાધન બને છે. જ્ઞાન અને ભક્તિનો સમન્વય કરતી પૂજા સાહિત્યની વિશિષ્ટ રચના છે.

નંદીશ્વર દ્વીપની પૂજાની કવિએ સાતમી પૂજા ફળ અને આઠમી નૈવેદ્ય એમ દર્શાવ્યું છે. પૂજાનો ક્રમ જળવાતો નથી. કવિની આ પ્રકારની કલ્પના પાછળ ચોક્કસ પ્રયોજન હોવું જોઇએ.

કવિની પૂજાઓમાં ઊર્મિ કે લાગણીનું તત્ત્વ ઓછું છે. જ્યારે માહિતી ને વર્ણન મુખ્ય છે. પૂજાનો વિષય જ ભૌગોલિક હોઇ તેમાં ઊર્મિનો અવકાશ અતિ અલ્પ છે. તેમ છતાં નવા વિષયની પસંદગીની દ્રષ્ટિએ આ પૂજાઓ મહત્ત્વની ગણાય છે.

જૈન કવિઓની એક વિશેષતા છે કે એમણે, વૈવિધ્યપૂર્ણ દેશીઓનો પ્રયોગ કર્યો છે. દેશીઓ લોક સમાજમાં પ્રચલિત હોવાથી સમાજના તહેવારોમાં પૂજા સમયે એકત્ર થઇને સમૂહમાં ગાઇને ભક્તિ રસનો અપૂર્વકેલાભ લે છે. તેમાં વાજિંત્રોનો સમન્વય સધાતાં સમગ્ર વાતાવરણમાં ભક્ત વર્ગના મનના પરિણામ કે ભાવની વિશુધ્ધિ થવામાં નિમિત્તરૂપ બને છે.

આ પૂજામાં પ્રયોજાયેલી દેશીઓ નીચે મૂજબ નોંધવામાં આવે છે. ''રે મન વસીયા, ધન ધન સંપ્રત્તિ સાચો રાજા, ભવિકા

સિદ્ધચક્ર પદ વંદો રે, અને હાં રે વાહલોજી વાયે છે વાંસળી રે.'' પૂજા સાહિત્ય રસિક હોવા છતાં અહીં વર્ણનની જટિલતાથી રસભંગ થાય છે. ભાવવિભોર થવાનો કોઇ સંદર્ભ પ્રાપ્ત થતો નથી. અન્ય પૂજા સાહિત્યની તુલનામાં આ પૂજાઓ કંઇક અંશે કવિત્વ ને રસિકતાની દૃષ્ટિએ ઝાંખી લાગે છે. ભાવકના ચિત્તને સ્પર્શે તેવી અભિવ્યક્તિની ઉણપ દેખાય છે. છતાં વર્ણન અને માહિતીના કારણે પૂજા સાહિત્યમાં નવીનતા હોવાથી એમનું પ્રદાન પ્રશસ્ય છે.

આ પૂજાઓ સીધીસાદી રચના છે એમ કહીએ તો પણ વાંધો નથી.

ખરતર ગચ્છના મુનિ ધર્મવિશાલના શિષ્ય મુનિ સુમતિ મંડળનું પૂજા સાહિત્ય વિવિધ વિષયોને આવરી લે છે. સિધ્ધાચલપૂજા, અષ્ટ પ્રવચન માતા પૂજા, આબુપૂજા, સહસ્ત્રકૂટ પૂજા, ૧૪ રાજલોક પૂજા, પંચ પરમેષ્ઠી પૂજા, ૧૧ ગણધરપૂજા જંબુદ્વીપ પૂજા, સંઘપૂજા, ગિરનાર પૂજા, ગૌતમ ગણધરપૂજા વગેરે.

આ પૂજાઓ તીર્થમહિમાની સાથે જૈન ભૂગોળને પણ વસ્તુ તરીકે સ્વીકારીને લોકભોગ્ય બનાવવાનો પ્રશસ્ય પ્રયત્ન કવિએ કર્યો છે. પૂજા સાહિત્યના વિષય વૈવિધ્યની દૃષ્ટિએ આ કવિના નામનો ગૌરવપૂર્વક ઉલ્લેખ કરવામાં આવે તે યથોચિત છે.

કવિ ધર્મચંદ્રએ સંવત ૧૮૯૬માં નંદીશ્વર દ્વીપની પૂજા રચી છે. તેમાં કવિએ નંદીશ્વર દ્વીપનું વર્ણન કર્યુ છે. વર્ણન અને માહિતી પ્રધાન આ રચના ભક્તિ માર્ગમાં નવો રાહ ચીંધતી

જ્ઞાન માર્ગનો સમન્વય સાધે છે.

આચાર્ય લબ્ધિસૂરિનું પૂજા સાહિત્ય પણ ઉલ્લેખનીય છે. બાર ભાવનાની પૂજા, નવ તત્ત્વની પૂજા, પંચજ્ઞાનની પૂજા, તત્ત્વત્રયી પૂજા, પંચમહાવ્રત પૂજાની રચના કરી છે. અહીં વિષય વૈવિધ્ય જોવા મળે છે. જૈન તત્ત્વજ્ઞાન અને સંયમ જીવનને પુષ્ટિ આપે તેવા વિષયો પસંદ કરીને પૂજા રચી આ કાવ્ય પ્રકારને સમૃદ્ધ કર્યો છે.

### નંદીશ્વર દ્વીપની થોય

નંદીશ્વર દ્વીપ સંભારું બાવન ચૌમુખ જિનવર જુહારું
એકેકે એકસો ચોવીસ, બિંબ ચોસઠસય અડતાલીશ. ।। ૧ ।।

દધિમુખ ચાર રતિકર આઠ, એક અંજનગિરિ તેર પાઠ
ચઉદિશિના એ બાવન જુહારું, ચાર નામ શાશ્વતા સંભારૂં. ।।૨।।

દ્વીપ સાત તિહાં સાગર સાત, આઠમો દ્વીપ નંદીશ્વર વાટ
એ કેવલીએ ભાખ્યું સાર, આગમ લાભ વિજય હિતકાર ।।૩।।

પહેલો સુધર્મ બીજો ઈશાનેન્દ્ર આઠ આઠ મહિષીના ભદ્ર
સોળ પ્રાસાદ તિહાં વાંદીજે, શાસનદેવી સાનિધ્ય કીજે. ।।૪।।

## ૩. આગમ શાસ્ત્રનો પરિચય

ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામી ભગવાનને વૈશાખ સુદ-૧૦ને દિવસે ઋજુવાલિકા નદીને કિનારે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ભગવાન મહાવીર અપાપાપુરીમાં પધાર્યા. ત્યાં દેવોએ સમવસરણની રચના કરી. પ્રભુએ ૧૧ ગણધરોની સ્થાપના કરી.

ગણધર ભગવંતોએ પરમાત્મા પાસેથી તત્ત્વનો પ્રકાશ પાથરતી ત્રિપદીની પ્રાપ્તિ કરી. ''ઉપન્નેઈવા, વિગમેઈવા, ધ્રુવેઈવા'' ત્યાર પછી ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી.

વર્તમાનમાં ૧૪ પૂર્વ અને બારમા દૃષ્ટિવાદનો વિચ્છેદ થયો છે. એટલે હાલ ૧૧ અંગ શેષ રહ્યાં છે. આગમ વાચનનો ઐતિહાસિક ક્રમ વિચારીએ તો સૌ પ્રથમ ભદ્રબાહુ સ્વામીના વખતમાં પાટલીપુત્રમાં સ્કંદિલાચાર્ય અને નાગાર્જુનાચાર્યના સમયમાં મથુરા અને વલ્લભીમાં વાચના થઈ. પ્રભુ મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ મે વરસે મતાંતરે ૯૯૩ મે વરસે વલ્લભીમાં દેવર્ધ્ધિ ગણી ક્ષમા શ્રમણે આગમ શાસ્ત્રોને ગ્રંથસ્થ કરાવ્યાં.

વર્તમાનમાં ૪૫ આગમ પ્રચલિત છે. તેની વિગત નીચે પ્રમાણે છે. ૧૧ અંગ સૂત્ર, ૧૨ ઉપાંગ સૂત્ર, ૧૦ પયન્નાસૂત્ર, ૬ છંદ સૂત્ર, ૪ મૂળ સૂત્ર, ૨ ચૂલિકા સૂત્ર.

અંગ સૂત્રોમાં તત્ત્વજ્ઞાનની મૂળભૂત માહિતી સંક્ષેપમાં આપવામાં આવી છે. જયારે ઉપાંગ સૂત્રમાં તત્ત્વની કઠિન વિગતોને વિસ્તારથી સમજાવીને કહેવામાં આવી છે. ઉપાંગ સૂત્રોની રચના પૂર્વધર અને મહાજ્ઞાની આચાર્ય ભગવંતોએ કરી છે.

પયન્ના, પઈન્નગ, અને પ્રકીર્ણક એમ ત્રણ શબ્દ પ્રયોગો થાય છે. તીર્થંકર ભગવંતે ઉપદેશ આપ્યો તેનું મુનિવરોએ શ્રવણ કરીને જે શાસ્ત્રોની રચના કરી તે પયન્ના કહેવાય છે.

ટૂંકમાં પયન્ના શાસ્ત્ર એટલે પ્રભુની દેશના સાંભળતા જાય અને તેમાંથી મહત્ત્વની વાતો ગ્રંથ રૂપે ગ્રૂંથતા જાય તેવી પ્રવૃત્તિ.

જે તીર્થંકરના જેટલા શિષ્યો હોય તેટલા પયન્ના શાસ્ત્રો

હોય છે. રૂષભદેવ ભગવંતના શિષ્યો ૮૪૦૯૦ અને ભગવાન મહાવીરના શિષ્યોની સંખ્યા ૧૪૦૦૦ હતી એટલે તેટલી સંખ્યામાં પયન્ના શાસ્ત્રો રચાયાં હતાં. કાળક્રમે આ પયન્ના શાસ્ત્રો નષ્ટ થતાં ૩૦ પયન્ના ઉપલબ્ધ છે. તેમાંના ૧૦ની ૪૫ આગમમાં ગણતરી થાય છે.

છેદ સૂત્ર - પાપી, પ્રમાદી, અજ્ઞાની અને મોહવશ જીવોએ કરેલી નાની મોટી ભૂલો કે અતિચારના પ્રાયશ્ચિતનું વિધાન આ સૂત્રમાં છે. ચારિત્રની શુદ્ધિ અને રક્ષણ માટે ઉત્સર્ગ અને અપવાદ માર્ગની માહિતી આપવામાં આવી છે.

મૂળ સૂત્ર - માનવ ભવ મળ્યા પછી ચારિત્ર મોહનીય કર્મના ક્ષય થવાને કારણ અને પૂર્વની અપૂર્વ આરાધના ને પુણ્ય યોગે સંયમ જીવન જીવવાનો લ્હાવો મળે ત્યારે નવ દીક્ષિતને સંયમ જીવનને અનુરૂપ થવા આવશ્યક સૂત્રનો અભ્યાસ કરાવવામાં આવે છે. પરિણામે તેઓ રત્નત્રયીની આરાધનામાં ઉદ્યમવંત રહે છે. મુમુક્ષુઆત્માને મોક્ષ માર્ગની પ્રાપ્તિમાં ઉલ્લાસ વધે ને પુરુષાર્થ દ્વારા પ્રગતિ થાય તેવાં આગમગ્રંથો 'મૂળસૂત્ર' તરીકે ગણાય છે.

કવિ દીપવિજયે અડસઠ આગમની ગણતરી કરી છે. તેમાં ૧૧ અંગ સૂત્રની સાથે બારમા દષ્ટિવાદનો વિચ્છેદ થયો છે તેની પણ ગણતરી કરીને ૧૨ અંગ સૂત્ર દર્શાવ્યાં છે.

મૂળ સૂત્રની સંખ્યા ચાર ને બદલે છની ગણતરીમાં લીધી છે.

આગમ અંતર્ગત ચૂલિકાની રચનાને પયન્ના સૂત્રમાં આવરી લેવામાં આવી છે. કવિએ ૧૪ ઉપાંગ સૂત્ર, ૬ છેદ સૂત્ર અને

૩૨ પયન્ના સૂત્રોનો અડસઠ આગમની અષ્ટ પ્રકારી પૂજામાં ઉલ્લેખ કર્યો છે. દીપવિજયે ૪૫ને બદલે ૬૮ આગમને મહત્ત્વ આપ્યું છે.

કવિ પંડિત વીરવિજયે અને પદ્મવિજયજીએ જય આગમની પૂજાની રચના કરી છે. જ્યારે દીપવિજયે ૬૮ આગમની પૂજા રચી છે.

## અડસઠ આગમની અષ્ટ પ્રકારની પૂજા

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર કરીને પૂજાની રચના કરવામાં આવી છે. કવિએ પ્રારંભમાં પૂજાની વિધિનો નિર્દેશ કર્યો છે.

કવિએ પૂજાના સ્વરૂપને અનુરૂપ ૧૧ દુહાથી વિષય વસ્તુનો વિસ્તારથી પરિચય આપી શ્રુતજ્ઞાન - આગમનો અપરંપાર મહિમા ગાયો છે. આગમની ઐતિહાસિક માહિતી આપતાં કવિ જણાવે છે કે -

પ્રવચન પરમેશ્વર પ્રભુ, શ્રુત પરમેશ્વર ભાંણ,
સંઘ તિરથ પરમેશ્વરુ સિંહ સમોવડ ભાંણ ॥ ૧ ॥

તે શ્રુત તે પ્રવચન પ્રભુ, તે આગમ સિધ્ધાંત,
દ્વાદશ અંગ તે જગ ગુરૂ, તીરથ સંઘ કહંત ॥ ૨ ॥

આગમની સંખ્યા સાંપ્રતકાળમાં ૪૫ છે. પણ ૮૪ અને ૭૬ આગમનો સંદર્ભ મળી આવે છે. તેનો ઉલ્લેખ નીચેના દુહામાં થયો છે.

''નંદીમેં ચોરાસી કહ્યાં દેવ ગણિ ગણધાર,
છિહોત્તેર પાષી સુત્રમાં, પિસ્તાલીસ જયકાર ॥ ૭ ॥''

આગમની સંખ્યા દર્શાવ્યા પછી કવિએ ૬૮ આગમની સ્વમતથી ગણતરી કરીને પૂજા રચવાનો ઉલ્લેખ કર્યો છે.

''અડસઠ આગમની પૂજા અષ્ટ પ્રકાર''

અષ્ટ પ્રકારી પૂજામાં નૈવેદ્ય અને ફળપૂજાના ક્રમને કવિએ ફળ અને નૈવેદ્ય એ રીતે સ્થાન આપ્યું છે. આ અંગેનું કોઈ પ્રયોજન સમજાતું નથી. નૈવેદ્ય પૂજા એ ચાર ગતિનો નાશ કરી અણાહારી પદ પ્રાપ્ત કરવા માટે છે. આત્મા અણાહારીપદ પ્રાપ્ત કરે પછી સર્વ કર્મનો ક્ષય થતાં મુક્તિ સુખ મેળવે છે. તે માટે ફળ પૂજા છે. પ્રભુભક્તિ આરાધના ઉપાસનાનું જો કોઈ એક માત્ર પરમ ઈષ્ટ ફળ હોય તો તે મુક્તિ છે. અન્ય કવિઓની પૂજામાં ક્રમ યથોચિત જળવાઈ રહ્યો છે.

અહીં ક્રમમાં ફેરફાર કર્યો છે. કવિના દૂહામાં આ માહિતી પ્રગટ થયેલી જોઈએ તો -

''ન્હવણ વિલેપન કુસુમની, ધૂપ દીપ જયકાર,
અક્ષત ફલ નિવેદ એ, પૂજા અષ્ટ પ્રકાર'' ॥ ૧૦ ॥

પ્રથમ પૂજામાં બાર અંગસૂત્રનાં પદોની સંખ્યા જણાવી છે.
ન્હવણ કરો પ્રભુ વીરને રે, વીસ કોડા કોડી ઉપરે રે,
છાસી ક્રોડને અડસઠ લાખ, પાંચહજાર ને બસેં ઉપર વળી રે,
બારે અંગના પદ સહુ ભાષા ॥ અ ॥ ૨ ॥

આ પૂજામાં આગમ સૂત્રનાં ૧૨ અંગનો ટૂંકમાં ઉલ્લેખ થયેલો છે. પ્રત્યેક અંગસૂત્ર વિશે મહત્વની માહિતી દર્શાવી છે.

દા.ત. છઠ્ઠા અને સાતમા અંગસૂત્રનો આવો ઉલ્લેખ કવિના શબ્દોમાં નીચે પ્રમાણે છે.

"જ્ઞાતા સૂત્ર તે છઠ્ઠુ અંગ છે રે, કથાના પ્રમાણ,
સાતમા અંગમાં દશ શ્રાવક કહ્યા રે, ઉપાસક સૂત્ર વરદાંણ ॥ ૮ ॥"

વર્તમાનમાં અગિયાર અંગ પ્રસિદ્ધ છે. બારમા દષ્ટિવાદ અંગ સૂત્ર પૂર્વકાલમાં અસ્તિત્વ ધરાવતું હતું પણ તેનો વિચ્છેદ થયો છે. એટલે આગમની ગણતરીમાં ૧૧ અંગને બદલે ૧૨મું અંગસૂત્ર દષ્ટિવાદ છે એમ જણાવ્યું છે.

"બારમું અંગ છે, જગ જિન પ્રભુ રે, દષ્ટિવાદ નામ ગવાયા"

દષ્ટિવાદ સૂત્રના વિચ્છેદની ભાવના વ્યક્ત કરતાં કવિની સ્વાભાવિક કરૂણ અને આર્દ્ર ભાવના સાથે શ્રુત પ્રેમ વ્યક્ત થયેલો છે.

"વીરપ્રભુ નિરવાણથી દષ્ટિવાદ ભગવંતનો
અડસઠમાં વિરહ પડ્યો જગ માંહે રે ॥ ૨ ॥
વ્રજઘાત પરે ઈન્દ્રને ઉપનો મહાસંતાપ
ભરત ક્ષેત્રના સંઘનો હુઓ મોટો પરિતાપ ॥ ૩ ॥

કવિએ પુનરૂક્તિદોષ વહોરીને પ્રથમ પૂજાના દુહામાં અને ૭૨ આગમનો સંદર્ભ બીજી પૂજામાં દર્શાવ્યો છે.

વલ્લભીપુરમાં આગમ ગ્રંથસ્થ કરવામાં આવ્યાં તેવી ઐતિહાસિક વિગતનો ઉલ્લેખ થયો છે.

શ્રી સ્વયંભવસૂરિએ પુત્ર મનકના શ્રેયાર્થે દશવૈકાલિકની રચના, પ્રભુએ સોળ પહોર દેશના આપી તે ઉત્તરાધ્યયન સૂત્ર,

આવશ્યક સૂત્ર કે જે ચારગતિના નાશ માટે ઉપકારક, પિંડ નિર્યુક્તિ એમ ચાર મૂળસૂત્ર છે. ૩ થી ૮ પૂજામાં બાકીનાં ૫૨ આગમનો ઉલ્લેખ કર્યો છે.

આ પૂજાનું વસ્તુ આગમ સૂત્રોને સ્પર્શે છે. કવિએ ગેય દેશીઓનો પ્રયોગ કર્યો છે. આગમની પૂજા માહિતી પ્રધાન અને જ્ઞાનમાર્ગની રચના છે. પણ દેશીઓને કારણે કવિત્વના કેટલાક અંશો જોવા મળે છે. પ્રચલિત દેશીઓના પ્રયોગથી સમગ્રપૂજા ગીત કાવ્યના નમૂનારૂપ બની છે. પૂજાની દેશીઓ નીચે મુજબ છે.

''અનિહાંરે વાલ્હોજી વાઇ છો વાંસલી રે''
''ભવિકા સિદ્ધચક્ર પદ વંદો''
''મ્હારે દીવાલી થઇ આજ જિનમુખ જોવાને''
''અવિનાશીની સેજડીઇં રે રંગ લાગો સાહેલડીયાં''
''આમવાટ તમારી જોતાં રે, સાચું બોલો સાંમલિયા મન વસીયા''
''જઇ એકીલાલ અરિવર્યા રે''
''જેસી જલ રે મસાલે ગોરી, દિલાસ ગયો''
આ પૂજાની કેટલીક વિશેષતાઓ નોંધપાત્ર છે.

કવિએ દુહાથી પ્રારંભ કરીને વસ્તુ નિર્દેશ કર્યો છે. ઢાળમાં વસ્તુ વિકાસ કરતાં આગમનો મિતાક્ષરી પરિચય થાય છે. ગેય પદાવલીના કેટલાંક ઉદાહરણ એમની કવિત્ત્વ શક્તિનો પરિપાક છે.

''અનિહાંરે ત્રિપદીને અર્થ પ્રકાસિયાંરે, ગૂંથ્યાં ગણધર દ્વાદશ અંગ''
સટયંભવ ભેટ જ કરંતા, શ્રી જિન પ્રતિમા ભેટી લહ્યાં

બોધ ગ્રહ્યાં તિહાં સંજમ, સકલ ઉપાધીરે ભવિકા,
પ્રવચન પ્રભુજીને વંદો રે, વંદી પરમાણંદ ઘેર ઉપશમ રસનો કંદ
વંદો જિનપદઃ

''જેહની આદિ નહિ તે અનાદિ, પનો વહીં અવિનાશીજી,
તે અવિનાશી શ્રુત પરમેશ્વર આગમ, પ્રભુ સુવિલાસી સાંભલ સજની ॥ ૨ ॥''

''ક્ષય નહીં તે અક્ષય કહીઇં, સાહેલડીયાં,
ચલ નહીં અચલસભાવ ગુણવેલડીયાં

સહુ આગમની ગમ છે જેહમાં રે,
અહો જગજીવન સાહેલડીયાં''

પ્રત્યેક પૂજામાં અન્ત્યાનુપ્રાસનું વિશિષ્ટ રીતે પ્રમાણ જળવાયું છે. દા.ત. ''અક્ષતપૂજા કરી ધ્યાવો રે, સન્મુખ રહી ભાવના ભાવો રે, વલી મહાપચખાણ ભલેરું રે, આગમ મહામુનિવર કેરું રે, મતિ અવધિ મનઃપર્યવ કેવલ વિસરામા નો આગમ એહચ્યાંરે આગમ શ્રુતસ્વામી''

જૈન સાહિત્યમાં ૪૫ આગમ વિશેષ પ્રચલિત છે. કવિએ અડસઠ આગમની પૂજા રચીને તે આગમની સંખ્યાનો કેટલીક પૂજામાં ઉલ્લેખ કર્યો છે. તે પંક્તિઓ પણ એમની ૬૮ સંખ્યાને ધ્યાનમાં રાખીને જ રચાઈ છે. ''આગે આગમ બહુ હતાં વરતે અડસઠ આજ, અડસઠ આગમની રચું, પૂજા અષ્ટ પ્રકાર''

''દ્વાદશઅંગ તે પ્રવચન ગુરૂ રે, જેહના અનંત અનંત ગુણગ્રામ, એ ચારે મૂળ સૂત્ર કહી ઇં, બાર ને ચાર તે સોલ બાવન સૂત્રનાં નામ વખાણું''

૧૨ અંગ સૂત્ર અને ૪ મૂળ સૂત્ર મળીને ૧૬ આગમ થાય છે. પછી બીજાં પર આગમનો બાકીની પૂજામાં ઉલ્લેખ કર્યો છે.
"ઇહાં લગી ઉગણ ચાલીસ આગમ, પૂજો પ્રણમો ભાવેંજી"
"ઇહાં લગેં બહેંતાલીસ કહ્યાં આગમના અધિકાર"
ત્રેપનમો આગમ પ્રભુ રે મિત્ર પયન્ના નામે રે
ઇહાં લગે બાસઠ પૂજયજીરે, વરણ્યા આગમ દેવ રે,
ઇમ સહુ અડસઠ આજે છે રે આગમ શ્રુત ભાવંતા"

આ રીતે કવિએ કેટલીક પૂજામાં આગમની સંખ્યાનો ઉલ્લેખ કરીને અડસઠ આગમની પોતાની ગણતરીને સમર્થન આપવાનો પ્રયત્ન કર્યો છે.

પૂજા દ્વારા દુહા અને અડસઠ આગમની વિગતો આપવાની પદ્ધતિમાં કવિનો ઇતિહાસ - પ્રેમ અને ભૂતકાળના ભવ્ય વારસા પ્રત્યેનો અહોભાવ પ્રગટ થયો છે. પટ્ટાવલીમાં સમાન અહીં પણ ક્રમિક રીતે આગમનો ઉલ્લેખ કરવામાં ઇતિહાસનું અનુસરણ થયું છે.

ઢાલમાં દેશીનો આશ્રય લઇને વસ્તુ નિરૂપણ કરવું, અંતમાં સંસ્કૃત શ્લોક દ્વારા પૂજાની સમાપ્તિનો ઉલ્લેખ એ પૂજા સાહિત્યનાં પરંપરાગત લક્ષણનો નિર્દેશ કરે છે.

"અષ્ટ પ્રકારી પૂજાના ક્રમમાં સાતમી નૈવેદ્ય પૂજા અને આઠમી ફળ પૂજા હોય છે. કવિએ આ ક્રમમાં ફેરફાર કરીને સાતમી ફળપૂજા અને આઠમી નૈવેદ્ય પૂજા એમ ક્રમ બતાવ્યો છે. આ પ્રમાણે ક્રમમાં ફેરફાર કરવાનું પ્રયોજન શ્રુતજ્ઞાન રસિકોને માટે સંશોધનનો પ્રશ્ન બને છે. પ્રભુને નૈવેદ્ય ધરાવવાનો હેતુ ચાર

ગતિનો નાશ કરવાનો છે. ચાર ગતિનો નાશ થાય એટલે તેના ફળરૂપે મુક્તિ મળે છે. તેવા હેતુથી આઠમી ફળ પૂજાનો ક્રમ છે. દીપવિજયના આ ક્રમનો વિચાર કરતાં પૂ. દેવવિજયજી મ.સાની અષ્ટપ્રકારી પૂજાની રચના સંવત ૧૪૨૧ની ઉપલબ્ધ છે. તેમાં દીપવિજય કવિરાજની માફક પૂજાનો ક્રમ ફળ અને નૈવેદ્યનો છે.

દીપવિજય દેવવિજય પછી ૩૦૦ વરસે થયા એટલે કવિએ દેવવિજયની પૂજાના ક્રમનું અનુસરણ કર્યું છે. આ ક્રમ અંગે કોઈ શાસ્ત્રીય આધાર મળે તો વધુ સ્પષ્ટતા થાય. નૈવેદ્ય પૂજાનો હેતુ ચાર ગતિનો નાશ કરીને અનાહારી પદ પ્રાપ્ત કરવાનો છે. તે પ્રમાણે થાય એટલે આત્માને મોક્ષ ફળની પ્રાપ્તિ થાય, આ અર્થઘટન છે, છતાં ક્રમમાં ફેરફાર પાછળનો હેતુ હોવો જોઈએ. અડસઠ આગમની અષ્ટ પ્રકારી પૂજા આગમની ૬૮ સંખ્યાના સમર્થન માટે ને તેનો મિતાક્ષરી પરિચયરૂપે શ્રુતજ્ઞાનની ભક્તિ રૂપે રચાઈ છે એમ અનુમાન કરવામાં આવે છે.

પંડિત વીરવિજયજી અને રૂપવિજયજીની ૪૫ આગમની પૂજામાં આગમ ગ્રંથ તેના પદો-શ્લોકના પ્રમાણનો ઉલ્લેખ હોવાથી જ્ઞાન અને માહિતી પ્રધાન રચના છે. જયારે દીપવિજયની રચના સંખ્યાના ધોરણે આગમની ગણતરીમાં નવો મત પ્રસ્થાપિત કરે છે. પૂજા સાહિત્યના વિષય વૈવિધ્યની રીતે પણ એમનો આ પ્રયત્ન પ્રશસ્ય ને શ્રુતજ્ઞાન પ્રત્યેની ભક્તિ દર્શાવે છે.

કવિની ભાષાનો વિચાર કરીએ તો સરળ ગુજરાતી ભાષા હોવા છતાં ક્રિયાપદને અંતે અનુસ્વારનો પ્રયોગ નોંધપાત્ર છે. અન્ય રચનાઓમાં પણ આવો પ્રયોગ વિપુલ પ્રમાણમાં થયો છે.

તેમાં હિંદી ભાષાનો પ્રભાવ જોવા મળે છે. કેટલાક શબ્દોની જોડણી અંગે કોઈ ચોક્કસ ધોરણ સચવાયું નથી. સુત્ર-સૂત્ર તિર્થ-તીર્થ પન્નતિ - પન્તીતી જિમ-તિમ ધર્મ-ધરમ વગેરે જેહમાં, તેહમાં, જેહથી તેહથી જેવાં અવ્યયોના પ્રયોગથી કાવ્યત્વ ઝાંખું પડે છે.

આગમ સૂત્રનો નામોલ્લેખ પ્રાકૃત ભાષાના શબ્દોમાં કર્યો છે. દા. ત. કપચૂવસુસગ, પુફિયા પુફચૂલા, ચુલ્લકલ્પ, વિશેષ વસ્યક, રિષીભાષિત, દીવસાગર પન્નતી, અનુત્તરવવાઇ સિધ્ધપાઉવાચના, ગણી વિજ્જાઓ શરણાં, અંગ વિજ્જાં તંડુલ વિપાલી ભત્રપયન્ન, સૂયગડાંગ, તિર્થોધ્ધાર, ઠાણાંગ ઉવાઈ, રાયપસેણી, પન્નવણા વગેરે

જીવાભિગમ, ઉત્તરાધ્યયન, પશ્નવ્યાકરણ, વહિનદશા, દેવેન્દ્રસ્તવ, વિપાકસૂત્ર, દષ્ટિવાદ સોરાવલી, ગચ્છાચાર શ્રાદ્ધવિધિ વગેરે સંસ્કૃત ભાષાના પ્રચલિત શબ્દ પ્રયોગોથી ઉલ્લેખ થયો છે.

કવિની દરેક રચનામાં પ્રાકૃત, અપભ્રંશ, હિન્દી ગુજરાતીનું મિશ્રણ જોવા મળે છે. અડસઠ આગમની પૂજા એટલે જિનશાસનની પ્રાણ સમાન જિનાગમનો જે ભવ્ય ને અનન્ય પ્રેરક વારસો મળ્યો છે તેના પ્રત્યે કવિની અપરંપાર પ્રીતિનું સત્ય દર્શન છે. કવિએ કલશમાં ગુરૂની પરંપરા અને રચનાનું પ્રયોજન દર્શાવ્યું છે. જંબુસરમાં ગુરૂમુખેથી ભગવતી સૂત્રની વાચના પ્રાપ્ત કરવાના મંગલ પ્રસંગે આગમની પૂજા રચવાની શુભ ભાવના ઉદ્દભવી હતી ત્યાર પછી સંઘના આગ્રહથી પૂજાની રચના કરી.

કવિના શબ્દોમાં આ માહિતી જોઇએ તો -
"ગુજ્જર દેસે જંબુસર બંદર સંઘ છે જિનગુણરાગી રે,
ભગવતિ સૂત્રની વાયણા સુણતાં, આગમ શુભમતિ જાગીરે ॥૪॥
સંઘ આગ્રહથી આગમ પૂજા, કીધી અષ્ટ પ્રકારીરે.
સંવત અઢારસેંહે છયાંસી વરસે, આગમની બલિહારી રે."

આમ કલશ રચનામાંથી ગુરૂ પરંપરા, રચના સ્થળ, વર્ષ અને પ્રયોજનની માહિતી પ્રાપ્ત થાય છે. સમગ્ર રીતે અવલોકન કરતાં કવિનો આગમશાસ્ત્ર પ્રત્યેનો અપૂર્વ પ્રેમ ને ભક્તિ નિહાળી શકાય છે. વસ્તુ કે વિષય પસંદગીમાં સર્જકની રસવૃત્તિ કાર્યરત થયેલી હોય છે. આ રસવૃત્તિ જ એમની સર્જન શક્તિમાં પ્રેરક બની છે.

અને છેલ્લે અન્ય પૂજાની માફક અંતે આરતીની રચના છે, તેમાં પણ આગમનો જય જયકાર વર્તે છે, એમ જણાવ્યું છે. "જય આગમ જય પ્રવચન, ત્રિભુવન ઉપગારી" જેવી મધુર ધ્વનિ સૂચક પંક્તિઓ કવિ હૃદયની શ્રુતજ્ઞાનની ભક્તિનો આસ્વાદ કરાવે છે.

કાવ્ય પંક્તિઓનો સંદર્ભ કવિની કૃતિઓના પદ્ય વિભાગમાં છે. અડસઠ આગમની અષ્ટપ્રકારી પૂજા. દીપવિજય.

## દિપવિજયના મત અનુસાર અડસઠ આગમ સૂચી

વર્તમાનમાં ૪૫ આગમ પ્રચલિત છે. કવિએ અડસઠ આગમની અષ્ટ પ્રકારી પૂજામાં ૪૫ ને બદલે ૬૮ આગમની ક્રમિક માહિતી આપી છે.

પ્રથમ પૂજાની ૧૨ મી ગાથા સુધીમાં બાર અંગ સૂત્રનો

ઉલ્લેખ થયો છે.

૧ - આચારાંગ, ૨ - સૂયગડાંગ, ૩ - ઠાણાંગ, ૪ - સમવાયાંગ, ૫ - ભગવતી, ૬ - જ્ઞાતાસૂત્ર, ૭ - ઉપાસકસૂત્ર, ૮ - અંતગડસૂત્ર, ૯ - અનુત્તરવવાઈ, ૧૦ - પ્રશ્ન વ્યાકરણ, ૧૧ - વિપાકસૂત્ર, ૧૨ દૃષ્ટિવાદ.

બીજી પૂજાની ૧૬ મી ગાથામાં ૧૬ની સંખ્યા દર્શાવી છે એટલે ચાર મૂળ સૂત્ર ઉમેરતાં ૧૬ની સંખ્યા થાય છે

૧૩ - ઉત્તરાધ્યયન, ૧૪ - આવશ્યકસૂત્ર ૧૫ - પિંડનિર્યુક્તિ ૧૬ - દશવૈકાલિકસૂત્ર.

ચોથી પૂજામાં ૨૩ આગમનો નામ નિર્દેશ કર્યો છે તે નીચે મુજબ છે. એટલે અહીં ૩૯ ની સંખ્યા ૧૧મી ગાથામાં દર્શાવી છે. ૧૭ નંદીસૂત્ર, ૧૮ - અનુયોગદ્વારા, ૧૯ ઉવાઈસૂત્ર ૨૦ - રાયપસેણી, ૨૧ - પન્નવણા, ૨૨- જીવાભિગમ. ૨૩ જંબુદીવ પન્નતી, ૨૪ - સૂરપન્નતી, ૨૫ - ચંદપન્નતી ૨૬ - જયોતિષચક્ર, ૨૭ - નિરયાવલી, ૨૮ - કપ્પવસુસગ. ૨૯. પુફિયા, ૩૦ - પુફચુલા, ૩૧ વહ્નિ દશા, ૩૨ - નિશીથ ૩૩ - મહાનિશીથ, ૩૪ - કલ્પસૂત્ર, ૩૫ - ચુલ્લકલ્પ, ૩૬ - લઘુકલ્પ, ૩૭ - મહાકલ્પ, ૩૮ દશાકલ્પ, ૩૯ જિનકલ્પ.

પાંચમી પૂજાની સાતમી ગાથામાં ૪૨ની સંખ્યા દર્શાવી છે ૪૦ - વિશેષાવશ્યક, ૪૧ - રિષીભાષિત, ૪૨ - ઉવસવગાઈ, છઠ્ઠી પૂજાની નવમી ગાથામાં ૫૨ની સંખ્યાનો ઉલ્લેખ છે.

૪૩ - ચોશરણ, ૪૪ પયન્નાસૂત્ર, ૪૫ - અંગચૂલિકા, ૪૬

ગણી વિજ્જા, ૪૭ - અંગવિજ્જા, ૪૮ તંડુલવિયાલી, ૪૯ - આઉરપચખાણ ૫૦ ચંદાવિજય, ૫૧ - મહાપચખાણ, ૫૨ - દીવ સાગરપન્નતી,

સાતમી પૂજાની અગિયારમી ગાથામાં ૬૨ની સંખ્યાનો નિર્દેશ થયો છે.

૫૩ - ભત્રપયન્ના, ૫૪ - દેવેન્દ્રસ્તવ, ૫૫ - સંથારપયન્ના, ૫૬ -મરણવિભંગિત્રી, ૫૭ - સાલેષણા, ૫૮ - ચરણ્વિસોહી. ૫૯ - ગચ્છાચાર ૬૦ - સારાવલી ૬૧ - પોરસી મંગલ, ૬૨ - વીયરાયસ્તવ ૬૩ - પુણ્યપાપ પયન્ના, ૬૪ - એષણાઆગમ, ૬૫ તિથોધાર ૬૬ - વસુદેવહિજ, ૬૭ તત્ત્વાર્થ, ૬૮ - સિધ્ધપાઉ. આ રીતે કવિએ ૬૮ આગમની ગણતરી કરી છે. પ્રારંભમાં અંગ સૂત્ર અને મૂળસૂત્ર એ પ્રકારના વિભાજનનો સંદર્ભ આપ્યો છે, પણ બાકીનાં ૫૨ આગમના વિભાજન માટે છેદ સૂત્ર, પયન્ના, ચૂલિકા અને ઉપાંગ એવો શબ્દપ્રયોગ કર્યો નથી. કવિના મતે પયન્ના અને ચૂલિકા સૂત્રોનો અડસઠમાં સમાવેશ થયેલો છે.

કવિએ પૂજામાં જે શબ્દોનો પ્રયોગ કર્યો છે તેનો અત્રે ઉલ્લેખ કર્યો છે.

★

# પ્રકરણ - ૭ સંદર્ભ પુસ્તક સૂચી

## ૭-અ

## ૧ - અષ્ટાપદની પૂજા


| | | |
|---|---|---|
| નં. ૧ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૪૮ |
| ૨ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૫૧ |
| ૩ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૫૪ |
| ૪ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૫૪ |
| ૫ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા જશંવત-ગિ. શાહ | પા. ૩૫૫ |
| ૬ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૫૬ |
| ૭ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૫૭ |
| ૮ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૫૯ |
| ૯ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૫૯ |
| ૧૦ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૫૯ |
| ૧૧ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૬૦ |
| ૧૨ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૬૧ |
| ૧૩ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૬૨ |
| ૧૪ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૬૨ |
| ૧૫ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવતલાલ-ગિ. શાહ | પા. ૩૬૫ |
| ૧૬ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૬૫ |
| ૧૭ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૬૯ |
| ૧૮ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૬૯ |
| ૧૯ | વિવિધ પૂજા સંગ્રહ પ્રકા. જશવંતલાલ-ગિ. શાહ | પા. ૩૬૦ |

# નંદીશ્વર દ્વીપ પૂજા

## ૭-બ


| | | |
|---|---|---|
| નં. ૧ | શ્રી લઘુ ક્ષેત્ર સમાસ - પ્રવર્તક મુનિ | પા. ૧૫ |
| ૨ | શ્રી લઘુ ક્ષેત્ર સમાસ - ધર્મ વિજયજી | પા. ૪૧૮ |
| ૩ | શ્રી લઘુ ક્ષેત્ર સમાસ - ધર્મ વિજયજી | પા. ૪૧૯ |
| ૪. | વિવિધ પૂજા સંગ્રહ | પા. ૪૦૩ |
| ૫. | વિવિધ પૂજા સંગ્રહ | પા. ૪૦૪ |
| ૬. | વિવિધ પૂજા સંગ્રહ | પા. ૪૦૭ |
| ૭. | વિવિધ પૂજા સંગ્રહ | પા. ૪૧૪ |
| ૮. | વિવિધ પૂજા સંગ્રહ | પા. ૪૧૬ |

॥ संवत १८७७ वर्षे ॥ शाके १७४२ प्रवर्त

माने ॥ श्री आसोज सुदि विजयादशम्यां ॥

लिखितं स्वहस्ते पं। दीपविजय कविराजे

---

કવિરાજ દીપવિજયના હસ્તાક્ષર



રાઠોડ રાજા માનસિંહ
કવિરાજના હસ્તે દોરાયેલું ચિત્ર

# વિભાગ - ૨

# પ્રકરણ રચનાઓ

પ્રકરણ :

૮. સ્તુતિ

૯. ચૈત્યવંદન

૧૦. સજઝાય

૧૧. ચંદ-ગુણાવલીનો પત્ર

૧૨. વિજયલક્ષ્મીસૂરિ સ્તુતિમાળા

૧૩. છંદ - આરતી

૧૪. ગણધર દેવવંદન

# પ્રકરણ-૮

## (૧) સ્તુતિ

(૧) સંસ્કૃત સાહિત્યમાં સ્તોત્ર રચના દ્વારા ઈષ્ટદેવની સ્તુતિ કરીને એમનો મહિમા દર્શાવવામાં આવે છે. સ્તોત્ર કાવ્યની સાથે સામ્ય ધરાવતો સ્તુતિ કાવ્ય પ્રકાર જૈન સાહિત્યમાં વધુ વિકાસ પામ્યો છે. પ્રતિક્રમણની પવિત્ર ક્રિયા ને તપ પૌષધની આરાધના જિનદેવદર્શનમાં સ્તુતિનો પ્રયોગ વિશેષ રીતે થાય છે. સાધુ કવિઓએ વિવિધ વિષયો પર સ્તુતિ રચનાઓ કરીને સાહિત્યને સમૃધ્ધ કર્યું છે.

કવિરાજ દીપવિજયે ષટ્અતિશય ગર્ભિત સામાન્ય જિન સ્તુતિની રચના કરી છે. આ સ્તુતિની ચાર કડીમાં ભગવાનના છ અતિશયનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

કવિએ "શ્રી શત્રુંજય તિરથ સાર" રાગમાં સ્તુતિની રચના કરી છે.

તીર્થંકર ભગવાનના ચોત્રીશ અતિશય હોય છે. તેમાં જન્મથી ચાર, કર્મક્ષયથી અગિયાર અને દેવતાઓથી ઓગણીસ એમ ૩૪ અતિશયવંત ભગવાન કહેવાય છે.

કવિએ પહેલી ગાથામાં ૨, બીજીમાં ૧, ત્રીજીમાં ૧ અને ચોથીમાં ૨ એમ છ અતિશયયુક્ત સ્તુતિ રચી છે.

તીર્થંકર ભગવાનના જીવનમાં દીક્ષા કલ્યાણકના પ્રસંગનું મહત્વ મોક્ષમાર્ગના સોપાન સમાન છે. દીક્ષા પ્રસંગે વર્ષીદાન આપવામાં આવે છે. ત્યારે સૌધર્મઇન્દ્ર અખૂટ ધનસંપત્તિ ભૂમિમાં

દટાયેલી લાવીને પૂરી પાડે છે. વર્ષીદાનનો પ્રસંગ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું હોવાથી અતિશયરૂપ ગણાય છે. અને પ્રભુ દાન આપે છતાં એમના હાથને શ્રમ લાગતો નથી.

બીજો અતિશય ઈશાનેન્દ્રનો છે. તે પોતાના દેવોના પરિવારને છોડીને પ્રભુ પાસે છડી ધારણ કરી ધ્યાનમગ્ન બનીને ઊભો રહે છે. તે બીજો અતિશય છે. ભુવનપતિદેવોના અધિકારી ચમરેન્દ્ર ભગવાનના ગુણગાન ગાઈને મૂઠીમાં આવે તે કરતાં વધુ યાચકને અપાવે છે. તે ત્રીજો અતિશય છે.

ભુવનપતિ દેવોના નવ નિકાયના ૧૮ ઈન્દ્રો છે. તેઓ પ્રભુના વર્ષીદાન સમયે ઉપસ્થિત રહીને ભરતક્ષેત્રના માનવસમુદાયને વર્ષીદાન પ્રસંગે પધારીને દાન ગ્રહણ કરવા માટે પ્રેરણા આપે છે. પોતાની શક્તિથી આ કાર્ય કરે છે. તે ચોથો અતિશય છે. વાણ વ્યંતર અને વ્યંતર દેવો પોતાની શક્તિથી વર્ષીદાન પ્રસંગે આવેલા સ્ત્રી પુરૂષોને પોત પોતાના સ્થાને પહોંચતા કરવામાં દૈવી સહાય કરે છે. આ પાંચમા અતિશયના પ્રભાવથી આવી સ્થિતિ થાય છે. જ્યોતિષી ઈન્દ્ર વિદ્યાધરને પ્રભુના વર્ષીદાનના પ્રસંગના શુભ શુકનવંતા સમાચાર આપે છે. તે છઠ્ઠો અતિશય છે. આ પ્રમાણે અહીં કવિએ ભગવાનના દીક્ષા પ્રસંગને અનુલક્ષીને ચાર નિકાયના દેવોની કરણીનો ઉલ્લેખ કર્યો છે.

સ્તુતિનાં લક્ષણોથી આ રચના તદ્દન જુદી જ છે. અહીં ચાર કડીમાં માત્ર ભગવાનના અતિશયનું જ નિરૂપણ છે. ચોથી કડીની છેલ્લી પંક્તિમાં મહાવીર-સ્વામીનો ઉલ્લેખ થયેલો છે.

"દીપવિજય , વિરાજ સ્નેહ, એ ષટ્ અતિશય વરસે । સદેહ વીર, જગતગુરૂ મહ"

સ્તુતિમાં રહેલા વિચારોને વધુ સ્પષ્ટ રીતે નજવા માટે નીચેની નોંધ પૂર્તિરૂપે આપવામાં આવે છે.

તીર્થંકર ભગવાન ગૃહસ્થાવસ્થાનો ત્યાગ કરીને દીક્ષા લેવા માટે પ્રયાણ કરે છે. ત્યાર પહેલાં વાર્ષીદાન આપે છે. આ દાનના ૬ અતિશય નીચે મુજબ છે.

સૌધર્મેન્દ્ર શક્તિ સ્થાપે એટલે કે તીર્થંકર ભગવાન દાન દેતાં થાકે નહી. ઈશાનેન્દ્ર છડીધર બની ઊભો રહે અને યાચક પાસે ભાગ્ય પ્રમાણે માગણી કરાવે. ચમરેન્દ્ર - બલીન્દ્ર - આ ઈન્દ્રો પ્રભુની મુઠીમાંના ધનને યાચકની ઈચ્છા પ્રમાણે કરે, ભુવનપતિ દેવો -ભરતક્ષેત્રના યાચકોને ઉપાડી લાવે. વાણ વ્યંતરદેવો યાચકોને એમના સ્થાને પાછા પહોંચાડી દે. જ્યોતિષી દેવો - વિદ્યાધરને પ્રભુના દાનના સમાચાર પહોંચાડે છે.

(હંસરત્નમંજુષા ભા-૨ પા. ૩૫૧)

## (૨) મહાવીરસ્વામીની થોય

ભક્તિ માર્ગની રચનાઓમાં વિવિધ વિષયોને સ્પર્શતી સ્તુતિ રચનાઓ થઇ છે. તેમાં તીર્થંકર ભગવાનના જીવનના કોઈ પ્રસંગને કેન્દ્રમાં રાખીને પણ સ્તુતિ રચના કવિ દીપવિજયે કરી છે.

સ્તુતિ ચાર ગાથાની હોય છે. કવિએ આ સ્તુતિમાં ભગવાન મહાવીરના સત્તાવીશ ભવમાંથી ૨૫મા નંદનમુનિના ભવમાં કરેલી

ઉત્કૃષ્ટ તપની આરાધનાનો પ્રસંગ ગૂંથી લીધો છે. તેનો સંદર્ભ કલ્પસૂત્રના ચોથા વ્યાખ્યાનમાં આવે છે. તદુપરાંત સત્તાવીશ ભવના સ્તવનમાં પણ આ માહિતી સ્થાન પામેલી છે.

સ્તુતિની આરંભની પંક્તિ જોઈએ તો ''પ્રભુભવ પચ્ચીશમે નંદનમુનિ મહારાય'' પહેલી ગાથામાં નંદનમુનિએ અગિયાર લાખ એંસીહજાર છસો ને પીસ્તાલીશ માસ ખમણની તપશ્ચર્યા કરી તેનો ઉલ્લેખ કર્યો છે.

બીજી ગાથામાં નંદનમુનિએ વીશસ્થાનક તપની આરાધના કરી હતી તે સ્થાનકોની અને ત્રીજી ગાથામાં મુનિના ઉત્કૃષ્ટતપની અને અન્ય ગુણો જેવા કે મુનિ માર્ગસાધક, તપની શુધ્ધભાવના, સમકિત, સમતા, ત્રણ ગુપ્તિયુક્ત, શ્રુતધર વગેરે ગુણો નંદનમુનિનો લાક્ષણિક પરિચય આપીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવાની ભૂમિકા દર્શાવે છે.

ચોથી ગાથામાં કવિએ નંદનમુનિએ ગુરૂ પોટ્ટીલાચાર્ય પાસે દીક્ષા લઈને એક લાખ વર્ષ સંયમ પાળી આયુષ્ય પૂર્ણ થતાં દશમા પ્રાણાંત કલ્પ નામના દેવલોકમાં ઉત્પન્ન થયા તેમ જણાવ્યું છે.

ભાવિતીર્થંકરના આત્માને વંદન કરતાં જયજયકાર થાય છે એવો ભાવ કવિએ વ્યક્ત કર્યો છે. સ્તુતિના બંધારણનું અહીં અનુસરણ થયેલું નથી.

ત્રીજી ગાથામાં શ્રુતધર શબ્દપ્રયોગ દ્વારા જ્ઞાનની સ્તુતિનો સંદર્ભ મળે છે.

જ્યારે ચોથી ગાથામાં દેવ-દેવીનો કોઇ ઉલ્લેખ નથી. અપવાદ રૂપ આવી સ્તુતિઓ પણ જૈન સાહિત્યમાં મળી આવે છે. ટૂંકમાં મહાવીરસ્વામીની સ્તુતિ એટલે નંદનમુનિના ૨૫મા ભવમાં એમણે કરેલી આરાધના અને ઉપાર્જન કરેલું તીર્થંકર નામકર્મ. ભગવાન મહાવીરના પૂર્વજન્મનું પ્રસંગવર્ણન કરીને એમનો મહિમા ગાવામાં આવ્યો છે.

(સંદર્ભ- પ્રાચીન કાવ્ય મહોદધિ ભા-૨-પા-૩૦૧)

## (૩) સામાન્ય જિન સ્તુતિ

કવિએ ભગવાનના જન્મ કલ્યાણકને મિતાક્ષરી વાણીમાં વર્ણવ્યું છે. ભગવાનના જન્મ પછી છપ્પન દિક્કુમારીકાઓ મેરૂપર્વત પર એમનો જન્મમહોત્સવ ઉજવે છે. તેનુ અનુસંધાન આ સ્તુતિમાં થયેલું છે. આ સ્તુતિમાં "પુંડરીક મંડન પાયે પ્રણમિજે" એ રાગનો પ્રયોગ થયો છે.

કવિની આ રચનામાં મંજુલપદાવલીઓનો સમાવેશ થયેલો છે.

કવિએ છપ્પન દિક્કુમારીકાઓ જન્મોત્સવ વખતે શું કાર્ય કરે છે તેનો ઉલ્લેખ કર્યો છે. કવિ વીરવિજયજી કૃત સ્નાત્રપૂજામાં પણ આવો ઉલ્લેખ મળી આવે છે. ભગવાનનો જન્મ થાય એટલે ઇન્દ્ર અને દેવો તથા છપ્પન દિક્કુમારીકાઓ ભગવાનનો જન્મ મહોત્સવ ઉજવે એવો એમનો આચાર છે તેનું વિશુધ્ધ ભક્તિ ભાવથી પાલન કરીને સ્વસ્થાને સિધાવે છે.

ઈન્દ્રનું આસન કંપવાથી દેવ-દેવીઓને ભગવાનના જન્મના સમાચાર જાણવા મળ્યા એટલે સૌ કોઈ પોતાના આચાર પ્રમાણે

જન્મોત્સવ માટે મેરૂપર્વત પર આવે છે.

પ્રથમ ગાથામાં દેવ-દેવીઓનું આગમન, બીજામાં છપ્પન દિક્કુમારીકાઓનો સંદર્ભ, ત્રીજામાં દિક્કુમારીકાઓનું કાર્ય અને ચોથી ગાથામાં દેવ-દેવીઓ હર્ષોલ્લાસપૂર્વક જન્માભિષેક ઉજવીને વિદાય થાય છે તે વિષે માહિતી આપવામાં આવી છે. ભૂમિ શુધ્ધિ, ફુલનો વીંજણો બનાવવો, ક્ષીરનીરથી કળશ ભરવા, પ્રભુ સામે ચામર, દીપક, દર્પણ ધરવો અને નાલચ્છેદન કરવું વગેરે ક્રિયાઓ દેવીઓ ભક્તિથી કરે છે તેનો ત્રીજી ગાથામાં ઉલ્લેખ થયો છે.

પ્રભુનો જન્મ મહોત્સવ ઉજવાયો તેના અપૂર્વ આનંદની અભિવ્યક્તિ કરતાં કવિ જણાવે છે કે -

"પ્રભુ ગુણ ગાવે નવ નવ તાને, નાટકગીત ઉમંગેજી;
દીપવિજય કવિરાજ પ્રભુજી, જીવજો કોડી વરિસજી."

કવિની પ્રભુ સાથે આત્મીયતા એટલી વધી છે કે એમની ભક્તિમાં મસ્ત બનીને અંતે સહજ રીતે ઉદ્દ્ગાર નીકળે છે "જીવજો કોડી વરીસજી." આ સ્તુતિ કવિની વર્ણનકળા અને સરળ રચનાના નમૂનારૂપ છે. સમગ્ર રીતે અવલોકન કરતાં એક ચમત્કારપૂર્ણ પ્રસંગનુ વર્ણન કવિના અંતરમાં રહેલી પ્રભુ ભક્તિનું સૂચન કરે છે. કવિની ચિત્રાંકન શૈલીનું ઉદાહરણ અહીં જોવા મળે છે.

# પ્રકરણ- ૯
# ચૈત્યવંદન

## (૧) મહાવીર જિન ચૈત્યવંદન

ચૈત્યવંદનમાં દેવાધિદેવ તીર્થંકર ભગવાનનો મિતાક્ષરી વાણીમાં પરિચય આપ્યો છે. કેટલાક કવિઓએ ચૈત્યવંદનની રચનામાં ભગવાનના જીવનના પરમ પાવનકારી પ્રસંગને વસ્તુ તરીકે સ્વીકાર્યો છે. તેનું ઉદાહરણ કવિ દીપવિજયનું મહાવીર સ્વામીનું ચૈત્યવંદન છે.

બાર કડીના ચૈત્યવંદનમાં કવિએ ભગવાન મહાવીરસ્વામીના દીક્ષા કલ્યાણકના પ્રસંગે આપવામાં આવતાં વર્ષીદાનનો મહિમા વર્ણવ્યો છે. ચૈત્યવંદનના આરંભની કડી નીચે મુજબ છે.

"ભોગ કરમ ક્ષીણ જાણીને, દીક્ષા સમય પીછાણી,
લોકાંતીક આવી કહે, જયજય જય વાણી ॥૧॥

સંયમ અવસર જાણીને લોકાંતિકદેવો પ્રભુને સંયમ માર્ગે પ્રયાણ કરવા પ્રેરણા કરે છે. હે ભગવંત ! આપ દીક્ષા અંગીકાર કરીને ધર્મતીર્થ પ્રવર્તાવો. ભગવાન સંવત્સરી દાન આપે છે તે વિસ્તારથી જણાવવામાં આવ્યું છે. કવિના શબ્દો છે. -

"લોકાંતીક વાણી સુણી, વીર જગતગુરુ ધીર
વરસે વરસી દાનને, સવા પહોર દીન તીર. ॥૪॥
સોનૈયો એંશી રતિ, માતા પિતા નિજ નામ
સિક્કા ત્રણે નામના જાચો કંચન દામ". ॥૫॥

ભગવાનના દાનની વિગતો આપતી કડી જોઈએ તો-

"આઠ ક્રોડને આઠ લાખ, દેવે દાન પ્રભાત,
વરહ વરહ વાણી સદા, ગુપ્ત શબ્દ સંભળાત. ॥૬॥

તીન સોનૈયે એક શેર, બારસો એક મણ જાણો;
નવ હજાર મણ એકદાન, સોનું દાન પ્રમાણો. ॥૭॥

ચાલીશ મણના માપનું, ગાડું એક ભરાય,
એવા બસો પચ્ચીશમાન, પ્રતિદિન દાન દેવાય ॥૮॥

વરસ દિવસના સોનૈયા, ત્રણસો ક્રોડ-અઠ્યાસી,
એંશી લાખ ઉપર, સંખ્યા એહ પ્રકાશી ॥૯॥

આ રીતે એક દિવસમાં આટલું દાન આપવામાં આવે છે. અને તે રીતે એક વર્ષના દાનની ગણતરી કરવી. દાનના છ અતિશય છે. એટલે તે મુજબ દાન આપે છે. ભગવાન બે હાથે બે મુઠ્ઠી ભરીને દાન આપે છે. ત્યારે યાચકના ભાગ્ય પ્રમાણે દાન મળે છે.

ભગવાનના વર્ષીદાનનો મહિમા અને એમનો કેવો ત્યાગ છે તેનો ખ્યાલ આવે છે. સમૃધ્ધિ હોવા છતાં ત્યાગ કરીને આત્માના શાશ્વતા સુખ માટે સંયમ અંગીકાર કરે છે. પરિગ્રહમાંથી મુક્ત થઈને ધન સંપત્તિની મમતા ને માયાને છોડીને આત્માની અપૂર્વ સંપત્તિને પામવા માટે પ્રયાણ કરે છે. જૈન ધર્મની વિશેષતા ત્યાગમાં છે, રાગમાં નથી. ભગવાનના વર્ષીદાનનો ક્ષણિક વિચાર કરતાં સંસારના લક્ષ્મીનંદનોને પોતાની પામરતાનો ખ્યાલ આવે તેમ છે. વળી સંપત્તિનું અભિમાન પણ ઓગળી જાય તેવી ભગવાનની દાનની પ્રવૃત્તિનો પરિચય એમના ત્યાગને

ભવ્ય બનાવે છે.

પ્રસંગ વર્ણન કરતું આ ચૈત્યવંદન કવિની સીધી સાદી વાણીનો નમૂનો છે.

## (૨) મહાવીરસ્વામીનું ચૈત્યવંદન

મહાવીરસ્વામીના ચૈત્યવંદનમાં કવિએ ભગવાનના જન્મનો પ્રભાવ દર્શાવ્યો છે. "નારકાડપિ મોદન્તે યસ્ય કલ્યાણ પર્વસુ" આ પદનો ચૈત્યવંદનની છઠ્ઠી કડીમાં વિસ્તાર કર્યો છે. ટૂંકમાં ભગવાનના જન્મકલ્યાણકના પ્રસંગથી નરકના જીવો ક્ષણિક સુખાનુભવ કરે છે તે દર્શાવીને પ્રભુ મહાવીર સ્વામીનો મહિમા ગાયો છે.

નરકના જીવોની વેદનાનો મિતાક્ષરી પરિચય ઘડીભરને માટે કરૂણ રસથી આર્દ્ર બનાવે છે.

"સર્વ નરકના નારકી, માંહો માંહે લડે ધામ,
ભેદન છેદન દુઃખ ઘણાં, દુષ્ટકર્મ દુઃખદાય." ॥૪॥

સાતે નરકમાં અજવાળાં થયાં તે માટે કવિએ વીજળીના ઝબકારની ઉપમાથી દર્શાવ્યું છે.

"વીજ ઝબુકીની પરે, સાતે નરક મોઝાર;
તે સમયે ઉદ્યોતથી, સહુને હોય વિચાર" ॥૫॥

આવા પ્રભુ મહાવીરનું શાસન એકવીસ હજાર વર્ષ સુધી અવિચ્છિન્નપણે ચાલશે અને જીવો આત્મકલ્યાણ કરી સમકિત પ્રાપ્ત કરશે એવો આશાવાદ ચૈત્યવંદનમાં સમાયેલો છે.

# પ્રકરણ ૧૦

# સજ્ઝાય

જૈન કાવ્ય પ્રકારોમાં સજ્ઝાયનું સ્થાન સ્તવન પછી વધુ નોંધપાત્ર આદરણીય ગણાય છે. સજ્ઝાયમાં વૈરાગ્ય ભાવ કેન્દ્ર સ્થાને હોવાથી આત્માભિમુખ થવાની, આત્મનિરીક્ષણ દ્વારા સત્ય પામવાની ધન્યક્ષણ પ્રાપ્ત થાય છે. સજ્ઝાય પ્રકારની રચનાઓ સાધુ કવિઓએ વિપુલ પ્રમાણમાં કરી છે. એનું વિષય વસ્તુ પણ વૈવિધ્યપૂર્ણ છે. રાજા-મહારાજા શ્રેષ્ઠિઓના જીવનના પ્રેરક પ્રસંગોને સજ્ઝાયમાં ગૂંથી લેવામાં આવે છે.

## ૧. ગોભદ્ર અને શાલીભદ્રની સજ્ઝાય

ગોભદ્ર શેઠ અને શાલીભદ્રની સજ્ઝાયમાં એમના જીવનના પ્રસંગોના આલેખન દ્વારા કર્મવાદનો સિધ્ધાંત અચળ છે. અને પ્રત્યેક માનવને પોતાના કર્મ પ્રમાણે ફળ મળે છે.

આ સજ્ઝાયનો વિષય ચાર ઢાળમાં વહેંચાયેલો છે.

પ્રથમ ઢાળમાં 'દેવો' વિશેના વિચાર વ્યક્ત થયેલા છે. આરંભની કડીમાં આ વિગત સ્પષ્ટ રીતે પ્રગટ થયેલી છે.

ઋણ મત કરજો રે માનવી, દેણું મોટી બતાવેરે;
દીધાં વિણ છૂટે નહિ, કીજે કોટિ ઉપાયરે. ઋણ.

આઠમી કડીમાં સજ્ઝાયના મુખ્ય નાયક ગોભદ્ર શેઠ અને શાલીભદ્રનો મિતાક્ષરી ઉલ્લેખ નોંધપાત્ર બને છે.

લહેણું શાલીભદ્ર શેઠનું, લીધું એકે સંકેતરે;
ગોભદ્ર શેઠે આપિયું, પેટી નવાણું સુહેત રે. ઋણ.॥૮॥

બીજી ઢાળ - જંબુદ્વીપના જયપુર શહેરમાં જયસેન રાજા રાજ્ય કરતો હતો. આ નગરમાં ધનદત્ત નામનો શેઠ હતો. તેને સાત પુત્રો હતા. તેઓ ધર્મ કરણીમાં અપૂર્વ શ્રધ્ધા રાખતા હતા. કોઈ બીજા નગરના શેઠ રાજપાલ પોતાના પુત્ર તેજપાલ સાથે ધંધાર્થે આવીને ધનદત્ત શેઠને ત્યાં રહ્યા. શેઠ ધર્મપરાયણ હોવાથી વેપારને બદલે સાધર્મિકના સંબંધથી ભક્તિ કરી.

ત્રીજી ઢાળ - તીર્થનો મહિમા ગાવામાં આવ્યો છે અને સ્થાવર જંગમ તીર્થનો ઉલ્લેખ થયેલો છે. તેજપાલની ઈચ્છા તીર્થયાત્રા કરીને જીવન સફળ કરવાની છે, તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

ચોથી ઢાળ - પ્રસંગની મહત્વની વિગતો પ્રગટ થયેલી છે. તેજપાલે ધનદત્ત શેઠ પાસેથી યાત્રા નિમિત્તે અગિયાર હજાર પાંચસો તેત્રીસ સોનૈયા લીધા અને કહ્યું કે મારા ખાતે લખજો. કમનસીબે તેજપાલ યાત્રા કરીને પાછો ફર્યો ત્યારે માર્ગમાં જ તેનું અવસાન થયું. અંતરમાં શુભ ભાવના હોવાથી શુભગતિ થઈ. ધનદત્ત શેઠ મરીને સંગમ નામે ગોવાળ થયો. આ ભવમાં મુનિને ખીર વહોરાવી ત્યારે મનના શુભ પરિણામ ને પૂજય ભાવ હોવાથી શુભ કર્મબંધ કરી મરણ પામ્યો ને શાલીભદ્ર તરીકે જન્મ થયો. જયારે તેજપાલ એ ગોભદ્ર શેઠ થયો. આમ બન્ને જણ પિતા-પુત્ર તરીકે અવતર્યા.

તેજપાલે યાત્રા નિમિત્તે લીધેલી રકમ આપી ન હતી. દેવું રહી ગયું હતું તે ગોભદ્ર શેઠ મરીને દેવલોકમાં ગયા અને રોજ નવ્વાણું પેટી ધન શાલીભદ્રને આપતા હતા. આમ પૂર્વ ભવનું

ઋણ તેજપાલે ચૂકવ્યું. કર્મની ગતિ કેવી છે તે સમજી શકાય તેમ છે. અંતમાં કવિએ દેવું નહિ કરવાની અને લીધું હોય તો પાછું આપવાની શિખામણ પ્રત્યક્ષ રીતે જણાવી છે.

**સમીક્ષા**

આ સજ્ઝાયમાં વ્યવહાર શુધ્ધિની કેટલીક માહિતી પ્રાપ્ત થાય છે.

સુખમાં કદીયે સૂવે નહિ જેહને છે વેર રે;
રણીયો ને વ્યભિ ચારી વળી, ઘણું ભૂલ્યો વળી શૂરરે ॥૩॥
એ પાંચે રહે દુર્બલા, રાત દિવસ લહે તાપ રે;
ધન્ય ધન્ય મુનિરાજને રે, તજયો પાંચે સંતાપરે. ॥૪॥

લેણી રકમ એક ભવમાં ન આપીયે તો બીજા ભવમાં તો આપવીજ પડે છે. તેનો ઉલ્લેખ કરતાં કવિ જણાવે છે કે -

એક ભવે દશ સો ભવે, લીયે લેણદાર તેહ રે,
દેણદાર દુઃખથી દીયે, એહમાં નહિં સંદેહ રે ॥૫॥

વિશ્વનું જીવન રૂપિયા પર આધાર રાખે છે. કવિએ વ્યવહાર જીવનના અનુભવને વ્યક્ત કરતાં જણાવ્યું,

રૂપિયો અગિયારમો પ્રાણ છે, કરે લોક સુજાણ;
લઈને પાછલે નવિ દીયે, ત્યારે દુઃખે દશ પ્રાણ રે. ॥૬॥

ધનદત્ત શેઠને તેજપાલનો સંબંધ વેપારનો નહિ પણ સાધર્મિકનો હતો.

''નહિ વાણોતર શેઠ નગઈ, ધરમ સગાઈ;
માતા પિતા સગપણ પરિવાર, વાર અનંતા હુઓ અવતાર.''

આ સંસારમાં જન્મ મરણ દ્વારા અનંતીવાર જીવ માતા

પિતાના સંબંધથી જોડાય છે. પણ સાધર્મિકનો સંબંધ તો મહાન પુણ્યથી જ પ્રાપ્ત થાય. કવિએ સાધર્મિકના સંબંધનો મહિમા ગાયો છે.

એકજ પંક્તિમાં કવિએ તીર્થની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે - "જેહથી તરીયે તેહીજ તીરથ, તીરથ જગ ઉપગારી."

જયાં જવાથી આત્મા પવિત્ર બનીને જન્મ, જરા, મૃત્યુ પર વિજય મેળવે એવી ભૂમિકા પ્રાપ્ત થાય ને મનુષ્ય જન્મ સફળ બનાવે તે તીરથ છે. આવી તીર્થ ભૂમિઓ મનુષ્યને અવર્ણનીય ઉપકાર કરનારી છે. અનેક આત્માઓ નરભવ સફળ કરી શક્યા છે તેમાં તીર્થભૂમિના શુભ પદ્‌ગલોનો પ્રભાવ છે.

તીર્થના બે પ્રકાર છે. સ્થાવર અને જંગમ. કવિએ જંગમ તીર્થની સૂચિ આપતાં અરિહંત, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, શ્રુતકેવલી, દશપૂર્વધરજ્ઞાની ભગવંત, ચતુર્વિધસંઘ, અને જ્ઞાન દાતા ગુરુ-પ્રવચન વગેરે જંગમ તીર્થ છે. આ યાદી આપવાનો હેતુ એ છે કે તેજપાલ તીર્થ યાત્રાએ ગયા ત્યારે આ જંગમ તીર્થની અપૂર્વ હર્ષોલ્લાસથી ભક્તિ કરી હતી.

કવિએ સ્થાવર તીર્થનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે -

ધ્યાવે થાવર તીર્થને રે તેજપાલ એક ધ્યાન રે.<br>
સિધ્ધાચલ ગિરનારજી રે, સમેતશિખર બહુમાન રે.<br>
ભવિયાં વંદો તીરથરાજ ॥૧॥

પાંચ કલ્યાણક ભૂમિકા રે, બહુ મુનિવર નિર્વાણ રે,<br>
પાદુકા પ્રતિમા વંદીએ રે, દેખી તે અહીં કાલ રે.<br>
ભવિયાં વદો તીરથરાજ ॥૨॥

ચોથી ઢાળની છેલ્લી કડીમાં કવિએ સજ્ઝાય પૂર્ણ કરતાં વિષયનો ઉલ્લેખ કરીને રચના વર્ષ દર્શાવ્યું છે.

લેણ દેણા ઋણ ઉપરે રે, વર્ણયો એ સજ્ઝાય રે,
સંવત અઢાર એકાણુંએ રે, દિપવિજય કવિરાય રે. ભવિયાં. ॥૧૨॥

તીર્થનો મહિમા ભગવતી સૂત્ર ટીકા અને વિશેષાવશ્યક સૂત્રમાં મળી આવે છે. ધન્ય ધન્ય મુનિરાજને રે, તજ્યો પાંચ સંતાપરે, લઈને પાછલે નવિ દીયે, ત્યારે દુઃખે દશ પ્રાણ રે. ગઢ ગઢ મંદિર રે દીપે, માનું અલકાપુરી એ ઝાંપે. અહીં કવિએ જયપુરના વર્ણનમાં વિવિધ મંદિરોનો ઉલ્લેખ કરીને અલકાપુરી હોય તેવો વિચાર દર્શાવ્યો છે તેમાં ઉત્પ્રેક્ષા અલંકાર જોવા મળે છે.

કવિએ સંસાર અને વ્યવહારના તમામ સંબંધો કરતાં સર્વશ્રેષ્ઠ અને અતિ દુર્લભ એવો સાધર્મિકનો સંબંધ દર્શાવીને તેનો મહિમા પ્રગટ કર્યો છે.

પૂર્વ ભવમાં મુનિ ભગવંતને ભાવપૂર્વક શુભ પરિણામથી ખીર વહોરાવી હતી એટલે પુણ્યોપાર્જનના ફળ સ્વરૂપે શાલિભદ્રના ભવમાં અઢળક સંપત્તિ ને સમૃધ્ધિ પ્રાપ્ત કરી હતી.

કવિએ કર્મ અને પુનર્જન્મના સિધ્ધાંતનો સંદર્ભ પૂરો પાડીને ઋણ મુક્ત થવા માટે વ્યવહારુ તેમજ શાસ્ત્રીય રીતે ઉપદેશ આપ્યો છે. શુભ કે અશુભ કર્મ ઉદયમાં આવે ને તે મુજબ ભોગવવાં પડે. વ્યવહાર શુધ્ધિ માટે પણ આ સજ્ઝાયનું વસ્તુ ઉપકારક છે. ગોભદ્ર અને શાલીભદ્રના જીવનના પ્રસંગ વર્ણનુ દ્વારા રસિક કથાનો આસ્વાદ કરી શકાય છે,

(સંદર્ભ- પ્રાચીન સજ્ઝાય મહોદધિ ભા.૨ પા. ૧૫૮)

## સજ્ઝાય વિશેષ.

સ્તુતિ તરંગિણીમાં માનદેવસૂરિની સજ્ઝાયનો સંચય થયેલો છે. આ રચનામાં પટ્ટાવલીના બીજા ઉલ્લાસની ૧૦મી ઢાળમાં માનદેવસૂરિનું વૃત્તાંત છે. તેને સજ્ઝાયરૂપે પસંદ કરીને ઉપરોક્ત પુસ્તકમાં સ્થાન આપવામાં આવ્યું છે.

આજ રીતે રોહિણીનું વૃત્તાંત ત્રીજા ઉલ્લાસની ૩૩મી ઢાળમાં છે. તે પણ રોહિણી સ્તવન તરીકે સ્વતંત્ર રીતે સ્તુતિ તરંગિણીમાં સ્થાન પામ્યું છે.

માનદેવસૂરિનું વૃત્તાંત સજ્ઝાય સ્વરૂપે પ્રગટ થયું છે. તેનો હેતુ જિન શાસનની પ્રભાવના અને એમની સાધના ચારિત્ર ધર્મના પાલનની વિશુધ્ધ ભાવના પ્રગટ થાય છે. વૈરાગ્ય ભાવ એ ચારિત્ર ગ્રહણ કરવા ને તેમાં સ્થિર થવા આલંબન રૂપ છે. એટલે સાધુ જીવનમાં વૈરાગ્ય પોષક ક્રિયા અને જ્ઞાનનો સમન્વય સધાયેલો હોય છે. 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના' એવી અખાની ઉક્તિ અધ્યાત્મ માર્ગના પ્રવાસીઓને માટે ચિંતન, મનન ને આચરણરૂપ બને છે.

### ૨. મુનિવંદનાની સજ્ઝાય :

આ સજ્ઝાયની ૯ કડીમાં મુખ્યત્વે સાધુ જીવનનો મહિમા ગાવામાં આવ્યો છે. તેમાં પૂર્વે થઇ ગયેલા મુનિ ભગવંતોનો નામોલ્લેખ કરીને સંયમધર મહાત્માઓને ભાવપૂર્વક વંદના કરવામાં આવી છે.

આરંભની પંક્તિ નીચે મુજબ છે.

"શ્રી મુનિરાજને વંદના નિત કરીએ,

હાં રે તપસી મુનિવર અનુસરીયે".

કવિએ'ચઉમાસી પારણું આવે' એ દેશીનો પ્રયોગ કરીને કાવ્યને અનુરૂપ લય સિધ્ધ કર્યો છે.

મુનિ જીવનમાં તપની સાધના કરવામાં આવે છે. જેનાથી ભવસમુદ્રનો પાર પામી શકાય છે.

મુનિ સમતાભાવ રાખનારા હોય છે. કવિ જણાવે છે કે "નિંદક પૂજક ઉપરે સમભાવે, હાં રે પૂજક પર રાગ ન આવે;" ॥૨॥

મુનિ જીવનનો પરિચય આપતાં કવિ જણાવે છે કે તેઓ કંચન -કામિનીના ત્યાગી હોય છે. ક્રોધ, માન, માયા, લોભની ચોકડી અને તેના ત્રણ ભેદ અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાન એ ત્રણ ભેદવાળા કષાયના ત્યાગી હોય છે. ૪૨ દોષ રહિત નિર્દોષ ગોચરી ગ્રહણ કરવી,

ચરણ કરણાનુયોગના પાલક વગેરે ગુણ યુક્ત મુનિરાજ હોય છે. મુનિ જીવનમાં આ રીતે આત્માની વિશુધ્ધિ માટેનો પુરુષાર્થ કરવામાં આવે છે. વળી સાધુ ચાર કષાયના ચાર ભેદથી ૧૬ થાય અને નવ નોકષાય એમ પચ્ચીસ ભેદના ત્યાગી સંજમ રસના દરિયા અને જિન શાસનના પ્રભાવક કહ્યા છે. કવિએ પૂર્વે આરાધક મુનિઓનો દૃષ્ટાંત રૂપે જણાવીને મુનિ જીવનમાં પ્રેરણા મળે તેનો સંદર્ભ આપતાં જણાવ્યું છે કે-

"હાં રે ચિત્ર સંભૂતિને વળી હરિકેશી
હાં રે અનાથી મુનિ શુભલેશી
હાં રે ગૌતમ ગણધર વળી કેશી
હાં રે બેઉના અણગાર શ્રી ॥૬॥

દશચક્રી, પ્રત્યેક બુધ્ધને જગ જાણે
હાં રે નમિરાજને ઇન્દ્ર સન્માને
હાં રે ઉત્તરાધ્યયને તે વખાણે
હાં રે શ્રી દશાર્ણભદ્ર શ્રી. ॥૭॥

અંતે કવિ જણાવે છે કે આવા ગુણાલંકાર યુક્ત વ્રતધારી સંયમપાલક મુનિને વંદના કરવાથી કે ગુણગાન ગાવાથી જીવન વિકાસની સાચી દિશા ઉઘડે છે ને આત્મકલ્યાણના માર્ગમાં પ્રવૃત્ત થવાય છે. માનવભવનો સાર મુનિ વંદના, ગુણગાન ગાવાં અને એમના સંયમની પરમોચ્ચ શુભ ભાવના ભાવવી એજ ઇષ્ટ છે.

કવિએ પૂર્વના મુનિઓનો સંદર્ભ ઉત્તરાધ્યયન સૂત્રમાંથી દર્શાવ્યો છે. અન્ત્યાનુપ્રાસની યોજનાથી આ સજ્ઝાય લયબધ્ધ બનીને મુનિ વંદનાનો મહિમા દર્શાવે છે. મુનિવંદનાની સજ્ઝાય એટલે મુનિ જીવનનો પરિચય અને પૂર્વે થઇ ગયેલા પુણ્યશ્લોક મુનિઓનો ઉલ્લેખ જે સર્વ કોઇને માટે સંયમ જીવનનાં પ્રેરક સંસ્મરણો દ્વારા મુનિધર્મનો મહિમા પ્રગટ કરે છે. મુનિ વંદનાની સજ્ઝાય એટલે ભારતીય સંસ્કૃતિમાં જે ત્યાગની પરંપરા છે કે માર્ગના જેમાંથી મોક્ષ મેળવી શકાય એવા મોક્ષ માર્ગના પુરુષાર્થની સાધનાનો શાશ્વત રાજમાર્ગ. શબ્દોથી ગુણગાન ગાઇ શકાય નહિ એવા ત્યાગી ને ગીતાર્થ ગુરુના ઉપકારનો બદલો પણ વાળી ન શકાય તેવા મુનિઓને વંદન કરીને પાવન થઈએ.

(સંદર્ભ - ઉત્તમ સજ્ઝાયમાળા-પા. ૨૨)

## (૩) રોટીની સજ્ઝાય.

રોટી - રોટલાની સજ્ઝા એ નામથી સજ્ઝાય માળા અને અન્ય સજ્ઝાયની યાદીમાં કવિરાજની નમૂનેદાર રચના પ્રાપ્ત થાય છે.

ફાર્બસ ત્રૈમાસિકમાં શ્રી દીપવિજયજીનાં બે કાવ્ય 'રૂપિયા ની સજ્ઝાય અને ભાતપાણીનું પરભાતીયું' એ શીર્ષક હેઠળ પ્રગટ થયેલ છે. પંડિત બહેચરદાસ જી. દોશીએ આ કૃતિને ઈ.સ. ૧૯૩૬ના ઓક્ટો-ડીસેમ્બરના અંકમાં દેવનાગરી લિપિમાં છપાવી હતી. (પા. ૨૬૫) કૌસમાં રોટીની કવિતા શબ્દો મૂક્યા છે.

સંયમ જીવનના આરાધક સાધુ ભગવંતોને સુખ શાતા પૂછવા માટે ઈચ્છાકાર સૂત્રનો ઉપયોગ થાય છે. તેમાં 'ભાત પાણીનો લાભ દેશોજી' એવો પાઠ આવે છે. તેનો અર્થ એ છે કે સાધુ ભગવંત ગોચરી (આહાર) અને પાણીનો શ્રાવકોને લાભ આપે છે. આ ક્રિયા 'વહોરવું' એ અર્થમાં સમજવામાં આવે છે. સાધુને ભાતપાણી વહોરાવવાં એ સુપાત્ર દાન છે. ભાત એટલે (Rice) એ પૂર્ણ આહાર છે. સાધુને નિર્દોષ ગોચરી મેળવવા માટે ગમે તે સ્થાને જાય તો અવશ્ય ભાત તો મળેજ. તેમાં કોઈ બાધ આવતો નથી. એ દષ્ટિએ 'ભાત' શબ્દ પ્રયોજાયો હોય એમ લાગે છે. પછી અર્થ વિસ્તાર થતાં તેમાં સાધુને યોગ્ય આહાર કરવાં લાયક પદાર્થોનો સમાવેશ થાય છે.

કવિએ ૧૨ કડીની કૃતિમાં ઉદરપૂર્તિ માટે રોટલાની અનિવાર્ય આવશ્યક્તાની માહિતીની સાથે રૂષભદેવ ભગવાનને આહાર ન મળ્યો અને ભગવાન મહાવીરે ઘોર તપશ્ચર્યા કરી તેનો દષ્ટાંત રૂપે ઉલ્લેખ કર્યો છે. સજ્ઝાય માળાના પુસ્તકમાં આ

કૃતિ ૧૧ કડીમાં છે. જ્યારે ફાર્બસ ત્રૈમાસિકમાં ૧૨ કડી છે.

"છત્રપતિ પાતસાહ, ચામર છત્ર ધારે,
ઘડી થાયે સોલમીને, અંગ થાયે ગળિયાં. ॥૪॥

ઉપરોક્ત કડી પંડિત બહેચરદાસની સંપાદિત કૃતિમાં મળે છે.

"સરવ બાતબાતમેં પ્રત્યક્ષ દેવ રોટી" આ પંક્તિનું પાઠાંતર બાતને બદલે "દેવ દેવમે" એમ મળી આવે છે. વાતવાત અને દેવદેવ શબ્દ પ્રયોગોના અર્થમાં ઘણો તફાવત છે. દેવ-દેવ શબ્દ પ્રયોગ અન્ન દેવ એવા સંદર્ભમાં હોવાનો સંભવ છે.જ્યારે વાત વાતમાં નો અર્થ ઘડી ઘડી ભોજન - રોટીની ચિંતા થાય છે. ભૂખ સહન થાય નહિ ને રોટી માટે તલપાપડ થાય એમ સમજી શકાય છે.

ખુદ તીર્થંકર ભગવાન, મુનિરાજ, શેઠ, શાહુકાર, ચક્રવર્તી વાસુદેવ અને છત્રપતિ રાજા વગેરે પણ "ઘડી થાય સોલમીને અંગ થાય ગળિયાં" અહીં સોળ ઘડીનો સમય એટલે સૂર્યોદયથી ૬-૨૪ મિનિટે પુરિમઢ્ઢનું પચ્ચક્ખાણ થાય એમ સમજવાનું છે. પ્રાયઃ પૂર્વકાલીન સાધુઓ એકાસણું કે આયંબિલ કરે તો પુરિમઢ્ઢના પચ્ચખાણથી કરતા હતા તે દૃષ્ટિએ આ સમય દર્શાવ્યો છે. જો કે શેઠ, રાજા, ચક્રવર્તી કે વાસુદેવને માટે આ સમયનો કોઈ સંદર્ભ નથી. છતાં આ બધા જ 'રોટી' માટે તત્પરતા બતાવે છે. રોટીના સમયે ક્ષુધાને કારણે ગાળિયા બળદ સમાન ઢીલા થઈ જવાય છે એ સૌ કોઈના અનુભવની વાત છે.

સંયમ જીવનમાં ૨૨ પરિષહ સહન કરવા પડે છે. તેમાં

પ્રથમ ક્ષુધા પરિષહ છે. રોટીનો પ્રભાવ તો એવો છે કે ગમે તેવું માનપાન મળે પણ ભૂખ લાગી હોય તો તે પણ નિરસ બની જાય છે.

કવિએ 'બાવાજી' માટે નિસ્નેહી શબ્દ પ્રયોગ કરીને જણાવ્યું છે. બાવાજી ભસ્મ લગાવીને ફરતા હોય તો પણ ભૂખ લાગે એટલે તેને શાંત કરવા પ્રયત્ન કરે છે. ટૂંકમાં ભૂખના નિવારણ માટે માનવો અને તિર્યંચો પણ પુરુષાર્થ કરે છે.

કવિની અભિવ્યક્તિનું કલાત્મક ઉદાહરણ જોઈએ તો -

ધ્યાન ધરે નાસિકા ડબક માલા મોટી
ઘડી થાયે સોલમી તો યાદ આવે રોટી'' ॥૮॥

સર્વ કામકાજમાં સફળતા ત્યારે જ મળે કે પેટમાં રોટલા પડે. વ્યવહાર જીવનમાં રોટલાનું મહત્વ બતાવ્યા પછી તપશ્ચર્યા દ્વારા આહાર સંજ્ઞા પર વિજય મેળવવાના સંદર્ભમાં આદિ તીર્થંકર રૂષભદેવ અને ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની તપશ્ચર્યાનો ઉલ્લેખ કર્યો છે.

રૂષભદેવ ભગવાને એક વર્ષ સુધી આહાર વિના ચલાવ્યું. મહાવીર સ્વામી ભગવાને છ માસની તપશ્ચર્યા કરી. કવિ મહા તપસ્વી ભગવંતનું સ્મરણ કરીને તપનું આલંબન લેવાનું પરોક્ષ રીતે સૂચન કરે છે. દીપવિજયં કવિરાજ પોતે જે તપશ્ચર્યા કરતા હતા તેનો છેલ્લી કડીમાં ઉલ્લેખ થયેલો છે.

દીપવિજય કવિરાજ અઢી ધીપ રાજે
છઠ, અઠમ, માસ પાસ ધીર મુનિ ગાજે ॥૧૨॥

રોટીની સજ્ઝાયનો કેન્દ્રવર્તી વિચાર તો તપના આચરણ દ્વારા અનાદિકાળથી આ જીવને આહાર સંજ્ઞા વળગી છે તેનાથી મુક્ત થવાનો છે. વિવિધ વિષયોની સજ્ઝાયો રચાઇ છે. તેમાં આ વિષય સર્વ સાધારણ જનતાને વધુ હૃદયસ્પર્શી બને છે. સીધી સાદી વાણીમાં કવિએ સુંદર આકર્ષક ગીત રચના કરી છે. વળી તેમાં ૮ કડી સુધી "ઘડી થાયે સોલમી" ની પુનરૂક્તિ ભોજનની અનિવાર્યતાની સ્મૃતિ તાજી કરાવે છે.

કવિની કલ્પના શક્તિએ સૌ કોઇને રોટીના પ્રશ્નમાં સમાવી લીધા છે. અનંત પુણ્ય રાશિ ભેગી થાય, ચક્રવર્તી થાય, રાજા હોય, ચામર, છત્ર, ધરાવતા હોય તો પણ ક્ષુધાની પીડા તો સર્વે કોઇને સતાવે છે. સજ્ઝાયને અનુરૂપ આહાર ત્યાગ - અણાહારી પદ માટેનો મૂળભૂત વિચાર પ્રગટ કર્યો છે.

છેલ્લી કડીમાં "અઢી ધીપ" શબ્દ નો અર્થ અઢી દ્વીપનો સમજવાનો છે.

(સંદર્ભ. ફાર્બસ ત્રૈમાસિક..૧૯૩૬ અંક ઓકટો-ડીસે. પા.૨૬૫ )

### ૪. રૂપિયાની સજ્ઝાય :

સજ્ઝાયના વિષયોની વિવિધતાનો વિચાર કરતાં કવિઓની વસ્તુ પસંદગીની કલ્પના આનંદદાયક ને વિસ્મયકારક લાગે છે. દીપવિજય કવિરાજે રૂપિયાની સજ્ઝાયની રચના કરી છે.

પૈસા કે રૂપિયા વગર એક ડગલું પણ ન ભરાય. સંસારના વ્યવહારમાં પૈસો કેન્દ્ર સ્થાને છે. આ વિષય કેન્દ્રમાં રાખીને કવિએ વ્યવહાર જીવનમાં રૂપિયાની બોલબાલા સાથે સંપત્તિનો સદ્વ્યય સુકૃતમાં કરવા માટે સુપ્રસિધ્ધ દાનવીર વસ્તુપાલ અને

તેજપાલનો ઉલ્લેખ કર્યો છે.

અગિયાર કડીની આ સજ્ઝાયમાં લક્ષ્મીની મમતા ન રાખતાં દાનમાં ખર્ચ કરવાનો પરોક્ષ રીતે ઉલ્લેખ થયેલો છે. આરંભની કડી નીચે મુજબ છે.

દેશ મુલકને પરગણે, હાકમ હુકમ કરત
છડીદાર ચોમદાર ઉભલી, ચામર છત્ર ધરત.
રૂપિયાની શોભારે શી કહું ॥૧॥

ઘરના આંગણે હાથી ઘોડા સોના રૂપાના સાજથી શોભે છે. પાલખી ને રથ ઉપર ઘુઘરીયો ઘમકે છે. સેવકો સ્વામીનો હુકમ સ્વીકારીને દોડધામ કરે છે. કવિએ વૈભવનું વર્ણન કરતાં જણાવ્યું છે કે -

ઉંચા મંદિર માળિયાં, ખીજલીપાણા છે ગોળ ।
ગાદી તકિયા રે ઢાલિયા, બેઠા માણે છે મોજ. ॥૪॥

ખરચે વાપરે ખંતશું, અઢળક દેના રે દાન
આવો પધારો જી સહુ કરે, લાડકવાયાના માન ॥૫॥

વિવાહ પ્રસંગે ઠાઠથી થાય, સંઘપતિ નામ મળે, સંઘની નીકળે, આ બધું શેઠની કૃપાથી થાય છે.

"નાંણા વગરનો નાથીયો નાણે નાથાલાલ" જેવી કહેવત અનુસાર નાણાં વગર ગાંગલો કહેવાય અને નાણાં હોય તો ગંગજી શેઠ કહેવાય. આ છે રૂપિયાનો અજબ ગજબનો પ્રભાવ. કવિએ વસ્તુપાલ તેજપાલ ભાઈઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે -

સંગ્રામ સોની રે વાપરે, મહોરો છત્રીશ હજાર,
વસ્તુપાલ તેજપાલ ઉજલા, સહુ ભાઈના ઉપકાર. રૂપિ. ॥૮॥

મમ્મણ શેઠનું દષ્ટાંત આપતાં કવિ જણાવે છે કે -
પામી ખરચે નહીં લોભીયા, સંચે બહોળીરે આથ,
મમ્મણ સરીખા રે પ્રાણીયા, જાશે ઘસત હાથ રે ॥૯॥

રૂપિયાનો પ્રભાવ દર્શાવીને અંતે મર્મભેદક વાણીમાં કવિ જણાવે છે કે -

''જિનપતિ ગણપતિ ઈમ કહે, જીવને છે દશપ્રાણ;
રૂપિયા શેઠજીને જગ કરે, એ અગિયારમો પ્રાણ. રૂપિ. ॥૧૦॥

સજ્ઝાયમાં વૈરાગ્ય ભાવ કોઈને કોઈ રીતે રહેલો હોય છે. અહીં સ્પષ્ટ રીતે એવો ભાવ નથી, છતાં ધન પ્રત્યેનો મોહ ન રાખતાં સુકૃતમાં વ્યય કરી, ત્યાગ-ભાવ, પરિગ્રહથી મુક્ત થવાની ભાવના ગર્ભિત રીતે વ્યક્ત થયેલી છે. પરિગ્રહ અને મમતા એજ ભવભ્રમણ કરાવે છે. એટલે આવી ત્યાગ ભાવના આધ્યાત્મિક સાધનાનો મૂળભૂત પાયો છે એમ ફલિત થાય છે. પ્રતિક્રમણની ક્રિયાને અંતે સાધુઓ મધુર કંઠે સાજ્ઝાય ગાય છે, અને શ્રાવકો શ્રવણ કરે છે. લક્ષ્મી પાછળ માનવજન્મ વેડફી નાખનારાને ઉપદેશાત્મક વિચારો પ્રેરક નીવડે તેમ છે. સમાજમાં લક્ષ્મીનો પ્રભાવ દર્શાવીને ક્ષણિક આવા લક્ષ્મીનંદનોને સંતોષ થાય પણ અંતે તો તે નાશવંત છે. અને તેની મમતા ન રાખવી એજ કેન્દ્રસ્થ વિચાર પ્રગટ થાય છે.

રૂપિયો અગિયારમો પ્રાણ છે. દશ પ્રાણ મનુષ્યને હોય છે. પાંચ ઈન્દ્રિય, મન, વચન અને કાયાનો યોગ, શ્વાસોશ્વાસ અને

આયુષ્ય એમ દશ પ્રાણ જીવને હોય છે. ત્યાર પછી રૂપિયો એ અગિયારમો પ્રાણ છે. એવો કટાક્ષ કર્યો છે.

(સંદર્ભ- ફાર્બસ ત્રૈમાસિક -વર્ષ ૧૯૩૬- અંક ઓક્ટો-ડીસેમ્બર - પા. ૨૬૪)

## (૫) થાવચ્ચા પુત્રની સજ્ઝાય

શત્રુંજય લઘુકલ્પમાં થાવચ્ચા પુત્રનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે -

થાવચ્ચા સુય સેલ્લગાય, મુણિણોવિ તહ રામમુણિ,
ભરહો દસરહ પુત્તો સિધ્ધા, વંદામિ સેત્તુંજે. ॥૫॥

થાવચ્ચા પુત્ર (એક હજાર સાથે) શુક પરિવ્રાજક, મુનિ (એક હજાર સાથે) સેલગ મુનિ (પાંચસો મુનિ સાથે) અને રામચંદ્ર (દશરથ રાજાના પુત્ર) ત્રણ કરોડ મુનિઓ સાથે શત્રુંજય ઉપર સિધ્ધિપદને પામ્યા છે. તેમને હું વંદન કરું છું.

દ્વારિકા નગરીની સાર્થવાહી થાવચ્ચાનો પુત્ર માતાના નામ પરથી તેનું નામ થાવચ્ચા રાખવામાં આવ્યું એટલે થાવચ્ચાપુત્ર નામથી પ્રસિધ્ધ થયો હતો. તેને બત્રીસ કન્યાઓ સાથે લગ્ન કર્યાં હતાં. સંસારના સુખમાં રાચતો થાવચ્ચા પુત્ર એક દિવસ જૂનાગઢના નંદનવનમાં નેમનાથ ભગવાનની પધરામણી થઈ જાણીને એમની દિવ્ય વાણીના પ્રભાવથી તે પ્રતિબોધ પામ્યો, અને સર્વ વિરતિ ધર્મ પ્રભુ પાસે અપૂર્વ ઉલ્લાસથી અંગીકાર કરી વ્રત પાલન કરવા લાગ્યો. તે દરમ્યાન શુકપરિવ્રાજકને થાવચ્ચા પુત્રે ઉપદેશ આપીને પ્રતિબોધ કર્યો. પરિવ્રાજકે પોતાના બધા શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી. થાવચ્ચા પુત્રે

પોતાનો અંતકાળ નજીક જાણીને શત્રુંજય પર એક મહિનાનું અનશન કરી શુભ ભાવમાં લીન બની કર્મ ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે ગયા.

આ પૂર્વ ભૂમિકાનો સંદર્ભથાવચ્ચાકુમારની સજ્ઝાયમાં રહેલો છે.

સજ્ઝાય એટલે આત્માભિમુખ થવા માટેના માર્ગમાં ઉપકારક સ્વાધ્યાયરૂપ કાવ્ય રચના. તેનો કેન્દ્રવર્તી વિચાર ત્યાગ અને વૈરાગ્યનો હોય છે. એટલે તેના દ્વારા વૈરાગ્યની પુષ્ટિ થતાં મુમુક્ષુઓને પોતે સ્વીકારેલા માર્ગમાં ઉલ્લાસની માત્રા વધતાં ચઢતા પરિણામે સંયમ જીવનની આરાધનામાં આગળ વધે છે. થાવચ્ચાકુમારની સજ્ઝાય એક રીતે વિચાર કરતાં પદ્યમાં ચરિત્રનું નિરૂપણ થયેલું હોય તેવી છે તેમ છતાં તેમાં માતા અને પુત્ર વચ્ચેનો વાર્તાલાપ ભરપુર વૈરાગ્યનું સૂચન કરે છે. થાવચ્ચાકુમાર શા માટે દીક્ષા લેવા તૈયાર થાય છે અને માતા થાવચ્ચા પુત્રને સંસારમાં રહેવા માટે પ્રલોભન આપે છે. આવી સંઘર્ષમય પરિસ્થિતીમાંથી થાવચ્ચાનો વિજય થાય છે. આ સજ્ઝાયની મોટી સિધ્ધિ છે. થાવચ્ચાની કથા એ માત્ર કથા જ નથી પણ તેમાં સંસાર જીવન, નેમનાથ ભગવાનની વાણીનો પ્રભાવ, દીક્ષાની ભાવના અને તેના અનુસરણ દ્વારા, રસિક કથા દ્વારા, ત્યાગ અને વૈરાગ્યના રાજમાર્ગ દ્વારા મોક્ષ સુખ મળે છે એવા શાશ્વત વિચારનું નિરૂપણ થયું છે. કવિએ નાનકડા વાર્તાલાપ - સંવાદ દ્વારા કલાત્મક્તાનો પરિચય કરાવ્યો છે.

આરંભની કડી જોઈએ તો -

શ્રી આદીશ્વરને પાય પ્રણામ કરી, વળી નમી નિજગુરુ પાયોજી,

થાવચ્ચાનો નંદન ગાઈએ, નામે નવનિધિ થાયેજી.
ભાવે પધારો રે થાવચ્ચા મુનિ. ॥૧॥

એકવાર જૂનાગઢના નંદનવનમાં નેમનાથ ભગવાન પધાર્યા હતા એ જાણીને થાવચ્ચા કુમાર દેશના સાંભળવા જાય છે અને પ્રતિબોધ પામે છે. કવિના શબ્દો છે.

વાણી સુણીને મન વૈરાગીયો, થાવચ્ચા નિજ ગેહેજી,
તિહાંથી આવીને માયને પાય પડ્યો, માત સુનો સસનેહજી. ભા. ॥૬॥

એ સંસાર અસારતો જાણીએ, અનુમતિ દ્યો મોરી માતજી,
જિમ હું સંયમ માર્ગ આચરું, ક્ષણ લાખેણી જાયજી. ભા. ॥૭॥

અહીં સંઘર્ષનું બીજ છે. માતા અને પુત્ર વચ્ચે વાર્તાલાપ થાય છે. માતા સંસાર સુખનું તરફેણ કરતાં જણાવે છે કે -

વયણ સુણીને હૈડે ડહડહી આંસુડાં ઉભરાયોજી,
સંજમ માર્ગ બેટા દોહિલો, તું છે કુમળી કાયોજી. ભા. ॥૮॥

પુત્રની સંયમ ની ઈચ્છા જાણી ચિત્ત કરૂણાથી ઉભરાઈ આંસુ સારવા લાગે છે.

પુત્ર પ્રત્યેના રાગની સાથે કઠીન સંજમ માર્ગની ચેતવણી આપતાં માતાનાં વચન સુણીને થાવચ્ચા પ્રત્યુત્તર આપતાં જણાવે છે કે-

"તન ધન જોબન એ કારમું, જાણો સુપન જંજાલોજી"
માતા બાળકને સંયમ જીવનની કઠિનતાનો પરિચય કરાવતાં કહે છે કે -

જી જી કરતો રે દિનકર આથમે, કિમ ખમશો ટુંકારોજી,
ખીણ ખીણ ભોજન કુણએ પૂછશે, સરસ નિરસ વળી આહારોજી. ભા. ॥૧૧॥

ભોજન પાણીની તકલીફ, વનવગડાની વાટ, ખુલ્લે પગે વિહાર કરવો એમ કહીને માતા જણાવે છે કે "જબ લગે જીવું રે સુણ મોરા, નાનડા, મ કરીશ વ્રતની વાતોજી" થાવચ્ચાકુમાર માતાને પ્રત્યુત્તર આપતાં જણાવે છે કે "ડાભઅણી જળ ચંચલ આઉખું, ખીણમે વિણસી જાએજી" અને અંતે માતાની અનુમતિ લઈને ૧૦૦૦ કુમારો સાથે દીક્ષા લઇ પ્રભુની અનુમતિથી શત્રુંજય પર અનશન કરી સિધ્ધિગતિને પામ્યા.

પ્રાસાદિક શૈલીમાં મધુર પદાવલીઓ દ્વારા થાવચ્ચાકુમારના જીવનનો સજ્ઝાયમાં પરિચય કરાવીને રસિક કથા દ્વારા આત્મ-જાગૃતિ માટે વૈરાગ્ય ભાવનાનું નિરૂપણ થયેલું છે.
(સંદર્ભ- સજ્ઝાયમાળા- સંપા. પંડિત મફતલાલ ઝવેરચંદ- પા- ૭૯)

☆

## પ્રકરણ - ૧૧ પત્રનો પ્રારંભ

**ચંદરાજા અને ગુણાવલીનો પત્ર :**

ૠષભદેવ ભગવાનની સ્તુતિથી થયો છે. સ્વસ્તિ શ્રી આભાપુરી નિવાસી પટરાણી ગુણાવલી. શ્રી વિમળાપુરથી લિખિતંગ ચંદ નરેશના હિતકારી આર્શીવાદ વાંચશોજી.

તમારા કુશળતાના સમાચાર પરદેશમાં તો પત્ર દ્વારા મળે તેમ છ. રૂબરૂ મળી શકાતું નથી. એક સમાચાર છે કે અહીં સૂરજ કૂંડમાં મંગળમાળા છે. આ વધાઈ જાણીને જો પ્રેમ હોય તો અતિ આનંદ થશે. ચંદરાજાને ગુણાવલી હરપળ ને હરક્ષણ સ્નેહ સ્મૃતિપટ પર આવે છે. તેની અભિવ્યક્તિ કરતાં કવિ નીચે મુજબ જણાવે છે -

"તુમ સજ્જન ગુણ સાંભરેજી, ક્ષણ ક્ષણમાં સો વાર,
પણ તે દિન નવિ વીસરેજી, કણેરની કાંબ બે ચાર. ॥ (૮)

તું સાસુને આધીન થઈ ગઈ છે તે જાણીને મારું મન અત્યંત દીન બની ગયું છે. પણ તેમાં તારો કોઈ દોષ નથી. આ સંસારમાં સ્ત્રી વિશે ઘણી વાતો કહેવાય છે. સ્ત્રી કોઈની થતી નથી. સ્ત્રીયા ચરિતમ્ પુરુષસ્ય ભાગ્યમ્ બ્રહ્માડપિ ન જાનાતિ । આ ઉક્તિના સમર્થનમાં કવિની નીચેની પંક્તિઓ નોંધપાત્ર છે.

"સુતા વેચે કંતનેજી, હણે વાઘ ને ચોર;
બીએ બીલાડીની આંખથીજી, એહવી નારી નિઠોર. ॥૧૧॥
ચાલે વાંકી દષ્ટિથીજ, મનમાં નવનવા સંચજી;
એ લક્ષણ વ્યભિચારીનાંજી, પંડિત બોલે પ્રપંચ. ॥૧૨॥

એક સમજાવે નયણથીજી, એક સમજાવે હાથ;
એહ ચારિત્ર નારી તણાંજી, જાણે છે શ્રી જગનાથ. ॥૧૩॥
આકાશે તારા ગણે છે જી, તોળે સાયર નીર;
પણ સ્ત્રી ચરિત્ર ન કહી શકેજી, સુરગુરૂ સરિખો ધીર. ॥૧૪॥
કપટી નિઃસ્નેહી કહીજી, વળી તે નારી સર્વઃ
ઇંદ્ર ચંદ્રને ભોળવ્યાજી, આપણ કરીએ શો ગર્વ. ॥૧૫॥
નદી નીર ભૂજ બળે તરેજી, કહેવાય છે રે અનાથ;
એક વિષયને કારણે જી, હણે કંતને નિજ હાથ. ॥૧૬॥
ગામમાં બીહે શ્વાનથીજી, વનમાં ઝાલે છે વાઘ;
નાસે દોરડું દેખીનેજી, પકડે ફણિધરનાગ; ॥૧૭॥
ભર્તૃહરી રાજા વલીજી, વિક્રમરાય મહાભાગ;
તે સરખા નારી તણાજી, કદિય ન પામ્યા તાગ. ॥૧૮॥

સ્ત્રી ચરિત્ર નિરૂપણ કરતી ઉદયરત્નની સજ્ઝાયનો સંદર્ભ ચંદરાજાના પત્રમાં સ્ત્રી વિષયક વિચારો વ્યક્ત થયા છે. તેની સાથે સામ્ય ધરાવે છે.

"અબળા એહવું નામ ધરાવે, સબળાને સમજાવે રે,
હરિહર બ્રહ્મા પુરંદર સરિખા, તે પણ દાસ કહાવે રે. ॥૨॥
એક નરને આંખે સમજાવે, બીજા શું બોલે કરારી રે,
ત્રીજા શું કર્મ કરે તક જોઇ, ચોથો ચિત્ત મોઝારી રે. ॥૩॥
વ્યસન વિલુબ્ધિ જુએ વિમાસી, ઘટના ઘટતી વાતે રે,
પરદેશી મુંજની પરે જોઇ, મળજો એહ સંગાતે રે. ॥૪॥
જાંગ ચીરીને માંસ ખવડાવ્યું, તો પણ ન થઇ તેહની રે,
મુખની મીઠી દીલની જૂઠી, કામિની ન હોય કેહની રે. ॥૫॥

પગલે પગલે મન લલચાવે, શ્વાસો શ્વાસની જુદી રે,
ગરજ પડે ત્યારે ઘેલી થાએ, કામ સરે જાય કૂદી રે. ॥૬॥

કરણી એહની ન કહી ન જાએ, કામિની તણી ગતિ ન્યારી રે,
ગાયું એહનું જે નર ગાશે, તેણે સદ્‌ગતિ હારી રે. ॥૭॥

લાખ વાતે લલચાવે લંપટ, વિરૂઇ ને વિષની કયારી રે,
એહના પાસમાં જે નર પડીયા, તે હાર્યા જમ વારી રે. ॥૮॥

કોડી જતન કરી કોઇ રાખે, માનિની મહેલ મઝારી રે.
તો પણ તેહને સૂતાં વેચે, ઘડી ન રહે ધૂતારી રે. ॥૯॥

નારી વિષેના આવા વિચારો દર્શાવીને ચંદરાજા એમ કહે છે કે તું આવી નથી. મારી તો તારા પ્રત્યે સાચી પ્રીત હતી. તું જ બદલાઇ ગઇ છે. તને સાસુ વહાલી છે એટલે એમની સાથે મ્હાલજે. કવિ જણાવે છે કે -

"તો વહુને સાસુ મળીજી મોકલે મ્હાલજ્યો છેક"

તારો કોઇ દોષ નથી, ભાગ્યમાં જે થવાનું હતું તે થયું છે, તે થશે એ કવિની અભિવ્યક્તિમાં કટાક્ષ છે. કાગળ નાનો છે. પણ હિતકારી વચનો ઘણાં છે તે કેવી રીતે લખી શકાય ?

"કવિએ મધ્યકાલીન પરંપરામાં સમસ્યાનો પ્રયોગ થતો હતો તેનું અનુસરણ કરીને સમસ્યા દ્વારા ગુણાવલી પ્રત્યેનો પ્રણય દર્શાવ્યો છે.

"ઘઉંની પહેલાં નીપજેજી, પીળું તરૂવર તાસ,
પહેલી ચોથી માતરાજી, તે છે તું માહીપાસ" ગુ. ૨૫

આ સમસ્યાનો જવાબ 'જીવ' છે.
''દો નારી જાતિ શામળીજી, પાણી માંહે વસંત,
તે તુજ સજ્જન દેખવાજી, અળજો અતિ ધરંત'' ગુ. ૨૬

આ સમસ્યાનો 'ઉત્તર' આંખની કીકી છે.
''મઠ માંહે તાપસ વસેજી, વિચે દીજે જીકાર,
તુમ અમ એવી પ્રીતડીજી; જાણે છે કિરતાર.''
આનો ઉત્તર 'મજીઠ' છે. ગુ. ૨૭

''સાત પાંચને તેરમાંજી, મેળવજો દોઇ ચાર લગાર,''
આનો જવાબ 'એકત્રીશ' છે. ગુ. ૨૮ (માણસ)

આ ચાર સમસ્યાનો અર્થ વિચારજો એટલે અત્યંત હર્ષ થશે - પ્રણય ભાવના પણ વૃધ્ધિ પામશે. મધ્યકાલીન લોકવાર્તા-પદ્યવાર્તામાં આવતી સમસ્યા પૂર્તિનો સંદર્ભ છે. પ્રેમના સંબંધમાં પત્ર લખ્યા પછી પ્રત્યુત્તરની તીવ્ર અભીપ્સા હોય છે, તેનું નિરૂપણ કરતાં કવિ જણાવે છે કે -

''કાગળ વાંચી એહવો જી. લખજો તુરત જવાબ
સાસુને ન જણાવશોજી, જો હોય ડહાપણ આપ''ગુ. ૩૦

આ પત્રની વાત સાસુને ન જણાવવાનું સૂચન કરવામાં આવ્યું છે. ચતુર સ્ત્રી આ વાત ગુપ્ત રાખે. વ્યવહાર જીવનમાં પણ ગુપ્ત રાખવા જેવી વાતો પ્રગટ ન થાય તે માટે ચતુરાઇ વાપરવી પડે છે. તેનો અહીં નિર્દેશ કર્યો છે. પત્રના અંતે કવિ જણાવે છે કે-

''ઇણિ પરે ચંદ નરેસરેજી, લખિયો લેખ શ્રીકાર,
દીપવિજય કહે સાંભળોજી, આગળ વાત રસાળ.'' ગ. ૩૨

આગળ વાત રસાળ કરીને પ્રત્યુત્તરનું સૂચન કરે છે.

**ગુણાવલી રાણી લિખિત પત્ર :**

આ પત્રના પ્રારંભનાં ત્રણ દુહામાં સરસ્વતી દેવીની ભાવપૂર્વક સ્તુતિ કરીને ગુણાવલી ચંદ રાજાના પત્રનો પ્રત્યુત્તર પાઠવે છે. સરસ્વતીનું શબ્દચિત્ર નીચે મુજબ આલેખાયેલું છે.

"શ્રી વરદા જગદંબિકા, શારદા માત દયાળ,
સુરનર જસ સેવા કરે, વાણી જાસ રસાળ. (૧)
ત્રિભુવનમેં કીરતિ સદા, વાહન હંસ સુવાર,
જડ બુધ્ધિ પલવ કિયા, બહુ પંડિત કવિરાય. (૨)
પુસ્તક વિણા કર ધરે શ્રી અંજારી ખાસ.
કાશમીર ભરૂઅચ્ચમેં, તેહનો ઠામ નિવાસ." (૩)

સ્વસ્તિશ્રી વિમળાપુર બિરાજમાન વીરસેન રાજાના કુળ દીપક રાજરાજેશ્વર ચંદનરેશ વહાલાજીનુ સંબોધન વિશેષણ યુક્ત કવિની શૈલીનો નમૂનો છે.

આ પત્ર પ્રેમપૂર્વક વાંચશોજી.
દાસી રાણી ગુણાવલીના સલામ.
તમારી કુશળતાનો પત્ર લખજો.

તમે મારા પર કૃપા કરીને સમાચાર દર્શાવતો પત્ર લખી સેવક ગિરધર સાથે મોકલ્યો છે તે મને હાથોહાથ મળી ગયો છે.

સ્વામીનો પત્ર મળ્યાનો પ્રતિભાવ દર્શાવતાં કવિ જણાવે છે કે -

"વ્હાલાનો કાગળ દેખીને ટળીયા દુઃખના વૃંદ રે
પિયુને મળવા જેટલો ઉપન્યો છે આણંદ રે. વાં- ૬

"સોળ વરસના વિયોગનું પ્રગટ્યું દુઃખ અપાર રે
કાગળ વાંચતાં વાંચતાં ચાલી છે આંસુની ધાર રે." વાં-૮

પ્રેમીઓની વિયોગાવસ્થાની સ્વાભાવિક સ્થિતિનું નિરૂપણ થયું છે. પત્ર દ્વારા હર્ષ અને આંસુ એમ બંન્નેની અનુભૂતિ એ પ્રેમીઓના આનંદની અનેરી રીત છે. ભાગ્યમાં જે લખ્યું હોય તે થાય છે. તમે મારા અવગુણ જોઈને જે લખ્યું છે તે હું સ્વીકારુ છું. તમારી ચાર સમસ્યા સમજી શકી છું તેનો અર્થ વિચારતાં મનમાં અપાર હર્ષ થાય છે.

કવિએ દૃષ્ટાંત અલંકાર દ્વારા ગુણાવલીના અવગુણંનો ઉલ્લેખ કર્યો છે.

"હું તો અવગુણની ભરી, અવગુણ ગાડાં લાખ રે,
જિમ કોઇ વાયુના જોગથી, બગડી આંબા સાખરે." વાં- ૧૨

આપ સાગર સમાન ગંભીર છો. વિવિધ દૃષ્ટાંતો દ્વારા સ્વામીની મહત્તા દર્શાવતાં કવિ જણાવે છે કે -

"મુજ અવગુણ જોતાં થકાં, નાવે તમને મહેર રે;
પણ ગિરૂઆ ગંભીર છો, જેવી સાયર લહેર રે. વાં-૧૩

ગિરૂઆ સહેજે ગુણ કરે, કંતમ કારણ જાણ રે;
જળ સીંચી સરોવર ભરે, મેઘ ન માગે દાણ રે. વાં-૧૪

પત્થર મારે છે તેહને, ફળ આપે છે અંબ રે;
તિમ તુમ સરિખા સાહિબા, ગિરૂઆ ગુણની લુંબ. રે વાં-૧૫

કાપે ચંદન તેહને આપે છે સુગંધ અપાર રે;
મુજ અવગુણ નાણ્યા હિયે ધન્ય ધન્ય તુમ અવતાર રે.

ગુણાવળી સાસુના વચન પર વિશ્વાસ મૂકીને છેતરાઇ ગઇ છે. તેનો ઉલ્લેખ ૧૯મી કડીમાં થયો છે.

"મેં આગળથી લહી નહી, સાસુ એહવી નાથ રે;
આપી ગાંઠની ખીચડી, જાવું ઘેલાની સાથ રે. વા-૧૯

ગુણવાલીનો પશ્ચાતાપ ભાવવાહી શબ્દોમાં વ્યક્ત થયો છે.

"મ્હારૂં કર્યું મુજને નડ્યું, આડું આવ્યું કોઈ રે,
ચોરની માતા કોઠીમાં, મુખ ઘાલી જિમ રોય રે. વાં-૨૫

પસ્તાવો શો કરવો હવે, કહ્યું કાંઈ ન જાય રે,
પાણી પી ઘર પૂછતાં, લોકોમાં હાંશી થાય રે ! વાં-૨૬

જે કાંઈ ભાવી ભાવમાં, જે વિધિ લખિયા લેખ રે,
તે સવિ ભોગવવા પડે, તિહાં નહી મીન ને મેખ રે. વાં-૨૭

સાસુને કહેવરાવજો, ઈહાં આવ્યાનો ભાવ રે;
પછે જેહવા પાસા પડે, તેહવા ખેલીશ દાવ રે. વાં-૩૧

ગુણાવલી અંતે જણાવે છે કે મારા અવગુણોને ખારા પાણીમાં નાખજો અને દાસી તરીકે મને ગણજો. ફરીથી પત્ર લખશો અને દર્શન આપજો: તમારા શરીરનું જતન રક્ષણ કરજો. ચંદરાજાની ચાર સમસ્યા ગુણાવલી સમજી ગઇ. ગુણાવલી પ્રત્યુત્તર પાઠવતી વખતે છેલ્લે એક સમસ્યા લખે છે તે પણ તેણીના મનની ઈચ્છા પ્રગટ કરે છે.

"રાધા પતિ કે કર વસે, પંચ જ અક્ષર લેજો રે
પ્રથમ અક્ષર દૂરે કરી વધે તે મુજને દેજો રે." વાં-૩૫

આમ ગુણાવલી ચંદરાજાને પત્ર મોકલે છે. અને એમની

આશા ફળીભૂત થશે. ઉપરોક્ત સમસ્યાનો અર્થ 'સુદરશન' છે પ્રથમ અક્ષર 'સુ' કાઢી નાખતાં 'દરશન' શબ્દ રહ્યો તેનો અર્થ 'મિલન' એમ ગુણાવલી સમસ્યા દ્વારા સ્વામીને મળવાની અંતરની ઈચ્છા પ્રગટ કરે છે.

## ચંદગુણાવલી પત્ર

મધ્યકાલીન જૈન કવિતાની વિવિધતામાં પત્ર લેખની રચના થયેલી છે. લોક સાહિત્યમાં અતિશયોક્તિપૂર્ણ અભિવ્યક્તિવાળા પત્રો ઉપલબ્ધ થાય છે. પત્ર લેખનની પરંપરાનું અનુસંધાન પ્રેમાનંદના આખ્યાનોમાં મળે છે. અર્વાચીન સાહિત્યમાં પત્રનું અનુસંધાન ગોવર્ધનરામ, મુનશી, દર્શક, રઘુવીર ચૌધરીની નવલકથાઓમાં થયેલું છે. જૈન સાહિત્યમાં પત્ર ઉપરાંત 'લેખ સંજ્ઞા પર્યાયવાચી બની છે. તેમ છતાં કાગળ, પત્ર, વિજ્ઞપ્તિ જેવા શબ્દપ્રયોગો થયા છે. પત્રરૂપે લખાયેલી કેટલીક માહિતી નીચે મુજબ છે.

લીંબડી-ભંડારની હસ્તપ્રત સૂચિમાંથી ચંદરાજાનો લેખ, સીતાવિરહ લેખ, વિરહિણી લેખ અને સ્ત્રીલિખિત લેખ નામની ચાર લેખ કૃતિઓ મળે છે. મુનિ પુણ્યવિજયજી હસ્તપ્રત સૂચિમાંથી વિજયસેનસૂરિશિષ્ય કમલવિજયકૃત સીમન્ધરજિન લેખ, વિનયમંડન ગણિશિષ્ય જયવંતસૂરિકૃત સ્થૂલિભદ્ર-કોશા લેખ, સીમન્ધરસ્વામી લેખ તથા શૃંગારમંજરી અન્તર્ગત અજિતસેન-શીલવતી લેખ, સંભવતઃ વિજયસેનસૂરિશિષ્ય જયવિજયકૃત વિજયસેનસૂરિ લેખ, માણિક્યસાગરશિષ્ય જ્ઞાનસાગરકૃત 'રામ લેખ,' રત્નવિજયશિષ્ય દીપવિજયકૃત ચન્દગુણાવલી લેખ,

વિનયવિજય શિષ્ય રૂપવિજયકૃત નેમરાજુલ લેખ, સજનપંડિતકૃત સ્થૂલિભદ્ર-કોશા કાગળ તથા તે કૃતિઓ પૈકી અજિતસેન-શીલવતી લેખ, ચન્દગુણાવલી લેખ અને નેમરાજુલ લેખ મુદ્રિત રૂપે ઉપલબ્ધ છે. ॥ [1]

પત્ર લેખનનો ઉપયોગ બે પ્રકારનો થયેલો છે.
સમગ્રકૃતિનું નિરૂપણ પત્ર રૂપે કરવામાં આવે છે.

આવી રચનાનું સકદ નાનું હોય છે. નેમરાજુલ લેખ આ પ્રકારનું દષ્ટાંત છે..

રાસ કે ફાગુ જેવા વિસ્તારવાળી કૃતિઓમાં તેના એક ભાગરૂપે પત્રલેખન થયેલું છે. આ પ્રકારનો પત્ર જે તે નિશ્ચિત પ્રસંગના સંદર્ભમાં સ્થાન ધરાવે છે.

'અજિતસેન શીલવતી લેખ' એ બીજા પ્રકારનું ઉદાહરણ છે. મૂળભૂત રીતે તે જયવંતસૂરિકૃત શૃંગારમંજરી શીલવતી ચરિત્ર રાસમાંની કડી ક્રમાંક ૨૧૫૫ થી ૨૨૫૦ સુધીની ૯૫ કડીનો કાવ્યખંડ છે. ઉપલબ્ધ રચનાઓ પત્રના નમૂનારૂપ છે છતાં કોઈ ચોક્કસ ઢાંચો જોવા મળતો નથી. ॥ [2]

**સીમંધરસ્વામીને વિનતી પત્ર :** [3]

કવિ હર્ષવિજયની સં. ૧૮૫૩ની રચના "શ્રી સીમંધર સ્વામીની વિનંતિ" પત્ર રૂપે લખાયેલી છે. તેમાં પત્ર લખવાના પ્રારંભમાં સ્વસ્તિ શ્રી લખાતું હતું તે રીતે શરૂઆત કરીને પત્રની રચના ૧૬ કડીમાં કરી છે.

સ્વસ્તિશ્રી મહાવિદેહક્ષેત્રમાં, જીહાં રાજે તીર્થંકર વીશ;
તેને નમું શિશ, કાગળ લખું કોડથી. ॥૧॥

ત્યાર પછી સીમંધરસ્વામી ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. આઠમી કડીમાં પત્ર લખનારનો ઉલ્લેખ થયો છે. "ભરતક્ષેત્રથી લીખીતંગ જાણજો, આપ દર્શન ઇચ્છક દાસ,
રાખું તુમ આશ, કાગળ." ॥૮॥

પ્રભુ દર્શનની આકાંક્ષાં રાખનાર ભક્ત ભરત અને મહાવિદેહ ક્ષેત્રનું અંતર ઘણું મોટું છે. તમારા દર્શન થતાં નથી એટલે અંતર અકળાય છે. પૂર્વજન્મમાં ઘણાં પાપ કર્યાં હોવાથી આપનો વિરહ થયો છે. આવી વિગતો દ્વારા ભક્ત આત્મનિરીક્ષણથી પોતાની નબળાઈઓ પ્રગટ કરી દિલને પવિત્ર કરવાનો પ્રયત્ન કરે છે. તે દર્શાવ્યું છે -

કવિની કલ્પના નોંધપાત્ર છે.
"દેવે પાંખ આપી હોત પીઠમાં, ઉડી આવું દેશાવર દૂર,
તો પહોંચું હજૂર. કાગળ." ॥૧૩॥

છેવટે વ્યવહાર જીવનના પત્રના નમૂનારૂપ કવિ લખે છે કે "ઓછું અધિકું ને વિપરિત જે લખ્યું, માફ કરજો જરૂર જિનરાજ, લાગું છું તુમ પાય. કાગળ." ॥૧૫॥

## સીમંધર જિનને પત્ર :

શ્રી વિજયસેનસૂરિના શિષ્ય કમલવિજયે સીમંધર જિન પત્રરૂપે વિનંતિની આઠ ઢાળમાં રચના કરી છે.

આરંભની પંક્તિ પત્રના વાસ્તવિક નમૂનારૂપ છે.

"સ્વસ્તિ શ્રી પુક્ખલવઇજી, વિજયે વિજય કરંત,
પ્રગટપુરી પુંડરિગિણીજી, જિહાં વિચરે ભગવંત.
સોભાગી જિનવર, સાંભળો સંદેશ. હુંતો લેખ લખું લવલેશ, મુજ

તુજ આધાર જિનેશ, સાહિબજી સાંભળો મુજ સંદેશ ॥૧॥

અહીં પત્ર લખવાનો પ્રારંભ, પત્રને લેખરૂપે દર્શાવીને જણાવે છે કે -

"ભરત ભૂમિથી વિનવિયેજી, ભાવિક લોક ભગવાન,
અત્ર કુશળ કલ્યાણ છે જી, તુમ પ્રાસાદે જિનરાજ"

જૈન ધર્મીઓ પત્ર લખતી વખતે ભગવાનની કૃપાથી ક્ષેમ કુશળ છે એમ જણાવે છે. અન્ય દર્શનોમાં પણ ઈષ્ટદેવની કૃપાનો ઉલ્લેખ કરવામાં આવે છે.

પ્રભુ સાથેનો વિરહ, એમના પ્રત્યેની અપૂર્વ પ્રીતિ, અને પ્રભુના ગુણનું વર્ણન કરવામાં આવ્યું છે, પ્રભુના વિરહથી ભક્ત કરૂણાદ્ર બની અંતરની વાત કરે છે, તે કવિના શબ્દોમાં જોઈએ તો-

જિનજી સૂણજો હો મુજ મન વાતડીજી, રાતડી રોતી જાય,
દિવસ ગમીજે હો પ્રભુજી ઝુરતાંજી, તુમ વિરહો ન ખમાય. જિ.॥૧॥

હે પ્રભુ તમારી સાથે વિરહ પડ્યો છે તો તેનું શું કારણ છે ? પૂર્વ ભવનાં પાપ ઉદયમાં આવ્યાં, જિનવાણી- વચનનો વિરોધ, સદ્‌ગુરુની શિખામણની અવગણના, સાધુ ભગવંતને સંતાપ આપ્યો, ચારિત્ર લઈને ભાંગ્યું, બાળકને માતાનો વિયોગ કરાવ્યો, ગાય, બાળક કે સ્ત્રીનો વધ કર્યો વગેરે દુષ્કૃત્યોને કારણે તમારો વિરહ પડ્યો છે એમ ભક્ત એકરાર કરે છે.

ભક્ત ભગવાનનું વારંવાર સ્મરણ કરે છે અને એમના પ્રત્યેનો પૂજ્ય ભાવ પ્રગટ કરતાં જણાવે છે કે -

"તે સજ્જન કિમ વિસરે, બહુગુણમણિ ભંડાર,

બમણી ત્રિગુણી સો ગુણી, સહસ ગુણીએ પ્રીત,
તુમ સાથે ત્રિભુવન ધણી, રાખું રૂડી રીત ॥૩॥

ભક્ત સેવક રૂપે ભગવાનને વિનંતી કરતાં જણાવે છે કે -

''સીમંધર જિન વિનતિ અવધારો મોરી,
કિંકર કર જોડી કરૂં, હું સેવા તોરી,
અમ મન પ્રેમ અખંડ એ, તુમશું જિનરાજ.
અવર ભલેરા નિજ ઘરે, નહિ કાંઇ કાજ સી. ॥૨॥

દુહાનો આધાર લઇને પત્રમાં જણાવ્યું છે કે -

કિં બહુ કાગળમેં લિખું, લખ લાલચ બહુ લોભ,
મિલ્યા પછી માલૂમ હશે, ચિર થાપણ થિર થોભ. ॥૧॥

કિં બહુ મીઠે બોલડે, જો મન નહિ સનેહ,
જો મન નેહ અછે હતો, એક જીવ દો દેહ. ॥૨॥

કિં બહુ કાગલમેં લિખું, ઘણું ઘણેરું ગુજઝ,
સેવા નિજપદ કમલની, દેજો સાહિબ મુજઝ. ॥૩॥

પત્ર રચનાનો સમય નીચેની કડીમાંથી પ્રાપ્ત થાય છે.

''સંવત સોળસેં બ્યાસીએ એ, સુરગુરુવાર પ્રસંગ,
દીવાળી દિવસે લખ્યો એ, કાગળ મનને રંગ. સી. ॥૮॥

કવિની પત્ર શૈલી આકર્ષક છે. યમકનો પ્રયોગ, વિવિધ દષ્ટાંતો અને ઉપમાઓથી કવિત્વ શક્તિનો પરિચય થાય છે. ભક્તના અંતરની વેદનાને કરુણ રસમાં વાચા આપી છે. ઢાળના લાંબા પત્રમાં ભક્તિ શૃંગારનો રસાસ્વાદ કરી શકાય તેવી ક્ષમતા છે. પત્રની શૈલી પણ અન્ય પત્રો કરતાં વિશિષ્ટ છે.

(સંદર્ભ જિનેન્દ્ર ભક્તિ પ્રકાશ પા-૩૯૧)

ચંદરાજાના પત્રમાં ''મેતારજ મુનિવર ધન ધન તુજ અવતાર'' દેશીનો પ્રયોગ થયો છે. ગુણાવલીના પ્રત્યુત્તરના પ્રારંભમાં પાંચ દુહામાં વિષયનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

કવિએ ''ધવલ શેઠ લેઈ ભેટણુ'' દેશીનો પ્રયોગ કર્યો છે.

પત્ર અને ઉત્તરની ધ્રુવ પંક્તિ નોંધપાત્ર બની છે. પ્રત્યેક કડીને અંતે તે પંક્તિ પરસ્પરના સ્નેહને વ્યક્ત કરે છે.

''ગુણવંતી રાણી, વાંચજયો લેખ ઉદાર,
વાંચજો લેખ મુજ વાહલા''

કવિના સ્ત્રી વિષયક વિચારોનો સંદર્ભ કેટલીક સજ્ઝાયમાં પણ મળી આવે છે. સ્ત્રી અવગુણની ભરેલી, નરકની ખાણ ને બિન વિશ્વાસપાત્ર જેવા, વિચારો જૈન સાહિત્યનાં આધ્યાત્મિક પદો અને સજ્ઝાયમાં પ્રગટ થયેલા છે.

ચંદન વૃક્ષ કાપવા છતાં સુગંધ આપે, સરોવરમાં જળ સિંચન કરનાર મેઘ દાણ નથી માગતો, આમ્રવૃક્ષ પર પથ્થર મારવાથી ફળ મળે એમ સ્વામી અપકાર કરનાર પર પણ ઉપકાર કરે છે.

''જેહવા દેવ તેવી પાતરી સાચી કહેવત લોક રે''
''ચોરની માતા કોઠીમાં મુખ ઘાલી જિમ રોય રે''
''આપી ગાંઠની ખીચડી, જાવું ઘેલાની સાથ રે''
એમ જણાવી સાસુ સાથે ફસાઈ છે એમ સમજાય છે
''હાંસી થી ખાંસી થઈ, કણેરની કાંબ''
''જિમ કોઈ વાયુનાં જોગથી બગડી આંબા સાખ રે''

"પાણી પી ઘર પૂછતાં લોકોમાં હાંશી થાય રે"

વગેરે લોક પ્રચલિત કહેવતની વાણીને કવિએ ગુણાવલીનાં પત્રમાં ગૂંથી લીધી છે. વ્યવહાર જીવનના અનુભવની આવી વાણી રસિકતામાં વૃધ્ધિ કરે છે. ગુણાલીના પાત્રમાં નમ્રતા અને પતિ પ્રત્યેનો અપૂર્વ સ્નેહ વ્યક્ત થયેલો છે.

"મુજ અવગુણની ગાંઠડી નાખજો ખારે નીર રે,
નિજ દાસી કરી જાણજો. મુજ નણદીના વીર રે. વાં. ૩૨

"મુજ સરિખી કોઇ પાપિણી દીસે નહી સંસાર રે,
સાહિબ લખવા જોગ છે, હું સાંભળવા જોગ રે."

ભાગ્યવશ જીવનમાં સુખદુઃખ આવે છે. તેનો નીચેની કડીમાં ઉલ્લેખ થયો છે.

"જે કાંઇ ભાવી ભાવમાં, જે વિધિ લખિયા લેખ રે,
તે સવિ ભોગવવા પડે, તિહાં નહીં મીન ને મેખરે. વાં. ૨૭

કવિની વાણી સરળ ને સુગ્રાહ્ય છે. ઉપમા, દૃષ્ટાંત અને અતિશયોકિત અલંકારના પ્રયોગ દ્વારા ગુણાવલીના ચિત્તની મનોદશા પ્રગટ કરી છે. પદ્મમાં પત્ર રચના દ્વારા કવિએ બન્ને પાત્રોનો લાક્ષણિક પરિચય આપીને ચંદરાજાના વૃતાંત વિશે વિશેષ જિજ્ઞાસા થાય તેવું રસિક ને ભાવવાહી નિરૂપણ કર્યું છે. ચંદરાજાને ગુણાવલીના પત્રનો વિશેષ સંદર્ભ ચંદરાજાનો રાસ-મુનિ તેજવિજય ઇ.સ. ૧૬૫૧, વિદ્યારૂચિ ઇ.૧૬૬૦ અને મોહની વિજય ઇ.સ ૧૭૨૭ એમ ત્રણ સાધુ કવિની રાસ રચનાઓ છે. તેમાં આ વૃત્તાંત વિગતવાર મળી આવે છે.

શત્રુંજ્ય કલ્પવૃત્તિ ભા-૨ - રચયિતા શુભશીલ ગણી -

ભષાંન્તરકાર પૂ. મુનિશ્રી મહાભદ્રસાગરજી ( પા. ૬૪૨ ) પર ગુજરાતીમાં ચંદરાજાનું ચરિત્ર છે તે વાંચવાથી વધુ માહિતી મળી શકશે.

ચંદરાજા ગુણાવલી સંદર્ભ -
જૈન કથાઓ ભા-૩૮ સંપા-મુનિ અકલંકવિજયજી ગુજરાતી
સાહિત્યનો ઈતિ - ગ્રંથ ૨
ઉમાશંકર જોશી

અનંતરાય રાવળ સંપાદક - યશવન્ત શુકલ
સંદર્ભ પુસ્તક સૂચી : પ્રકરણ - ૧૧.
નં. ૧. મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય પા. ૪૯
સંપા. જયંત કોઠારી કાંન્તિભાઇ શાહ
નં. ૨ પા. ૪૮
નં. ૩ જિનગુણ મંજરી પા. ૩૪૮
સંપા. સા. સ્વયંપ્રભાશ્રીજી.
નં ૪ શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ પા. ૨૫૭

કાવ્ય સંદોહ - ચારિત્રવિજયજી

★

# પ્રકરણ - ૧૨

# વિજયલક્ષ્મીસૂરિ સ્તુતિમાલા

આ કવિનો જન્મ આબુ નજીકના પાલડી ગામમાં સંવત ૧૭૯૭ના ચૈત્ર સુદ પાંચમના રોજ ચાણંદ માતાની કુક્ષિએ થયો હતો. એમના પિતાનું નામ હેમરાજ હતું. કવિનું સંસારી નામ સુરચંદ હતું. એમની જ્ઞાતિ પોરવાડ હતી.

સુરચંદની દીક્ષા સંવત ૧૮૧૪માં મહાસુદ પાંચમના મંગલ દિવસે વડોદરા જિલ્લાના શિનોર ગામમાં સૌભાગ્ય-સૂરિના શુભ હસ્તે થઈ હતી. એમનું દીક્ષા પછીનું નામ સુવિધિવિજય હતું.

જૈન પટ્ટાવલી અનુસાર ૬૪મી પાટે વિજય ઋધ્ધિસૂરિ થયા. તેઓના બે પટધર સૌભાગ્યસૂરિ અને પ્રતાપસૂરિ હતા. વિજય સૌભાગ્યસૂરિના વિજય લક્ષ્મીસૂરિ અને વિજય પ્રતાપસૂરિના વિજય ઉદયસૂરિ થયા. વિજય ઉદયસૂરિના સ્વર્ગવાસ પછી સં. ૧૮૪૯માં તેમની પાટ પર વિજય લક્ષ્મીસૂરિ આવ્યા. એમની આચાર્ય પદવી શિનોરમાં આપવામાં આવી હતી. એમનું સાહિત્ય સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં સર્જાયું છે. આ કવિએ વિંશતિ સ્થાનક, ઉપદેશ પ્રાસાદ અને પટ્ટાવલી નામની સંસ્કૃત ભાષામાં રચનાઓ કરી છે. એમની ગુજરાતી ભાષાની કાવ્યરચનાઓમાં સ્તવનો, પૂજા, ઢાળીયાં જેવી ગેય રચનાઓ ઉપલબ્ધ થાય છે. વિશેષરૂપે એમની પાંચજ્ઞાનની દેવવંદન પૂજા થી તેઓશ્રી ખ્યાતનામ થયા છે.

વિજયલક્ષ્મીસૂરિ સ્તુતિમાલા એ ગુરુભક્તિથી પ્રેરાઈને વૃત્તાંતરૂપે કાવ્યમાં દેશી બદ્ધ રચના તરીકે પટ્ટાવલીમાં સ્થાન પામેલી

છે. કવિએ આઠ ઢાળમાં જીવન વિષયક માહિતી દર્શાવી છે.

પ્રથમ ઢાળમાં જન્મસ્થળ, માતા-પિતાનું નામ અને સૌભાગ્ય સૂરિનો પરિચય જેવી વિગતો આપવામાં આવી છે. બીજી ઢાળમાં સુરચંદના વ્યક્તિનો લક્ષણ શારવના સંદર્ભથી ઉલ્લેખ કરીને જિનશાસન પ્રભાવક આચાર્ય થશે એમ માનીને સૌભાગ્યસૂરિ એમને દીક્ષા આપે છે તેની વિગતો દર્શાવી છે.

સુરચંદના વ્યક્તિત્વનો પરિચય કરાવતી પંક્તિઓ જોઈએ તો ''સ્વસ્તિકને ધ્વજાદિક રે, તોરણ જવમાલા,

વળી ઉરધ રેખા રે, ચરણે સુકુમાલા,
ઈત્યાદિક લક્ષણ રે, દેખી સૂરિ હરખે,

શ્રી જિન શાસન મેં રે, રત્ન સમો પરખે.
વળી સૂરિપદ લાયક રે, આગમ અભ્યાસી;
એ આગળ હોસ્યેરે, બહુ ગુણનો રાસિ''.પા. ૧૦૧.

ત્રીજી ઢાળમાં કવિના અભ્યાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંયમ જીવનમાં શ્રુતજ્ઞાનોપાસના વિશિષ્ટ પ્રવૃત્તિ ગણાય છે. તે વગર આધ્યાત્મિક પ્રગતિ થઈ શકે નહિ. કવિએ સંયમ અંગીકાર કર્યા પછી, પ્રેમવિજયજીની નિશ્રામાં ૪૫ આગમ, નિર્યુક્તિ, ચૂર્ણી, ભાષ્ય વગેરનો અભ્યાસ કર્યો.

ચોથી ઢાળમાં આગમ ઉપરાંત, વિશેષ વશ્યક ભાષ્ય, આગમસાર, આવશ્યક નિર્યુક્તિ, પ્રવચન સારોદ્ધાર, લોકપ્રકાશ, કર્મ પયડી, ઉપદેશમાલા, નયચક્ર, જેવાં સમૃદ્ધ ગ્રંથોનો અભ્યાસ કરીને જ્ઞાનામૃતનો આસ્વાદ કર્યો હતો. આજે જ્ઞાન માર્ગના રસિકોની

સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જાય છે ત્યારે આવા જ્ઞાની મહાત્માનો વિચાર કરતાં એમ લાગે કે તેઓશ્રીએ કેટલો બધો સમય શ્રુતજ્ઞાન માટે ઉપયોગ કર્યો હતો ? વિજ્ઞાન યુગમાં ફુરસદ વધી પણ જ્ઞાનોપાસના ઘટી. આવા ગુરુનો અભ્યાસ સૌ કોઈને પ્રેરક બને તેમ છે.

એમના અભ્યાસને વર્ણાવતી માત્ર એક જ પંક્તિ જોઈએ તો

''નાહના મોટા સાતસેંએ ગ્રંથ ભણ્યા ગચ્છ રાજ''.

ચોથી ઢાળમાં મહત્ત્વનો પ્રસંગ કવિએ સરસ્વતી મંત્રના સવાલાખ જાપ કર્યા હતા તે છે.

''આંબિલ તપ કરીને જપ્યો એ, સરસ્વતિ મંત્ર સવાલાખ,
સ્વપ્ને પ્રગટ થઈ પાઈઓં રે, અમૃત પ્યાલો ભાખ''

પાંચમી ઢાળમાં લક્ષ્મીસૂરિએ શાસન પ્રભાવનાનાં કાર્યો કર્યા હતાં. તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સુરતમાં વાસ્તુપૂજય સ્વામી જિનપ્રાસાદની પ્રતિષ્ઠા અને આ વિસ્તારના અન્ય સ્થળોમાં વિહાર કરી શાસન પ્રભાવના કરી હતી તેનું વર્ણન કરતી પંક્તિઓ જોઈએ તો નવમી ઢાળ 'કળશ' રૂપે રચાયેલી છે. બારેજામાં ચોમાસું રહીને ગુરૂના નિર્વાણ દિવસે લક્ષ્મીસૂરિ સ્તુતિમાલાની રચના કરીને સકળ સંઘે રાત્રિ જાગરણ કરી ગૂરૂભક્તિનો મહિમાં ગાયો તેની માહિતી આપી છે. કુંવરજી શ્રાવકની પ્રેરણાથી સ્તુતિમાલાની રચના કરી છે. કવિની મહત્વની પંક્તિઓ જોઈએ તો

''બારેજા નગરે રહી ચોમાસું, સંઘ તણા આગ્ર હથીજી
વળી કુંઅરજી સાહ કેહેણાથી એ સ્તુતિ માલાગુંથીજી
ગુરૂનો કલ્યાણક મેર તેરસ દિન, રાતી જગેમિલીયજી, એગુરૂની

સ્તુતિમાલા ગાજ્યો, અનુભવ રંગ રસ ભેલીજી." (પા ૧૦૬)

લક્ષ્મીસૂરિસ્તુતિ વિજય લક્ષ્મીસૂરિના વ્યક્તિત્વનો વિશિષ્ટ રીતે પરિચય કરાવે છે. સમગ્ર પટ્ટાવલી એ ગુરૂ મહિમાની કૃતિ છે. એટલે ગુરૂની વિશેષતાઓ દર્શાવીને ભક્તિ ભાવ પ્રગટ કર્યો છે. અનંત ઉપકારી ગુરૂને કદી પણ વિસ્મૃત કરાય નહિ. લક્ષ્મીસૂરિનો શાસ્ત્રાભ્યાસ નોંધપાત્ર પ્રવૃત્તિ છે.

લક્ષ્મી સૂરિનું સંસારી નામ સૂરિચંદ હતું. તે વિશે કવિ ક્લ્પના થી જણાવે છે કે –

"સુર સુપન દીઠો તિણે, સુ. સુરચંદ દિયો નામ." કવિની પ્રત્યેક રચનામાં અન્ત્યાનુંપ્રાસ નોંધપાત્ર બને છે.

કવિ સૌભાગ્યસૂરિ વિશે જણાવે છે કે -

"સોભાગ સૂરિજીરે સોભાગે ભરીયો,
પુણ્યવંત પનોતેરે, જ્ઞાનગુણે દરીયો"

અહીં વર્ણાનુપ્રાસ અને અન્ત્યાનુપ્રાસ સૌભાગ્યસૂરિનો લાક્ષણિક પરિચય કરાવે છે.

જયોતિષ શાસ્ત્રના એક ભાગરૂપે લક્ષણ શાસ્ત્ર છે. અહીં લક્ષ્મીસૂરિના શરીર પરનાં લક્ષણોથી ગુરૂ સૌભાગ્યસૂરિ પ્રભાવિત થઈને ભવિષ્ય વાણી કરતા હોય તેવી અભિવ્યક્તિ થઈ છે.

એમની જ્ઞાન પ્રાપ્તિ ને વિદ્યાપ્રેમના પ્રતીક સમાન સરસ્વતી મંત્રની આંબિલ તપ કરીને સવા લાખ મંત્રની સાધના કરી છે. મંત્ર શાસ્ત્રના અનેકવિધ મંત્રો ઐહિક અને પારલૌકિક સુખ આપે છતાં આ જ્ઞાની મહાત્માએ સરસ્વતી મંત્રની પસંદગી કરીને સાધના કરી

એ જ એમના સંયમ જીવનની સુવાસ છે.

"સુરત બંદિર દીપતો સા. તિહાં રતનચંદ છે તેહ હાં.
વાસુપૂજય મહારાજ સા. કીધી પ્રતિષ્ઠા તેહ હાં.
રાનેર સિણોરને કેરવાડે સા. આમોદનયર મોજાર હાં.
છાયાપુરી ને ગોધરે સા. વળી જંબુસર સુખકાર હાં.
ઢોલાં વિહારે કીધલાં સા. અંજન સિલાકા ખાસ હાં."

કવિએ મેવાડની ભૂમિ અને ખંભાતમાં પણ શાસનના કાર્યો કર્યાં હતાં. એમનો પ્રભાવ દર્શાવતાં કવિ જણાવે છે કે પા. ૧૦૩

"જિહાં જિહાં ચોમાસો કિઓ સા.
તિહાં તિહાં બહુ આદરમાન હાં.
જ્ઞાનીને આદરમાન કુણ ન કરે. સા.

કવિ દીપને નવેયનિધાન છઠ્ઠી ઢાળમાં લક્ષ્મીસૂરિ પટધર બન્યા તેમની નિશ્રામાં  કેટલાક અગ્રણી શ્રાવકો જિનધર્મના પ્રખર અનુયાયી થયા તેનો નામ સહિત ઉલ્લેખ થયો છે. પા. ૧૦૪

શિરોહીના વેરીસાલ, હેમચંદ, ગોડીદાસનાં નામ દર્શાવ્યાં છે. લક્ષ્મીસૂરિ પટધર બન્યા તેનો ઉલ્લેખ કરતી પંક્તિ નીચે મુજબ છે.

"સંવત અઢારસેંહે ઓગણપંચાસેં, ગુજરાત સેંહેર મઝાર રે,
શ્રી ઉદયસૂરિના પટધર થાપી, વરતાવ્યો વિજયકાર રે."
સાતમી કડીમાં લક્ષ્મીસૂરિનાં સુરતનું આગમન (૧૦૪)

રાંદેરમાં અંજન શલાકા અને આયુષ્ય પૂર્ણ થતાં કાળધર્મ જેવી વિગતો છે. એમનો નિર્વાણ મહોત્સવ સુરત શહેરમાં ઉજવાયો

હતો. કવિના શબ્દો છે. -

"સંવત અઢાર અઠાવને મેર તેરસ દિન જેહને
વરસ ચોસઠ આયુ પાલીને ગયા સુરલોકે તેહ.
નિર્વાણ મોહોચ્છવ મોટો, કીધો સંઘે સાર,
અમરપલાવી જીવની, જીવદયા ઉપગાર.
ગુણવંતા ગુરૂરાજના ગુણ સંભાળે લોક
દીપ વિજય ગુણ ગાવે, નરનારીના થોક" (પા. ૧૦૫)

આઠમી ઢાળમાં ગુરૂ મહિમા ગાવામાં આવ્યો છે. લક્ષ્મીસૂરિનો વિશેષણયુક્ત પરિચય આપતા કવિના શાબ્દો જોઈએ તો સમતાવંત, નિરલોભી, નિઃકષાઈ, પરંપરાગત રીતે કવિએ એમના માતાપિતા અને પોરવાડ વંશ ઉજમાળ કર્યો તેની પણ નોંધ લીધી છે.

અનુકરણીય ને અનુમોદનીય પવિત્ર ક્રિયા છે. કવિની દેશીઓ જોઈએ બે સમુદ્રવિજય સુત ચંદલો શામલીયાજી, કોલ કરીને રે ચાલ્યા ગુણ ભરિયા, ભવિકા સિદ્ધ ચક્ર પદ વંદો, ભરતનૃપ ભાવશું સાહેલડીયાં, ધન ધન સાચો સંપ્રતિ રાજા, સુરતી મહિનાની, લાછલદે માત મલ્હાર, ગિરૂઆરે ગુણ તુમ તણાં વગેરે ગેય દેશીઓના પ્રયોગ સમગ્ર રચના કાવ્યનો મધુર આસ્વાદ કરાવે છે.

વિજયલક્ષ્મીસૂરિ સ્તુતિમાલા લક્ષ્મીસૂરિના વ્યક્તિત્વનો પરિચય કરાવતી ચરિત્રાત્મક રચના છે. એમના જીવનની મુખ્ય બે ઘટનાઓ સૌ કોઈને આકર્ષી શકે તેવી છે. એમનો શાસ્ત્રાભ્યાસ અને સરસ્વતીમંત્રની સાધના સંયમજીવનના અર્ક સમાન જ્ઞાન કે જે ભવોભવના ભાથા સમાન એની સતત ઉપાસના દ્વારા માનવ જન્મ કૃતાર્થ કર્યો એજ અપૂર્વ સિદ્ધિ કહેવાય છે.

'વિજય લક્ષ્મીસૂરિ સ્તુતિમાળા' વિશે ઐતિહાસિક લેખ સંગ્રહને આધારે નીચે જણાવ્યા પ્રમાણેની માહિતી પ્રાપ્ત થાય છે.

વિજય લક્ષ્મીસૂરિ સ્તુતિમાળા

દીપવિજયજીએ બારેજામાં ચાતુર્માસ કર્યું હતું તે વખતે સંઘનો આગ્રહ અને કુંવરજી શાહની પ્રેરણાથી જ્ઞાનદાતા ગુરુ પ્રત્યેની ઉપકારની ભાવનાને વશ થઈને ઉપરોક્ત સ્તુતિમાળાની રચના કરવામાં આવી હતી. પટ્ટાવલીમાં કવિએ ગુરુના જ્ઞાનો-પાસનાનો વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે.

લક્ષ્મીસૂરિએ આયંબિલ તપની આરાધના કરીને સરસ્વતી સાક્ષાત્કાર કર્યો હતો. સરસ્વતીદેવીએ અમૃત પ્યાલો પીવડાવ્યો હતો. એમની વ્યાખ્યાન વાણી મધુર, બોધક અને આકર્ષક હતી. તેઓ જ્ઞાની અને કષાય રહિત હોવાથી દરેક સ્થાનમાં અત્યંત સન્માન-સત્કારથી તેમને આવકાર આપવામાં આવતો હતો... ગચ્છના ભેદ નિવારવા માટે પુરૂષાર્થ કર્યો હતો. રાજવીઓ પણ આ આચાર્ય ભગવંત પ્રત્યે આદર ભાવ રાખીને પૂજ્ય ગણતા હતા.

પાલી મારવાડના પ્રતિમાં ઉત્થાપક ગોડીદાસને શાસ્ત્રના પાઠ દર્શાવી-સમજાવીને પ્રતિબોધ પમાડવાનું મહાન યુણ્ય કાર્ય કર્યું હતું.

---

સંદર્ભ : ઐતિહાસિક લેખ સંગ્રહ
લે. પંડિત લાલચંદ્ર પા. ૪૭૩ ભગવાનદાસ ગાંધી

પ્રકાશક : પ્રાચ્ય વિદ્યામંદિર, એમ.એસ. યુનિ. વડોદરા.

# પ્રકરણ - ૧૩
# માણિભદ્ર છંદ - આરતી

દીપવિજયની વૈવિધ્યપૂર્ણ રચનાઓમાં માણિભદ્ર છંદ એમની કલ્પના શક્તિ, અલંકાર યોજના અને ચિત્ત આકર્ષક અભિવ્યક્તિ દ્વારા કવિત્વ શક્તિનો પરિચય કરાવે છે.

માણિભદ્ર જૈન સમાજમાં ઐહિક ઈચ્છાઓની પૂર્તિ માટે ઘણા બધા લોકોના અતિપ્રિય દેવ છે. એમની પૂજા ભક્તિ બાધા માનતા સ્થાનિક તેમજ અન્ય સ્થળોએ રસિક્તાથી કરવામાં આવે છે. અન્ય કવિઓએ પણ માણિભદ્ર છંદની રચના કરી છે. ઉદા.ત. ઉદય કુશલ, શીવ કીર્તિ.

કવિએ પાંચ દુહા અને ૬ કડીમાં છંદ રચના કરીને માણિભદ્ર દેવનો મહિમા ગાઈને પ્રત્યક્ષ દર્શન થતાં હોય તેવી અભિવ્યક્તિ કરી છે.

મધ્યકાલીન પરંપરાને અનુસરીને 'મા શારદા'ની કૃપાથી કવિ થવાય છે, તે જણાવ્યું છે. માણિભદ્ર દેવ પ્રત્યેની અનન્યભક્તિનો ઉલ્લેખ કરતાં કવિ જણાવે છે કે -

"માણિભદ્ર ગુણ ગાવતાં, ઉપનો હર્ષ અપાર;
પૂરણ કરજો માહરા, હર્ષ તણો ભંડાર" ॥૩॥

માણિભદ્રના ધ્યાન ને ભક્તિથી અપાર સુખ મળે એમનું નામ અને સ્થાન પણ જગતમાં વિખ્યાત છે. કવિ એમનું વર્ણન કરતાં જણાવે છે કે -

મંત્ર તું હિ, જંત્ર તું હિ તંત્ર હિ તું દેવ
દાણવ, નવનિધિ રિધિ સિદ્ધિ તું ॥૧૦॥

તુંહિ વીર તુંહિ ધીર, તુંહિ કિન્નરો,
તું સુરગતિયો વિદ્યાધરો,

માણિભદ્રદેવ મોક્ષ સિવાય બધુંજ આપવા સમર્થ છે. જે ભવભ્રમણ કરાવનાર છે તેવી વસ્તુઓ અને અપેક્ષાઓની પૂર્તિ થાય તેથી શું પ્રયોજન ? માનવજન્મ સાર્થક કરવા માટે તો ઐહિક સુખના સાધનોની માગણી કરવાની નથી. સંયમ-તપ અને અહિંસાના ત્રિવેણી સંગમમાં આત્મા સફર કરે તો કંઈક પામ્યો કહેવાય છતાં માણિભદ્ર દેવનો પ્રભાવ પ્રચાર ને ઉપાસના વધતી જ જાય છે.

માણિભદ્ર પ્રત્યક્ષ છે. તે વિશે કવિના શબ્દો છે કે 'તું જાગ તો જગતમેં દીપ તો દિદારહ'. કવિએ માણિભદ્રની ચિત્રાત્મક અભિવ્યક્તિ કરતી પંક્તિઓ વર્ણલાલિત્યને કર્ણેન્દ્રિયને સ્પર્શેન્દ્રિયને સ્પર્શી અનેરી અનુભૂતિ કરાવે છે.

''ઘૂઘરા રે ઘમકાર ઘમક-ઘમક વાજતો રે
એ કહાં કહી ક તું હુંકાર બોલતો''

વાજિંત્રોના નાદમાં મસ્ત બનીને ભક્તો માણિભદ્રની ઉપાસનામાં તન્મય થાય છે. કવિના શબ્દો છે કે -

''ગણણ ફેરી દેવતા સુત થઈ તાનમેં
ગોરિયો વીર રમે ખેલે યુક્તિ સાં.''

માણિભદ્ર ઉપરાંત આદીશ્વર, પાર્શ્વનાથ, શાંતિનાથ, મહાવીરસ્વામી, ગૌતમસ્વામી અને અન્ય દેવ દેવીઓ વિશેષતઃ

પદ્માવતી, ચકેશ્વરી, અંબિકા વગેરેને કેન્દ્રમાં રાખીને છંદ રચનાઓ ઉપલબ્ધ થાય છે. તેમાં પણ ઉપરોક્ત પ્રકારની અભિવ્યક્તિ સર્વસામાન્ય રીતે થયેલી જોઈ શકાય છે. કોઈ પાત્રનો પ્રભાવ ને મહિમા દર્શાવવામાં નવીનતા નથી. માત્ર પાત્રગત અંગોપાંગની અભિવ્યક્તિમાં કલાત્મક અંશો જોઈ શકાય છે.

**(૨) માણિભદ્રની આરતી :**

દીપવિજય કવિએ માણિભદ્રના છંદ અને આરતીની રચના કરી છે. એમની અન્ય આરતીમાં નંદીશ્વર દ્વીપ અને અષ્ટાપદનો સમાવેશ થાય છે. જ્યો જ્યો મા જુગત અંબે એ હિન્દુ ધર્મની પ્રચલિત આરતીના રાગમાં કવિએ માણિભદ્રની આરતી રચી છે.

માણિભદ્ર એ સમકિતધારી દેવ છે. અને ભક્તોના મનોવાંછિત પૂર્ણ કરે છે. એમ જણાવીને એમનો મહિમા ગાવામાં આવ્યો છે. સાત કડીની આ આરતી આજકાલ જૈન સમાજમાં વિશેષ પ્રચલિત છે. આરંભની કડી "જય જય, નિધિ, જય માણિકદેવા, જય માણિકદેવા" છે.

કવિએ માણિભદ્રના અવનવાં વિશેષણો આપીને સ્તુતિ કરી છે. વીરાધિ, વાંછિત દાતા, માતા પિતા, સહોદર, સ્વામી, જગત્રાતા, ભૈરવ, મંહાદીવો, કલ્પતરૂ, ધનુ વગેરે વિશેષણો માણિભદ્રનો મહિમા દર્શાવે છે.

માણિભદ્રની ઉપાસનાથી સર્વ પ્રકારના ભયનું નિવારણ થાય છે. કવિ તેની અભિવ્યક્તિ કરતાં જણાવે છે કે

"હરિ કરી બંધન ઉદધિ ફણિધર અરિઅનલ, ફણિધર,
અણિઅનલા એ તુજ નામે નાસે સાતે લીય સખાવા.
જયદેવ જયદેવ ॥૩॥"

માણિભદ્રનો લાક્ષણિક પરિચય આપતી કવિની પંક્તિઓ નીચે મુજબ નોંધવામાં આવી છે. એક જ કડીની રચના માણિભદ્રનો પ્રત્યક્ષ પરિચય કરાવે છે. આ શબ્દચિત્ર કવિત્વ શક્તિના ઉદાહરણ રૂપ છે.

"ઠાક ત્રિશૂલ ફૂલમાળા, પાસાં કુસ છાજે, પાસાં કુસ છાજે, એક
કર દાણંવ મસ્તક, એમ ષટભુજે જયદેવ જયદેવ ॥ ૪ ॥"

આરતી જેવી લઘુ રચનામાં પણ કવિએ રચના વર્ષ અને મહિમાનો ઉલ્લેખ કર્યો છે. સંવત ૧૮૬૫ માગસર માસમાં આરતીની રચના કરી છે. એમ જણાવ્યું છે અંતે કવિના શબ્દો છે કે -

"માણિભદ્ર ભદ્રંકર આશા વિસરામ જયદેવ..."

જૈન સાહિત્યમાં આરતીના વિષયોમાં તીર્થંકર ભગવાન, પંચજ્ઞાન, નંદીશ્વર અને અષ્ટાપદ તીર્થ, પદ્માવતી દેવી, સિદ્ધચક્ર જેવા વિષયોની સાથે માણિભદ્ર વીરને પણ આરતીમાં સ્થાન આપવામાં આવ્યું છે. ઐહિક ઈચ્છાઓની સફળતા માટે બાધા - માનતાનો રિવાજ જૈનોમાં ઘણા મોટા પ્રમાણમાં પ્રચાર પામ્યો છે.

સાક્ષાત્ દેવાધિદેવ ત્રિલોકના નાથ તીર્થંકર ભગવાનની ભક્તિની સાથે માણિભદ્રની ઉપાસના પણ જોરદાર ચાલી રહી છે. આવી ઐહિક લાલસા પૂર્ણ થવાથી આત્માને શું લાભ થયો તેનો કોઈ વિચાર કરતું નથી. કાળનો પ્રભાવ, જીવોની કર્માધીન સ્થિતિ

ને અજ્ઞાનતાને કારણે આનો મહિમા અપરંપાર છે.

આરતીમાં ઈષ્ટ દેવનો મહિમા ને ભક્તિની આર્ત ભાવના મહત્વની ગણાય છે. અહીં પ્રત્યક્ષ રીતે કોઈ આર્ત ભાવના પ્રગટ થયેલી નથી પણ વિશેષણયુક્ત સ્તુતિ દ્વારા ભક્ત માણિભદ્ર પાસે પોતાની અપેક્ષાઓ પૂર્ણ થાય, મનોવાંછિત ફળે એવો ભાવ વ્યક્ત કરે છે.

☆

# પ્રકરણ - ૧૪

# સોહમકુળ કલ્પવૃક્ષ તપવિધિ અને ગણધર દેવવંદન

નવધા ભક્તિમાં પ્રભુના ગુણગાન ગાવા માટે કીર્તન શબ્દપ્રયોગ થાય છે. વિવિધ રીતે પ્રભુ ભક્તિ કરવામાં આવે છે. અને આત્મા પ્રભુમય બનવાનો પુરૂષાર્થ કરીને આત્મ શક્તિનો-ભક્તિનો અદ્‌ભુત ચમત્કાર અનુભવે છે. મુક્તિ કરતાં પણ અધિક પ્રિય એવી ભક્તિ ભવોભવ મળે તેવી સૌ ભક્તો અપેક્ષા રાખે છે. પ્રભુને વિશિષ્ટ રીતે ભાવપૂર્વક સમૂહમાં એકત્ર થઈને વંદન કરવા માટે દેવવંદનની રચના થયેલી છે. "જ્ઞાનક્રિયાભ્યાં" મોક્ષ સૂત્રને સાચા અર્થમાં સમજવા માટે જ્ઞાનની સાથે ક્રિયાની પણ અવિચ્છિન્ન પરંપરા છે તેનો વિરોધ થઈ શકે તેમ નથી. બન્ને એકબીજાનાં પૂરક છે. પર્વના દિવસોમાં વિશેષ રીતે પ્રભુ ભક્તિ કરવા માટે દેવવંદનની પ્રણાલિકા શરૂ થઈ છે. પ્રતિદિન ધર્મારાધના કરનાર વ્યક્તિ પર્વને દિવસે ઉલ્લાસપૂર્વક આરાધનામાં વૃદ્ધિ કરે છે તેમાં દેવવંદનની ક્રિયા વધુ પ્રેરક નીવડે છે. ભક્તિ માર્ગમાં પ્રગતિ કરવાને આત્મા પરમાત્મા સાથે એકતા સાધવાનું દેવવંદનનું માધ્યમ અન્ય માધ્યમોની સાથે સમાન રીતે સ્થાન ધરાવે છે.

દીવાળી, જ્ઞાન પંચમી, ચૈત્રીપૂનમ, મૌનએકાદશી, ચૌમાસીપર્વ જેવા પર્વ વિષયને કેન્દ્રમાં રાખીને દેવવંદનની રચના થયેલી છે. દેવવંદન એટલે "દેવાધિદેવ તીર્થંકર ભગવાનની ઉત્કૃષ્ટ રીતે વંદન કરવાની પધ્ધતિ" જ્ઞાન વિમલસૂરિ, પદ્મવિજય, વીરવિજય, લક્ષ્મીસૂરિ, દાનવિજય આદિ સાધુ કવિઓએ દેવવંદન

રચના કરી છે.

કવિ દીપવિજયે સોહમકુળ કલ્પવૃક્ષ તપવિધિ-ગણધર દેવવંદનની રચના કરી છે. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિરમાંથી હસ્તપ્રત પ્રાપ્ત થઈ છે. આ પ્રતના પ્રથમ વિભાગમાં સોહમકુળ કલ્પવૃક્ષ તપની વિધિ અને દુહાનો ઉલ્લેખ છે ત્યાર પછી બીજા વિભાગમાં ૧૧ ગણધરના દેવવંદનની રચના છે. જ્ઞાનવિમલસૂરિએ ગણધર દેવવંદનની રચના કરી છે. જે દેવ વંદન માળામાં સંગ્રહ થયેલી છે.

અહીં દીપવિજય કવિરાજના દેવવંદનની રચના વિશે માહિતી આપવામાં આવી છે.

ભગવાન મહાવીરના ૧૧ ગણધર હતા જેમાં શ્રી ગૌતમસ્વામી પ્રથમ ગણાય છે. પ્રત્યેક ગણધરને અધ્યાત્મ વિકાસમાં કોઈ એક વિષય પર શંકા હતી. પ્રભુએ ૧૧ ગણધરોની શંકાનું પોતાના કેવળજ્ઞાનના પ્રકાશથી સમાધાન કર્યું. ગણધરોએ પ્રભુમહાવીરની ગુરુપદે આરાધના કરીને જીવન ઉજમાળ કર્યું. તે દષ્ટિએ એમના પ્રત્યે પૂજ્ય ભક્તિભાવ દર્શાવીને અહોભાવ પૂર્વક વિધિવત્ વંદન કરવામાં આવે છે. દેવવંદનની રચનાં માહિતી પ્રધાન જ્ઞાનમાર્ગની વિગતો દર્શાવે છે તો બીજી તરફ આ જ્ઞાન દ્વારા એમની ભક્તિ કરવામાં આવે છે. દીવાળી દેવવંદનમાં ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થાય છે. તે દૃષ્ટિએ ગૌતમસ્વામીની વંદના થયેલી છે. જ્યારે ગણધર દેવવંદનમાં ભગવાન મહાવીરના ૧૧ ગણધરનો નામોલ્લેખ કરીને વંદન કરવામાં આવે છે.

દેવવંદનની રચનામાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ એમ

ત્રણ કાવ્ય પ્રકારનો સમન્વય થયેલો છે. તે દૃષ્ટિએ દેવવંદનનો અભ્યાસ એક સાથે ત્રણ કાવ્ય પ્રકાર પર પ્રકાશ પાડે છે. ચિત્તમાં ઉદ્ભવતી લાગણીને વ્યક્ત કરવા માટે પદ્ય જેવું અન્ય કોઈ માધ્યમ નથી ત્યારે ભક્તજનોને પ્રભુ ભક્તિમાં તાદાત્મ્ય સાધવા માટે એકી સાથે ત્રણ કાવ્ય પ્રકારોનો સમન્વય સધાયો છે.

હસ્તપ્રતનો અભ્યાસ કરતાં કેટલીક મહત્ત્વની વિગતો નીચે મુજબ નોંધવામાં આવે છે. પાંચમા જોડાના સ્તવનમાં કવિએ રચના સમયનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે -

''સંવત અઢાર બ્યાસી સમે એ, દીપવિજય કવિરાજ''

સંવત ૧૮૮૨માં જંબુસર નગરના કપૂરચંદના પુત્ર કલ્યાણચંદની પ્રેરણાથી દેવવંદનની રચના કરી છે. આરંભમાં સોહમ કુળ કલ્પવૃક્ષ તપની વિધિ ગદ્યમાં જણાવી છે. ત્યાર પછી પાંચ જોડા દેવવંદનની ક્રમિક રચના થયેલી છે. દેવવંદનની વિધિ અનુસાર ચૈત્યવંદન, સ્તુતિ અને સ્તવન પ્રકારની કૃતિઓનો સમાવેશ થયેલો છે. મહાવીરસ્વામી વિષયક ચૈત્યવંદન, થોય અને સ્તવન અન્ય સ્તવનાદિ સંગ્રહમાં પ્રકાશિત થયેલી છે. ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામી આસન્ન ઉપકારી હોવાથી કવિએ એમના જીવનના પ્રસંગોને કેન્દ્રમાં રાખીને દેવ વંદનની રચનાદ્વારા અનન્ય ભક્તિ-ભાવ પ્રદર્શિત કર્યો છે.

ભગવાનના અગિયાર ગણધર અને દરેકને જે સંશય હતો તેનું દુહામાં નિરૂપણ કર્યું છે. ચૈત્યવંદનમાં ભગવાનના જન્મથી નરકમાં પ્રકાશ થવો, યુગપ્રધાન અને તેની સંખ્યા, ભગવાન મહાવીર અને એમની પાટ પરંપરાએ થયેલા આચાર્યો ભગવાનના કા

અતિશય, ૫૬ દિક્ કુમારીઓએ જન્મોત્સવની કરેલી ઉજવણી, તપની આરાધનાના ફલ સ્વરૂપે શિવપદની પ્રાપ્તિ વગેરે વિગતોથી સમગ્ર દેવવંદનમાં મહાવીર ભગવંત અને ગણધરોનો મહિમા ગાવામાં આવ્યો છે.

પાંચમા વિભાગમાં દેવવંદનની હસ્તપ્રતનું લખાણ પ્રગટ કરવામાં આવ્યું છે. તે ઉપરથી વિશેષ માહિતી પ્રાપ્ત થઈ શકશે.

વર્તમાનમાં જ્ઞાનવિમલસૂરિના દીવાળી દેવવંદન પ્રચલિત છે. દીપવિજયની દેવવંદનની રચના પણ અતિ રસિક ને ભાવવાહી હોવાની સાથે માહિતીપૂર્ણ છે. લહિયાઓએ લખેલ હસ્તપ્રતમાં શુદ્ધિ વૃદ્ધિ કરીને તેને પ્રગટ કરવામાં આવે તો દેવવંદનના વિષયમાં ઉલ્લાસ પ્રગટે તેમ છે. તેમાં રહેલી વિવિધતા આકર્ષક છે.

(સંદર્ભ - કવિની હસ્તપ્રતને આધારે)

# સંદર્ભ પુસ્તક સૂચિ

## પટ્ટાવલી


નં. ૧ પ્રભાવક ચરિત્ર - સંપા કલ્યાણવિજયજી પા. ૯

નં. ૨ સોકમૂકુળ રત્ન પટ્ટાવલી - કવિ દીપવિજય

પાન. ૧૧૯, ૧, ૨, ૩, ૮, ૧૧, ૧૨, ૧૩, ૨૧, ૨૨, ૨૪, ૨૬, ૨૭, ૩૨, ૫૧, ૫૧, ૬૧ ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૭૯, ૮૦, ૮૭, ૯૯.

નં. ૩ જૈન સાહિત્ય સંક્ષિપ્ત ઈતિહાસ - મો. દ. દેસાઈ

નં. ૪ ચરિત્ર સાકિત્ય - ઉપેન્દ્ર પંડયા -

# વિભાગ-૩

## પ્રકરણ - ૧૫

## ચર્ચા બોલ વિચાર.

દીપવિજય કવિરાજની ત્રણ ગદ્ય રચનાઓ પ્રાપ્ત થઇ છે. મહાનિશીથ સૂત્રના બોલ, ચૌમાસી વ્યાખ્યાન અને ચર્ચાબોલ વિચાર. ચૌમાસી વ્યાખ્યાનમાં શ્રાવકાચારના વિષયનું દ્રષ્ટાંતો દ્વારા સંક્ષેપમાં નિરૂપણ કર્યું છે. મહાનિશીથ સૂત્રના બોલમાં સાધુ આચાર વિશેની માહિતી છે.

ચર્ચાબોલ વિચારમાં શ્વેતાબર મૂર્તિપૂજક મતના સમર્થનની વિગતો આપવામાં આવી છે. ચૌમાસી વ્યાખ્યાન સિવાયની બે કૃતિઓ જૈન દર્શનના ઊંડા રહસ્યોને સમજવાની પૂર્વ ભૂમિકા પૂરી પાડે છે. આગમની ગહન વાતોને કવિએ મારવાડી બોલીમાં લખી છે, તેથી અન્ય જિજ્ઞાસુઓ શાસ્ત્રની વાતોનો કંઈક સાર પામી શકે તેવી ક્ષમતા છે. ચૌમાસી વ્યાખ્યાનમાં વિવિધ દૃષ્ટાંતો કથાનો રસિક આસ્વાદ કરાવે છે. સામાન્ય રીતે કથાને વધુ મહત્વ આપવામાં આવે છે. પણ તેમાંથી પ્રગટ થતો ઉપનય - સારભૂત તત્ત્વ એનું ચિંતન અને મનન એ કથાનો પ્રસંગ કે પાત્ર દ્વારા આત્માસાત્ કરવાનો છે. કથાનુંયોગનું મહત્વ એ તત્વભૂત પદાર્થોના અવગમનનું એક માત્ર સાધન છે. જ્ઞાનનો ક્ષયોપશમ ઓછો હોય, બુધ્ધિની તીવ્રતા ન હોય ત્યારે આવાં દૃષ્ટાંતો ધર્મ પમાડવામાં જન સાધારણને પ્રતિબોધ કરવા માટે સફળ નીવડે છે. ચૌમાસી વ્યાખ્યાનના વિષય તરીકે સામાયિકની આરાધના, તેનું સ્વરૂપ અને શ્રાવકના અતિચારનું વિશ્લેષણ કેન્દ્ર સ્થાને છે.

મહાનિશીથ સૂત્રમાં સંક્ષિપ્ત આલોચનાની વિધિ દ્રવ્ય અને

ભાવપૂજા, સંઘયાત્રા, ઉપધાન, શલ્યત્યાગ, કુશીલનો સંગ ત્યાગ, પૌષધવ્રત, ગચ્છાચાર, વિષયક વિચારો વ્યક્ત થયા છે. વિશેષ માહિતીરૂપે કવિની હસ્તપ્રતનું લખાણ અત્રે આપવામાં આવ્યું છે. કવિની ભાષાશૈલી અને વિચારો જાણવાનું આ હસ્તપ્રત એક અધિકૃત સાધન છે. મુનિ જિનવિજયજીએ મહાનિશીથ સૂત્રના બોલની હસ્તપ્રતનું જૈન સાહિત્ય સંશોધક ભા-૩ સંપાદન કર્યું છે.

મને કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરમાંથી મહાનિશીથ સૂત્રના બોલની હસ્તપ્રત પ્રાપ્ત થઈ તે ઉપરથી સમીક્ષા કરીને કૃતિને પ્રગટ કરવામાં આવી છે. ચૌમાસી વ્યાખ્યાનની પ્રતનાં શરૂઆતનાં ચાર પાન મળતાં નથી એટલે પાન નં. ૫ થી પ્રતનું લખાણ શરૂ થયું છે. તે પ્રતની કેટલીક માહિતીની ટૂંકી સમીક્ષા આપીને મૂળ પાઠ પ્રગટ કરવામાં આવ્યો છે. તેરાપંથ ચર્ચાબોલની હસ્તપ્રત પ્રાપ્ત થઈ છે તેનું લખાણ પ્રગટ કરવામાં આવ્યું છે. તેની સમીક્ષામાં તેરાપંથ મતનો સંક્ષિપ્ત ઈતિહાસ રજૂ કર્યો છે તે ઉપરથી આ મતની વિચારધારાનો પરિચય થાય છે.

ઉપરોક્ત ત્રણ હસ્તપ્રત દ્વારા કવિની ગદ્યશૈલી અને વિચારોનો ખ્યાલ આવે છે. વિરતિ ધર્મ અને શ્વેતાંબર મતની શાસ્ત્રીય માન્યતાને સમર્થન આપવાનો પ્રયાસ કર્યો છે. ગદ્ય રચનાઓ મધ્યકાલીન જૈન ગુજરાતી ગદ્યના વિકાસમાં ઐતિહાસિક મહત્વ ધરાવે છે.

મહાનિશીથ સૂત્રના બોલની હસ્તપ્રતનું લખાણ આ સૂત્રનો સામાન્ય પરિચય આપે છે. તેમાં વિશેષ રૂપે તો પ્રાયશ્ચિત અને

તે અંગેનાં દૃષ્ટાંતો દ્વારા વ્રતપાલન અને પ્રાયશ્ચિતથી શુધ્ધિ કરવાની ઉદાર ભાવના દર્શાવી છે. આ છેદસૂત્ર હોવાથી પ્રગટ થઈ શકે નહિ તેમ છતાં મૂળ સૂત્રનો અનુવાદ કે ભાવાનુવાદ નથી પણ પ્રાથમિક માહિતી છે. શ્રાવકોને આ હસ્તપ્રતનું લખાણ વિરતી ધર્મના પાલનની વફાદારી અને પ્રાયશ્ચિતથી શુધ્ધિના શાસ્ત્રીય આચારનું મહત્વ સમજવામાં ઉપયોગી છે. ગદ્ય વિભાગની સમીક્ષા કવિ રાજની ઉપલબ્ધ હસ્તપ્રતોને આધારે કરવામાં આવી છે.

ચર્ચા બોલ વિચારં

"ચર્ચા બોલ વિચાર" રચનામાં તેરાપંથી શ્રી ભારમલજી ખેતસીજીએ પૂછેલા પ્રશ્નોના ઉત્તરોનો સમાવેશ થાય છે. આ ગદ્ય રચના હિંદી, ગુજરાતી અને મારવાડી ભાષાના મિશ્રણવાળી છે. તેમાં તેરાપંથી મતના પ્રશ્નોના શાસ્ત્રના પ્રમાણથી ઉત્તરો આપવામાં આવ્યા છે. 'તેરાપંથ મત સમીક્ષા' નામનું એક પુસ્તક આચાર્ય ધર્મસૂરિના શિષ્ય વિદ્યાવિજયજીએ લખ્યું છે જે ઈ. સ. ૧૯૧૫માં પ્રગટ થયું હતું. આ પુસ્તકમાં પાલી (મારવાડ) માં ગણેશમલજી અને હીરાચંદજી સાથે પ્રતિમાપૂજન અને સૂર્યાભદેવનું પ્રભુ પાસે નાટક કરવાનો પ્રસંગ, વિશેની શંકાનું નિવારણ આગમ ગ્રંથોના મૂળપાઠને આધારે કરવામાં આવ્યું છે. તંદુપરાંત આ મતના સમર્થકોએ ત્રેવીસ પ્રશ્નો પૂછયા હતા તેના પણ શાસ્ત્રાધારે ઉત્તરો આપવામાં આવ્યા છે.

તેરાપંથ મતનો ઉદ્ભવ સંવત ૧૮૧૮માં થયો હતો. સંવત ૧૮૦૮માં મારવાડમાં ઢુંઢક મતવાળા સાધુ રૂઘનાથજી વિચારતા હતા. સોજત નગરના કહાલીઆના વતની ભીખમજી ઓશવાળે

રૂઘનાથજી પાસે દીક્ષા લીધી. ગુરૂ પોતાના શિષ્ય ભીખનજીને મેડતા નગરમાં ભગવતી સૂત્ર વંચાવતા હતા ત્યારે ભીખમજી તીક્ષ્ણ બુધ્ધિ પ્રતિભાને કારણે આગમના અભ્યાસથી શંકા ઉદ્‌ભવી ને કુતર્ક દોડાવ્યા. ભીખમજીના અભ્યાસમની વાત સામતમલ ધારીલાલને ખબર પડી અને ગુરૂને વિનયપૂર્વક જણાવ્યું કે ભીખમજી આગળ જતાં ઉત્સૂત્ર પ્રરૂપણા કરશે માટે શાસ્ત્રાભ્યાસ કરાવશો નહી. ત્યારે ગુરૂએ કહ્યું કે પહેલાં નવ નિહ્‌નવ થયા છે. ગોશાલાને બચાવ્યોને જમાલીને પણ ભણાવ્યો. સૌ કર્માનુ-સારે થાય છે. ચોમાસું પૂર્ણ થતાં ભીખમજી ભગવતી સૂત્રનો ગ્રંથ લઈને ચાલ્યા ગયા. ગુરૂએ બે શિષ્યોને મોકલીને ગ્રંથ પાછો મંગાવી લીધો. પરિણામે ભીખમજીને ઘણો ક્રોધ ભભકી ઉઠ્યો ને નવો મત સ્થાપવાનો નિશ્ચય કર્યો. પછી તેઓ મેડતાની પાસે રાજનગરમાં રહ્યા અને ત્યાંના ભંડારમાંથી પુસ્તકો લઈને અભ્યાસ કર્યો ત્યારે અનેક શંકાઓ ઉદ્‌ભવી. સર્વ પ્રથમ જિન શાસનના પાયારૂપ દયા ધર્મ પર પ્રહાર કર્યો. આ મતના સમર્થકોમાં ભીખમજી અને વખતાજી તથા વચ્છરાજ ઓશવાલને લાલજી પોરવાડ એમ બે સાધુ ને બે શ્રાવક મળી ચાર જણે તેરાપંથ મતનો પ્રચાર કર્યો. ચોમાસા પછી ભીખમજી ગુરૂ પાસે સોજત નગરમાં આવ્યા પણ ગુરૂએ કોંઈ સત્કાર ન કર્યો કે સહાકાર ન આપ્યો. ગુરૂ સાથે ચર્ચા કરી પણ શાસ્ત્રની વાત સ્વીકાર ન કરી. મનમાં વિચાર્યું કે જો અત્યારે ગુરૂથી અલગ થઈશ તો મુશ્કેલી થશે એટલે ગુરૂ સમક્ષ પ્રાયશ્ચિત માગ્યું. ભીખમજીએ ધીમે ધીમે પોતાના વિચારવાળા ભક્તો તૈયાર કર્યા અને આવા તેર માણસો ગુરૂ રૂઘનાથજીથી સ્વતંત્ર થયા એટલે 'તેરાપંથ' કહેવાયો. આ

રીતે તેરાપંથની ઉત્પત્તિ થઇ છે. અત્રે દીપવિજયની રચનાના સંદર્ભમાં તેરાપંથની ઉત્પત્તિની માહિતી આપવામાં આવી છે.

તેરાપંથ વિશે જૈન પરંપરાના ઈતિહાસ ભા.૩ માંથી નીચે દર્શાવેલી માહિતી પ્રાપ્ત થાય છે.

શ્વેતાંબર ગૃહસ્થ લોંકાશાહે મુસ્લિમ સંસ્કૃતિની અસરથી નવો પંથ ચલાવ્યો. તેઓએ તેમાં "સ્થાપના નિક્ષેપ" ને ઉડાવી પ્રતિમાનો વિરોધ કર્યો તેમજ ઋષિ ભીખમજીએ મુસ્લિમ અને ઈસાઇ સંસ્કૃતિની અસરથી તેરાપંથ ચાલાવ્યો. તેમાં જિનપ્રતિમા અને પ્રાણિ રક્ષા જીવદયાનો વિરોધ કર્યો. (પા. ૫૮૦ જૈ. ૫ ઇ. ભા. ૩)

શ્રી ભીખમજીએ સં. ૧૮૭૫માં બગડી (મારવાડ) માં સ્થાનકવાસી સંપ્રદાયમાંથી નવો તેરાપંથ ચલાવ્યો. ભીખમજીના વિચારોનો પ્રચાર થયો. પરિણામે ૨૫ સ્થાનકવાસીઓની સમિતિ બગડી ગામ બહારના સ્મશાન ભૂમિ નજીક દેરી પાસે મળી. અહીં વિચાર વિમર્શ થયો. પણ એક મત થઇ શક્યા નહિ. સમિતિના સભ્યો બે પક્ષમાં વહેંચાઇને છૂટા પડ્યા. એક પક્ષમાં તેર ઋષિઓ હોવાથી 'તેરાપંથી' નામ અસ્તિત્વમાં આવ્યું અને બીજામાં ૧૨ ઋષિઓ હોવાથી 'બારાપંથી' તરીકે ઓળખાયા. (પા. ૬૦૪ જૈ. ૫. ઇ. ૩) (તેરાપંથ મત સમીક્ષા મુનિરાજ વિદ્યા) વિજયજી. વિદ્યાવિજયજીએ એમના મતના પ્રશ્નોના જવાબમાં શાસ્ત્રનો મૂળ પાઠ દર્શાવ્યો છે. જ્યારે કવિ દીપવિજયે શાસ્ત્રનો નામોલ્લેખ કર્યો છે.

સૂર્યાભદેવે ભગવાન સમક્ષ નાટક કર્યું ત્યારે પ્રભુ શા માટે મૌન રહ્યા ? આ પ્રશ્નનો ઉત્તર નીચે મુજબ છે.

"તુસણીએ સંચિઠ્ઠતિ" જો તેમાં પાપનું કારણ હોત તો ભગવાન નાટકનો નિષેધ કરતા. જો ભગવાન સૂર્યાભદેવને નાટક કરવાની આજ્ઞા આપે તો ૧૪ હજાર સાધુ અને સાધ્વીજીઓના સ્વાધ્યાયમાં અંતરાય થાય. જો નિષેધ કરવામાં આવે તો ભક્તિથી ભરપુર હૃદયવાળા દેવોની ભક્તિમાં ભંગ પડે માટે ભગવાને મૌન રાખ્યું હતું.

નદીમાં પડેલી સાધ્વીને બહાર કાઢવાથી અપ્કાયના જીવોની વિરાધનાનો સંદર્ભ -

સાધ્વીને નદીમાંથી બહાર કાઢતાં હિંસા થાય છે પણ તેમાં સાધુનો હિંસા કરવાનો ભાવ નથી. સાધ્વીના રક્ષણની ભાવના છે. સાધ્વીનું રક્ષણ થવાથી તે આરાધના કરી કર્મ નિર્જરા કરશે ને ચારિત્રનું પાલન કરશે તેવા હેતુથી તેનું રક્ષણ કરવામાં આવ્યું છે એટલે આ કાર્યને હિંસા કહેવાય નહિ.

પ્રતિમાપૂજન, જિનમંદિર નિર્માણ, સંઘ કાઢવો વગેરે સાવદ્ય વ્યાપારથી હિંસા થાય છે તેનો જવાબ શું છે ? પ્રતિમાપૂજન, જિન મંદિર નિર્માણ, સંઘ કાઢવો એ દર્શન ધર્મ છે. જિન પ્રતિમાની સમાન સાધુની ભક્તિ કરનાર જીવો દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરે છે. ઠાણાંગ સૂત્રના ત્રીજા ઠાણમાં જણાવ્યું છે કે -

તિહીં ઠાણેહિં જીવા સુહદીહાકઅત્તાએ કમ્મં પગરેંતિ. જહાણો પાણે અઈવાઈતા હવઈ, ણોમુસં વઈત્તા હવઈ તહારુવં સમણંવા વંદિતા નમંસિત્તા, સકકારેત્તા, સમ્માણેત્તા, કલ્લાણં મંગલં

દેવયં ચેઈયં પજ્જુવાસેત્તા મણુન્નેણં પીઈકારએણં અસણપાણખાઈમ સાઈમેણં પડિલામેત્તા હવઈ ઇચ્ચેએહિં તિહિં ઠાણેહિં જીવા સુહદી હાઉઅત્તાએ કમ્મં પગરેતિ.

આ ત્રણ સ્થાનો દ્વારા જીવ શુભ દીર્ઘ આયુષ્ય કર્મ ઉપાર્જન કરે છે. આ ત્રણ સ્થાને પ્રાણીને મારવા નહી, સત્ય બોલવું, શ્રમણને વંદન કરવું, નમસ્કાર કરવો, સત્કાર કરીને સન્માન કરવું, કલ્યાણ અને મંગલ નિમિત્તે જિન પ્રતિમા સંમાન સાધુની પર્યુપાસના કરવી તથા શ્રમણને મનોજ્ઞ - પ્રીતિકારક અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર આપીને જીવ શુભ દીર્ઘાયુ ઉપાર્જન કરે છે.

સાધુ - સાદવી વરસાદ વર્ષતો હોય તો ગોચરી જાય ને આવે, બે આંગળીથી ચપટી વગાડવાથી હિંસા થાય, અપ્રીતિ ઉદ્‌ભવે તો ચાતુર્માસમાં વિહાર કરવો વગેરે હિંસા ને જીવોની વિરાધના છે તેનો સંદર્ભ આચારાંગ, નિશીથ અને કલ્પસૂત્રમાં છે. (પા. ૫૪ )

ભગવાને ભવિષ્યના મહાન લાભના હેતુથી વિહારનો આદેશ - ઉપદેશ આપ્યો છે. સાધુના આહાર વિહાર, ધર્મચર્ચા, ગુરૂભક્તિ, દેવભક્તિ, વ્યાખ્યાન આદિમાં હિંસા છે પણ તેમાં તો મોટે ભાગે કર્મની નિર્જરા છે એટલે હિંસા માનવામાં આવતી નથી. નમૂનારૂપે અહીં ઉદા. નોંધવામાં આવ્યું છે. વિશેષ માહિતી માટે તેરાપંથ મત - સમીક્ષાનો આધાર લેવો આવશ્યક છે.

વિદ્યાવિજયજીના ઉપરોક્ત પ્રશ્નોના ઉત્તર આગમગ્રંથોના મૂળપાઠ તેરાપંથ મત સમીક્ષા પુસ્તકમાં જોવા મળે છે.

કવિનું મૂળ વતન ગુજરાત મધ્યે આવેલ વડોદરા શહેર હતું. માતૃભાષા ગુજરાતી હતી. સંયમ જીવનમાં સંસ્કૃત પ્રાકૃતનો અભ્યાસ કર્યો હોય તે સ્વાભાવિક છે. વિહાર દરમ્યાન ગુજરાત સિવાય મધ્યપ્રદેશ, રાજસ્થાન, મારવાડમાં નિવાસ કર્યો હોય તેનો ગુજરાતી ભાષા પર પ્રભાવ પડે તે સહજ માની શકાય તેમ છે. પણ કવિએ મારવાડમાં રહીને મારવાડી ભાષામાં હિન્દીના મિશ્રણવાળા, લોકબોલીના શબ્દ પ્રયોગો દ્વારા 'ચર્ચા બોલ વિચાર'ની ગદ્યમાં રચના કરી છે. સંસ્કૃત ભાષાની સૂત્રાત્મક શૈલીની સમાન ટૂંકાં વાક્યો અને પ્રશ્નોના ઉત્તર પણ એવાજ ટૂંકા વાક્યોમાં લખ્યા છે. શાસ્ત્રનો આધાર માત્ર ગ્રંથના નામોલ્લેખથી કર્યો છે. શાસ્ત્ર પાઠ નોંધ્યો નથી. ભારમલજીને જે શંકાઓ ઉત્પન્ન થઇ તેનો પ્રત્યુત્તર આપવાનો પ્રયત્ન કર્યો છે. એ રીતે શ્વેતાંબર પરંપરા અનુસાર પ્રતિમાપૂજન અને અહિંસા ધર્મની તાત્વિક સમજ આપવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. તર્કથી સિધ્ધાંતને સમજવો, કુતર્ક સિધ્ધાંતને ઉથાપે છે. એ બુધ્ધિ પ્રતિભા નહિ પણ બુધ્ધિનો દુરૂપયોગ છે. મહાન યોગી, મહાત્મા શ્રી આનંદઘનજીએ અજિતનાથના સ્તવનમાં જણાવ્યું છે કે -

તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર પહુંચે ન કોય;  
અભિમત વસ્તુ વસ્તુગતે કહે, તે વિરલા જગ જોય."

શાસ્ત્ર પાઠનો વિપરીત અર્થ કરવાથી સત્યનો નાશ થતો નથી. અંતે સત્ય તો સમજાઇ જાય છે પણ હઠવાદી - અહમ્ ને સ્વમતની મોટાઈને કારણે તેમાંથી બહાર ન નીકળતાં તત્વને પામી શક્તા નથી. એ મોટામાં મોટું વ્યક્તિનું દુર્ભાગ્ય છે.

ચર્ચા બોલ વિચારની રચના સં. ૧૯૧૧માં થઈ હતી. શ્વેતાંબર મતના સમર્થન દ્વારા જિનાગમ અને જિનબિંબની પ્રતિઠા સ્થાપવામાં કવિરાજ દીપવિજયનો પ્રયત્ન પ્રશસ્ય છે. જયાં સંવેગી સાધુઓનો વિહાર ને પરિચય ન હતો તેવા મારવાડના કેટલાક વિસ્તારમાં તેરાપંથનો પ્રચાર વધ્યો.

આ મતનો શાસ્ત્રીય રીતે વિરોધ કરીને ભારમલજીએ જે પ્રશ્નો પૂછ્યા હતા તેના ઉત્તરો આપ્યા હતા. મારવાડમાં આ પ્રવૃત્તિ થઈ હોવાથી તત્કાલીન સમાજના લોકોની ભાષા બોલીને, પ્રયોગ કરીને, ગદ્ય રચના રૂપે ચર્ચા બોલની રચના કરી છે.

## ચર્ચા બોલ વિચાર - તેરાપંથ - સમીક્ષા :

કવિ દીપવિજયે તેરાપંથ મતવાળા ભારમલજી ખેતસીજી સાથે ચર્ચા કરી હતી.

આ હસ્તપ્રતમાં સંયમ જીવનના પાયારૂપે ધર્મારાધના માટે વિશેષ લોકપ્રિય અને સાધુ જીવનમાં સજઝાય અને મંગલ પ્રસંગે વારંવાર ઉપયોગ થાય છે તે દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથા નોંધવામાં આવી છે. જેમાં અહિંસા, સંયમ અને તપ ધર્મની વિશિષ્ટ આરાધનાનો ઉલ્લેખ થયેલો છે. કવિએ નીચેના પ્રશ્નોના ઉત્તરોનો હસ્તપ્રતમાં સમાવેશ કર્યો છે.

(૧) સાધુ - સાધ્વી નદીમાં ઉતરે તો અપ્‌કાયનાં જીવોની વિરાધના થાય પછી ધમ્મો મંગલની ગાથામાં જણાવ્યા પ્રમાણે- અહિસાનું પાલન કેવી રીતે થાય ?

(૨) વરસાદ વરસતો હોય અને મુનિ ગોચરી જાય તો

અપ્કાયના જીવોની વિરાધના થાય તો પછી અહિંસા ધર્મ કેવી રીતે રહ્યો?

(૩) ચપટી - તાલી વગાડતાં હિંસા થાય છે. સૂર્યાભદેવે પ્રભુ મહાવીર ભગવાન સામે નાટક કર્યું. ?

(૪) સાધુ મહારાજ ચોમાસામાં વિહાર કરે તો અસંખ્ય અપ્કાયના જીવોની વિરાધના થાય છે ?

(૫) તીર્થંકર ભગવાન અને મુનિરાજ શ્રાવક - શ્રાવિકાને આવો, બેસો, જાઓ, અમુક કામ કરો એવી સાવદ્ય ભાષા બોલે તો હિંસા થાય છે. ?

(૬) મુનિરાજ કાળ કરે ત્યારે ચિતા બનાવે, અગ્નિદાહ કરે તેમાં તેઉકાયના જીવોની વિરાધના ઉપરાંત છ કાયના જીવોની હિંસા વિરાધના થાય છે. ?

(૭) સૂર્યાભદેવે ૧૭ પ્રકારે ભગવાનની પૂજા કરી. પૂજન અર્ચન, ફૂલ ચઢાવે, પાણીથી અભિષેક કરે તે હિંસા છે. મુનિ સાવદ્ય વ્યાપાર ન કરે, પૂજાનો પાઠ હોય તો પણ આવું ન કરે.

(૮) સિધ્ધાલય અને સિધ્ધાયતનનો અર્થ શું છે ? ભગવાનની ભસ્મને નમસ્કાર કરવો તે શું યોગ્ય છે. ?

ચર્ચાનો સાર કવિના શબ્દોમાં જોઈએ તો "જે કોઈ આત્માર્થી હોસ્યૈ આપકે દિલમેં સમજ લેણા. અહીં સૂત્ર સિધ્ધાંત જિણાણા પ્રમાણે ચલણા"

કવિએ પ્રશ્નોત્તરમાં માત્ર આગમ સૂત્રનો નામોલ્લેખ કર્યો છે, સૂત્ર પાઠ આપ્યો નથી. કવિ જણાવે છે કે -

"તા પ્રમાણે સૂત્ર સખે (સાક્ષી) લીપી ભવ્ય પ્રાણી વિચાર કરણો"

શ્રી કમલગચ્છના પં. શ્રી રતનચંદના હસ્તે સંવત ૧૯૧૧ ચૈ. સુ. ૨ ના રોજ અહીપુર એટલે નાગોરમાં રચના કરી હતી. અહિંસા ધર્મનું પાલન થતું નથી તે વિશે વારંવાર એક જ પ્રકારનાં વાક્યોનો પ્રયોગ થયો છે.

"ધમ્મો મંગલ મુક્કિઠં યાકો પ્રમાણ કહાં રહ્યો"
અસંખ્યાતા અપ્કાય જીવ હણાય, આશ્રવ હુઓ દયા રહી નહી.
આમેં પ્રત્યક્ષ આશ્રવ હો હિંસા હોવે હૈ.

કવિની ભાષા હિન્દી, મારવાડી અને ગુજરાતીના મિશ્રણ વાળી છે. "હૈં હે યો આપ ઉન પિણ કહાં કીનો હોસ્યૈ" વગેરે પ્રયોગોથી ભાષાની વિશિષ્ટ શક્તિ જોવા મળે છે. તત્ત્વ પામવા માટે આગમનો આચાર મહત્વનો છે. કુતર્કોથી તો માત્ર અહમ્ પોષાય અને ઉત્સૂત્ર પ્રરૂપણાનો મોટો દોષ લાગે છે. શાસ્ત્રાર્થમાં હઠવાદને દુર કરીને આગમ વચન એ શાસ્ત્ર વચન છે તેને પ્રમાણભૂત ગણવું જોઈએ. સ્વમત કરતાં આગમનો આધાર જ તત્ત્વજ્ઞાનને સમજવા મૂળભૂત રીતે ઉપકારક, માર્ગદર્શક, ઐતિહાસિક અને દસ્તાવેજ સમાન સાધન છે તેને યથાયોગ્ય ગણવો જોઈએ.

કવિએ મારવાડના વિસ્તારને લક્ષમાં રાખીને તે પ્રદેશની લોકબોલીનો પ્રયોગ કરીને શ્વેતાંબર મતના વિચારોનું સમર્થન કરવાનો પ્રયત્ન કર્યો છે. ચર્ચાબોલ વિચારના પ્રશ્નો ગૂઢ અને અર્થગંભીર છે. જિનશાસનની પ્રભાવના ને રક્ષણનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

# પ્રકરણ - ૧૬
# ચૌમાસી વ્યાખ્યાન

ચાતુર્માસ દરમ્યાન મુનિ મહારાજ એક સ્થાનમાં રહીને વ્યાખ્યાન અને વિવિધ પ્રકારની ધર્મ આરાધના કરાવી જૈન સમાજમાં ધાર્મિક જાગૃતિ કે ચેતનાના વિસ્તારનું પુણ્ય કાર્ય કરે છે. તેમાંય ચોમાસામાં મેઘવૃષ્ટિને કારણે જીવહિંસાનું પ્રમાણ વિશેષ હોવાથી જૈન ધર્મના આચાર પ્રમાણે અહિંસા ધર્મનું મુખ્યત્વે વિશિષ્ટ રીતે પાલન કરવામાં આવે છે.

ચોમાસામાં ગુરૂ ભગવંત વ્યાખ્યાનમાં કોઇ ચરિત્રના વાંચનની સાથે ધર્મ તત્વજ્ઞાન વિષયક વ્યાખ્યાનની પ્રવૃત્તિ કરે છે. ચોમાસામાં અન્ય દિવસો કરતાં આરાધનાનું પ્રમાણ વધુ થાય છે, એમ કહીએ તો પણ સૌ કોઇ સ્વીકારશે. ચોમાસું એટલે ધર્મની મોસમ. ધાર્મિક તહેવારો - ઉપવાસ વ્રત - રથયાત્રા - મહોત્સવ - વ્યાખ્યાન - સાધર્મિક ભક્તિ - મંત્રનો જાપ, સામાયિક પ્રતિક્રમણ પૌષધ જેવી વૈવિધ્યપૂર્ણ આરાધનાની વસંત ખીલી ઊઠે છે. તેના પાયામાં ગુરૂ ભગવંતનો ઉપદેશ અને માર્ગદર્શન છે.

કવિ દીપવિજયે ચૌમાસી વ્યાખ્યાનની ગદ્ય રચના મારવાડી બોલીના મિશ્રણવાળી ગુજરાતી ભાષામાં કરી છે. તેમાં શ્રાવકના બાર વ્રતના ૧૨૪ અતિચારના વિચારો દર્શાવીને મિચ્છામિ દુક્કડમ્ દેવાની હકીકતનો ઉલ્લેખ થયેલો છે. સામાયિક એ ચારિત્રની પ્રથમ પ્રેરક વાનગી છે. તેના ઉદાહરણ તરીકે - સમાસ સામાયિકના સંદર્ભમાં ચિલાતિપુત્ર થોડામાં ઘણું સમજવાનું

તે વિશે અનવદ્ય- પાપરહિત સામાયિક માટે ધર્મરૂચિ અણગાર, પરિજ્ઞા સામાયિક વિશે ઇલાચીકુમાર, 'ખરાબ વસ્તુ છોડવા માટે તેતલી પુત્ર - પરિહરણા આજ્ઞાપૂર્વક પ્રતિક્રમણ કરવું' વારણા શ્રાવક વ્રત લીધા પછી દ્રઢ સંકલ્પથી પાલન કરે અને પ્રતિમારકા વગેરે દ્રષ્ટાંતો દ્વારા સામાયિક, સમતા વ્રતપાલન, વગેરે દ્રષ્ટાંતો કથાનુયોગના નમૂના રૂપે છે. તેમાં સુભાષિતનો સંદર્ભ મૂકીને અનુભવ સિધ્ધ વ્યાવહારોપયોગી બોધદાયક વચનોનો સમાવેશ થયેલો છે. પ્રાણીઓ પ્રત્યે દયા રાખવી, કોઇનો વિશ્વાસ ન કરવો, સ્ત્રીઓ સાથે કોમલ વ્યવહાર કરવાનો બોધ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક દ્રષ્ટાંત ધર્મ આરાધના કરવા માટે માર્ગદર્શક સ્તંભ સમાન છે. કથાનુયોગમાં કથા એક સાધન છે. તેમાં રહેલો ઉપનય એટલે ધર્મનું સારભૂત તત્વ છે. તેને લક્ષમાં રાખીએ તો કથાનુયોગ ધર્મ પામવા માટે સફળ નીવડે.

આ દ્રષ્ટાંત જૈન સમાજમાં પ્રચલિત છે. વ્યાખ્યાનમાં અવારનવાર તેનો સંદર્ભ આવે છે, કેટલાક કવિઓએ સજ્ઝાય રચનામાં આ દ્રષ્ટાંતની કથાનો સમાવેશ કરીને અનેરો આસ્વાદ કરાવવાનો સફળ પ્રયત્ન કર્યો છે.

હસ્તપ્રતના પા. ૧૫ થી ૨૭ સુધીમાં શ્રાવકના અતિચારની માહિતી જણાવવામાં આવી છે. વર્તમાનમાં ચતુદર્શીના પ્રતિક્રમણમાં જે અતિચાર બોલાય છે તેનો સંદર્ભ છે.

"અતિસર્વત્ર વર્જયેત્" ના ન્યાયે જીવન વ્યવહારમાં ૧૨૪ અતિચારમાંથી જે કોઇ પાપ દોષ લાગ્યો હોય તેનું સ્મરણ કરીને મિચ્છામિ દુક્કડંનો પાઠ બોલવામાં આવે છે.

કવિએ દ્રષ્ટાંતો દ્વારા ધર્મના સિધ્ધાંતોનું નિરૂપણ કરીને શ્રાવકના આચારની મર્યાદાના પાલન માટે અનુરોધ કર્યો છે. કવિએ કથાને સંક્ષેપમાં લખી છે. તેનું કારણ એ પણ હોવાનો સંભવ છે કે આવા દ્રષ્ટાંતો અવારનવાર વ્યાખ્યાનમાં સાંભળવામાં આવે છે. એટલે કથાના વિસ્તાર કરતાં તેમાં રહેલું સારભૂત તત્વ મહત્વનું બને છે.

નાનાં નાનાં વાક્યો ક્રિયાપદનું પ્રમાણ અલ્પ અને મુખ્ય પ્રસંગના ઉલ્લેખથી ગદ્યરચના કરી છે. એમની ગદ્ય શૈલીની આ વિશેષતા છે.

"વસંતપુર નગર જિતશત્રુ રાજા રાજ્ય કરેં એકદા પ્રસ્તાવૈ રાજાનૈ શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા ઉપની" "ધર્મઘોષ નામા આચાર્ય તેહનો શિષ્ય ધર્મરૂચિ નામા અણગાર નગરનૈ વિષૈ વિહરવા ગયો. ઊંચ નીચ ગોચરી કરતો" "રોહાણી બ્રાહ્મણી ઘરે ગયો."

કવિની ગદ્યરચનાના નમૂનારૂપે ચોમાસી વ્યાખ્યાનની હસ્તપ્રતનું લખાણ અત્રે નોંધવામાં આવ્યું છે.

ચોમાસી વ્યાખ્યાનની પ્રતનું લખાણ જોતાં એમ લાગે છે કે વ્યાખ્યાન આપવા માટે પૂર્વ તૈયારી રૂપે નોંધ કરવામાં આવી હોય તે રીતે માત્ર કથાના મુદ્દા જ છે. એટલે પૂર્ણ રીતે સમજી શકાય તેમ નથી.

સમાસ સામાયિક - ચિલાતીપુત્રની કથા

કવિ દીપવિજયે ચોમાસી વ્યાખ્યાનના પ્રારંભમાં વિરતિધર્મના પાયારૂપ સામાયિકના સ્વરૂપનું નિરૂપણ કરતાં દ્રષ્ટાંતો લખ્યાં છે. તેમાં સમાસ સામાયિક વિશે ચિલતીપુત્રનું

દૃષ્ટાંત સંક્ષેપમાં જણાવ્યું છે. આ કથા તેના પ્રસંગો અને ઘટના સાથે નીચે મુજબ સમજવી.

સમાસ સામાયિક એટલે કે થોડા શબ્દોમાં વિશેષ રહસ્ય-મય ગંભીર અર્થ સમજવો. ચિલાતીપુત્ર માત્ર ચારણનામુનિ ત્રણ શબ્દો ઉપશમ, વિવેક અને સંવરથી પ્રતિબોધ પામી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. તે સમાસના અર્થને ચરિતાર્થ કરી બતાવું છું. રાજગૃહી નગરમાં ધનસાર્થવાહને ચિલાતી નામે દાસી હતી. તેના પુત્રનું નામ ચિલાતીપુત્ર પડ્યું. તે ધનસાર્થવાહને સુષુમા નામે પુત્રી હતી. ચિલાતીપુત્રને સુષુમાને રમાડતાં ખરાબ ચેષ્ટા કરતો જોઇ શેઠે તેને ઘરમાંથી કાઢી મૂક્યો. તે જંગલમાં જઇ ચોરની પલ્લિમાં રહ્યો. અને ચોરી કરવામાં પ્રવીણ બન્યો. પલ્લિપતિ મરી જતાં ચોરોએ તેને પલ્લિપતિ બનાવ્યો - સુષુમા યુવાન થતાં ચિલાતીપુત્રને ઉપાડી લાવવાનું મન થયું. તેણે ચોરોને કહ્યું કે આજે ધનસાર્થવાહને ત્યાં ધાડ પાડવા રાજગૃહી જઇએ, ત્યાં ધન મળે તે તમારે વહેંચી લેવું. અને તે શેઠની પુત્રી સુષુમા મને અર્પણ કરવી. આ પ્રમાણે શરત કબુલ કરી ચોરો તેની સાથે ધનસાર્થવાહના ઘરે ગયા અને ઘર લૂંટી લીધું. ચિલાતીપુત્રે સુષુમાને ઉપાડી ચાલતો થયો.

ધનસાર્થવાહે રાજ્યમાં ફરિયાદ કરવાથી કોટવાળ, ધનશેઠ ને તેના પુત્રો સાથે ચોરોની પાછળ પડ્યા. કોટવાળને આવતો જોઇ ચોરો ધનમાલ મૂકી દઇ ઝાડીમાં સંતાઇ ગયા. કોટવાળ તે ધનમાલ લઇ પાછો ફર્યો. પણ ધનશેઠને તેના પુત્રો સુષુમાને લેવા ચિલાતીપુત્રીની પાછળ પડ્યા. તેઓ ચિલાતી પુત્રીની નજીક

આવતાં તેણે વિચાર્યું કે હું પકડાઇ જઇશ. તેથી સુષુમાનું મસ્તક છેદી, ધડ મૂકી, મસ્તક લઇ દોડ્યો - શેઠે ધડ પડેલું જોઇ તે લઇ જઇ તેનો અગ્નિદાહ કરી દીધો.

ચિલાતીપુત્ર તો એક હાથમાં તલવારને બીજા હાથમાં મસ્તક લઇ પર્વત પર આવ્યો. ત્યાં એક ચારણમુનિ તેને જોઇને બોલ્યા કે આ શો અધર્મ ? ચિલાતીપુત્રે કહ્યું કે ત્યારે ધર્મ શું? ઉપશમ, વિવેક અને સંવર એ ધર્મ છે એટલું બોલી મુનિરાજ આકાશમાં ઉડી ગયા. ચિલાતીપુત્ર વિચાર કરવા લાગ્યો કે, ઉપશમ એટલે તો ક્રોધની શાંતિ. તે તો મારામાં નથી એમ વિચારી તલવાર મુકી દીધી. વિવેકનો વિચાર કરતાં તેણે સુષુમાનું મસ્તક પણ મૂકી દીધું. પછી સંવરનો વિચાર કરતાં તે ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં આગળ વધ્યો. અને કેવળજ્ઞાન પામી મોક્ષે ગયો. ચોમાસી ૨

# પ્રકરણ - ૧૭

# મહાનિશીથ સૂત્રના બોલની ભૂમિકા

૪૫ આગમમાં છેદ સૂત્ર છે. નિશીથ, બૃહત્કલ્પ વ્યવહાર દશા, શ્રુતસ્કંધ, પંચકલા અને મહાનિશીથ, નિશીથ, મહાનિશીથ અને પંચકલા એ ગણધર કૃત છે જ્યારે બૃહત્કલ્પ, દશાશ્રુત સ્કંધ અને વ્યવહાર સૂત્રની રચના ચૌદ પૂર્વધરશ્રી ભદ્રબાહુસ્વામીએ કરી છે. તેમાં પંચકલ્પસૂત્ર વિચ્છિન્ન થયેલો છે. આ આગમ પર સંઘદાસ ગણિનું ભાષ્ય ઉપલબ્ધ છે. છેદ સૂત્રો પર નિર્યુક્તિ, ભાષ્ય, અવચૂર્ણિ, બૃહત્ભાષ્ય આદિ ટીકાઓ પૂર્વાચાર્યોએ રચી છે. છેદસૂત્ર એટલે પાપી, પ્રમાદી, અધર્મી અને મોહમૂઢ જીવોએ કરેલા પાપોની - મહાપાપોની નાની મોટી ભૂલો કે અતિચાર લાગ્યા હોય તેના પ્રાયશ્ચિતની વિધિ દર્શાવતું સૂત્ર. રત્નત્રયીના આરાધક સાધુ - સાધ્વીઓના ગુણ દૂષિત થયા હોય તો તેની શુધ્ધિનો માર્ગ રક્ષણનો ઉપાય, ઉત્સર્ગ અને અપવાદ માર્ગનું વિવેચન કરતો આગમ ગ્રંથ. આચારાંગ આદિ સૂત્રો દીક્ષા પર્યાયના સંદર્ભમાં ભણાવાય છે. જ્યારે છંદ સૂત્રના અધ્યયન માટે વિશેષ યોગ્યતાની આવશ્યક્તા રહે છે.

નિશીથ એટલે રાત્રિનો મધ્યભાગ. આ સમયે શાસ્ત્રની વાત પચાવી શકનાર યોગ્ય શિષ્યોને ભણાવવામાં આવે છે. મહાનિશિથ એટલે નિશિથ સૂત્ર કરતાં મોટુ આ સૂત્ર મૂળભૂત રીતે થયું હતું. આચાર્યહરિભદ્ર સૂરિએ તેનો ઉધ્ધાર કર્યો હતો. ૪૪-૪૫ ગાથાઓ તેમાં છે શલ્યો દાર  કર્મવિપાક, કુશીલ સંસર્ગ વર્જન, નવનીતસાર, ગચ્છ મર્યાદા, ગીતાર્થ વિહાર, એકાંતનિર્જરા,

જયણા એમ આઠ અધ્યયન છે.

છંદસૂત્ર એટલે આલોચના અને પ્રાયશ્ચિત, ચારિત્રની રક્ષા, સંવર્ધન માટેનો પ્રાણભૂત ગ્રંથ, કર્મનો સિધ્ધાંત, વ્રતભંગ બ્રહ્મચર્યભંગથી ભોગવવાં પડતાં દુઃખ, સુશીલ અને કુશીલ સાધુનો આચાર જેવા વિષયો ઉપરાંત ભદ્રાચાર્ય, રજની સાધ્વી, નંદીષેણમુનિ, અષાઢાચાર્ય, લક્ષ્મણા સાધ્વી, કુંડરીક - પુંડરીક, નાગિલશ્રાવક, અંડગોલિક મત્સ્ય જેવી કથાઓનો પણ સમાવેશ થાય છે.

આ રીતે મહાનિશીથ સૂત્રની ભૂમિકા દીપવિજયની મહાનિશીથ સૂત્રના ૩૦૦ શ્લોકોને સમજવામાં પૂરક નીવડે તેમ છે. આગમના કઠિન જ્ઞાનને પોતાની કાવ્યવાણીમાં ગૂંથી લેવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે.

## મહાનિશિથ સૂત્રના બોલ

મહાનિશિથ સૂત્રના બોલની રચના સં. ૧૯૯૦માં વડોદરામાં કરવામાં આવી હતી. ગ્રંથ રચનાના પ્રેરક તરીકે કવિએ દુર્લભદાસ ઝવેરચંદ શાહ, કહાનદાસ નરસિંદાસ અને નથ્થુગોવિંદજી નો ઉલ્લેખ કર્યો છે.

મહાનિશિથ સૂત્ર મોટો ગ્રંથ છે. તેમાં પ્રતિમા પૂજા, દ્રવ્યસ્તવ, ભાવસ્તવ, સંઘયાત્રા, દ્વાદશાંગીની આશાતના, જિન વચનની ઉથાપના, સાવજ્જાચાર્ય, સુમતિ અને નાગીલ, નંદિષેણ વગેરેનાં દૃષ્ટાંતો અને સંશય હતા તે વિષય વિશે કેટલીક માહિતી આપવામાં આવી છે. જતીઓએ મૂળપાઠને ઉથાપીને મહારત્ન સમાન આ સૂત્રને ડહોળી નાખ્યું છે. વળી તેમાં આલોચનાનો

અધિકાર છે. કવિ જણાવે છે કે "સંઘ શ્રાવક પૂછ્યા પ્રમાણ જેહની વાત એ સૂત્રમાં છે તે પ્રમાણે લખ્યું છે. સાવજ્જાચાર્યની પેરે અમારે સંસાર વધારવો નથી."

મહાનિશિથ સૂત્રનો પરિચય આપતાં જણાવ્યું છે કે પ્રથમ શલ્ય ઉધ્ધરણા અધ્યયન ૭ પાનાનું છે. ગુરુ સમક્ષ નિખાલસતાથી પાપ પ્રગટ કરીને નિંદા કરી આલોચના દ્વારા શલ્ય રહિત થવું જોઇએ તેવો મુખ્ય વિચાર પ્રગટ કર્યો છે. શલ્ય રહિત થવાની વિધિ, મંત્રાક્ષરો, અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાનના મંત્રો, કેવલિને વંદન કરી આલોયણા લેવી તેના આલાવા છે.

બીજા કર્મ વિપાક અધ્યયનમાં ૧૧ પાનાં છે. તેમાં જીવાત્માએ ૮૪ લાખ જીવાયોનિમાં કરેલા પાપનું સ્મરણ કરી આલોચના - નિંદા કરવાની માહિતી છે. સામાયિક અને પૌષધ વ્રત વિશેની પણ વિગતો છે.

ત્રીજું કુશીલનામા અધ્યયનમાં ૧૬ પાનાં છે. તેમાં ઉપધાન તપ, ક્રિયા અને વિધિ, નવકાર, નવપદ, તીર્થંકર ભગવંતની દ્રવ્ય અને ભાવથી સ્તુતિ વગેરેના વિચારો વ્યક્ત થયા છે.

ચોથું કુશીલ સંસારી - કુશીલીયાના સંગથી ભવ ભ્રમણ વધે છે. તે માટે સુમતિ અને નાગિલની કથા છે.

પાંચમા અધ્યયનમાં છ આચારનું વર્ણન છે. ગચ્છાચારની માહિતી સાથે દ્વાદશાંગી વિરાધકા સાવજ્જાચાર્યનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

છઠ્ઠા અધ્યયનમાં અગ્રીહસ્થ વ્યવહારની વિગતો ૧૨

પાનામાં છે. તેમાં નંદિષેણનું દ્રષ્ટાંત, પ્રાયશ્ચિત લેવા સંબંધી વિચારો, લક્ષ્મણા સાધ્વીનું દ્રષ્ટાંત, અને તે સંબંધી અન્ય કથાઓનો સંદર્ભ આપ્યો છે. કવિએ સંક્ષેપમાં મહાનિશીથની માહિતી છટ્ઠા અધ્યયનમાં આપી છે. તેમાં નોંધપાત્ર વાક્ય એ છે કે -

"ઈત્યાદિ બહુ વાત છે તે પાનાંથી જોઈ લેવું" તેનો અર્થ એમ થાય છે કે વિશેષ જિજ્ઞાસા માટે મહાનિશીથ સૂત્રનાં મૂળ પાઠ દર્શાવતાં પાનાં જોવાં જોઈએ. અહીં પ્રાથમિક માહિતી આપવામાં આવી છે. કવિના પોતાના જ શબ્દો છે કે -

"ઈતિ મહાનિશીથેં ૬ અધ્યયન બે ચૂલિકા લેસ વર્ણવ જે પ્રમાણે શ્રી સંઘ શ્રાવક પૂછ્યું તે પ્રમાણે મહાનિશીથ સૂત્ર પ્રમાણે એહવું ભાસ્થવ હગીગત લખી છે."

આ ભૂમિકાને આધારે કવિની મારવાડી હિન્દી અને ગુજરાતીના મિશ્રણવાળી ભાષામાં વાંચવાથી મહાનિશિથ સૂત્ર અંગેનો પ્રત્યક્ષ પરિચય થશે. તેનાં દ્રષ્ટાંતોમાં વર્ણન નથી પણ સંક્ષિપ્તમાં કથાના મુખ્ય પ્રસંગ દ્વારા જૈન તત્ત્વ દર્શનના મનનીય વિચારો સમજી શકાય છે. ઉત્સૂત્ર ભાષા બોલવી, શલ્ય રહિત તપ કરવો, કુશીલનો સંગ, કર્મ વિપાકની સ્થિતિ, પ્રાયશ્ચિતની વિધિ ને વિશુધ્ધનો માર્ગ દ્રવ્ય અને ભાવપૂજા, સંઘયાત્રા વગેરે વિવિધ વિષયોનો મિતાક્ષરી ઉલ્લેખ છે.

આગમ સૂત્રનો પરિચય કરાવતી ગદ્ય રચના એમની ગદ્યશૈલીના વિશિષ્ટ ઉદાહરણ રૂપ છે.

# પ્રકરણ-૧૮
# કવિરાજ દીપવિજય: સર્જકપ્રતિભા

મધ્યકાલીન ભક્તિ કવિતા ત્રણ સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. પ્રથમ ભક્ત હૃદયોની ભાવભક્તિની કવિતા છે. નરસિંહ, મીરાં અને દયારામ ઉપરાંત સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓની કવિતામાં એક ભક્ત તરીકે ભક્તિની અનુભૂતિને કાવ્યમાં વ્યક્ત કરી છે. બીજા પ્રકારમાં ભક્તિ બોધની કવિતાનો સમાવેશ થાય છે. આ પ્રકારની કવિતામાં સંસારની આસક્તિનો ત્યાગ કરીને પ્રભુમય-આત્માભિમુખ થવા માટેનો સીધો બોધ છે. જ્ઞાન અને વૈરાગ્યનાં પદોની રચના આ સ્વરૂપની છે. જૈન સાહિત્યની સજ્ઝાય સ્વરૂપ સાથે આ પદો સામ્ય ધરાવે છે. કારણ કે સજ્ઝાયમાં પણ ત્યાગ-વૈરાગ્ય - આસક્તિ છોડીને આત્મસ્વરૂપમાં લીન થવાનો સીધો કે દ્રષ્ટાંત દ્વારા બોધ આપવામાં આવે છે. ત્રીજા પ્રકારમાં ભક્તિ ચરિત્રની કવિતા છે. તેમાં ભક્તના જીવનનો સંદર્ભ, ભક્તિ અને ભગવાનનો મહિમા ગાવામાં આવ્યો છે. આખ્યાન પ્રકારની રચનાઓ આ પ્રકારના ઉદાહરણ રૂપે છે. નરસિંહ, ભાલણ, વિશ્વનાથ, વિષ્ણુદાસ, પ્રેમાનંદ, દયારામની રચનાઓમાં ભક્ત ભગવાન ને ભક્તિનો ત્રિવેણી સંગમ ચરિત્રાત્મક રૂપે થયો છે

જૈન સાહિત્યની વિપુલ રાસ રચનાઓ, વિવાહલો અને પ્રબંધ સ્વરૂપની સામગ્રી ત્રીજા પ્રકારની છે. જેમાં ભક્તિના માધ્યમ માટે ચરિત્રનો આધાર લેવામાં આવ્યો છે. દીપવિજયની ભક્તિ માર્ગની રચનાઓ ત્રીજા પ્રકારની છે કે જેમાં જૈનાચાર્યોનાં ચરિત્ર દ્વારા પ્રભુ, ગુરૂ અને શ્રુતજ્ઞાનની અપૂર્વ ભક્તિ પ્રગટ થયેલી છે.

કવિની કૃતિઓમાં ચમત્કાર નિરૂપણના પ્રસંગો ધાર્મિક શ્રધ્ધા-

વાળા લોકોને અસર કરે છે. આજના વિજ્ઞાન યુગમાં આવા ચમત્કારોને માનવા જનસમાજના લોકો તૈયાર નથી. આવો બીજો પ્રશ્ન સાંપ્રદાયિક બોધનો છે.' કવિની આ મર્યાદા ગણી શકાય તેમ છે. સાહિત્યનું મૂલ્યાંકન કરતી વખતે જે તે કાળને કેન્દ્રમાં રાખવો જોઈએ. અર્વાચીન સાહિત્યના સંદર્ભમાં મધ્યકાલીન કૃતિઓને કવિનું મૂલ્યાંકન ઉચિત લેખાય નહિ એટલે દીપવિજય કવિની રચનાઓમાં ચમત્કાર, બોધ, દેશીપ્રયોગ, ગુરૂ પરંપરા, રચના સમય વગેરે તે સમયના કાવ્યની રીતિનીતિ હતી એમ ગણીને મૂલ્યાંકન કરવું જોઈએ તો કવિને સાચો ન્યાય આપી શકાય.

કવિની પદ્ય અને ગદ્ય રચનાઓનું સમગ્ર રીતે મૂલ્યાંકન કરતાં કેટલીક વિશેષતાઓની સાથે મર્યાદાઓ પણ જોવા મળે છે તેમ છતાં એમની કવિપ્રતિભા અન્ય કવિઓની તુલનામાં વિશિષ્ટ રીતે પ્રકાશ પાડે છે. કવિનો ઈતિહાસ પ્રેમ અને સાંસ્કૃતિક વારસા પ્રત્યેની અપૂર્વપ્રીતિનું દર્શન અન્ય કવિઓમાં ઓછું જોવા મળે છે. તે દૃષ્ટિએ દીપવિજયની આ મોટી સિધ્ધિ છે. આજે જ્યારે સમાજ જીવન અને રાષ્ટ્રમાં ચારિત્રની કટોકટી ઊભી થઈ છે અને સંસ્કારના જતન માટે જોરદાર હિમાયત થઈ રહી છે ત્યારે કવિએ પોતાની કલમથી આ પ્રશ્નને વિશદ રીતે વ્યક્ત કરીને માનવ કલ્યાણની ઉદાત્ત ભાવના દર્શાવી છે.

કવિની અભિવ્યક્તિની વિશેષતાઓનો વિચાર કરતાં વિશિષ્ટ કાવ્યપંક્તિઓની રચના સૌ કોઈનું ધ્યાન ખેંચે છે. ચોમાસા દરમ્યાન ગુરુનો આદરસત્કાર થાય છે તેનો મહિમા દર્શાવતી પંક્તિમાં જણાવે છે કે -

જિહાં જિહાં ચોમાસા કિયો
તિહાં તિહાં બહુ આદરમાન હાં.'' (૧)

ગુરૂ મહિમા દર્શાવવા માટે કવિએ જ્યોતિષશાસ્ત્રના ગ્રહોનો આધાર લઈને ગ્રહોની પ્રકૃતિ સમાન ગુણદર્શન કરાવ્યું છે. આવું નિરૂપણ ગુરુ પ્રત્યેના વિશિષ્ટ માન સન્માનની સાથે કવિ કલમની અનેરી કલ્પનાનો સંદર્ભ પુરો પાડે છે. કવિનાજ શબ્દોમાં આ ઉદા. નીચે મુજબ નોંધવામાં આવ્યું છે.

"અથ પુનઃ નવગ્રહ સર્દશોપમા ગુરૂ ગુણમાલા ગીયતે."
માહરા ગુરુજી છે મોહનગારા રે, વારિ જાઉં જ્ઞાનતણા ભંડાર રે.
એ આંકણી

કદિ ન રાખે ક્રોધકષાય રે, જેહના ગુણ છતિસ ગવાયરે. મા. ૧
ગુરુજી ગ્રહ ગણ ઓપમા છાજેં રે તખતે ગણપતનાથ બિરાજેં રે;
વારસે વાણી તે અમિય સમાંણી રે, જેહની મધુરતા સરસ કહાંણી રે મા. ૨
ગુરુનું રવિ જીમ તેજ અપાર રે, વારે મિથ્યા મત અંધાર રે.
તારેં ભવિજનનેં હિત દાખી રે, જેહને સૂત્ર સદા છે સાખિ રે. મા. ૩
ચંદ્રવદન કમલનિત દીપે રે, ગિરુઓ સોલ કલાને જીપે રે;
એહની સૌમ્યદશાનેં આગે રે, કેહનેં ઓપમ નાવી ભાગેં રે. મા. ૪
માહરેં મંગલ સમ ગણધાર રે, શાસન શોભ વધારણ હાર રે;
દક્ષી પ્રતિપક્ષી ગુણધાર રે, નિરખો અદ્‌ભુત તનુ આકાર રે. મા. ૫
ગુરુની બુધ્ધિ સદા છે સુધ્ધિ રે, ગુરુજી નહિ રિપુ ગ્રહથી વિલુદ્ર રે;
અભિનવ ગચ્છતણો મંડાણ રે, દીપે વાદી તિમિર કો ભાંણ રે. મા. ૬
ગુરુઈ ગુરુજીની બુધ્ધિ પ્રચંડ રે, કંઠે સરસતિ વાસ અખંડ રે;
પૂજ્યજી જલધરની પરેં ગાજે રે, કુમતિ ગરવી તણા મદ ભાંજે રે.
મા. ૭

ગુરુ સદા શુક્રપરેં ઉનમાદ રે, ગુરુજીની જીભલડીમાં સ્વાદ રે.
હું તો લળિલળિ પ્રણમું પાય રેં, ધન્ય ધન્ય જે દિન વંદન થાય રે.
(પા-૬૧ પટ્ટા) મા. ૮

પૂજ્યજી વેગગતિ શનિ સરખી રે, મ્હેં તો ડગલે ડગલે નિરખી રે.
હંસ ને ગયંદ સરખા હરાવે રેં, તોહેં બીજો એહ સમ નાવેં રે.
મા.૯"[૨]

કવિની વર્ણનકળાના નમૂનારૂપ કેટલાક પ્રભાવક આચાર્યોનું વર્ણન પ્રસંગ વર્ણનનો આસ્વાદ કરાવે છે. એમનું પ્રસંગ વર્ણન ચિત્રાત્મક શૈલીનો પરિચય કરાવે છે જયારે વ્યક્તિનું વર્ણન કે અન્ય વર્ણનો માહિતી પ્રચુર છે. ઉદા. જોઈએ તો હરિભદ્રસૂરિનું વર્ણન નીચે મુજબ છે. હરિભદ્રસૂરિના અભ્યાસની માહિતી આપતા દુહાની નોંધ અત્રે આપવામાં આવે છે.

"ચ્યાર વેદ ખટ અંગ હે, ઉપનિષદ છતીસ. [૩]
પરિશિષ્ટ બહોંતેર મિલી, સહુ ગ્રંથ લખવીશ. ।।૩।।
વીસ લાખ એ ગ્રંથ છે, ચ્યાર વેદકો માંન,
વિધા ચઉદ નિધિ સમો, હરિભદ્ર ભટ જાન ।।૪।।

હરિભદ્રસૂરિના જીવનમાં આમૂલપરિવર્તનનું નિમિત્ત બનનાર યાકિની મહત્તરાનો પ્રસંગ ગેય દેશીમાં વર્ણવતાં જણાવે છે કે -

"એક દિન હરિભદ્ર ભટ્ તિહાં, જાવે ચઉટા મઝાર રે.
ઉપાસરેં મહાસતી યાકિની નામ ઉદાર રે. ધન ધન હરિભદ્ર
સૂરિવરાએ ।।૧।।

સૂત્રની ગાથા રે સાંભલે, સમઝિઓ નહી કાંઈ ભાવ રે.
કાંન દેઈ ફરી સાંભલે માંનું ભવજલ નાવ રે. ધન. ।।૨।। [૪]

चक्किदुगं हरिपणगं, पणगं चक्कीय केसवो चक्की ।
केसव चक्की केसव दुचक्की केससवचक्की य ॥ १ ॥

ગાથાનો અર્થ : ૧ ભરત ૨ સગર. એ બે ચક્રિ જોડે થયા પછે ૧. ત્રિપુષ્ઠ ૨. દ્વિપુષ્ઠ ૩. સ્વયંભૂ ૪. પુરુષોતમ ૫. પુરુષાર્તિએ પાંચ વાસુદેવ લાગલગી થયા પછે ૩ મઘવા, સનતકુમાર ૫ શાંતિનાથ ૬ કુંથુનાથ ૭ અરનાથ એ પાંચ ચક્રવર્તી લાગલગી થયાઃ પછે એક ૬પુંડરીક વાસુદેવ થયો. પછી એક સુભૂમચક્રિ થયો, પછી એક ૭ શ્રીદત વાસુદેવ થયો. પછી એક મહાપધ્મવર્મા ચક્રિ થયો પછે એક ૮ લક્ષ્મણ વાસુદેવ થયો પછી ૧૦ હરિષેણ ચક્રિ ૧૧ જયચક્રિ એ બે ચક્રી લાગલગી થયા પછી એક ૯ કૃષ્ણ (પા.૩૩-પટ્ટા) વાસુદેવ છેલ્લો થયો. બ્રહ્મદત ચક્રો છેલ્લો થયો.

પટ્ટાવલી ચરિત્રાત્મક રચના હોવાથી ક્રમિક ગુરૂ વર્ણનમાં વિશેષતઃ જન્મ અને કૌટુંબિક વિગતો દીક્ષા, પદવી પ્રાપ્તિ, તીર્થોધ્ધાર, જિનમંદિરની પ્રતિષ્ઠા ને શાસન પ્રભાવના, ચમત્કારયુક્ત પ્રસંગ નિરૂપણ, શ્રુત જ્ઞાનોપાસના, ગુરૂના ગુણોનો ઉલ્લેખ વગેરે વિગતો નોંધાયેલી જોવા મળે છે. પટ્ટાવલી ઐતિહાસિક મૂલ્યવાળી રચના હોવાથી જન્મ, પદવી પ્રતિષ્ઠા, કાળધર્મ આદિનો વર્ષનો સંદર્ભ પણ આપવામાં આવ્યો છે.

હીરસૂરિના વર્ણનમાં અકબર બાદશાહની મુલાકાત, વાદી શાંતિચંદ્ર ગણી વગેરે દ્વારા આચાર્ય મહારાજને જિનશાસનની પ્રભાવના થઇ છે તેનું આલેખન થયું છે. અહિંસા પરમો ધર્મના સૂત્રને ચરિતાર્થ કરી બતાવનાર હીરસૂરિનું કાર્ય જૈન સમાજને સાહિત્યમાં અજરામર છે. આચાર્યનો પરિચય, દીક્ષા અને પદવી દર્શાવતા દુહા નીચે મુજબ છે.

સંવત પન્નર ત્રાસિઈં જનમ વરસ ગચ્છરાજ,
સંવત પન્નર બાણુંઈ વૃત ધારક વડલાજ. ॥૨॥
પાટણનગરે પરણવા, આયા બહોતઈ તમાંમ
તે વરઘોડે પરણિયા, સંજમ રમણીતાંમ. ॥૩॥
સંવત સોલસેંહે સાતમે, વાચક પદ અભિરામ,
સંવત સોલસેંહે આઠમે, આચારજ ગુણિ ધામ. ॥૪॥ ૫

ચાંપાદ શ્રાવિકાના વરઘોડાના પ્રસંગથી અકબર બાદશાહની જિજ્ઞાસા જાગીને જૈન ધર્મ પ્રત્યે અનેરું આકર્ષણ થતાં હીરસૂરિની મુલાકાત થઈ છેવટે પ્રતિબોધ પામી હિંસાનાં કૃત્યો અટકાવવા નિયમ લઈને રાજ્ય માટે ફરમાન બહાર પાડ્યાં. કવિ આ પ્રસંગનું વર્ણન કરતાં જણાવે છે કે -

"આઠ દિવસ અઠ્ઠાઈના મુઝ તરફથી રે ચ્યાર,
બાર દિવસ કોઈ જીવનો, હોવે નહિ સંહાર. ॥૧૭॥
ત્રીસ દિવસ નવરોજના, બાર દિવસ સંક્રાત,
અકબર જનમ માસ તણા, ત્રિદિવસ એહ સંત ॥૧૮॥
રવિવાર સહુ વરસના જે હોવે તસમાંન,
સર્વેઈ દના વાસરા સર્વે મિહર દિન જાણ ॥૧૯॥
એ સહુ દિવસ ગણંતાં, માસ સર્વે ષટ હોય,
તેહના ફુરમાના દિયા, સાહ અકમ્બર સોય ॥૨૦॥ ૬

ગુરુ આદેશથી વાચક શાંતિચંદ્ર ગણી દિલ્હીપતિના દરબારમાં રહીને રાજાને ચમત્કાર બતાવે છે. બાદશાહના પિતા હુમાયું મળવા આવે છે, આ જોઈને રાજાને આશ્ચર્ય થાય છે. કવિ જણાવે છે કે-

"કહે વાચક સુનિઈ નૃપત, શ્રી હુમાયુ તવ તાત
તુમ મિલનેકુ આન હૈ, નોબત સોઈ સુનાત (૫ા-૯૧)
ચિત ચમક્યો ચંદની ચઢી, દેખે શ્રી સુલતાન
કૃષ્ણવરણ બહુ ગજધય, લાખૌ ફોજ પ્રમાણ ।।૧।।
તે વિચ ગજ અંબાડિઈ, ચમર ઝપાટા હોય
તાત હુમાઉ સાહને, દેખે અકબર સોય ।।૨।।
ઈંમ ચાલંતે આવિયો, સાહી બાગની પોલ
પિતા પુત્રં દોઉ મિલ્યા, હરખતણે કલ્લોલ ।।૩।।
બેઠા આસન એહવે, હુઈ રસોઈ તયાર.
પુત્રપિતા ભોજન કરી, આયા સભારે મઝાર ।।૪।। (૭)

કવિની અભિવ્યક્તિમાં વૈવિધ્ય પણ રહેલું છે. વૃત્તાંતને માત્ર માહિતી દ્વારા પ્રગટ કરવામાં આવ્યું નથી પણ તેમાં અદ્ભુત રસની સૃષ્ટિ ને રસિક્તાનાં તત્વોનો સમાવેશ કર્યો છે. ધર્મનો પ્રભાવ, ચમત્કારનું નિરૂપણ, દેવ દેવીઓની સાધાનાથી પ્રાપ્ત થતી શક્તિ, મનોવાંછિત પૂર્ણ થવામાં સહાય મળવી, શુભ સ્વપ્ન દર્શનથી લાભ પ્રાપ્તિ-ભાગ્યોદય થવો, ગુરૂ વાણીમાં પુનર્જનમના વૃત્તાંતનો સંદર્ભ ને શંકા નિવારણ વગેરેના નિરૂપણમાં જિન શાસનના શણગાર સમા અણગાર, પંચમહાવ્રતધારી, ધર્મનું સ્વરૂપ સમજાવનાર ગુરુનો જ મહિમા પ્રગટ થયેલો છે.

ધાર્મિક કથા વસ્તુની અભિવ્યક્તિમાં જાણે અજાણ્યે ઉપદેશનું તત્ત્વ આવી જ જાય છે. આ એક સાંપ્રદાયિક મર્યાદા છે. ધાર્મિક રચનાઓ દ્વારા લોકોની ધર્મ ભાવનાનું પોષણ કરી ધર્માભિમુખ બનાવી શાંતિ પ્રાપ્ત થાય તેવા હેતુથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપદેશનું તત્ત્વ

આવી જાય છે. મોટે ભાગે આવો ઉપદેશ ગુરુ મુખેથી આગમ ગ્રંથોના સંદર્ભ દ્વારા વ્યક્ત થાય છે. સાહિત્ય માનવ કલ્યાણની પ્રવૃત્તિનું દ્યોતક બને છે ત્યારે સાંપ્રદાયિક ઉપદેશ હોવા છતાં માનવતાપૂર્ણ વ્યકિતના વિકાસ ને સંસ્કાર ઘડતરમાં ઉપયોગી નીવડે તેમ છે.

કવિનું પૂજા સાહિત્ય વિશેષતઃ માહિતીપ્રધાન હોવાથી જૈનદર્શનની વિગતો પ્રાપ્ત થાય છે. નંદીશ્વર દ્વીપ અને અષ્ટાપદનું વર્ણન જૈન ભૂગોળના ઉદાહરણ રૂપ છે. અડસઠ આગમની પૂજા જૈનધર્મના આગમ ગ્રંથોનો સંદર્ભ પૂરો પાડે છે. તે પણ જ્ઞાનમાર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. કવિને ઈતિહાસ અતિ પ્રિય લાગે છે એટલે એમની રચનાઓમાં જ્ઞાન, ભક્તિ અને ઈતિહાસનો ત્રિવેણી સંગમ થયેલો નિહાળી શકાય છે. પરિણામે એમની કાવ્યકૃતિઓ હૃદયસ્પર્શી બનીને માનવજન્મમાં ભક્તિનો અપૂર્વ લ્હાવો લેવાનું પુણ્ય કાર્ય કરે છે.

એમની ભક્તિ માર્ગની રચનાઓ, દેવ અને ગુરુ પ્રત્યેનો અપૂર્વ પ્રેમ ને શુભ લાગણી પ્રગટ કરે છે. ગુરુ કૃપા અને એમની સેવા વિનય એ શિષ્યને ભવજલધિથી તરવા માટે સાચો માર્ગ દર્શાવે છે. આ પ્રકારના નિરૂપણથી કવિની કલમ અને જિહ્વા પણ કૃતકૃત્યતા અનુભવતી હોય તેમ લાગે છે.

કવિએ પૂજા સાહિત્યમાં નવા વિષયો સ્વીકારીને વિવિધતા લાવવામાં મહત્વનું પ્રદાન કર્યું છે. પટ્ટાવલીની રચના દ્વારા જૈન ઈતિહાસનું પદ્યમાં નિરૂપણ કરીને ઈતિહાસ અને ચરિત્રનો સમન્વય કર્યો છે. સમકાલીન રાજશાસનથી પ્રભાવિત થઈને નવીનતાના દષ્ટિકોણથી સ્થળવર્ણનની ગઝલોની રચના કરી છે જેમાં હિન્દી અને

ઉર્દુ-ભાષાનો વિશેષ પ્રભાવ છે. તેનું વર્ણન પણ કવિની ઐતિહાસિક દષ્ટિને સમર્થન આપે છે. ખંભાત, વડોદરા, પાલનપુર, સુરત, ઉદેપુર, જંબુસર, સિનોર, જેવા સ્થળોનું વર્ણન ગઝલ સ્વરૂપમાં કર્યુ છે. અભિવ્યક્તિની ને કાવ્ય પ્રકારની નવીનતામાં આ ગઝલો આકર્ષક બની છે. એમની લઘુ અને દીર્ઘ કાવ્ય કૃતિઓમાં જૈન દર્શનના કેટલાક વિષયોના વિચારોનો સમન્વય સધાયો છે. તેમાં કર્મવાદ, પુનર્જન્મ ગુરુભક્તિ, તપનો મહિમા, જ્ઞાનોપાસના અને પ્રભુભક્તિ વગેરેનો સમાવેશ થાય છે.

દીપવિજયની કૃતિંઓમાં કેટલીક પ્રચલિત દેશીઓનો પ્રયોગ થયેલો છે. દેશી વિશે ભગવદ્ગોમંડલમાં નીચે પ્રમાણે ઉલ્લેખ થયેલો છે.

"આશાવરી ઘાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ, તેમાં આરોહમાં સારિમપનિ એમ પાંચ સ્વર અને અવરોહમાં સાત સ્વર આવે છે. તેમાં ગધનિ કોમળ છે. તેનો ગ્રહ સ્વર રિં વાદી સ્વર 'સા' સંવાદી સ્વર 'મ' અને ન્યાસ સ્વર 'સા' છે. આમાં 'ગ' ઉપર કંપ મૂર્ચ્છના છે. તે ગાવાનો સમય દિવસનો બીજો પહોર છે. તે શ્રૃંગારરસ ઉત્પન્ન કરે છે. અને અતિશય ચંચળ પ્રકૃતિવાળો છે. પલાસી ઘાટના સંકીર્ણ પ્રકારનાં રાગમાં આ રાગનો સમાવેશ થાય છે." (૮)

ઉપરોક્ત અવતરણ ઉપરથી દેશીઓનો સંગીત સાથેનો સંબંધ કાવ્ય રચનામાં લય સાથે સહયોગ સાધે છે. દેશીઓની લોકપ્રિયતા તેમાં રહેલી ગેયતાને કારણે છે. લયાન્વિત રચનાઓ ભાવવાહી હોવાથી હૃદયસ્પર્શી બને છે. દેશીઓની વિવિધતા પણ નોંધપાત્ર છે. મધ્યકાલીન દેશીઓનો પ્રયોગ વિપુલ માત્રામાં થયો છે.

કવિની દીર્ઘ અને લઘુ રચનાઓ ઢાળમાં વિભાજિત થયેલી છે પ્રત્યેક ઢાળમાં દેશીનો પ્રયોગ થયો છે. વિષયવસ્તુ નિર્દેશ કરવા માટે તેમજ વિસ્તાર કે પરિચય માટે દુહાનો પ્રયોગ થયો છે. ઢાળમાં ગાવું એટલે વિશિષ્ટ લયબધ્ધ રીતે ગાવાની એક પધ્ધતિ. વિવિધ ઢાળોમાં પ્રયોજાયેલી દેશીઓમાં રાગ અને છંદનું મિશ્રણ થયેલું છે. કવિએ છપ્પય, ગઝલનો પણ આશ્રય લીધો છે. દા.ત. કાવી તીર્થ સ્તવનમાં વસ્તુ નિર્દેશ કરતા દુહા નથી. કવિએ ઢાળથીજ સ્તવનનો પ્રારંભ કર્યો છે. ત્રણ ઢાળમાં કાવીતીર્થનો પરિચય કરાવ્યો છે. ગોભદ્ર શેઠ અને શાલિભદ્રની સજ્ઝાયમાં પણ આરંભના દુહા નથી. ચાર ઢાળમાં રચના થયેલી છે. પટ્ટાવલીની રચનામાં દુહાનો ક્રમ સચવાયેલો જોવા મળે છે.

દુહાથી પ્રારંભ કરીને ઢાળમાં વસ્તુ વર્ણન-વિસ્તાર થયો છે. ઉદા. જોઈએ તો -

“ઈહાં પ્રસ્તાવે વરણવું, હરિભદ્રસૂરિ પ્રબંધ;
યાકિની સૂનુ નામ જસ, વરનું લેશ સંબંધ ॥૫॥” (૯)

આર્યસુહસ્તિસૂરિનું વર્ણન કરતી નમૂનારૂપ પંક્તિઓ જોઈએ તો -

“ભવિ તુમે વંદો રે પટધારી ગચ્છરાયા;
આઠમા પટધર રે ભવિજનને સુખદાયા. ભવિ.
આર્ય સુહસ્તિસૂરિ વિચરંતા, આતમકાજ સુધાર્યાં.
બહુમુનિ પરિવારે પરવરિયા, નયરિ ઉજેણી પધાર્યાં. ભવિ. ॥૧॥

આબુ નગરની ઉત્પત્તિ ગઝલ સ્વરૂપમાં દર્શાવી છે.-

“કે મુનિ ધરત ઓરધબાંહે બેઠે તરવરાંકી છાંહે,
રસકી કૂપિકાકેથાંન બેઠે આસનાં ધર ધ્યાંન ॥૪॥

ભેરૂ જાય કે લેતેકે, સોના સિધ્ધકે દેતેકું
જીહાં બહોત દેવતાંકો વાસ, ઈસો અરબુદાચલ ખાસ. ૧૧

રોહિણી સ્તવનની રચનામાં દુહા અને ઢાળનો ક્રમ જોવા મળે છે. પટ્ટાવલીમાં ઘણી જગાએ કવિએ દુહાનો પ્રયોગ વ્યકિત પરિચય કે પ્રસંગ નિરૂપણ માટે કર્યો છે. મહાવીરસ્વામીના પાંચ વધાવાની રચના ઢાળથી જ કરવામાં આવી છે. પટ્ટાવલી એ ચરિત્રાત્મક રચના છે તો તેવાજ પ્રકારની અન્ય રચનાઓ પણ છે. મહાવીરસ્વામીના પાંચ વધાવા અને ગોડી પાર્શ્વનાથ સ્તવન એ પણ મહાવીરસ્વામી અને પાર્શ્વનાથ ભગવાનના ચરિત્રને આલેખે છે. ભગવાનના પાંચ કલ્યાણકની માહિતી ઢાળમાં નિરૂપણ થયેલી છે. અષ્ટાપદની પૂજામાં પણ પ્રથમ તીર્થંકર શ્રી રૂષભદેવ ભગવાનનું ચરિત્ર કેન્દ્ર સ્થાને છે.

કવિની મોટા ભાગની રચનાઓ ઈતિહાસ અને ચરિત્રને અનુસરે છે. પૂજા અને સ્તવનની રચનાઓમાં કથાતત્ત્વનો પણ સંદર્ભ પામી શકાય છે. પ્રસંગ વર્ણન એક લઘુ કથાનો આસ્વાદ કરાવે છે. કેસરીયા તીર્થ સ્તવન, કાવીતીર્થ સ્તવન, રોહિણી સ્તવન, મહાવીરસ્વામી અને પાર્શ્વનાથ ભગવાનના પ્રસંગોનું આલેખન, ગોભદ્ર શેઠ અને શાલિભદ્રની સજ્ઝાયમાં પિતા-પુત્રનો સંબંધ, હીરસૂરિના વર્ણનમાં અકબરબાદશાહ સાથેની મુલાકાતનો પ્રસંગ, વજ્રસ્વામીનું વૃત્તાંત વગેરેમાં કથાનો અનેરો આનંદ માણી શકાય છે. ચંદ્રરાજા અને ગુણાવલીનો પત્ર એક રસિક પ્રસંગની સાથે કથાનો નમૂનો બને છે.

દીપવિજયની રચનાઓ વિવિધ કાવ્યપ્રકારોમાં થયેલી છે. એમની મુખ્ય દીર્ઘ રચના પટ્ટાવલી રાસ નામથી રચાયેલી છે છતાં તેમાં રાસનાં લક્ષણો ચરિતાર્થ થયેલાં જોવા મળતાં નથી. મધ્યકાલીન પરંપરામાં

રાસ-પ્રબંધ જેવા શબ્દો બહુ સામાન્ય ફેરફાર સાથે પ્રયોજાયેલા છે. રાસ રચનાઓ જૈન સાહિત્યમાં વિશેષ પ્રચલિત છે. રાસ સમૂહમાં તહેવારોના દિવસોમાં ગાવામાં આવતા હતા. પૂર્વે થઇ ગયેલા આચાર્યોનું જીવન પણ ગુરૂ ભક્તિ થી પ્રેરાઇને રાસરૂપે કવિએ નિરૂપણ કર્યું છે. મહાવીર-સ્વામીના 'વધાવા' એ રચનામાં 'વધાવા' સંજ્ઞા ભગવાન પ્રત્યેનો અપૂર્વ સન્માનનો ભાવ પ્રગટ કરે છે. તે મંગલસૂચક સંજ્ઞા છે કે જેમાં ચરિત્રાત્મક નિરૂપણ થયેલું છે. ગોડીપાર્શ્વનાથ સ્તવન પણ પાંચ કલ્યાણકનું નિરૂપણ કરે છે. અન્ય કવિઓએ પણ (પંચકલ્યાણક) સ્તવન નામથી રચનાઓ કરી છે. કવિએ 'વધાવા' પંચ કલ્યાણક અને અન્ય સ્તવનો, સજઝાય, ગહુંલી, પત્રરચના, સ્તુતિ, ચૈત્યવંદન, પૂજા વગેરે સ્વરૂપમાં કાવ્ય સર્જન કર્યું છે. રૂપિયાની સજઝાયને ગહુંલી નામ સાથે પણ જોડવામાં આવે છે. આ કૃતિમાં ધનનો મહિમા દર્શાવવાની સાથે વિનોદ અને કટાક્ષ દ્વારા તેના પ્રત્યેનો રાગ ન રાખવાની બોધાત્મક વાણી વ્યક્ત થયેલી છે. સાંપ્રદાયિક રચનાઓમાં આ કૃતિઓ કવિની કાવ્યત્વની દષ્ટિએ નવીન ને દષ્ટાંતરૂપ બને છે. પત્રરૂપે રચાયેલી ચંદરાજા અને ગુણાવલીની કૃતિમાં રાજા રાણીના અનન્ય પ્રેમનું રસિક શૈલીમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. કાવ્યની મંજુલ પદાવલીઓ તેમાં રહેલી પ્રાસાદિક્તા અને શ્રૃંગારનો વૈભવ કાવ્યત્વને અનુકૂળ બને છે. વળી કવિએ પોતાની અભિવ્યક્તિમાં મધ્યકાલીન સમયની રચનાઓમાં ઉખાણાનો પ્રયોગ થતો હતો તેનું અનુસરણ કરીને કંઇક નવીનતા લાવવાનો પ્રયત્ન કર્યો છે.

સાહિત્ય કૃતિમાં શીર્ષકની પસંદગી પણ કવિની શક્તિનો પરિચય કરાવે છે. સંક્ષિપ્ત અર્થપૂર્ણ શીર્ષકથી પ્રથમ દષ્ટિએ કૃતિનો સામાન્ય ખ્યાલ આવે છે. કવિએ શીર્ષકની પસંદગીમાં વ્યકિત અને સ્થળ કેન્દ્રમાં

રાખ્યાં છે. પટ્ટાવલીમાં પ્રત્યક્ષ રીતે વ્યક્તિનું સૂચન થતું નથી પણ પરોક્ષ રીતે તો પૂર્વકાલીન આચાર્યોનાં નામનો સંદર્ભ છે. અન્ય રચનાઓમાં રોહિણી, વિજય શેઠ, વિજ્યા શેઠાણી, ગોભદ્ર શેઠ, મહાવીર-સ્વામી, પાર્શ્વનાથ, આદીશ્વર, ચંદરાજા-ગુણાવળી, માણિભદ્ર વગેરે વ્યક્તિ લક્ષી શીર્ષકનાં ઉદાહરણ છે. સ્થળ વિષયક શીર્ષકોમાં સુરત, જંબુસર, પાલનપુર, વડોદરા, ઉદયપુર, કેશરીયાજી, કાવી, ખંભાત, અષ્ટાપદ્ નંદીશ્વર, સિધ્ધાચલ વગેરેનો ઉલ્લેખ થયેલો છે. આ પ્રકારની લાક્ષણિક્તા મધ્યકાલિન પરંપરાનું અનુસરણ છે. ચરિત્રાત્મક વસ્તુ હોવાથી વ્યક્તિને કેન્દ્રમાં રાખીને જૈન દર્શન અને જૈનાચારના જીવન વિશેની રસપ્રદ માહિતીનો કવિએ વિસ્તાર કર્યો છે.

મધ્યકાલીન કવિઓએ પોતાની રચનામાં પોતે કવિ છે એવો ઉલ્લેખ કાવ્યપંક્તિઓમાં કર્યો છે. જૈન કવિઓની રચનાઓમાં પણ આજ અનુસરણ થયેલું છે. પ્રેમાનંદ પોતાનો પરિચય આપતાં જણાવે છે કે -

"કૃષ્ણસુત કવિ પ્રેમાનંદ" "સાંગણ સુત કવિ ઋષભદાસ" "ધીર વિમલ કવિ સેવક નય કહે" "રૂપવિજય કવિરાયનો રે, મોહન જયજયકાર" "ક્ષિમા વિજય કવી પદકજ મધુકર" "હંસ વિજય કવિ રાજનોજી મોહનવિજય ગુણ ગાય." પંડિત હંસ્તિવિજય કવિરાય એહવા સુગુરૂ તણો પસાય" વગેરે ઉદાહરણોને આધારે કવિ છે એમ સ્પષ્ટ થાય છે. જોકે બધાજ કવિઓમાં આ પ્રકારનો નામોલ્લેખ થયેલો નથી પણ કેટલાક કવિઓમાં આવી રીત જોવા મળે છે.

જૈન સાધુઓ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના અભ્યાસી હોવાથી ગુજરાતી ભાષામાં ગદ્ય કે પદ્ય રચના કરતી વખતે તેનો પ્રભાવ પડ્યો

છે. સમકાલીન રાજકીય પરિસ્થિતિના સંદર્ભમાં વિચારીએ તો હિન્દી અને ઉર્દુ ભાષાનો પણ પ્રભાવ પડેલો છે. એટલે દીપવિજય કવિરાજની વિવિધ રચનાઓનો અભ્યાસ કરતાં એમની ભાષા સમૃધ્ધિ પણ અત્રે ઉલ્લેખનીય છે. બધીજ રચનાઓ ગુજરાતીમાં હોવા છતાં ઓછેવત્તો ઉપરોક્ત ભાષાનો વૈભવ પણ નિહાળી શકાય છે. એમનું ગુજરાતી ભાષાનું સ્વરૂપ પણ પ્રાકૃત અને અપભ્રંશના મિશ્રણવાળું છે. હિન્દી અને ઉર્દુના શબ્દોનો પ્રયોગ પણ તેમાં થયેલો છે.

કવિની ભાષાકીય વિવિધતા માટે કેટલાંક ઉદાહરણ નીચે મુજબ નોંધવામાં આવે છે.

પ્રાકૃત અપભ્રંશ શબ્દ પ્રયોગમાં અન્ત્ય 'અ' અને 'ઈ' નો અ-ઉ ના અનુક્રમે અર્ધવિવૃત 'એ' અને 'આ' થાય છે. ઉદા. ચઉદ-ચૌદ ચઉવેદ-ચારવેદ, ચ્યાર-ચાર, ચઉટ-ચોટા, તાહરું-તારું,

અનાદ્ય 'શ' નો 'સ' થાય છે. એકવડા વ્યંજનોનું પરિવર્તન થાય છે. દા.ત. પ્રકાસ- પ્રકાશ, આસાતના-અશાતના સંસય-સંશય અસોક-અશોક, સાસન-શાસન, જગદીસ-જગદીશ, સિઘ્ર-શીઘ્ર, સિથિલ-શિથિલ કવિની ભાષામાં હેમચંદ્રીય ગૌજર અપભ્રંશ અને જૂની પશ્ચિમી રાજસ્થાનીનો પ્રભાવ પડ્યો છે.'ઈ' દીર્ઘસ્વરનું હ્રસ્વ કરવાનું વલણ જોવા મળે છે. દા.ત. બોલીઈ, સુણીઈ, જાણિઈ.

સંસ્કૃત ભાષાના શબ્દોનું પ્રાકૃતમાં પરિવર્તન થતાં 'મ,' અને 'ણ' જગાએ અનુસ્વરનો ઉપયોગ થાય છે.

પ્રક્ષેપ કે પ્રક્ષિપ્ત શબ્દપ્રયોગ કોઈપણ પ્રયોજન વગર જ્યારે કોઈ વર્ણ શબ્દમાં આવી જાય છે ત્યારે આવા શબ્દોની રચના થાય છે. આ માટે આગંતુક વર્ણ પ્રક્ષેપવર્ણ કહેવાય છે. દા.ત. કિરિયા-ક્રિયા, નરિંદ

- નરેન્દ્ર, સૂરીસરું-સુરીશ્વરું.

કઠિન સંયુક્તાક્ષરના ઉચ્ચારણની મુશ્કેલી નિવારવા માટે સ્વર ઉમેરવામાં આવે છે. નિવાર્ણ-નિરવાણ, સાધ્વી-સાધવી, જન્મ-જનમ, સ્મરણ-સમરણ, સંપૂણ-સંપૂરણ, પૂર્વ-પૂરવ, હર્ષિત-હરખિત, પદાર્થ-પદારથ, તખ્ત-તખત, શ્રી-સિરિ, પ્રધાન-પરધાન, દર્શન-દરિશન એમની રચનાઓમાં લઘુ પ્રયત્ન 'હ' શ્રુતિનો પ્રયોગ થયેલો છે. તાહરું, માહરું, કેહની, લહેરસ્યે, પોહોતા, મોહોચ્છવ, અનુસ્વારનો વિશિષ્ટ પ્રયોગ થયો છે. દા.ત. કુંમર, ખાંનપાંન, કાંમ, કહેં, નહિં, નેંણ, ધ્યાંન, કૌન, ભાંણા, કેંહેવાય, વરિંઇ, સસયેં, પૂછેં, જાંણી, હોંવે, દાંન, વગેરે તેમાં બોલીનો પ્રભાવ છે.

જિહાં-તિહાં, જેહ-તેહ, તિણે-ઈણે, જેવાં સાપેક્ષ અવ્યયનો પ્રયોગ જોવા મળે છે.

કવિની જોડણી વિશેની એકસૂત્રતા જોવા મળતી નથી. એકજ શબ્દ બે રીતે લખાયેલો જોવા મળે છે.

સૂત્ર-સુત્ર, સૂર-સુર, તીરથ-તિરથ, ગુરુ-ગુરૂ, વગેરે જેવા શબ્દો ઉદા. રૂપ છે.

કવિની ભાષાનો વિચાર કરતાં ગુજરાતી ભાષાનો વિશેષ પ્રયોગ છે. છતાં અભિવ્યક્તિમાં હિન્દી, ઉર્દુ , પ્રાકૃત અને અપભ્રંશનો પ્રભાવ પડેલો છે. એટલે ઉપરોક્ત ભાષાના શબ્દોનો વાક્યમાં પ્રયોગ થયેલો છે.

હુઆ, હુઇ, બિચ, ક્યિો, બહોત, મુઝ, બાહિર, તીન, તુઝ, મારવાડી બોલીનો પ્રભાવ દર્શાવતા કેટલાક શબ્દો જોઈએ તો પરંપરે છે. અજેસીંજી, કરાયો, વસાયો, કહાયો, લડાયો, જોવેં, માંન, થાંન,

પરવ્તેં, ધ્યાન, તપતેં, જાયતેં, તપયાકું, આસનાં વગેરે.

એમની કૃતિઓમાં જૂની પશ્ચિમી રાજસ્થાની ભાષાના શબ્દપ્રયોગ મળી આવે છે. દા.ત.માંહિ, તણઉ જેવા શબ્દો ઉપરાંત નામને અંતે અઉ, આઉં, ઈઉ, એઉનો પ્રયોગ થયો છે. ભવિષ્ય કાળના ક્રિયાપદમાં કરિસુ, કરિસઉ, અને વર્તમાન કાળમાં હઉ, કરઈ, કરઉ નો પ્રયોગ થયો છે.

કવિની પ્રતિભાનો વિચાર કરતાં અલંકારયોજના ધ્યાન ખેંચે છે. તેમાં વર્ણાનુંપ્રાસનો વિશેષ પ્રયોગ છે. કેટલાંક ઉદાહરણોથી આ વાત સ્પષ્ટ થશે.

પોરવાડ મંત્રી, વિમલ મંત્રીસર પુણ્યપ્રતાપી ભાણ
ચિત્ત ચમક્યો ચંદની ચઢી દેખે શ્રી સુલતાન,
"સૂરિ મંત્ર સંઘની સાખે સુપિયો રે કરજો આચારજ વડ નૂર"
પંચમે આરે જ્ઞાન વિલાસી, પ્રગટ્યા પુણ્ય પ્રતાપીજી.

ગુણવંતા ગુણવંતના ગુણ ગાવે ગુણજાણ
ભૂમંડલ પર ભવિજન તારતા ભવિલોક
સુર સુપન દીઠો તિણે સુ. સુરચંદ ઠવિયો નામ
સરવારથનાં સુર સુખપાળી સાગર તેત્રીસ આયરે. (વર્ણાનુપ્રાસ)
દીપવિજય કહે પ્રભુતા પ્રગટે પ્રભુને પ્રભુતા દીજેરે. (વર્ણાનુપ્રાસ)
ગરૂજી ધૈર્ય સૌડીર્ય ગાંભીર્ય રે
પાલે ચરમ ધરમ સ્વીકાર્ય. (શબ્દાનુપ્રાસ)
એ ગુરૂ ગાત સુગાત હુઓ જગવિખ્યાત (અન્ત્યાનું પ્રાસ)
નામ સુમતિ પરિણતિ સુમતિ સુમતિકરણ ગચ્છરાજ (શબ્દાનુપ્રાંસ)
સોમકરણ મનિયા રાજનગર તણો રે

રાજિયો વાજિયો સાહસુનાણ (શબ્દાનુપ્રાંસ)
કિરતિ જગમાં જેહની દશ દિશિ વ્યાપી રે
વેલી જસની સઘળેં થાપી રે (ઉત્પ્રેક્ષા)
તે જગ લોચન જ્ઞાનને વંદો, વલી કરવા બહુમાંનરે. (રૂપક)

કવિની રચનાઓમાં દ્રષ્ટાંતોનો મોટા પ્રમાણમાં સંદર્ભ મળી આવે છે.

મુનિહત્યાના પાપ વિશે દ્રષ્ટાંત દ્વારા હિંસા ન કરવા માટેનો મૂળભૂત વિચાર પ્રગટ કર્યો છે.

"જુઓને રોહિણી જીવડે, કીધો મુનિનો ઘાત. સા.
અનંત ભ્રમણભવ બહુ કીયો દુરગંધા હુઓ ગાત. સા.
દ્રૌપદી જીવડો પાતકી સુકુમાલીં ભવ જોય. સા.
કડવું તુંબ વોહોરાવીયું, અનંત ભ્રમણભવ હોય. સા."

આચાર્ય ચંદ્રસૂરિના વર્ણનમાં એમના ગુણોની ચંદ્ર સાથે તુલના કરીને એકજ ઉપમાથી અભિવ્યક્તિ કરી છે.

"હાંરે વારી ચંદ્ર જિસ્યા છે, ઉજ્જવલ જેહના ભાવ જો
ચંદ્ર જિસી છે કીરત ગુરુની ઊજલીરે લોલ
હાંરે વારી વ્રત જેહનાં છે ઉજ્જવલ ચંદ્ર સમાન જો
હાંરે વારી ચંદ્ર જિસ્યો છે ઉજ્જવલ જેહનાં જ્ઞાન જો.

સામંતસૂરિનો પરિચય આપતાં કવિ ઉપમા દ્વારા જણાવે છેકે-
સોલ કલા શશિસમ વદન, જિપક સોલ કષાય
શ્લોકતણી ઉદ્ઘોષણા, માંનું જલધર ગાજ (ઉત્પ્રેક્ષા)
"કામધેનુ ને કલ્પતરુ પણ, નહીં કોઈ તારણરૂપ રે

તારણરૂપ જ્ઞાન છે જગમાં જાંણે જ્ઞાની સહુરૂપ" (વ્યતિરેક)
તું વ્હાલો નહીં તાહરેજી, વ્હાલી સાસુ છે એક
તો વહુને સાસુ મળીજી, મોકલે મ્હાલજયો છેક (વક્રોકિત)
વ્હાલાનો કાગળ દેખીને, ટળીયા દુઃખનો વૃંદ રે
પિયુને મળવા જેટલો ઉપન્યો છે આણંદ (સ્વાભાવોકિત)
"તુજ સજ્જન ગુણ સાંભરેજી, ક્ષણ ક્ષણમાં સો વાર
પણ તે દિન નવિ વીસરેજી કણેરની કાંબ બે ચાર" (સ્મરણ)
હું તો અવગુણની ભરી, અવગુણ ગાડાં લાખ રે (વ્યાજસ્તુતિ)
"મેરૂ મહીધર ઠામ તજે જો ઉદધિ મરજાદ મૂકે
ચંદ્રમંડલથી પાવક પ્રગટે, તોહિ વયરસૂરિનવિ ચૂકે" (અતિશયોક્તિ)
ઘુઘરારે ધમકાર ધમક ધમક વાજે. (વર્ણાનુપ્રાસ)

અડસઠઆગમની પૂજામાં આગમનો મહિમા દર્શાવતી ઉપમાઓ અર્થબોધ કરવામાં સફળ નીવડે છે.

કામકુંભ સમ ઉપમા સુરતરૂ સમ રાજે,
મંદિર ગીરીવર ઉપમા, રવિ સસિ સમ છાજે.

કવિની હસ્તપ્રતોનો અભ્યાસ કરતાં એમ જાણવા મળે છે કે જોડણી અંગે કોઇ ચોક્કસ ધોરણ જળવાયું નથી. હ્રસ્વ-દીર્ઘ અનુસ્વાર વગેરેમાં વિરોધાભાસ જોવા મળે છે. જૈન સાધુઓ સંસ્કૃત-પ્રાકૃત ભાષાના અભ્યાસી હોઇ આવી સ્થિતિનું કારણ સ્થાનિક વર્ગને જ્ઞાનમાર્ગની વિચારધારા આત્મસાત્ કરવાની ભાવના હોવાનો સંભવ છે. લહિયાએ લખતી વખતે બેદરકારી દાખવી હોય તો પણ આવી સ્થિતિ સર્જાઇ હોવાનો સંભવ છે. વિરામ ચિહ્નો કે પરિચ્છેદનો કોઇ સંબંધ નથી. સંસ્કૃત પધ્ધતિ પ્રમાણે દંડનો '।।' નો ઉપયોગ મોટા પ્રમાણમાં છે. ત્યારે

વાચકવર્ગ પૂર્ણવિરામ પોતેજ વિરામ ચિહ્નો સમજીને વાંચે એમ લાગે છે. સાંપ્રદાયિક રચનાઓમાં પારિભાષિક શબ્દોના જ્ઞાન વગર આસ્વાદ કરવામાં અવરોધ થાય છે. સાંપ્રદાયિક સાહિત્યની વિશેષતાઓ હોવા છતાં આ એક મોટી મર્યાદા છે. આવા શબ્દોપ્રયોગો હોવા છતાં જૈન તત્ત્વજ્ઞાન અને ગુરૂ પરંપરાના ભવ્ય વારસાનું મહત્વના પ્રસંગોના નિરૂપણ દ્વારા આચમન કરાવવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. સીધી સાદી વાણીને લોકભોગ્ય દેશીઓના પ્રયોગથી કાવ્ય રચનાઓ દુર્બોધ બની નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાની દુર્બોધ રચનાઓને સરળ ગુજરાતી ભાષામાં લયબધ્ધ રીતે સર્જન કરી જ્ઞાનામૃતનો અનેરો આસ્વાદ કરાવે છે.

કવિનો અનન્ય ઈતિહાસ પ્રેમ અને જૈન ધર્મના ભવ્ય સાંસ્કૃતિક વારસાનું દિગ્દર્શન કરાવવાનો અદમ્ય ઉત્સાહ પટ્ટાવલીમાં દ્રશ્યમાન છે.

તીર્થંકર ભગવંત અને પૂર્વાચાર્યોનાં જીવનવૃત્તાંત માનવ કલ્યાણની ભાવનાથી સર્જાયાં છે. આ ચરિત્રો માનવીય ગુણોના વિકાસ ને સંવર્ધન માટે પૂરક બને છે. જીવનની સાત્વિક્તાના ક્ષેત્રમાં પ્રવેશ કરાવીને આમૂલ પરિવર્તન લાવી સાચા માનવીના ઘડતરમાં દિશાસૂચન કરે છે. આવાં ચરિત્રોને કારણે ઉન્માર્ગે ગયેલા માનવીને સન્માર્ગે આવવા માટેની નવી દિશા ઉઘડતાં નરભવ સફળ થાય છે. કવિની ઘણી બધી રચનાઓમાં ઈતિહાસ તરફનું વલણ પ્રગટ થયેલું છે. રોહિણી તપની આરાધનાનું સ્તવન, વિજયલક્ષ્મીસૂરિ સ્તુતીમાળામાં ગુરુભક્તિ ને પ્રેમ, કેસરીયાજી અને કાવી તીર્થ સ્તવનમાં તીર્થની ઉત્પત્તિનો સંદર્ભ, માણિભદ્ર છંદ-આરતીમાં માણિભદ્રની આરાધનાની પરંપરાનો ઉલ્લેખ, અષ્ટાપદ અને નંદીશ્વરની પૂજામાં જૈન ઈતિહાસ અને ભૂગોળનો સમન્વય કરતી

વિગતો, અડસઠ આગમની પૂજામાં જૈન ધર્મ અને સાહિત્યના કિંમતી વારસાના વર્ણન દ્વારા શ્રુતજ્ઞાન પ્રત્યેની અપૂર્વ ભક્તિ, કવિની સ્થળવિષયક ગઝલોમાંથી પ્રગટ થતું સમકાલીન સ્થળચિત્ર ને વાતાવરણ વગેરે લઘુ અને દીર્ઘ કૃતિઓ આના ઉદાહરણરૂપ છે. કવિની અભિવ્યક્તિમાં લાઘવતા પણ રહેલી છે. ઘણા થોડા શબ્દોમાં સંયમ જીવનનો પરિચય આપતાં કવિ જણાવે છે કે -

"છંડયાં કંચન કામિની, છંડયાં રાજ ઉદાર સા.
છંડયાં મોહ કુટુંબના, ધનધન એહ અણગાર."

ધાર્મિક સાહિત્યની સૃષ્ટિમાં ચમત્કારના પ્રસંગો જનસાધારણને વધુ આકર્ષે છે. આવા ચમત્કારો ગુરુના અર્પૂવ જ્ઞાન અને સાધનાના પ્રભાવથી દેવ-દેવીઓની પ્રત્યક્ષ કે પરોક્ષ સહાયથી સર્જાય છે.

માનદેવસૂરિએ લઘુ શાંતિની રચના કરીને સાકંભરી નગરીમાં મરકીનો ઉપદ્રવ શાંત કર્યો, બાણ અને મયુરની વિદ્વત્તા સિધ્ધ થવાના પ્રસંગે સરસ્વતી દેવી પ્રગટ થઈને બન્ને સમાન છે એવો જવાબ આપવો, માનતુંગસૂરિએ ભક્તામર સ્તોત્રની રચના કરી ને એક એક શ્લોકના પ્રભાવથી લોખંડની બેડીઓ તૂટી-ગઈ, રોહિણીના નાના બાળકનું દેવદ્વારા રક્ષણ, પલ્લવ પાર્શ્વનાથની ઉત્પત્તિ, શાંતિચંદ્રસૂરિ દ્વારા અકબર બાદશાહ અને હુમાયુની મુલાકાત કરાવવી, શાહી નોબત વાગવી તે પ્રસંગ, સિધ્ધસેન દિવાકરની કલ્યાણ મંદિર સ્તોત્રની રચના, કેસરીયા તીર્થના સ્તવનમાં ગાયો દૂઝતી થઈ તે પ્રસંગ, વગેરેમાં ચમત્કારનું નિરૂપણ થયેલું છે. આ ચમત્કારો ભક્તોની શ્રધ્ધા દ્રઢ કરે છે. અને ધર્માભિમુખ થવા પ્રેરે છે.

ભારતીય સંસ્કૃતિના પાયામાં ધર્મ છે, ધર્મમાં પણ કર્મ અને પુનર્જન્મનો સિધ્ધાંત કેન્દ્ર સ્થાને છે. શુભાશુભ કર્મ પ્રમાણે જીવનમાં સુખદુઃખ આવે છે એવી દ્રઢ માન્યતાને કારણે ભારતીયજનતા ધર્મની આસ્થાથી અન્ય દેશના લોકો કરતાં વધુ સ્વસ્થતા ને સહનશીલતાથી જીવન વીતાવે છે. જીવનમાંથી શ્રધ્ધા જતી રહે ને હતાશ નિરાશ બનીને આત્મહત્યા કરે તેવા પ્રસંગો પશ્ચિમની સંસ્કૃતિની સરખામણીમાં ભારતમાં ઓછા છે તેમાં ધર્મનો આધાર કે શરણ કામ કરે છે. ધાર્મિક સાહિત્યમાં કર્મવાદ અને પુનર્જન્મના પ્રસંગોનું પણ આલેખન અવાર નવાર થાય છે. રોહિણીના સુખનું કારણ ગોભદ્રશેઠ અને શાલિભદ્રની સજ્ઝાયમાં પૂર્વજન્મનો સંબંધ, સંપ્રતિ રાજાને આર્યસુહસ્તિસૂરિના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને પૂર્વ ભવના ઉપકારી ગુરુ પ્રત્યે ભક્તિ ભાવ પ્રગટ થયો ને સવા કરોડ જિનબિંબની રચના કરાવી શાસનની પ્રભાવના કરી. ચંદ્રરાજા અને ગુણાવલીનો વિરહ, સિધ્ધરાજ નિઃસંતાન હતો તેનું કારણ દર્શાવતાં હેમચંદ્રાચાર્ય પૂર્વજન્મમાં ગર્ભવતી નારીની હત્યાનો પ્રસંગ કહે છે. સોમસુંદરસૂરિની દ્વેષથી હત્યા કરવા આવેલા અનુચરને આચાર્ય ભગવંત ઉપદેશ આપતાં કર્મવાદનું પ્રતિપાદન કરે છે.

"સકલ જીવ વશ કર્મને, કુંણ રાજા કુંણ ચંડ,
અમ મન સરીખા દોય છે, શત્રુ મિત્ર અભિરામ."

વગેરેમાં કર્મ અને પુનર્જન્મનો સંદર્ભ ગૂંથાયેલો છે. અલંકાર કે રસ વગરની કાવ્ય રચના ભાગ્યેજ પ્રાપ્ત થાય. કાવ્ય સર્જનની પ્રવૃત્તિમાં સહજ રીતે તેને અનુરૂપ લય અને કોઇ કોઇ અલંકાર આવી જાય છે. કેટલીક વખત કવિ કર્મ દ્વારા પણ અલંકારો સ્થાન પામેલા હોય છે. કાવ્યરસ વાચકવર્ગને પ્રત્યાયનમાં પૂર્તિ કરે છે. દીપવિજયની રચનાઓનું

વિષયવસ્તુ ધાર્મિક હોવાથી શાસ્ત્ર-વિરૂધ્ધ ન લખાય તે દ્રષ્ટિએ તેઓ અભિવ્યક્તિ કરે છે ત્યારે ચમત્કાર નિરૂપણના પટ્ટાવલીના પ્રસંગોમાં અદ્‌ભૂત રસની સૃષ્ટિનો અનુભવ થાય છે. ધાર્મિક રચનાઓ હોવાથી તેમાં ભક્તિ રસ-શાંતરસ હોય તે તો નિર્વિવાદ છે. કવિની ભક્તિ નરસિંહ કે મીરાંબાઇ જેવી સહજ સાધ્ય નથી. એ તો જ્ઞાન માર્ગ છે. હૃદય કે ચિત્તની લાગણીને બદલે બુધ્ધિને સ્પર્શે છે એટલે જ્ઞાનમાર્ગનું અનુસંધાન થતું હોવાથી આ રસનું સાતત્ય જળવાતું નથી. ચંદ રાજા અને ગુણાવલીના પત્રમાં રહેલી શ્રૃંગાર રસની ભૂમિકા, રોહિણીના વૃત્તાંતમા કરૂણ અને શાંત રસનો સમન્વય, કેસરીયાજી સ્તવનનો અદ્‌ભૂત રસ, અબોલડા સ્તવનનો કરૂણ રસ, પટ્ટાવલીના પ્રસંગોમાંથી અનુભવાતો ભક્તિ શ્રૃંગાર ને અદ્‌ભૂત રસ, અષ્ટાપદની પૂજામાં મરૂદેવી માતા અને ભરતના નિરૂપણમાં રહેલો કરૂણ રસ અને અંતે તેમાંથી ભક્તિ રસનો અનેરો આસ્વાદ કરાવવાનો પ્રયત્ન વગેરે દ્વારા કવિની કેટલીક રસનિરૂપણ કલાનો પરિચય થાય છે. માહિતી પ્રધાન રચનાઓમાં કાવ્યની દષ્ટિએ રસ તત્ત્વ પ્રગટ થઈ શક્યું નથી. નંદીશ્વર અને અડસઠ આગમની પૂજા, ચૈત્યવંદન, સ્થળ વિષયક ગઝલો, કાવી તીર્થ સ્તવન વગેરે માહિતી પ્રધાન કૃતિઓના ઉદાહરણ રૂપ છે.

કવિની ગદ્ય કૃતિઓ ઐતિહાસિક વસ્તુને વિશેષ સ્પર્શે છે. તેરાપંથ ચર્ચા બોલમાં ભારમલજી-ખેતસીજી સાથેના પ્રશ્નોત્તર દ્વારા શંકા નિવારણ કરીને શ્વેતામ્બર મતના વિચારોનું સમર્થન કરવાની ચતુરાઈ પ્રગટ થાય છે. મહાનિશીથ સૂત્રનો પ્રાથમિક પરિચય આપીને આગમના સાહિત્ય પ્રત્યેની પ્રીતિનું દર્શન થાય છે. ચૌમાસી વ્યાખ્યાનની કૃતિ દ્વારા પરંપરાગત રીતે સાધુઓ ચાર્તુમાસમાં શ્રાવકોને ઉપદેશ આપીને વિરતિ ધર્મ તરફ વાળવાનો પ્રયત્ન કરે છે. તેનો સંદર્ભ મળી

રહે છે. એમની ગદ્ય શૈલી સરળ ને સુગ્રાહ્ય છે. તેમાં નાનાં વાક્યો, પ્રસંગના મહત્વની વિગતો, શાસ્ત્રીય આધાર, વર્ણનનો અભાવ, દ્રષ્ટાંતોનો સંદર્ભ, પારિભાષિક શબ્દોનો વિશેષ પ્રયોગ, ઉપદેશાત્મક વિચારો વગેરે લક્ષણો છે. જૈન ગદ્ય વિકાસમાં એમની રચનાઓ મહત્વપૂર્ણ બને છે. ભાષામાં સ્થાનિક પ્રભાવ વિશેષ છે. એટલે કવિએ સ્થળ-કાળને અનુસરીને ભાષાનો પ્રયોગ કર્યો છે. તેમાં હિન્દી, મારવાડી, ગુજરાતી શબ્દોની લઢણ જોવા મળે છે.

પદ્ય કૃતિઓ કરતાં ગદ્યની સંખ્યા ઓછી છે. છતાં તેમાં પણ કવિંના અંતરમાં રહેલી ધર્મભાવના ને ઈતિહાસ પ્રિયતાનાં દર્શન થાય છે.

કવિની કૃતિઓનો અભ્યાસ કરતાં એમ જણાય છે કે કવિએ સમકાલીન સામાજિક અને રાજકીય પરિસ્થિતિને અનુકૂળ થઈને સર્જન કર્યું છે. લોકભાષાનો પ્રયોગ કરીને જન સાધારણ સુધી પોતાના વિચારો પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. એટલે ભાષામાં પણ સ્થળ-કાળનો સંબંધ જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના વિહાર અને નિવાસ દરમ્યાનની પૂજા, સ્તવન, સજ્ઝાય, ગણધર દેવવંદન વગેરેમાં ગુજરાતી ભાષાનો રણકાર ને વલણ જોવા મળે છે. ગઝલોમાં રાજકીય પ્રભાવ છે તો ગદ્યકૃતિઓમાં ગુજરાતી, હિન્દી અને મારવાડી બોલીનું મિશ્રણ છે. એટલે કવિની ભાષામાં વિવિધતા રહેલી છે.

પ્રત્યેક સર્જકની કૃતિઓનું મૂલ્યાંકન કરતાં કેટલીક મર્યાદાઓ પણ સ્પષ્ટ રીતે જોવા મળે છે. સાંપ્રદયિક રચનાઓ અને જૈન ધર્મના મત અનુસાર શાસ્ત્ર વિરુધ્ધ કોઈ પણ કલ્પના કે તર્ક થઈ શકે નહીં એટલે આ બંધનને કારણે કાવ્યમાં કલ્પના વિહાર અને તેનાથી

કલાત્મકતાનું અવતરણ પરિપૂર્ણ થઈ શકતું નથી. કવિને ઈતિહાસ અને ધર્મના વસ્તુને વફાદાર રહેવાનું છે. એટલે એમની અભિવ્યંક્તિમાં કેટલીક વિશેષતાઓ હોવા છતાં મર્યાદા પણ બની રહે છે. વર્ણનમાં એકવિધતા રહેલી છે. પૂર્વાચાર્યોના વર્ણનમાં અભ્યાસ, પદવી, પ્રતિષ્ઠા, મહોત્સવ, ચમત્કારના પ્રસંગો વગેરે સર્વ સામાન્ય રીતે રહેલા છે. ચરિત્રાત્મક કૃતિઓ હોવા છતાં ચરિત્રની વિવિધતા જોવા મળતી નથી. આવી વિવિધતા નહિ હોવાના કારણે ઈતિહાસની વફાદારી હોવાનો સંભવ વિશેષ છે. ક્રમિક રીતે આચાર્ય અને ગુરુ પરંપરાનું નિરૂપણ કરવા જતાં વિસ્તારના ભયથી બચવા માટે આવો ઉલ્લેખ થયેલો છે. દરેક ધર્મમાં ગુરુ મહિમા ગાવાની પ્રણાલિકા જોવા મળે છે. છતાં અહીં ગુરુ મહિમાની અતિશયતા મર્યાદા બની જાય છે. ગુરુ કૃપા એમની સેવા અને તે સિવાય શિષ્ય કશુંજ પ્રાપ્ત કરી શકે નહિ એવી એક-વિધતાવાળું નિરૂપણ ગુરુ પ્રત્યે અહોભાવ પ્રગટ કરાવવામાં સમર્થ બની શકે તેમ છે. છતાં તે સાંપ્રદાયિક્તા સિવાય અન્ય લોકોને સ્પર્શી શકે તેમ નથી એટલે સાંપ્રદાયિક રચનાઓની આ એક મર્યાદા ગણાય છે. સમકાલીન રાજકીય પ્રભાવથી રાજા કે અધિકારીને પ્રસન્ન કરવા પોતાની કવિત્વ શક્તિનું દર્શન કરાવવું કે નવીનતાના મોહમાં કવિએ ગઝલો રચી છે. જેમાં ગઝલના સ્વરૂપને અનુરૂપ થવા શબ્દોની તોડફોડ વિશેષ રૂપે થયેલી છે. ત્યાગને વરેલા સાધુઓ આવા સમકાલીન તત્ત્વને વશ થઈને વર્ણન કરે તે ઉચિત નથી લાગતું. કવિની ભાષા શક્તિનો વિચાર કરતાં એકવિધતા જોવા મળતી નથી. વિહાર કરીને જ્યાં જે ગામ અગર શહેરમાં રહ્યા હોય તેમ તેને અનુરૂપ ભાષા-શબ્દોનો પ્રયોગ થયેલો છે.

ઉદેપુર અને મારવાડની વિહાર દરમ્યાનની ગદ્ય પદ્ય રચનાઓમાં

મારવાડી બોલીનો પ્રભાવ પડ્યો છે. સાધુઓ પોતાના લેખન અને વ્યાખ્યાન દ્વારા જનસમૂહને ધર્મ બોધ આપવાનો પ્રયત્ન કરેં છે ત્યારે સ્થાનિક લોકોને અનુરૂપ ભાષા બોલીનો સ્વીકાર કરીને કાર્ય કરે છે. તેમ છતાં શુધ્ધ ગુજરાતી ભાષાની મધુર પદાવલીવાળી રચનાઓ પણ કવિએ ભેટ આપી છે. ભગવાન મહાવીર સ્વામીનું હાલરડું, ચંદ રાજા ને ગુણાવલીનો પત્ર, ગોભદ્રશેઠ અને રૂપીયાની સજ્જઝાય, અબોલડાનું સ્તવન, માણિભદ્રની આરતી અને ગંહુંલીઓમાં ગુજરાતી ભાષાની સમૃધ્ધિ સાકાર થયેલી છે.

દીપવિજય કવિરાજની આવી કેટલીક મર્યાદાઓ હોવા છતાં સમકાલીન કવિઓએ જૈન ધર્મના જે વિષયો પસંદ કરીને કાવ્ય સર્જન કર્યું છે તે એમની કવિ તરીકેની મોટી સિધ્ધિ છે. જૈન ધર્મનો ઈતિહાસ, આગમ સાહિત્ય અને ઈતિહાસ અને ચરિત્રનો સમન્વય કરીને કવિ કર્મ કરવાનો પ્રચંડ પુરુષાર્થ કર્યો છે. કવિરાજ અને કવિ બહાદુરનું બિરૂદ પ્રાપ્ત થયું હતું તે પણ અંગ્રેજ અમલ દરમ્યાન રાજાઓ વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરીને બિરદાવતા હતા તદ્ અનુસાર આવા ઈલ્કાબ-પદની પ્રાપ્તિ કરી હશે. અંગ્રેજોના અમલ દરમ્યાન સર, રાય જેવાં પદ આપવાની પ્રવૃત્તિ રાજકીય ક્ષેત્રમાં પ્રચલિત હતી. એટલે દીપવિજયને પણ એમની કાવ્ય કૃતિઓના સંદર્ભમાં રાજાએ પ્રસન્ન થઈને આવા ગૌરવવંતા શબ્દોથી બહુમાન કર્યું હતું. સામાન્ય રીતે વર્તમાનમાં ૪૫ આગમ પ્રચલિત છે. અને આ ઉપલબ્ધ આગમ સાહિત્ય જૈન ધર્મનો મહામૂલ્યવાન જ્ઞાનનો વારસો છે. કવિએ "અડસઠ આગમની પૂજા"માં અડસઠ આગમનો ઉલ્લેખ કર્યો છે. અન્ય કવિઓ રૂપવિજય, પદ્મવિજય, વીરવિજય આદિએ ૪૫ આગમની પૂજાની રચના કરી છે. અહીં અડસઠ આગમનો સંદર્ભ આપ્યો છે. તદુપરાંત આગમ સાહિત્યમાં

૬ છેદસૂત્ર તરીકે જેની ગણના થાય છે તેવા મહાનિશીથ સૂત્રના બોલની ગદ્ય રચના કરવાનું સાહસ કર્યું છે. છેદ સૂત્ર ગોપનીય અને આચાર્ય કે પદવીધર મુનિ ભગવંતો યોગ વહન કરીને યોગ્યતા પ્રાપ્ત થતાં અધ્યયન કરવાના અધિકારી બને છે. આ સૂત્રનો પ્રાથમિક પરિચય આપવાનો એમને પ્રયત્ન કર્યો છે. શાસ્ત્ર આજ્ઞા અને પરંપરા અનુસાર કવિનું આ કાર્ય ઉચિત ન લેખાય તેમ માનવામાં આવે છે. છતાં જ્ઞાન માર્ગની રચના તરીકે એમની આ ગદ્ય રચના ભાષા શૈલીને મિતાક્ષરી અભિવ્યક્તિનું ઉદાહરણ છે. જૈન સાધુઓ ત્યાગના માર્ગને વરેલા છે. અને આત્મ સ્વરૂપને પામવા માટે પ્રવૃત્ત હોય છે. ત્યારે આવું સન્માન મળે કે ન મળે તો પણ એમની ધર્મોપદેશની પ્રવૃત્તિની સાથે નૈસર્ગિક રીતે રહેલી સર્જન શક્તિ આવી કૃતિઓની રચના દ્વારા ધર્મ અને સાહિત્યમાં ચિરસ્મરણીય રહેશે. ઐતિહાસિક મૂલ્યવાળી રચનાઓ તરીકે સૌ કોઈ ગૌરવપૂર્વક સ્વીકાર કરીને ધન્ય બને છે. સાહિત્ય પ્રેમી ધર્મ ભાવનાવાળા વર્ગને માટે તો કવિની સર્જનાત્મક પ્રવૃત્તિ જીવનમાં નવું ચૈતન્ય પ્રગટાવીને સાહિત્યના સંસ્કારોનું સિંચન, સેવા ધર્મ ને સંરક્ષણ કરવામાં મોટી ગરજ સારે છે. તે દ્રષ્ટિએ કવિની સમગ્ર કૃતિઓનું મૂલ્ય લેશ માત્ર ઓછું આંકી શકાય તેમ નથી.

ધાર્મિક સાહિત્ય સાંપ્રદાયિકતાનાં લક્ષણો ધરાવતું હોવાં છતાં તેમાં ભારતીય સંસ્કૃતિના ભવ્ય વારસાનું આલેખન થયેલું છે. તેનો સ્વીકાર કરવો જ પડશે. આ પ્રકારના સાહિત્યમાં કલ્પનાના રંગ ઓછા હોય તેમ છતાં વર્ણન, ચિત્રાત્મક, નિરૂપણ, અલંકાર, છંદ, લય વગેરે દ્વારા કવિતાની સાથે સમાન રીતે સ્થાન પામી શકે તેમ છે. સંસ્કૃતિનાં લક્ષણોમાં ધર્મ પ્રેરક ને પોષક બળ છે. ધર્મ દ્વારા કુટુંબ, સમાજ ને રાજ્યમાં શાંતિ ને સુવ્યવસ્થા સ્થાપી શકાય છે. તેનું નમૂનેદાર ઉદાહરણ

ધર્મ સાહિત્ય છે. વર્તમાન સમયની જીવનની વિષમતા ને અનેક સમસ્યાઓના સંદર્ભમાં વિચારીએ તો ધર્મ સાહિત્ય દ્વારા લોકોની નીતિમત્તા-સદાચાર-સાત્વિકત્તા ને માનવતાના ગુણોનો વિકાસ કરવામાં અનન્ય પ્રદાન થયું છે.

પૂર્વે થઈ ગયેલા પંચમહાવ્રતધારી આચાર્યો અને મુનિઓનાં વૃત્તાંત આજે પણ પ્રેરક બની રહે છે. એમના પ્રભાવથી ઉન્માર્ગે ગયેલા જીવો સન્માર્ગે આવવા માટે સમર્થ બને છે. આવાં ચરિત્રો જીવન નૈયાને નિર્દિષ્ટ સ્થાને પહોંચાડવા માટે દીવાદાંડી સમાન કાર્ય કરે છે. કવિરાજની પટ્ટાવલી આના નમૂનારૂપ છે.

સમાજના લોકોની ધર્મ પ્રત્યે અભિરૂચિ વિશેષ હતી. ધાર્મિક ઉત્સવો કે અન્ય પ્રવૃત્તિઓ એ જીવન વ્યવહારના એક અંગરૂપ હતી એટલે લોકો પોતાનું કામકાજ છોડીને પણ કથા-શ્રવણ, ભજનકીર્તન, તીર્થયાત્રા, ગુરૂ સેવા ને સત્સંગ, શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન વગેરે પ્રવૃત્તિઓ સ્ત્રી પુરુષ વર્ગમાં મોટા પ્રમાણમાં પ્રચલિત હતી. પરિણામે ધાર્મિક સાહિત્યના સર્જન અને ભાવન પણ વિશેષરૂપે થતું હતું. ધર્મ પ્રવૃત્તિ બાહ્યાડંબર કરતાં કંઈક આત્મા લક્ષીને જીવનમાં સુખશાંતિ મેળવવાના હેતુથી થતી હતી. ધાર્મિક સાહિત્યનો સમાજના વર્ગ પર પ્રભાવ પડ્યો હતો, તેના પરિણામે કૌટુંબિક અને સામાજિક સુવ્યવસ્થા કે બંધારણ પણ નમૂનેદાર રહ્યું હતું. સાંસ્કૃતિક મૂલ્યોમાં ભારતીય આચાર વિચાર, નીતિમત્તા, કુટુંબ ભાવના, આત્મસાધનાની પ્રવૃત્તિ, સેવા ને સહાનુભૂતિભર્યો વ્યવહાર જેવા ગુણોનો વિકાસ કરવામાં આવું સાહિત્ય અવશ્ય ઉપયોગી તો છે જ, છતાં સીધા ઉપદેશના નિરૂપણને કારણે સાહિત્યની એક મર્યાદા બની રહે છે. સાહિત્યનાં પ્રયોજનોમાં ઉપદેશને પણ સ્થાન આપવામાં આવ્યું છે એટલે ઉપદેશ

એક માત્ર પ્રયોજન નથી પણ તેના રસની અનેરી અનુભૂતિથી લાગણી બંધાઈને સંસ્કાર ઘડતર થાય છે તે મુખ્ય ગણાય છે. માનવ ચેતનાને વિચ્છિન્ન દશામાંથી સ્વસ્થ બનાવી માનવતાપૂર્ણ વ્યક્તિત્વના વિકાસમાં પથ પ્રદર્શક બનવા માટે ધાર્મિક સાહિત્યનું સ્થાન અન્ય સાહિત્યની સાથે સમાન રીતે પામી શકે તેમ છે. એની ઉપેક્ષા થઇ શકે નહી. રાજકીય પરિવર્તનના પ્રવાહમાં પણ ભારતીય સંસ્કૃતિનું મૂલ્ય આજે પણ વિશ્વમાં સર્વોત્તમ કક્ષાનું ગણાય છે. ત્યારે તેના સમૃધ્ધ સાહિત્ય વારસાને કેમ વિસ્મૃત કરાય ?

ધાર્મિક સાહિત્ય માત્ર પ્રચારાર્થે લખાયું નથી પણ સંસ્કૃત કે પ્રાકૃત જેવી ભાષાનું જ્ઞાન સર્વ સાધરણ જનતા પાસે અપેક્ષિત નથી, ત્યારે બહુજન સમાજને ધાર્મિક વારસાથી પરિચિત રાખવા માટે પ્રાદેશિક ભાષાઓએ ભગીરથ કાર્ય કર્યું છે. તેને કારણે જ અનેક આપત્તિઓથી અને સમસ્યાઓથી ભરેલા ભારતીય નાગરિકો ધર્મના શરણથી જીવે છે. અન્યને જીવાડે છે. આખ્યાન, કથા, શ્રવણ, ભાગવત, રામાયણ, ગીતા પારાયણ, સ્વાધ્યાય કેન્દ્ર, પર્યુષણ અને અન્ય તહેવારોની ઉજવણી અંગેનાં પ્રવચનો વગેરે દ્વારા લોકોને ધર્મજ્ઞાન અને આચારથી પરિચિત કરાવીને ધર્માભિમુખ બનાવવામાં આવે છે. આ પ્રવૃત્તિ સહજ રીતે થાય છે. એટલે ધાર્મિક સાહિત્ય વગર લોકોની ધર્મ ભાવના ટકી શકે નહી. આપણી સંસ્કૃતિની મહાન સિધ્ધિ તેમાં સમાયેલી છે.

કોઈપણ ધર્મના ભક્તિ માર્ગના સાહિત્યનું અધ્યયન, અનુશીલન અને આલોચના અલૌકિક અનંદનો અનુભવ કરાવે છે. તદુપરાંત આત્મસ્વરૂપમાં લીન બનવાની સર્વોત્તમ ભૂમિકા પ્રદાન કરે છે.

સાહિત્યની પૂર્વ ભૂમિકાનો વિચાર કરતાં ધર્મ સૌ પ્રથમ સ્થાન ધરાવે છે. ધાર્મિક ગ્રંથો અને તેના આધારે સામાજિક આચાર વિચારના

પાલનની સમાજ જીવન પર પડેલા પ્રભાવની ઉપેક્ષા થઇ શકે તેમ નથી. પરંતુ તેની પ્રેરણાથી સર્જકોએ વૈવિધ્યપૂર્ણ સાહિત્યનું સર્જન કર્યું છે. પશ્ચિમના સાહિત્ય પર ખ્રીસ્તી ધર્મ અને બાઇબલની વિચારધરાનો પ્રભાવ મોટા પ્રમાણમાં છે. તે જ પ્રમાણે ભારતીય સાહિત્ય જે વિવિધ ભાષામાં સર્જાયું છે તેના પાયામાં હિંદુ જૈન અને બૌધ્ધ ધર્મનો ગણનાપાત્ર ફાળો છે. વ્યક્તિમાં રહેલી વીરપૂજાની ભાવના અંગે માત્ર પરાક્રમ કરનાર વ્યક્તિ વીર છે એવા મર્યાદિત અર્થમાં વિચારવાનું નથી પણ દયા-દાન-ધર્મ-જ્ઞાન-યુધ્ધ-દેશ-કલા વગેરે કોઇ એક કે વિશેષ ક્ષેત્રોમાં ગણનાપાત્ર કાર્ય કરીને પોતાની સર્જક પ્રતિભાને કર્તવ્યપરાયણ, વફાદારી જેવા ગુણોથી જીવન ચરિતાર્થ કરી બતાવ્યું હોય તે બધાજ વીરપૂજાના અર્થમાં સ્થાન પામેલા છે. વ્યક્તિમાં રહેલી Hero Worship વીરપૂજાની ભાવના Heroic Literature દ્વારા પરિપૂર્ણ થયેલી છે. ધર્મ સાહિત્યમાં આવી ભાવના ધર્મ ગ્રંથો અને તેમાં સ્થાન પામેલા તીર્થંકરો, આદર્શ મુનિ ભગવંતો, ન્યાય નીતિ પરાયણ શ્રેષ્ઠિઓ, વ્રતધારી શ્રાવકો, રાષ્ટ્ર અને ધર્મ પ્રત્યે સમર્પણની ભાવનાથી જીવન સમર્પણ કરનાર નરવીરો વગેરેનો આધાર લઇને વિપુલ પ્રમાણમાં જૈન સાહિત્યનું સર્જન થયું છે. આ પ્રકારનું ધાર્મિક સાહિત્ય ધર્મવીર અને તેના પ્રત્યેની ભક્તિ ને કૃતજ્ઞતાની ભાવનાને વ્યક્ત કરીને સર્જાયું છે.

પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાં ધર્મ, સમાજ અને રાજ્યની નીતિ-રીતિ-વિચારધારાના પાલન-પોષણનું માર્ગદર્શન આપતી વિવિધ સ્વરૂપની સાહિત્ય કૃતિઓ ઉપલબ્ધ છે જેમાં Human Values માનવ મૂલ્યોનો સાંસ્કૃતિક વારસો છે તેનું જતન કરવામાં આવ્યું છે. તેના દ્વારા વ્યક્તિની સાહિત્ય કલાને પોષણ મળે છે. મધ્યકાલીન સાહિત્ય ભલે ધર્મમાંથી પ્રેરણા પામીને સર્જાયું હોય પણ તેના પાયામાં રહેલા

માનવતાવાદી વિચારોના સંસ્કાર સંપન્ન વારસો વ્યક્તિ અને રાષ્ટ્રની અસ્મિતાનું દિગ્દર્શન કરાવવાનું મહત્વપૂર્ણ કાર્ય કરે છે. તે દ્રષ્ટિએ ધર્મ સાહિત્યનું મૂલ્ય લેશ માત્ર ઓછું આંકી શકાય તેમ નથી. દીપવિજયની રચનાઓમાં જે પાત્રોનો ઉલ્લેખ થયો છે તેમાં મોટા ભાગનાં પાત્રો ચરિત્ર વિષયક છે. અને ગુરુ ભક્તિ-ગુરુ પ્રત્યેના ૠણ સ્વીકારની ભાવના, ગુરુ દ્વારા પ્રાપ્ત થતો ધર્મનો સાચો માર્ગ, ધાર્મિક વારસો ને વૈભવ તેના પ્રત્યેની જવાબદારી અદા કરવાની ભાવના વગેરેને કેન્દ્રમાં રાખીને નિરૂપણ પામેલાં છે. બધાં પાત્રો કોઇ એક અથવા વિશેષ માનવીય ગુણનું સમર્થન કરીને પ્રેરક બને છે. મુખ્યત્વે તો ત્યાગની ભાવના, તપનો મહિમા-પ્રભાવ, ધર્મ દ્વારા થતા ચમત્કારોનું નિરૂપણ, જ્ઞાનોપાસનાથી આત્માની શુધ્ધિ ને મુક્તિ, ગુરુ ભક્તિમાં સમર્પણની ભાવના, સંયમ માર્ગની અનિવાર્ય આવશ્યકતા, જ્ઞાન અને ભક્તિ માર્ગની ઉપાસના વગેરે ગુણો આ સાહિત્યમાં ચરિતાર્થ થયેલા છે. આ દ્રષ્ટિકોણથી વિચારતાં દીપવિજયની કૃતિઓને ધાર્મિક મૂલ્યવાળી ગણીએ, તેની સાથે તેમાં માનવ મૂલ્યોના ભવ્ય વારસાને ઝળહળતો રાખીને વિશેષ સમૃધ્ધ કરવાની અદમ્ય અભિલાષા પણ પ્રગટ થઇ છે તે પણ સ્વીકારવું પડે તેમ છે.

# વિભાગ - ૪

# પ્રકરણ - ૧૮

| | | |
|---|---|---|
| નં. ૧ | શ્રી પટ્ટાવલી સમુચ્ચય-લે. દીપવિજય | પા. ૧૦૪ |
| ૨ | શ્રી પટ્ટાવલી સમુચ્ચય-લે. દીપવિજય | પા. ૬૧ |
| ૩ | શ્રી પટ્ટાવલી સમુચ્ચય-લે. દીપવિજય | પા. ૩૨ |
| ૪ | શ્રી પટ્ટાવલી સમુચ્ચય-લે. દીપવિજય | પા. ૩૩ |
| ૫ | શ્રી પટ્ટાવલી સમુચ્ચય-લે. દીપવિજય | પા. ૮૮ |
| ૬ | શ્રી પટ્ટાવલી સમુચ્ચય-લે. દીપવિજય | પા. ૯૩ |
| ૭ | શ્રી પટ્ટાવલી સમુચ્ચય-લે. દીપવિજય | પા. ૯૨ |
| ૮ | ભગવદ્ગોમંડળ ભા-૫ | પા. ૪૫૫૮ |
| ૯ | શ્રી પટ્ટાવલી સમુચ્ચય-લે. દીપવિજય | પા. ૨૯ |
| ૧૦ | શ્રી પટ્ટાવલી સમુચ્ચય-લે. દીપવિજય | પા. ૫ |
| ૧૧ | શ્રી પટ્ટાવલી સમુચ્ચય-લે. દીપવિજય | પા. ૮૬ |

# પ્રકરણ ૧૯
# ઉપસંહાર

કવિરાજ દીપવિજયની કૃતિઓનું સંશોધન કરીને સમીક્ષા કરવા માટેનો ધર્મ અને સાહિત્યની દ્રષ્ટિએ પ્રયત્ન કર્યો છે. ધાર્મિક વિગતોનો વિસ્તાર કર્યો નથી કારણ કે તેનાથી સાંપ્રદાયિક્તાના પૂર્વગ્રહને કારણે અધ્યયન અને અવલોકનમાં ધર્મ બાધકરૂપ બને. પરિણામે તુલનાત્મક હેતુથી અન્ય રચનાઓ અને જૈનેત્તર સંદર્ભ આપીને કવિરાજની સર્જક પ્રતિભાને મૂલવવામાં આવી છે. આજે સાહિત્યમાં નવાં વલણો, વહેણો ને વિચારધારા પ્રવર્તી રહી છે ત્યારે કવિના સાહિત્યને સંસ્કૃતિ અને સંસ્કાર મૂલક વારસાના વફાદાર કવિ તરીકેની એમની સિધ્ધિઓ ને મર્યાદાઓ દર્શાવી છે.

એમની ઉપલબ્ધ થયેલી અપ્રગટ રચનાઓ પ્રગટ કરવામાં આવી છે. 'હસ્તપ્રતો' મેળવવાનો પ્રયત્ન અને પ્રાપ્તિ એ સંશોધકનાં પરિશ્રમ અને ધીરજની કસોટી છે. કવિરાજની બે પ્રબંધ કૃતિઓ, રાજા માનસિંહ અને શેઠ હેમાભાઇ, જંબુસર, સિનોર, ખંભાત, પાલનપુર, ઉદયપુરની ગઝલો, પર્વતિથિ અંગે પત્ર, મૂર્તિપૂજા, પ્રશ્નોત્તર, આત્મચિત્તવૃત્તિ પત્રિકા, કૃતિઓ પ્રાપ્ત થઇ શકી નથી. પ્રથમ પ્રકરણમાં એમની કૃતિઓની યાદીમાં તેનો નામ નિર્દેશ કર્યો છે. ગઝલો સ્થળ વર્ણનની હોવાથી સુરત અને વડોદરની ગઝલ સમાન હશે એમ માનીએ તો તે ઉચિત લેખાશે.

કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર-કોબા, નગીનભાઇ પૌષધશાળા-પાટણ અને લીંબડી હસ્તપ્રત ભંડારનો સહકાર મળ્યો છે તેના પરિણામે મારું કાર્ય પૂર્ણ થયું છે.

અર્વાચીન સાહિત્ય માત્ર ૧૨૫-૧૫૦ વર્ષનું છે. જ્યારે મધ્યકાલીન સાહિત્ય ૭૦૦ થી ૮૦૦ વર્ષનું છે. ત્યારે તેના સમૃધ્ધ વારસાને પ્રગટ કરવા માટે સાહિત્ય રસિક, શ્રુતજ્ઞાન પ્રેમી જૈન ભાઈ બહેનો અને આર્થિક રીતે સમૃધ્ધ વ્યક્તિઓએ ગુરૂ ભગવંતની નિશ્રામાં પ્રવૃત્ત થવું જોઈએ. જૈન સાહિત્યના ભવ્ય વારસાના ઉપાસક કવિરાજ-દીપવિજયનાં સાહિત્યનું આચમન સૌ કોઈને જ્ઞાન અને ભક્તિમાં પ્રેરણા સ્ત્રોત બની મોક્ષમાર્ગમાં જવા માટે શાશ્વત માર્ગ દર્શાવે છે.

જૈન સાહિત્યના સર્જકોની સમગ્રલક્ષી અધ્યયનની પ્રવૃત્તિ વધુ વિકસિત બને અને જૈન કાવ્ય પ્રકારોનો સ્વરૂપલક્ષી સઘન અભ્યાસ દ્વારા આપના ગૌરવવંતા સાહિત્ય વારસાને તેજસ્વી બનાવવામાં વધુ પુરુષાર્થ થાય તો શ્રુતજ્ઞાનની પરમ ભક્તિ થશે. જેનું પરિણામ આત્મ કલ્યાણના માર્ગમાં દિશાસૂચનરૂપ બનશે.

દીપવિજય કવિરાજની કૃતિઓની સમીક્ષા-વિવેચન અને અર્થઘટનમાં મારી અલ્પમતિને કારણે જિનાજ્ઞા વિરૂધ્ધ લખાયું હોય તો વિનમ્ર ભાવે ક્ષમા યાચું છું.

# વિભાગ-૫

આ વિભાગમાં કવિની પદ્ય-ગદ્ય રચનાઓ પ્રગટ કરવામાં આવી છે. કેટલીક કૃતિઓ આસ્વાદ માટે ઉપયોગી હોવાથી છાપવામાં આવી છે. કવિની ગદ્ય રચનાઓમાંથી ઉદાહરણરૂપે કેટલીક માહિતી મૂળ સ્વરૂપે પ્રગટ કરવામાં આવી છે. વિસ્તારને કારણે સમગ્ર કૃતિ છાપી શકાય તેમ નથી. આ વિભાગની સામગ્રી કવિ પ્રતિભા અને એમની શૈલીને સમજવામાં અતિ ઉપયોગી બને તેમ છે. ગદ્ય વિભાગની ત્રણ કૃતિઓ હસ્તપ્રતને આધારે પ્રથમ વાર પ્રગટ કરવામાં આવી છે. તેમાં મહાનિશીથ સૂત્રના બોલ, મુનિ જિનવિજયજીએ ઈ.સ. ૧૯૩૨માં પ્રગટ કર્યા હતા.

પદ્ય રચનાઓમાં માણિભદ્રનો છંદ, ખામણાંની ઢાળ, વીરપાતસા રૂપિ વર્ણન કાવ્ય, અડસઠ આગમની અષ્ટપ્રકારી પૂજા, સોહમકુળ કલ્પવૃક્ષ તપ વિધિ અને ગણધર દેવ વંદન વગેરે કૃતિઓ હસ્તપ્રતને આધારે ઉદાહરણ રૂપે પ્રગટ કરવામાં આવી છે.

# પદ્ય વિભાગ

## અનુક્રમ


૧ પાર્શ્વનાથનું સ્તવન
૨ ઝુલાવે માઈ-હાલરડું
૩ ભવિજન ગાઈએ-હાલરડું
૪ માતા ત્રિશલાએ-હાલરડું
૫ સ્નેહે સ્નેહે-હાલરડું
૬ ભરતક્ષેત્રમાં-હાલરડું
૭ ત્રિશલા માતા-હાલરડું
૮ માતા જશોદા-હાલરડું
૯ શ્રી સિધ્ધચક્રની-ગહુંલી
૧૦ જંબુકુમાર-ગહુંલી
૧૧ માતા ચક્કેસરી-ગહુંલી
૧૨ મહાવીરસ્વામી-ગહુંલી
૧૩ મુનિવંદન-ગહુંલી
૧૪ કેશીકુમાર-ગહુંલી
૧૫ મુનિ વંદનાની સજઝાય
૧૬ રોટીની કવિતા સજઝાય
૧૭ ચંદ-ગુણાવલી પત્ર-લેખ
૧૮ માણિભદ્ર છંદ
૧૯ આરતી
૨૦ વીર પાતસા રૂષિ વર્ણન કાવ્ય.
૨૧ ખામણાંની ઢાળ
૨૨ અડસઠ આગમની અષ્ટ પ્રકારી પૂજા.
૨૩ સોહમકુળ કલ્પવૃક્ષ તપવિધિ-ગણધર દેવવંદન.

# ગદ્ય વિભાગ -

૧ ચર્ચા બોલ વિચાર

૨ ચોમાસી વ્યાખ્યાન

૩ મહાનિશીથ સૂત્રના બોલ.

## ૧. પાર્શ્વનાથનું સ્તવન.

(મલ્લિજિન નાથજી વ્રત લીજે રે - એ દેશી)

ચિત્ત સમરી માય રે, વળી પ્રણમું નિજ ગુરુ પાય રે
ગાઉં ત્રેવીશમાં જિનરાય, વ્હાલાજીનું જન્મકલ્યાણક ગાઉં રે;
સોના રૂપાના ફુલડે વધાવું, વ્હા.
થાલ ભરી ભરી મોતીડે વધાવું ... વ્હા. ૧

કાશી દેશ વારાણશી રાજે રે, અશ્વસેન છત્રપતિ છાજે રે;
રાણી વામા ગૃહિણી સુરાજે ... વ્હા. ૨

ચૈત્ર વદી ચોથે તે ચવિયા રે, વામા કુખે અવતરીયા રે;
અજુઆળ્યાં એહના પરીયા ... વ્હા. ૩

પોષ વદી દશમી જગભાણ રે, હોવે પ્રભુનું જન્મકલ્યાણક રે;
વીશ સ્થાનક સુકૃત કમણ ... વ્હા. ૪

નારકી નરકે સુખ પાવે રે, અંતર્મુહૂર્ત દુઃખ જાવે રે;
એતો જન્મકલ્યાણક કહાવે ... વ્હા. ૫

પ્રભુ ત્રણ ભુવન શિરતાજ રે, તુમે તારણ તરણ જહાજ રે;
કહે દીપવિજય કવિરાજ ... વ્હા. ૬

## ૨. મહાવીરસ્વામીનું પારણું

(ઝુલાવે માઇ વીરકુંવર પારણે-એ દેશી)

રત્ન જડીત સોનેકા પારણા
      દોરી જરીકી જાલને ... ઝુ ... ૧
માણી મોતીઅનકે ઝુમકે તીકે
      ઘુઘરી ઘમક કારણે ... ઝુ ... ૨
રત્નદામ શ્રી ધામ ગંડક પર
      કરે પ્રભુજી ખ્યાલ ને ... ઝુ ...૩
મેના મોર શુક સારસ સુંદર
      હરખે કુંવર પારણે ... ઝુ ... ૪
છપ્પન દીગ કુંવરી હુલરાવે
      બજાવે બજાવે તાલને ... ઝુ ...૫
ત્રીશલા માતા આનંદિત હોવે
      નીરખે નીરખે બાલને ... ઝુ ... ૬
હંસ કહે પ્રભુ પારણે પોઢ્યા
      જાણે જગત ચાલને ... ઝુ ... ૭

## ૩. શ્રી વીર પ્રભુનું હાલરડું.

ભવિજન ગાઈએ વીર કુંવરનું પારણું રે, સુણતાં ભણતાં સુધરે ધર્મ અર્થ ને કામ, મંગળ માળા લચ્છી વિશાળા આ ભવમાં લહે રે, પરભવ સ્વર્ગ અને અપવર્ગ લહે શુભધામ. ભવિ. ।।૧।। કુંદનપુર વિષે પ્રાણાંત વિમાન થકી ચવી રે, અવતરીયા સિદ્ધારથ કુલ ગયણ દિણંદ, ત્રિશલા

માતા ઉરસર આવ્યો અભિનવ હંસલો રે, સુદી અષાઢી છઠ દિન ચવીયા ચરમ જીણંદ. ભવિ. ॥૨॥ નવમાસ વાડા સાડા સાત દિવસ ગર્ભે રહ્યા રે, ઉત્તરા ફાલ્ગુની ચૈતર સુદી તેરસ શુભ યોગ, પ્રભુજી જન્મ્યા તે દિન નરકે અજવાળાં થયાં રે, દીધાં દાન માન યાચક નાઠા રોગ. ભવિ. ॥૩॥ ફરકે ઘર ઘર તરીયા તોરણ ગુડીયો ને ધજા રે, મુકતા ફળના સ્વસ્તિક પુરે મનોહર બાળ, મુકત કર્યા બંદિજન, બિરૂદ વળી બંદી ભણે રે, કુંદનપુરમાં વરતે ઘરઘર મંગળમાળ. ભવિ. ॥૪॥ માતા ત્રિશલાજીને આનંદ માય ન અંગમાં રે, દેખી વીરકુંવરની કાય કંચનવાન, વપુ શુભ કોમળ નીરખી હરખે હૈયું માતાનું રે, રૂપ પ્રભુનું દેખી ભૂલ્યો રતિપતિ ભાન. ભવિ. ॥૫॥ શરદ શશિની કાન્તિ પ્રભુ મુખ જોઇ ઝાંખી થઇ રે, જોઇ તેજ નિસ્તેજ થઇ રવિ પશ્ચિમ જાય, રકત કમલદળ પગલાં ભૂતળ ઠવી પાવન કરે રે, મંગલકારી સુખકારી અંતિમ જીનરાય. ભવિ. ॥૬॥ રત્ન જડિત ઝુલાવે માતા પ્રભુનું પારણું રે, પુલકિત મન વિકસે તન ફરસી કરે લાલપાલ, અલો લોલો હાલ ખમા લાડકડા મારા લાલને રે, બુચકારી કહે લઉં ઓવારણાં પ્રિયલાલ, ભવિ. ॥૭॥ આશીર્વાદ વદી જગ માતા હાલો ગાવતાં રે, બેકર ભીડી ભીડી રૂદય વિષે જીનરાજ, કુંવરજી ઘણું જીવો કુળનો દિવો તમે થજો રે, તારણ તરણ થજો વળી ભવોદધિ તારક જહાજ. ભવિ. ॥૮॥ વીરકુંવર આ માતા કુળની લાજ વધારજો રે, કર્મ કટકથી કરજો ભવ રણમાં સંગ્રામ, અંતિમ જિન શાસન

પતિ થઇ શાસન વરતાવજો રે, ઉધરી ભવિ નર નારીને દેજો શીવધામ. ભવિ. ॥૯॥ ધર્મ ધુરંધર ધોરી રથ સીલાંગ ચલાવજો રે, અનુભવ યોગી થઈને કરજો ભવનો પાર, સહજ કલાનિધિ ગાવે વીરકુંવરનું પારણું રે, તસઘર લીલા લચ્છી બાલ ગોપાલ વિસ્તાર. ભવિ. ॥૧૦॥

## ૪. શ્રી મહાવીરસ્વામીનું પારણું

(હાલો હાલો હાલો મારા નંદને રે ... ...એ દેશી)

માતા ત્રિશલા એ પુત્ર-રતન જાઇઓ,
ચોસઠ ઈન્દ્રના આસન કંપે સાર;
અવધિજ્ઞાને જોઇ ધાયા શ્રી જિનવરને,
આવે ક્ષત્રિયકુંડ નગર મઝાર. માતા.૦૧

વીર-પ્રતિબિંબ મૂકી માતા કને,
અવસ્વાપિની નિદ્રા દીએ સાર;
એમ મેરૂશિખરે જિનને લાવે ભક્તિશું,
હરિ પંચ રૂપ કરી મનોહાર માતા.૦૨

એમ અસંખ્ય કોટા-કોટી મળી દેવતા,
પ્રભુને ઓચ્છવ મંડાણે લઇ જાય;
પાંડુક વન શિલારૂપે જિનને લાવે ભક્તિ શું,
હરિ-અંકે થાપે ઈન્દ્ર ઘણું ઉચ્છાય માતા.૦૩

એક કોડી સાઠ લાખ કળશે કરી,
વીરનો સ્નાત્ર મહોત્સવ કરે સાર;

અનુક્રમે વીર કુમારને લાવે જનની-મંદિરે;
દાસી પ્રિયંવદા જણાવે તેણી વાર માતા.૦૪
રાજા સિદ્ધારથને દીધી વધામણી,
દાસીને દાન ને માન દીયે મનોહાર;
ક્ષત્રિયકુંડ માંહે ઓચ્છવ મંડાવીઓ;
પ્રજા લોકને હરખ અપાર. - માતા.૦૫
ઘરઘર શ્રીફળ તોરણ ત્રાટજ બાંધિયા,
ગોરી ગાવે મંગલ-ગીત રસાલ;
રાજા સિધ્ધારથે જન્મ-મહોત્સવ કર્યો,
માતા ત્રિશલા થઇ ઉજમાલ. - માતા. ૦૬
માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ઝુલે લાડકડા પ્રભુજી આનંદ ભેર;
હરખી નિરખી ઇન્દ્રાણીઓ જાએ વારણે;
આજ આનંદ શ્રી વીર કુમારને ઘેર.-માતા૦૭
વીરના મુખડા ઉપર વારૂ કોટી ચંદ્રમા,
પંકજ-લોચન સુંદર વિશાલ કપોલ;
શુક-ચંચુ-સરખી દીસે નિર્મલ નાસિકા;
કોમળ અધર અરૂણ રંગ-રોળ. માતા.૦૮
ઔષધિ સોવન શોભે હાલરે,
નાજુક આભરણ સઘલા કંચન મોતી હાર;
કર અંગુઠે ધાવે વીરકુમાર હરખે કરી,
કાંઇ બોલાવતા કરે કિલકિલાટ. માતા.૦૯

વીરના નિલાડે કીધો છે કંકુમ ચાંદલો,
શોભે જડિત મરકત-મણિમાં દીસે લાલ;
ત્રિશલાએ જુગતે આંજી, અણિયાલી બેહું આંખડી,
સુંદર કસ્તુરીનું ટબકું કીધું ગાલ. - માતા.. ૧૦.

કંચન સોલે જાતના રત્ને જડીયું પારણું,
ઝુલાવતી વેળા થાયે ઘૂઘરીનો ઘમકાર,
ત્રિશલા વિવિધ વચને, હરખી ગાયે હાલરૂં;
ખેંચે ફૂમતીઆલી, કંચન દોરી સાર. - માતા.. ૧૧

મારો લાડકવાયો સરખે રંગે રમવા જશે,
મનોહર સુખડલી હું આપીશ એહને હાથ;
ભોજન વેળા રમઝમ રમઝમ કરતો આવશે,
હું તો ધાઈને ભીડાવીશ હૃદયા સાથ. - માતા.. ૧૨

હંસા કારંડવ કોકિલ પોપટ પારેવડાં,
માંહી બપૈયાને સારસ ચકોર;
મેના મોર મેલ્યાં છે રમકડા રમવા તણા,
ઘમ ઘમ ઘુઘરા બજાવે, ત્રિશલા કિશોર. - માતા.. ૧૩

માતા ત્રિશલા ગાવે, વીર-કુંવરનું હાલરૂં,
મારો નંદન જીવજો, કોડાકોડી વરસ;
એ તો રાજ-રાજેસર થાશે, ભલો દીપતો;
મારા મનના મનોરથ પુરશે જગીશ. - માતા.. ૧૪

ધન્ય ધન્ય ક્ષત્રિયકુંડ ગામ મનોહરૂં,
જિહાં વીર-કુંવરનો જન્મ ગવાય;

રાજા સિદ્ધારથના કુલમાંહે દિનમણિ,
ધન્ય ધન્ય ત્રિશલા રાણી, જેહની માય. - માતા.. ૧૫

એમ સહીયર ટોલી ભોળી, ગાવે હાલરૂં;
પૂરણ થાશે મનના મનોરથ તેહને ઘેર,
અનુક્રમે મહોદય પદવી, રૂપવિજય પદ પામશે;
ગાવે અમીયવિજય કહે થાશે. લીલા લહેર. - માતા.. ૧૬

## ૫. શ્રી મહાવીરસ્વામીનું પારણું

(રાગ :- પ્રીતમ પેરીસ ચાલો )

સ્નેહે સ્નેહે હિંચોળું શ્રી ભગવાન, વીરને હાલો હાલો.
વ્હાલું-વ્હાલું વીર ! એક તારું નામ ''
વ્હાલું-વ્હાલું મહાવીર! તારું નામ ''
ચૈતર સુદ તેરસનો દહાડો, ત્રીશલાની કુખે તું જાયો;
ત્રણે ભુવનમાં જય જય જય કાર-વીરને હાલો હાલો. - ૧.

દેવ-દેવી સહુએ હુલરાવ્યા, મેરૂ ઉપર પ્રેમે ન્હવરાવ્યા;
જેની સભક્તિનું થાય નહિ બ્યાન-વીરને હાલો હાલો. - ૨.

માતા-પિતાની ભક્તિ કરવા, ભાતૃ-પ્રેમને નહિ વિસારવા;
ત્રીશ વર્ષે હંકાર્યું દીક્ષા વહાણ-વીરને હાલો હાલો. - ૩.

તપ જપ સંયમને બહુ પાળી, કષ્ટ ઘણાને નહિ ગુણકારી;
ઝગમગ જ્યોતિ સમ પામ્યા કેવળજ્ઞાન-વીરને હાલો હાલો. - ૪.
જગ-કલ્યાણે જીવન ઝુકાવ્યું, ભાન-ભૂલ્યાને જ્ઞાન બતાવ્યું;
મૈત્રી ભાવે ઉતાર્યા ભવજલ પાર, વીરને હાલો હાલો. - ૫.

અધમ-ઉદ્ધારક ભવિ-જન-તારક, ગુણ અનંતના જે ધારક;
એવા વીરને છે વંદન વારંવાર, વીરને હાલો હાલો. - ૬.

વંદન કરીએ ભાવે સ્મરીએ, ત્રિકાળ તારું પૂજન કરીએ;
ત્હારા નામે સદા સુખ થાય, - વીરને હાલો હાલો. - ૭.

## ૬. શ્રી મહાવીરસ્વામીનું પારણું

''ભરત ક્ષેત્રમાં શોભતો, ક્ષત્રીયકુંડ સુખધામ,
રાય સિદ્ધારથ આંગણે, દેવી ત્રિશલા નામ.
ઉત્તમ તેની કુક્ષીએ, જન્મ્યા વીર જિણંદ,
તોરણ બાંધ્યા ઘરઘરે, ગીત મધુરા ગાય,
ઘર ગોખે દીવડા ઝગે, મંગલ તુર બજાય,
રાસ લડે રમવા મલે, સર્વ સાહેલી સાથ,
રૂમ ઝુમ નૃત્ય કરી, સહુ ઝુલાવે જગનાથ.
ઝુલો ઝુલો વીર મારા પારણીયામાં ઝુલો, (આવો આવો ... રાગ)

રૂડા હાલરીયામાં ઝુલો.
સોના કેરૂ પારણું ને, ઉપર જડીયા હીરા,
રેશમ દોરે માત હિંચોળે, ઝુલો મહાવીર. રૂડા. (૧)

ઇંદ્ર ઇંદ્રાણી મલી હુલરાવે, સુર નરનારી આવે,
મધુર કંઠે ગાયા હાલરડાં, વીરને સ્નેહે ઝુલાવે. રૂડા. (૨)

ઝીકે ભરીયું આંગડીયું ને, જરીનો ટોપો માથે,
લાવ્યાં રમકડા રમવા કાજે, મેવા મીઠાઇ સાથે. રૂડા. (૩)

માતા ત્રિશલા હરખે હરખે, એમ મુખે વદંતી,
મોટો થાજે ભણવા જાજે, આશીષ દેઇ હસંતી. રૂડા. (૪)

પરણાવીશ હું નવલી નાર, જોબનવંતી તુજને,
માતાપિતાના કોડ પૂરજે, હોંશ હૈયે છે મુજને. રૂડા. (૫)

જૈન શાસનમાં તું એક પ્રગટ્યો, આંગણ મારે દીવો,
કર્મને કાપી ધર્મને સ્થાપી, અમૃત રસને પીવો. રૂડા. (૬)

ધર્મ દેશના આપી જગને, ઉદ્ધરજે જગ પ્રાણી,
આત્મ સાધના સાધી વરજે, વિજય શિવ પટરાણી. રૂડા. (૭)

# ૭. શ્રી મહાવીરસ્વામીનું પારણું

ત્રિશલા માતા પારણું ઝુલાવે, મહાવીર પોઢે રે,
રેશમ દોરે માતા હિંચોળે, મહાવીર પોઢે રે. ..... ( ૧ )

મધુર મધુર હાલરડાં ગાતી, અંતર કેરા અમીરસ પાતી,
ત્રિશલા રાણી ગીત સુણાવે, મહાવીર પોઢે રે. ..... (૨)
વીર થજે મારા બાળ જગતમાં, ધીર ગંભીર થજે તું જગતમાં,
સ્નેહ થકી તુજ જીવન ભરજે, આ સંસારે રે. મ. ..... (૩)

સંસારમાં સુખ ક્યાંય નથી રે, વેરઝેરથી દુનિયા ભરી રે.
કામ ક્રોધ મદ માયા ત્યજીને, ભવજલ તરજે રે. મ. ..... (૪)

દુઃખ ભરેલા જીવન જગમાં, કરૂણા વેદના પામે જીવનમાં,
રાજ વૈભવનાં સુખ ત્યજીને, આંસુ લોહજે રે. મ. ..... (૫)

સંસારનાં સૌ સંબંધ ત્યાગી, દીક્ષા લેઈ થા સંયમ રાગી,
મોહ નિદ્રામાં સુતેલા જગને, દેજે જગાડી રે. મ. ..... (૬)

ઘર ઘર વન વન ઘૂમી વળજે, અહિંસા પરમો ધર્મ તું રટજે,
જિન શાસનની જ્યોત બનીને, મુક્તિ વરજે રે. મ. ..... (૭)

# ૮. પારણું

માતા જસોદા ઝૂલાવે પુત્ર પારણે,
ઝૂલે લાડકડા પુરષોત્તમ આનંદભેર;
હરખી નીરખીને ગોપીજન જાયે વારણે,
અતિ આનંદ શ્રીનંદાજીને ઘેર. માતા.૧

હરિના મુખડા ઉપર વારું કોટિક ચંદ્રમા,
પંકજલોચન સુંદર વિશાળ કપોળ;
દીપક શિખા સરખી દીપે નિર્મળ નાસિકા,
કોમળ અધર અરુણ છે રાતાચોળ. માતા. ૨

મેઘશ્યામ કાંતિ ભ્રૂકુટી છે વાંકડી,
ખીટળિયાળા ભાલ ઉપર ઝૂમે કેશ;
હસતાં દંતૂડી દીસે બેઉ હીરાકણી,
જોતાં લાજે કોટિક મદન મનોહર વેશ. માતા. ૩

સિંહનખે મઢેલું શોભે સોવ્રણ સાંગલું,
નાજુક આભ્રણ સઘળાં કંચન, મોતીહાર;
ચરણઅંગૂઠો ધાવે હરિ બે હાથે ગ્રહી,
કોઈ બોલાવે તો કરે કિલકાર. માતા. ૪

લાલે લલાટે કીધો છે કુમકુમ ચાંદલો
શોભે જડિત્ર જાણે મરકતમણિમાં લાલ !
જનની જુગતે આંજે અણિયાળી બેઉ આંખડી;
સુંદર કાજળકેરું ટપકું કીધું ગાલ. માતા. ૫

સાવ સોનાનું જડિત્ર મણિમય પારણું,
ઝૂલવે ઝણાણણ બોલે ઘૂઘરીનો ઘમકાર;
માતા વિવિધ વચને હરખે ગાયે હાલરડાં,
ખેંચે ફૂમતિયાળી રેશમદોરી સાર. માતા. ૬

હંસકારંડવ ને કોકિલપોપટ પારણે
બપૈયા ને સારસચકોરમેનામોર.
મૂક્યાં રમકડાં રમવા શ્રી મોહનલાલને,
ઘમઘમ ઘૂઘરડો વજાડે નંદકિશોર. માતા. ૭

મારા કહાનાને સમાણી કન્યા લાવશું,
મારા લાલને પરણાવીશ મોટે ઘેર;
મારો જાયો વરરાજા થઈ ઘોડે બેસશે,
મારો કહાનો કરશે સદા ય લીલાલ્હેર. માતા. ૮

મારો લાડકવાયો સખા સંગ રમવા જશે,
સારી સુખલડી હું આપીશ હરિને હાથ;
જમવાવેળા રૂમઝૂમ કરતો ઘરમાં આવશે,
હું તો ધાઈને ભીડીશ હૃદયા સાથ. માતા. ૯

જેનો શંકરશેષસરીખા પાર પામે નહીં,
'નેતિ, નેતિ,'કહે છે નિગમ વારંવાર;
તેને નંદરાણી હુલરાવી ગાયે હાલરડાં,
નથી, નથી એના ભાગ્યતણો કંઈ પાર ! માતા. ૧૦

વ્રજવાસી સૌ સર્વથી સુભાગી ઘણાં,
તેથી નંદ જસોદાકેરું ભાગ્ય વિશેષ;

તે સર્વેથી ગોપીજનનું ભાગ્ય અતિઘણું,
જેની કરે પ્રશંસા બ્રહ્માશિવ ને શેષ. માતા. ૧૧

ધન્ય ! ધન્ય ! વ્રજવાસી ગોપીજન નંદજસોમતી !
ધન્ય ! ધન્ય ! વૃંદાવન હરિકેરો જ્યાં છે વાસ;
સદા જુગલકિશોર જયહાં લીલા કરે,
સદા બલિહારી જાયે દયોદાસ ! માતા. ૧૨

(દયારામ રસ સુધા)

❄

# ૯. શ્રી સિધ્ધચક્રની ગહુંલી

## "હાંરે મ્હારે ઠામ ધર્મના સાડા પચ્ચવીશ"

હાંરે મહારે જિન આણા લેઈ ઈંદ્રભૂતિ ગણધરજો
વિચરે રે ચઉવિહ અપ્રતિબંધથી રે લો
હાંરે મહારે સંયમધારી મુનિગણના શિરદાર જો
ચઉજ્ઞાની શુભધ્યાનથી ધર્મના સારથી રે લો. (૧)

હાંરે મહારે રાજગૃહી ઉદ્યાને આવ્યા નાથ જો
હરખ્યો રે મગધાધિપ ત્રિકરણ ભાવશું રે લો
હાંરે મહારે આવે નૃપ ચેલણાદિક રાણી સાથ જો
અંગ નમાવી વંદે ગણધર પાવને રે લો. (૨)

હાંરે મહારે ભવ નિસ્તરણી જિનવાણી ઉપદેશ જો
ભાંખે રે પ્રભુ ગોયમ સ્વામી રંગથી રે લો
હાંરે મહારે સેવો ભવિજન સિદ્ધચક્ર શુભ લેશ જો
બહુ સુખ પામ્યાં મયણા તેહના સંગથી રે લો.(૩)

હાંરે મહારે અવસર પામી મગધાધિપની નાર જો
ઉલ્લસી રે મન હર્ષ સ્વસ્તિક પૂરવા રે લો
હાંરે મહારે સહિયર મંગલ ગાતી ગીત અપાર જો
માનું ભવભવ સંકરને એ ચૂરવા રે લો (૪)

હાંરે મહારે ઈણી વિધ સ્વસ્તિક પુરે શ્રદ્ધા પીઠજો
પામેરે તે મંગલમાલા માનની રે લો
હાંરે મહારે શિવપદ કારણ ભાવેં જોગ ઉક્કિઠજો.
દીપ કહે એમ એ છે વાત નિદાનની રે લો. (૫)

# ૧૦. જંબુકુમારની ગહુંલી

## "ઘરૂડા મેં સહિયો ફૂલે હાથણી"

રાજગૃહીનયરી સમોસરયા પાંચશે મુનિ પરિવાર મોરી સહિયાં હો
કેવલજ્ઞાન દિવાકરૂ

શ્રી સોહમ ગણધાર મોરી
ચાલો પટોધર ગુરૂવાંદવી ૧ એ આંકણી

જંબુકુમાર આવે હેમશું પ્રભુજીને વંદન કાજ મોરી.
બ્રહ્મચારી શિર સેહરો લેવા મુક્તિગઢ રાજ મોરી. ચાલો ૨

ગુરૂ મુખથી રે સુણી દેશના સંયમે ઉલ્લસિતભાવ મો.
ક્ષાયિક સમકેતનો ધણી તરવાને ભવજલ દાવો મો. ચા. ૩

અણુવ્રત લેઈ ગુરૂ આગલે સંયમનો રે ઉજમાલ મો.
પરણીને ધરણી આઠને બુઝવી વયણ રસાલ મો. ચા.૪

સંયમ લીયે મુનિ પાંચશે સત્તાવીશ પરિવાર મો.
ચરણ કરણ ગુણ આગલા જેહના છે ધન્ય અવતાર મો. ચા.૫

સુધર્માસ્વામીના પાટવી કેવલ લહી ગચ્છ રાય મો.
ગુણ શીલ ચૈત્ય પધારિયા ઉદાયિન હર્ષ ન માય મો. ચા.૬

પટરાણી રાણી પુરે ગહુંઅલી કરવા સફલ અવતાર મો.
દીપવિજય કવિરાજને પ્રણમે છે બહુ નરનાર મો. ચા. ૭

# ૧૧. ચક્કેસરી માતાની ગરબી

અલબેલી રે ચક્કેસરી માત જોવાને જઈયે.
જેહનાં સોવન ગાત્ર જોવાને જઈયે. એ આંકણી

જોવા જઈયેં પાવન થઈયે દેખી મન ગહગહીયે રે
એક તીરથ બીજી જગદંબા વંદી સંપત્ત લહીયે જો. અ.૧

આઠ ભુઅલી અતિ લટકાલી મૃગપતિ વાહનવાલી રે.
જિનગુણ ગાતી લેતી તાલી તીરથની રખવાલીજો. અ.૨

શ્રી સિદ્ધાચલ ગિરિ પર ગાજે,
દેવદેવી સમાજે રે રંગતિ જાલી ગોખ બિરાજે
ઘડી ઘડી ઘડીયાલાં વાજે જો. અ.૩

ઘાટડી લાલ ગુલાલ સોહાવે, પીલારાતા ચરણા રે
બહુ શોભે છે જગ જનની કેશર કંકુમ વરણાજો. અ.૪

ખલ કેકર કંકણ ને ચુડી નવસરો હૈયડે હાર રે.
રત્ન જડિત ઝાંઝર છે ચરણે ઘુઘરીયે ઘમકારજો. અ.૫

નાકે મોતી ઉજજવલ વાને બાજુ બંધ બેહુ બાંહે રે
કેડે કટિ મેખલા રણઝણતી ઝલકે હીરા માંહે જો અ.૬

દેશ દેશના ન્હાના મોહોટા સંઘ લઈ સંઘવી આવે રે.
તે સહુ પહેલાં શ્રીફલ ચુનડી જગજનનીને ચઢાવે જો. અ. ૭

ધન્ય ધન્ય એ શ્રી પુંડરગિરિ જિહાં જગદંબાનો વાસરે
જે કોઈ એ તીરથને સેવે તેહની પુરે આશ જો. અ. ૮

સંઘવી સંઘતણી રખવાલી શ્રી જિન સેવાકારી રે
દીપવિજય કહે માંગલિક કરજો બહુ શોભા તારી જો. અ. ૦૯

## ૧૨. મહાવીરસ્વામી ગહુંલી

### "વીરજી આયારે ગુણ શીલવનકે મેદાન"

ભવિયણ વંદો રે ચોવીશમો જિનરાય
સુગતિ આપે રે ટાલે કુગતિ કુઠાય એટેક
પાવન દેશાંતર કરતા સ્વામ
વિચરંતા ગામો ગામ પાતક જાયે લીધે નામ

જગ પડિબોહે રે એ ત્રિહું લોકનો નાથ,
મુનિ પરિવાર રે ચઉસ સહસ છે સંઘાત
સાયર છોડી રે કોણ સેવે છીલર પાથ. ભવિયણ. ૧

રાજગૃહી નયરી ઉદ્યાન ગુણશીલા ચૈત્યકે મેદાન આયાપુંડરિકપ્રધાન
સુર તિહાં રચે રે સમવસરણ તેણિવાર, ઈંદ્ર ઈંદ્રાણી વંદે પ્રભુને અપાર
પ્રભુને અપાર આનંદ પાવે રે દેખી પ્રભુનો દેદાર. ભવિયણ. ૨.

વનનો પાલક જેહનું નામ દીધી મણિ જઈને તામ.
સેણિક હરખ્યો સુણીને નામ ચલચિત થયો ર.
મગપતિ મહારાજ પરિવાર સંયુક્ત રે સાથ રમણી સમાજ
તિહાંથી ચાલ્યો રે પ્રભુને વંદન કાજ. ભવિયણ. ૩
ચતુરંગી સેના સજીય ઉદાર
ગજ રથ પાયક અમુલ તુખાર
પ્રભુપદ વંદી રે બેઠોય યથોચિત ઠાય
તવ ઉપદેશે રે વીર જિનેસર રાય. ભવિયણ. ૪

ચેલણારાણી અતિ સોભાગી જિનવંદીને ભક્તિજાગી
ગહુંલી કરવા રઢ બહુ લાગી
કનક ચોખા લઈ રે હાથે અતિહી રસાલ.

ગહુંલી પુરે રે જગપતિ આગે વિશાલ
મોતીડે વધાવે રે ટાલે પાપ પ્રજાલ. ભવિયણ. ૫

દેશના દીધી શ્રી ભગવંત સંશય ટાલ્યા
શ્રી અરિહંત સેણિક વંદી પુર પહોચત

એમ બહુ ભાવે રે નિત્ય નિત્ય મંગલ ગાય
સુકૃત કમાવેરે દીપવિજય કવિરાય. ભવિયણ. ૬

## ૧૩. મુનિવંદન ગહુંલી

સજની શાસન નાયક દિલ ધરી,
ગાશું તપ છ રાયા હો અલબેલી હેલી.
સજની જાણીયે સોહમ ગણધરૂ
પટધર જગત ગવાયો હો, અલબેલી હેલી.
સજની વીર પટોધર વંદિયે ॥૧॥ એ આંકણી

સજની વસુધાપીઠને ફરસતા,
વિચરતા ગણધાર હો સ. અ.
છત્રીશ ગુણશું બિરાજતા,
છે ભવિજનના આધાર હો અ. સ. વી. ॥૨॥
તખતે શોહે ગુરૂરાજજી, ઉદયો જિમ જગભાણ હો અ૦ સ૦

નિરખંતાં ગુરૂરાજને બૂજે જાણ અજાણ હો અ.સ.વી.॥૩॥
મુખડું શોહેરે પૂરણ શશી, અણીયાલાં ગુરૂનેણ હો, અ. સ.
જલધરની પેરે ગાજતા, કરતા ભવિજન સેણ હો,
અ.સ.વી. ॥૪.॥
અંગ ઉપાંગની દેશના બરસત અમૃતધાર હો અ. સ.
શ્રોતા સર્વનાં દીલ કરે, સંયમશું ધરે પ્યાર હો
અ. સ. વી. ॥૫.॥
શુભ શણગાર સજી કરી, મોતીયડે ભરી થાળ હો અ. સ.
શ્રધ્ધા પીઠની ઉપરે, પૂરે ગહુંલી વિશાલ હો અ સ.વી. ॥૬.॥
સ
સોભાગ્ય ઉદયસૂરિ પાટના, ધારક ગુરૂ ગુણ રાજ હો અ. સ.
શ્રી વિજયલક્ષ્મી સૂરિંદજી, દીપવિજય કવિ રાજ હો, અ.
સ.વી. ॥૭॥

# ૧૪. કેશીકુમારની ગહુંલી

"મુરે વર વરઘોડે સંચરયો જીરે બિહું પાસે ચામર વીંજાય,
જીયા વરની ઘોડલીએ"

જીરે કુંકુમ છડો દેવરાવીયે,
જીરે મોતીના ચોક પુરાવો.
વધાઈ વધાઈ છે, જીરે ઘર ઘર ગુડી રે,
સજ કરો જીરે સોહાગણ મંગલ ગાવો વધાઈ વધાઈ છે.૧

જીરે આજ વધાઈનો કોડ છે.
જીરે સેતંબી નયરી મઝાર. વધા.
જીરે પાસ પ્રભુજીના પટધરૂ છે.
જીરે આવ્યા કેશીકુમાર. વધા-૨

જીરે પાંચશે મુનિ પરિવાર છે.
જીરે જી વધ્યા પ્રતિપાલ. વધા.
જીરે દુક્કર પરિસહ ઝીપતા.
જીરે જગજસકાર પ્રનાલ. વધા-૩

જીરે છંડયા છે મોહ સંસારના
જીરે સેવા લહે ભવતાર. વધા-૪

જીરે તપીયા છે કેઈ મુનિરાજજી
જીરે ત્યાગી છે કેઈ મુનિરાજ. વધા.
જીરે મુનિ ગુણઠાણે વરતતા
જીરે શિવ વધુ વરવાનો કાજ. વધા. ૫

જીરે નૃપ પરદેશી રે હરખિયો

જીરે પહોતો છે વંદન કાજ. વધા
જીરે ગુરૂ ઉપકાર સંભારતો
જીરે પૂજય છે ગરીબનિવાજ. વધા. - ૬
જીરે નૃપ પટરાણી ગહુંઅલી
જીરે પુરે છે પૂજય હજુર. વધા.
જીરે દીપવિજય કવિરાજને
જીરે વંદો ઉગમ તે સુર. વધા. - ૭

## ૧૫. મુનીવંદનની સજ્જઝાય

શ્રી મુનીરાજને વંદના નિત કરીયે, હાંરે તપસી મુનીવર અનુસરીયે,
હાંરે ભવસાયર સહેજે તરીયે, હાંરે જેનો ધન્ય અવતાર. શ્રી...(૧)

નિંદક પૂજક ઉપરે સમભાવે, હાં રે પૂજક પર રાગ ન આવે
હાંરે નિંદક પર દ્વેષ ન લાવે, હાંરે તેથી વિતરાગ. શ્રી.....(૨)

સંજમધર ઋષિરાજજી મહાભાગી, હાંરે જેની સંયમે શુભ ગતિ જાગી
હાંરે થયા કંચન કામિની ત્યાગી, હાંરે કરવા ભવ તાગ. શ્રી...(૩)

તીને ચોકડી ટાળીને વ્રતધરીયા, હાંરે જાણું સંજમ રસના દરિયા
હાંરે અજાુઆલ્યા આપણા પરીઆ, હાંરે ધન્ય ધન્ય ઋષિરાજજી. શ્રી.. (૪)

ચરણકરણની સિતરી દોય પાળે, હાં રે વાલી જિનશાસન અજાુઆળે
હાંરે મુની દોષ બેંતાલીશ ટાળે, હાંરે લેતા શુદ્ધ આહાર. શ્રી... (૫)

ચિત્ર સંભૂતિ ને વળી હરિકેશી, હાંરે અનાથી મુની શુભલેશી
હાંરે ગૌતમ ગણધર વળી કેશી, હાંરે બેઉના અણગાર શ્રી... (૬)

દશ પ્રત્યેક ચક્રી બુદ્ધને જગ જાણે, હાંરે નમિરાજને ઇંદ્ર સંમાણે.
હાંરે ઉત્તરાધ્યયને વખાણે, હાંરે શ્રી દશારણભદ્ર. શ્રી... (૭)

છવ્વીસ કોટિ ઝાઝેરા અઢીદ્વીપે, હાંરે તપ સંજમ ગુણથી દીપે
હાંરે ચાર સોળ પચ્ચીશને જીપે, કીજે ગુણ ગ્રામ. શ્રી...(૮)

દીપવિજય કવિરાયના ગુણ ગાવો, હાંરે ગુણ ગાઈને ભાવના ભાવો
હાંરે ગાતા પરમ મહોદય પાવો, હાંરે માનવભવ સાર. શ્રી....(૯)

# ૧૬. રોટીની કવિતા

સરવ બાત બાતમેં પરતરખ્ય દેવ રોટી
તાંન માંન સર્વ વાત ણ્હવિના ખોટી સર્વ દેવ દેવમાં ।।૧।।

જૈનરાજ મુનીરાજ બડે ધ્યાન ધારે
ઘડી થાએ સોલમી ને ગૌચરી સંભારે... સર્વ. ।।૨।।

ચક્રવર્તિ વાસુદેવ વે પુન્યના છે બલીઆ,
ઘડી થાએ સોલમીને અંગ થાએ ગલીઆ... સર્વ. ।।૩।।

છત્રાપતી પાતસાહ ચામર છત્ર ધારે
ઘડી થાએ સોલમી ને રોટલા સંભારે... સર્વ. ।।૪।।

શેઠ બડે સાહુકાર લખે લખાવે હુંડી
ઘડી થાએ સોલમી ને થાખ થાએ ઊંડી... સર્વ. ।।૫।।

નીસનેહી નગનભાવ અંગ ભસ્મ લાવે
ઘડી થાએ સોલમી અલેખને સંભારે... સર્વ. ।।૬।।

સંઘ લેઈ સંઘવી પ્રયાંળ પંથ ચાલે.
ઘડી થાએ સોલમી મુકામ પંથ જાલે... સર્વ. ।।૭।।

ધ્યાન ધરે નાસીકાને ડબક માલ. મોટી
ઘડી થાએ સોલમી ને યાદ કરે રોટી... સર્વ. ॥૮॥

પેટ પડે રોટલા નેં સરવ બાત સૂઝેં
પેટપૂર અનઘાસ ગાય ભેંસ દૂઝે... સર્વ. ॥૯॥

ધન ધન વીતરાગ ઋષભદેવ સ્વામી
એક વરસ આહાર ત્યાગ વંદુ સીર નાંમી... સર્વ. ॥૧૦॥

વીર વીર મહાવીર જગત વીર દીપે.
ષટમાસ આહાર ત્યાગ વંદુ સીરનાંમી... સર્વ. ॥૧૧॥

દીપકવિ તીર્થ સંઘ અઢી ધીપ રાજેં,
છઠ્ઠ અઠમ પાસ માસ ધી મુનીરાજે... સર્વ. ॥૧૨॥

## ૧૭. શ્રી ચંદ્રરાજા અને ગુણાવલી રાણીના કાગળ.
## પ્રથમ ચંદરાજા લિખિત પત્ર પ્રારંભ

(મેતારજ મુનિવર, ધન ધન તુમ અવતાર-એ દેશી)

સ્વસ્તિ શ્રી મરુદેવીનાજી, પુત્રને કરૂં રે પ્રણામ;
જેહથી મનવંછિત ફળ્યાંજી, ઉપગારી ગુણધામ.
ગુણવંતી રાણી, વાંચજ્યો લેખ ઉદાર. એ આંકણી. ૧

સ્વસ્તિ શ્રી આભાપુરેજી, સર્વે ઉપમા ધીર;
પટરાણીય ગુણાવળીજી, સજ્જન ગુણે ગંભીર. ગુ. ૨

શ્રી વિમળાપુર નયરથીજી, લખિતંગ ચંદ નરિંદ;
હિત આશીર્વાદ વાંચજોજી, મનમાં ધરિય આનંદ. ગુ. ૩

આંહી કુશળખેમ છે, નાભીનંદન સુપસાય;
જગમાં જશ કીર્તિ ઘણીજી, સુરનર સેવે છે પાય. ગુ. ૪

તુમચા ખેમકુશળતણીજી, કાગળ લખજો સદાય;
મળવું જે પરદેશમાંજી, તે તો કાગળથી રે થાય. ગુ. ૫

સમાચાર એક પ્રીછજોજી, મોહન ગુણમણિમાળ;
ઈહાં તો સુરજકુંડથીજી, પ્રગટી છે મંગળમાળ. ગુ. ૬

તેહની હર્ખ વધાઈનોજી, રાણી એ જાણજો લેખ;
જો મનમાં પ્રેમ જ હુવે તો, હર્ષ જ્યો કાગળ દેખ. ગુ. ૭

તુમ સજ્જન ગુણ સાંભરેજી, ક્ષણ ક્ષણમાં સો વાર;
પણ તે દિન નવિ વીસરે જી, કણેરની કાંબ બે ચાર. ગુ. ૮

જાણી નહી તુજ પ્રીતડીજી, થઈ તું સાસુને આધીન;
તે વાતો સંભારતાંજી, શું કહીએ મન પામ્યું છે રે દીન.ગુ. ૯

પણ તું શું કરે કામિનીજી, શું કરીએ તુજ નાર ?
સ્ત્રી હોવે નહીં કેહનીજી, ઈમ બોલે છે સંસાર. ગું. ૧૦

સુતા વેચે કંતનેજી, હણે વાઘ ને ચોર;
બીએ બીલાડીની આંખથીજી, એહવી નારી નિઠોર. ગુ. ૧૧

ચાલે વાંકી દષ્ટિથી જી, મનમાં નવનવા સંચ;
એ લક્ષણ વ્યભિચારીનાંજી, પંડિત બોલે પ્રપંચ. ગુ. ૧૨

એક સમજાવે નયણથીજી, એક સમજાવે હાથ;
એહ ચરિત્ર નારીતણાંજી, જાણે છે શ્રી જગનાથ. ગુ. ૧૩

આકાશે તારા ગણે છેજી, તોળે સાયર નીર;
પણ સ્ત્રીચરિત્ર ન કહી શકેજી, સુરગુરૂ સરિખો ધીર. ગુ.૧૪

કપટી નિઃસ્નેહી કહીજી, વળી તે નારી સર્વ;
ઈંદ્રચંદ્રને ભોળવ્યાજી, આપણ કરીએ શો ગર્વ ? ગુ. ૧૫

નદી નીર ભુજ બળે તરેજી, કહેવાય છે રે અનાથ;
એક વિષયને કારણેજી, હણે કંતને નિજ હાથ. ગુ. ૧૬

ગામમાં બીહે શ્વાનથીજી, વનમાં ઝાલે છે વાઘ;
નાસે દોરડું દેખીનેજી, પકડે ફણિધર નાગ. ગુ. ૧૭

ભર્તૃહરી રાજા વલીજી, વિક્રમરાય મહાભાગ;
તે સરખા નારીતણાજી, કદિય ન પામ્યા તાગ. ગુ. ૧૮

તો રાણી તુજ શું કહુંજી, એ છે સંસારની રીત;
પણ હું એમ નવિ જાણતોજી, તુજને એવી અવિનીત. ગુ.૧૯

તુજને ન ઘટે કામિનીજી, કરવો અંતર એમ;
માહરી પ્રીત ખરી હતીજી, તું પલટાણી કેમ ? ગુ. ૨૦

મુજથી છાની ગોઠડીજી, સાસુથી કરે જેહ;
જિમ વાવ્યાં તિમ તેં લણ્યાંજી, ફળ પામી તું એહ. ગુ. ૨૧

તું વ્હાલો નહી તાહરેજી, વ્હાલી સાસુ છે એક;
તો વહુને સાસુ મળીજી, મોકલે મ્હાલજ્યો છેક. ગુ. ૨૨

દોષ કીશો તુજ દીજિયેજી, જોતાં હઈડે વિમાસ;
ભાવી ભાવ મટે નહીજી, મનમાં આવે છે રોષ;
પ્રીતિ દશા સંભારતાજી, બહુ ઉપજે છે સંતોષ. ગુ. ૨૩

કાગળ થોડો ને હિત ઘણુંજી, મુજથી લખ્યું નવિ જાય;
સાગરમાં પાણી ઘણુંજી. અર્થસમસ્યા ગાગરમાં ન સમાય. ગુ. ૨૪

ઘઉંની પહેલાં નીપજેજી, પીળું તરૂવર તાસ ;
પહેલી ચોથી માતરાજી, તે છે તું મારી પાસ.(જીવ) ગુ. ૨૫

દો નારી અતિ સામળીજી, પાણીમાંહે વસંત;
તે તુજ સજ્જન દેખવાજી, અળજો અતિ થરંત.(આંખની કીકી)
ગુ. ૨૬

મઠમાંહે તાપસ વસેજી, વિચે દીજે જીકાર;
તુમ અમ એવી પ્રીતડીજી, જાણે છે કિરતાર.(મજીઠ) ગુ. ૨૭

સાત પાંચ ને તેરમાંજી મેળવજ્યો દોઈ ચાર;
તેહના પાસે તુમે વસ્યાજી, સ્નેહ નહિય લગાર. (એકત્રીશ માણસ)
ગુ. ૨૮

એ ચારે સમસ્યાતણોજી, કરજ્યો અર્થવિચાર;
પ્રીતિદશા જિમ ઉલ્લસેજી, પ્રકટે હર્ષ અપાર. ગુ. ૨૯

કાગળ વાંચી એહનોજી, લખજો તુરત જવાબ;
સાસુને ન જણાવશોજી, જો હોય ડહાપણ આપ. ગુ. ૩૦

વળી હલકારા મુખથકીજી, સહુ જાણજો અવદાત;
કાગળથી અધિકી ઘણીજી, કહેશે મુખથી વાત. ગુ. ૩૧

ઇણિ પરે ચંદ નરેસરેજી, લખિયો લેખ શ્રીકાર;
દીપવિજય કહે સાંભળોજી, આગળ વાત રસાળ. ગુ. ૩૨

# દ્વિતીય ગુણાવલી રાણીલિખિત પત્ર.

(દોહા.)

શ્રીવરદા જગદંબિકા, શારદા માતા દયાળ;
સુરનર જસ સેવા કરે, વાણી જાસ રસાળ. ૧

ત્રિભુવનમેં કીરતિ સદા, વાહન હંસ સુવાર;
જડ બુદ્ધિ પલવ કિયા, બહુ પંડિત કવિરાય. ૨

પુસ્તક વિણા કર ધરે, શ્રી અંજારી ખાસ;
કાશમીર ભરૂઅચ્ચમેં, તેહનો ઠામ નિવાસ. ૩

એ જગદંબા પદ નમી, વરણવું બીજો લેખ;
શ્રોતાને સુણતાં થકાં, પ્રકટે હર્ષ વિશેષ. ૪

ચંદ લેખ વાંચી કરી, ગુણાવળી નિજ નાર;
ઉત્તર પાછો કંથને, લેખ લખે શ્રીકાર. ૫

(ધવળ શેઠ લેઈ ભેટણું - એ દેશી.)

સ્વસ્તિશ્રી વિમળાપૂરે, વીરસેન કુળચંદ રે;
રાજરાજેશ્વર રાજિયા, સાહિબ ચંદ નરંદ રે;
વાંચજો લેખ મુજ વાલહા. એ આંકણી. ૦૧.

શ્રી આભાપુર નગરથી, હુકમી દાસી સકામ રે;
લખિતંગ રાણી ગુણાવળી, વાંચજો મ્હારી સલામ રે. વાં. ૨

સાહિબ પુણ્યપસાયથી, ઈહા છે કુશળ કલ્યાણ રે;
વ્હાલાના ખેમકુશળતણા, કાગળ લખજો સુજાણ રે. વાં. ૩

સમાચાર એક પીછજો, ક્ષત્રી વંશ વજીર રે;

મુજ દાસીની ઉપરે, કૃપા કરી વડધીર રે. વાં. ૪

વ્હાલાએ જે લેખ મોકલ્યો, સેવક ગિરધર સાથે રે;
ખેમે કુશળે આવીયો, પહોત્યો છે હાથોહાથ રે. વા. ૫

વ્હાલાને કાગળ દેખીને, ટળીયા દુઃખના વૃંદ રે;
પિયુને મળવા જેટલો, ઉપન્યો છે આણંદ રે. વાં. ૬

સુરજકુંડની મહેરથી સફળ થયો અવતાર રે;
તે સહુ કુશળ કલ્યાણના, આવ્યા છે સમાચાર રે. વાં. ૭

સોળ વરસના વિયોગનું, પ્રગટ્યું દુઃખ અપાર રે;
કાગળ વાંચતાં વાંચતાં, ચાલી છે આંસુની ધાર રે. વાં. ૮

જે વ્હાલાએ લેખમાં, લખિયા ઓલંબા જેહ રે;
મુજ અવગુણ જોતાં થકાં, થોડા લખિયા છે એહ રે. વાં. ૯

સાહિબ લખવા જોગ છો, હું સાંભળવા જોગ રે;
જેહવા દેવ તેવી પાતરી, સાચી કહેવત લોક રે. વાં. ૧૦

સમસ્યા ચાર લખી તુમે, તે સમજી છું સ્વામ રે;
મનમાં અર્થ વિચારતાં, હરખે છે આતમરામ રે. વાં. ૧૧

હું તો અવગુણની ભરી, અવગુણ ગાડાં લાખ રે;
જિમ કોઈ વાયુના જોગથી, બગડી આંબા સાખ રે. વાં. ૧૨

મુજ અવગુણ જોતાં થકાં, નાવે તમને મહેર રે;
પણ ગિરૂઆ ગંભીર છો, જેવી સાયર લહેર રે. વાં. ૧૩

ગિરૂઆ સહેજે ગુણ કરે, કંતમ કારણ જાણ રે; (જાણ રે;)
જળ સીંચી સરોવર ભરે, મેઘ ન માગે દાણ રે. વાં. ૧૪

પત્થર મારે છે તેહને, ફળ આપે છે અંબ રે;

તિમ તુમ સરિખા સાહિબા, ગિરૂઆ ગુણ નીલુંબ રે. વાં. ૧૫

કાપે ચંદન તેહને આપે છે, સુગંધ અપાર રે;
મુજ અવગુણ નાણ્યા હિયે, ધન્ય ધન્ય તુમ અવતાર રે. વાં. ૧૬

મુજ સરિખી કોઈ પાપિણી, દીસે નહી સંસાર રે;
માન્યું સાસુનું કહ્યું, છેતરીયો ભરથાર રે. વાં. ૧૭

મેં જાણ્યું નહી એહવું, હું તો ભોળી નાર રે;
સાસુને કાને ચઢી, સમજી નહી લગાર રે. વાં. ૧૮

મેં આગળથી લહી નહી, સાસુ એહવી નાથ રે;
આપી ગાંઠની ખીચડી, જાવું ઘેલાની સાથ રે. વાં. ૧૯

કાંઈક કાચા પુણ્યથી, સદ્‌બુદ્ધિ પણ પલટાય રે;
જિમ રાણીને ખોળનું, ખાધાનું મન થાય રે. વાં. ૨૦

કરી પ્રપંચ ઇણ સાસુયે, ઘણો દેખાડયો રાગ રે;
પછે તો વાત વધી ગઈ, થયો પીંછનો કાગ રે. વાં. ૨૧

કિહાં આભા વિમળાપુરી, જોયા જેહ તમાસ રે;
હાંસીથી ખાંસી થઈ, કરવા પડિયા વિમાસ રે. વાં. ૨૨

પરણ્યાની સહુ વાતડી, મુજને કહી પ્રભાત રે;
જો તે ઠેકાણે દાટડી, તો એવડું નવિ થાત રે; વાં. ૨૩

મિંઢળની સહુ વાતડી, કહી સાસુને કાન રે;
પછે તો ઝાલ્યું નવિ રહ્યું, પ્રગટયું ત્રીજું તાન રે. વાં. ૨૪

મ્હારૂં કર્યું મુજને નડયું, આડું આવ્યું કોઈ રે;
ચોરની માતા કોઠીમાં, મુખ ઘાલી જિમ રોય રે. વાં. ૨૫

પસ્તાવો શો કરવો હવે, કહ્યું કાંઈ ન જાય રે;
પાણી પી ઘર પૂછતાં, લોકોમાં હાંશી થાય રે. વાં. ૨૬

જે કાંઈ ભાવી ભાવમાં, જે વિધિ લખિયા લેખ રે;
તે સવિ ભોગવવા પડે, તિહાં નહી મીનને મેખ રે. વાં. ૨૭

સાસુના જાયા વિના, સોળ વરસ ગયાં જેહ રે;
મુજ અવગુણની વાતડી, જાણે કેવળી તેહ રે. વાં. ૨૮

પણ કુર્કટથી જે નર થયા, તે વિસ્તરશે વાત રે;
સાસુ સાંભળશે કદા, વળી કરશે ઉતપાત રે. વાં. ૨૯

તે માટે સાવધાનથી, રહેજો ધરિય ઉલ્લાસ રે;
જેહવા તેહવા લોકનો, કરશો નહિ વિશ્વાસ રે. વાં. ૩૦

સાસુને કહેવરાવજો, ઈહા આવ્યાનો ભાવ રે;
પછે જેહવા પાસા પડે, તેવા ખેલજી દાવ રે. વાં. ૩૧

મુજ અવગુણની ગાંઠડી, નાખજો ખારે નીર રે;
નિજ દાસી કરી જાણજો, મુજ નણદીના વીર રે. વાં. ૩૨

કાગળ લખજો ફરી ફરી, કૃપા કરી એકમન્ન રે;
વ્હેલાં દરિસણ આપજો, શરીરનાં કરજો જતન રે. વાં. ૩૩

તુજ બહેની વ્હાલી ઘણું, પ્રેમલા લચ્છી જેહ રે;
તેહને બહુ હેતે કરી, બોલાવજો ધરી નેહ રે. વાં. ૩૪

સમસ્યા-રાધા પતિ રે કર વસે, પંચ જ અક્ષર લેજો રે;
પ્રથમ અક્ષર દૂરે કરી, વધે તે મુજને દેજો રે. (સુદરશન) વાં. ૩૫

જો હવે સુરજ કુંડથી, વિઘન થયા વિશરાળ રે;
તો સહુ પુણ્ય પસાયથી, ફળશે મંગળમાલ રે. વાં. ૩૬

ઈમ લેખ લખી ગુણાવળી, પ્રેષ્યો પ્રીતમ પાસ રે;
દીપવિજય કહે ચંદની, હવે ફળશે સહુ આશરે. વાં. ૩૭

## ૧૮. માણિભદ્ર છંદ

સરસ વચન દ્યો શારદા, કવિયણ કેરી માય,
તુઝ પસાય બહુત હુઆ, ધરણિ ઉપર કવિરાય ॥૧॥
મેહેર કર મુજ ઉપરે, પ્રણમું બે કર જોડ. ॥૨॥
માણિભદ્ર ગુણ ગાયવાં, ઉપનો હર્ખ અપાર
પૂરણ કરજે માહરો, હર્ખતણો ભંડાર. ॥૩॥
વીર ઘણા છે મહિતલે ગારજિયો ગરિષ્ટ,
સમરે એહને જે સદા, એહ સમો નહિ કોઈ ઈષ્ટ. ॥૪॥
અષ્ટ ભયેજ મોટકા, તુઠા જે વડવીર,
આરાધું તુજને સધ, વીરધીર ગંભીર. ॥૫॥
વીરધીર ગંભીર ગોરિયા કરે ત્યાંરી સેવના
ગોરિયા તુજ નામ સે અપાર સુખ તે લહે
ભાનુથી તપ તેજ જયું ॥૬॥
ધુઘરારે ઘમકાર ધમક ધમક વાજતો
નાદનાદ તસ લાગતાં ઢાક
એ કહાં કહીંક તું હુંકાર બોલતો
પ્રસન્નચિત્ત વિન્નમ ગોરિયો વીર ખેલતો ॥૭॥
ત્રિસૂરજ એક પાંનિ નાગ કરત વીર હાક હે
એકહાત પુષ્પમાલસે ગણણ ફેરી દેવતા સુત થઈ તાનમેં
ગોરિયો વીર રમે ખેલે યુક્તિસાં મેદાનમેં ॥૮॥

યામેં શીશ હાથ તાલ ભાનુથી આગે હે
ખેલંતઉ, પર્જનને પછાલત હે,
તુંહિ વીર તુંહિ ધીર, તું કિન્નરો તું સુરગતિયો વિદ્યાધરો ॥૯॥

એસો નાંમ કાંમ જગતમેં વિખ્યાત હે
તુ સેવકકો આય કામ સિદ્ધિ સામત હે
મંત્ર તું હિ જંત્ર તું હિ તંત્ર હી તું દેવ દાંણવ
નવ નિધિ રિધિ સિધિ તું ॥૧૦॥

માહરે તું માત તાત તુંહિ દેવ આધાર રે
તું જાગતો જગતમેં દીપતો દિદાર હે
કીજીઇ ઈહાં કો ગોરિયાના છંદ જાતમેં ॥૧૧॥

## : કળશ :

માણિભદ્ર માહારાજ મેં સંથુણ્યો તુઝને,
અષ્ટસિધિ નવનિધ વંછિત દેજ્યો મુઝને
વાંન હે ગજરાજ, તા ઉપર બેઠા સોહે,
મગરવાડ નગરે સદેવ દાણવ મન મોહે;
મેં ગાયો ભક્તે કરી ઇચ્છા પૂરજ્યો મનતણી,
દીપવિજય ઇમ ઉચ્ચરે સો લછી અતિ ઘણી.

ઈતિશ્રી માણિભદ્રજીરો છંદ સમાપ્તમ્
સંવત ૧૯૫૨ શાકે ૧૮૧૯ રા આષાઢ શુકલ ૧.
શિષ્ય પુનમચંદ લિખિતમ્ વિદ્યુતપુર નગ્રે
શ્રી શાંતિનાથજી પ્રસાદાત્ ॥ શ્રી ॥ શ્રી ॥ શ્રી ॥

# ૧૯/૧ માણિભદ્રની આરતી

## જ્યો જ્યો મા જુગત અંબે-એ દેશી.

જય જય નિધિ, જય માણિક દેવા, જય માણિક દેવા
હરિહર બ્રહ્મ પુરંદર, કરતા તુજ સેવા. જય દેવ જય દેવ. (૧)

તું વિરાધિ વીરા તું વંછિત દાતા, તું વંછિત દાતા
માતાપિતા સહોદર સ્વામિ છો પ્રભુ જગત્રાતા. જય દેવ. (૨)

હરિ કરી બંધન ઉદધિ, ફણિધર અરિઅનલા ફણિધર અરિઅનલા
એ તુજ નામે નાસે, સાતે ભય સબાળા જય દેવ જય દેવ. (૩)

ડાક ત્રિશૂળ ફૂલમાલા પાસ કુસ છાજે પાંસાં કુસ છાજે
એક કાર દાણંવ મસ્તક એમ ષટ ભુજરાજે. જય દેવ (૪)

તું ભૈરવ તું જગ મહા દીવો, તું જગ મહા દીવો
કામ કલ્પતરૂ ધનું તું પ્રભુ ચિરંજીવો. જય દેવ જય દેવ. (૫)

તપગચ્છપતિ સૂરી ધ્યાવે તુજ ધ્યાનં ધ્યાવે તુજ ધ્યાનં.
માણિભદ્ર ભદ્રંકર આશા વિસરામં. જય દેવ જય દેવ (૬)

સંવત અઢાર સે પાંસઠ શ્રી માઘવં માસ શ્રી માઘવમાસ
દીપવિજય કવિરાયની પૂરો સર્વ આશ જય દેવ જય દેવ (૭)

# ૧૯/૨ આગમની આરતી

જય આગમ જય પ્રવચન, ત્રિભુવન ઉપગારી
આદિ નહીં અવિનાસી, જગજન હિતકારી.
જય દેવ જય દેવ ॥૧॥

શ્રુત પરમેશ્વર ઈશ્વર શ્રુતમહ જગ દીવો.
અરિહા શ્રુતપ્રભુ નિયમા, જગમાં ચિરંજીવો.
જય દેવ જય દેવ ॥૨॥

કામકુંભસમ ઉપમા સુરતરૂસમ રાજેં
મંદિર ગીરીવર ઉપમા રવિસસિ સમ છાજે
જય દેવ જય દેવ ॥૩॥

મતિ અવધિ મનપર્યવ કેવલ વિસરામી
નો આગમ એહ ચ્યારે, આગમ શ્રુતસ્વામી
જય દેવ જય દેવ ॥૪॥

દીપવિજય કવિરાજ શ્રુત ત્રિભુવન ભાંજા
નમો તિથ્થસ્સ કહી પ્રણમો તીર્થપતિ રાજા
જય દેવ જય દેવ ॥૫॥

ઈતિ શ્રી દીપવિજય કવિરાજેન
વિરચિતા અડસઠ આગમ પૂજા સમાપ્ત
શ્રી સ્થંભતીર્થ શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રસાદાત્
લિ. પં. રૂપચંદેણ આત્માર્થે.

# ૧૯/૩ નંદીશ્વરની આરતી

જય નંદીસર જિનવર શાસન જયકારી ાસ.ા
જગમગ જ્યોતિ જગામગ,
મૂર્તિ મનોહારી ાજય દેવ જયદેવ ા૧ા

ૠષભાનન ચંદ્રાનન શ્રી જિનપતિ રાજે ાશ્રી.ા
વારીષેણ વર્ધ્ધમાન, નિરૂપમ છબી છાજે ાજય.ા૨ા

જિન અરિહા ભગવંતા જગ જસ જયવંતા ાજગ.ા
સિંહાસન શોહંતા પદ્માસન વંતા ાજય.ા ૩ા

સુર કિન્નર નરખેશ્વર, નિત્ય સેવા સારે ા નિત્ય. ા
ભાવભક્તિ બહુયુક્તેં નિત્ય આતમ તારે જય. ા૪ા
વિદ્યા ચારણ મુનિવર દર્શન ફલ લેવે ા દર્શના ા
શ્રી મુનિ જંઘાચારણ પદકજ નિત્ય સેવે ા જય. ા ા૫ા
સુરપતિ સુર ઈંદ્રાણી, ગાયન અનુસરતા ા ગાયન.ા
તતથેઈ તતથેઈ થેઈ થેઈ નાટક નિત્ય કરતા ા જય. ા૬ા
તાલ પખાલ મૃદંગ ને દુંદુભિ સ્વરઝીણા ા દુંદુ. ા
નાટક ભક્તિ કરતા, પ્રભુ ગુણના લીના ા જય.ા ા૭ા
દીપવિજય કવિરાજે એ જિન ઠકુરાઈ ા એ જિ. ા
નંદીસર જિન શોભા, ગણધરજી ગાઈ ા જય. ા૮ા
ઈતિ આરતી સંપૂર્ણ

# ૨૦. વીર પાતસાહ રૂધિ વર્ણન (કાવ્ય)

(સિદ્ધની શોભા કહૂં શી કહૂં તથા કરમ ન છુટે રે પ્રાણીયા)

(એ દેશી.)

વંદુ સિધ ભગવંતને પ્રણમું સદ્‌ગુરુ પાયરે,
રૂધિ વષાંણૂ રે વીરની તીન ભુવનનો જે રાયરે.
વીરની શોભા હું શી કહું ॥૧॥

શ્રી સિદ્ધારથ રાજ છે, ખત્રિ કુલ અવતંસરે,
જેહનો તાત વષાંણીયે, નિરમલે ઉત્તમ વંસરે. વીરની ॥૨॥

પુત્રી ખેત્રિ મહારાજની, સતિય શીરોમણી ધન્નરે,
ધન્ન ધન્ન ત્રિશલાદે માવડી કુખે પુત્ર રતન રે. વીરની ॥૩॥

સુરપતિ ચક્રિને હલ ધરા, વાસુદેવ તુમ રાજરે,
જગમાં પદવી જોતાં થકી, મોટી પદવી છે ખાસરે. વીરની. ॥૪॥

ચાર કોસનારે સેહેંરમાં રે, છાજે છત્રપતિ ભાંણરે,
રયણ સિંહાસન ઉપરેં, હુકમ કરે પરમાંણરે. વીરની. ॥૫॥

આસાષાસા[1] છે હાથમેં રત્નજડિત ઝલકારરે,
નકીબ[2] પુકારે પ્રભુ આગલે, ચોસઠ ઈંદ્ર છડીદાર રે. વીરની. ॥૬॥

તીન ભુવનનોરે પાતસા, પટાવત જેહને અગીયારરે,
અષય ખજાનો છે જેહને, દ્વાદસંગ ધર સાર રે. વીરની. ॥૭॥

ચઉદ પૂરવધર દીપતા, તીન સેં ષાસા પરધાન રે,
ચ્યાર હજારને ચ્યારસેહેં દીપે ખાસ દીવાન રે. વીરની. ॥૮॥

વિપુલ મતી નિરમલા પાંચસેહેં મોટા વજીર રે,
સકીનિ દેસીરે સાતસેહેં, કેવલી પરમ સુધીર રે. વીરની. ॥૯॥

ચરણ કર્ણ ગુણ આગલા, બુધિ રયણ ભંડાર રે,
મેહેતા કામદાર દોતીય વંદુ ચઉદ હંજાર રે. વીરની. ॥૧૦॥

એક લાખ ઉપર જાણીયે, ઉગણ સાઠ હજાર રે,
સમકિત તીષી તરવાર છે, શ્રાવક સ્વામી અસવાર રે. વીરની. ॥૧૧॥

પ્યાદલ કોટી કોટી કહું અણ હુતે એક કોડરે
ચક્રી વાસુદેવ નરપતિ, સેવે બે કર જોડરે. વીરની. ॥૧૨॥

વરણ્યો તિલોક પાતસા, વીરક્ષેત્ર નયર મઝાર રે,
દીપવિજય કવિરાજને, સંઘને જયજયકાર રે. વીરની. ॥૧૩॥

ઈતિ શ્રી વીર તિલોક પાતસાહ સત્રપતિ રીધી વરણવ સ્તવન ॥
(સંદર્ભ - હસ્તપ્રત-પા-૧૩)

કવિએ સમકાલીન મુસલમાન રાજાઓના રાજકારભારના પ્રભાવથી પાતસાહ - (બાદશાહ) શબ્દ પ્રયોગ ભગવાન વીર માટે કર્યો છે. રાજા, વજીર, પ્રધાન, છડીદાર, પાયદલ વગેરેથી વૈભવ યુક્ત હોવાથી એની શોભા અપાર હોય છે. કવિએ ભગવાનના ગણધર, કેવલી, વિપુલમતી, શ્રાવક, શ્રાવિકા વગેરેની સંખ્યા ને વજીર, પ્રધાન, છડીદાર, પાયદલ વગેરે સંજ્ઞાથી દર્શાવીને પ્રભુના મહિમાની અપૂર્વ ઋધ્ધિ-સમૃદ્ધિ વર્ણવી છે. આ પ્રકારની રચના કવિ કલ્પનાનો એક નવો વિચાર દર્શાવે છે.

સંભિન્ન - સંપૂર્ણ જ્ઞાન-દર્શન યુક્ત અર્થ.
૧. અંગરક્ષક સિપાઈ
    રાજાની સવારી સાથે ચાલે તે - અરબી શબ્દ છે.
૨. છડીદાર (અરબીશબ્દ)

# ૨૧. ખામણાંની ઢાળ

(અથ ખામણાં ખાંમોની ઢાળ)
ચાલોને પ્રીતમજી પ્યારા સિદ્ધાચલ જઈએ - (એ દેશી)

ખામણ લાં ખાંમોરે, સજની, ખાંમણ લાં ખાંમા
બાર માસનાં પાપ વિદારણ, ખાંમણા લાં ખાંમો
અરીહંતજીને ખામણાં ખામો, ગુણને સંભારી,
બાર ને ચોત્રીસ પાંત્રીસ વંદો, જિનની બલિહારી. ખામ. ॥૧॥

શ્રી સિદ્ધજીને ખામણાં ખાંમો, આઠ ગુણે ભરીયા,
પન્નર એકતીસ ચઉ ગુણ વંદો, ભવસાગર તરીયા. ખામ. ॥૨॥

આચરજજીને ખામણા ખાંમો, છત્રીસ ગુણવંતા.
દોય હજાર ને ચાર સૂરીસર, એક ભવે જયવંતા. ખામ. ॥૩॥

વાચકજીને ખામણા ખાંમો, પંચવીસ ગુણ વંદો,
દ્વાદસંગીના પારગ છારગ, એ ગોર ચિર વંદો. ખામ. ॥૪॥

મૃગાવતી ને ચંદનબાલા ખામણ લાં ખાંમો
મિછામિ દુક્કડં દેતાં દેતાં, કેવલ પદ પામો. ખામ. ॥૬॥

સઘલો રાગ ને દ્વેષ નિવારી, ઉદાયનને ખાંમો
ચંડપ્રદ્યોતન નૃપને સાથે, વેર સવે વાંમો. ખામ. ॥૭॥

અઈમત્તો મૂનિ મિછા દુક્કડં, દેતાં ગુણ પાયો,
કેવલ ગ્યાંન ને કેવલ દરશન, સિધાંતે ગાયો. ખામ. ॥૮॥

શ્રાવક ગુણવંતને ભવિ ખાંમો સમકિત ગુણ ભરીયા.
બાર વ્રતને ચઉદ નિયમના, આભુષણ ધરીયા. ખામ ॥૯॥

શ્રાવિકા ગુણવંતીને ભવિ ખાંમો, પતીવ્રતાધારે,
સિલ આભૂષણ દેહ સોહાવે, જિન ગુણ દિલ ધારે. ખામ. ૫૧૦૫

માતાપિતા બંધવ વલી સહુને, અંતર મદ ગાલી,
માંહો માંહે ખામણા ખાંમો, રાગદ્વેષ ટાલી. ખામ. ૫૧૧૫

કુંભાર મુનીના મિછા દુક્કડં, તેહનો ફલ નાંહી.
અંતર ભાવ મિછામિ દુક્કડં, તેહનાં ફૂલ યાંહી. ખામ. ૫૧૨૫

મુખ મીઠા ને અંતર ધીઠો, ખાંમણ નાં દેસ્યો,
ઉચ ગતી ટાલીને નીચ ગતીનો બંધ કરસ્યો. ખામ. ૫૧૩૫

અંતર ઉપશમ અમૃત સિંચી, સંસાર ભય રાષી
મિથ્યા દુક્કડં ખામણં તેહને ઉચગતી દાષીરે તેહને
ઉચગતી દાષી, ઉચગતી દાષી રે, તેહનો શ્રીમંધર સાષી.
ઉચગ. શ્રીમંધર. ૫૧૪૫

ઈમ સહુ સંઘને ખામણા ખાંમો, રાગદ્વેષ ટાલી
દીપવિજય કવિરાજ પનોતા, તેહની બલિહારી. ખામ. ૫૧૫૫
(સંદર્ભહસ્તપ્રત-પા-૧૪)

ખામણાંની ઢાળમાં કવિએ ક્ષમાપનાનું મહત્વ દર્શાવતાં પ્રચલિત દૃષ્ટાંતોનો ઉલ્લેખ કરીને રાગદ્વેષ-વૈર રહિત વિશુદ્ધ ભાવથી મિચ્છામિ દુક્કડં કરવા માટેનો મુખ્ય વિચાર વ્યક્ત કર્યો છે. પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં ક્ષમાપનાના મહત્ત્વને દર્શાવતી આ રચના અર્થગંભીર ને ભાવવાહી છે.

કવિએ અનુક્રમે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, મૃગાવતી ને ચંદનબાલા, ઉદાયન અને ચંડપ્રદ્યોત રાજા, અઈમુત્તામુનિ,

બારવ્રતધારી શ્રાવક, શીલવ્રતધારી શ્રાવિકા, અને માતા, પિતા, બંધુ આદિને અભિમાન રહિત થઈ વિનમ્ર ભાવે ક્ષમાપના કરવા જણાવ્યું છે.

કુંભારના મિચ્છામિ દુક્કડં નો કોઈ અર્થ નથી. કપટથી ક્ષમાપના કરવાથી નીચ ગતિનો બંધ થાય છે એમ જણાવી નવનીત સમાન નિર્મળ હૃદયથી ક્ષમાપના કરવી જોઈએ. અંતે કવિએ સકલ સંઘને ક્ષમાપના કરવાનો વિચાર વ્યક્ત કર્યો છે.

જૈન ધર્મના પાયાના સિદ્ધાંતને કાવ્ય વાણીમાં દર્શાવીને ગાગરમાં સાગર ભરવા સમાન અનેકવિધ વિચારોનો સમન્વય સાધ્યો છે.

## ૨૨. અડસઠ આગમની અષ્ટ પ્રકારી પૂજા.

શ્રી શંખેશ્વરાય નમઃ ॥ અથ અડસઠ આગમની અષ્ટ પ્રકારી પૂજા દીપવિજય કૃત લિખ્યતે. ॥ અથ વિધી ॥

પ્રથમ વિશાલ જિન ભુવનને વિષે ઉંચે આસને આગમ સિધ્ધાંત પધરાવીને તે આગમને આગળ ત્રણ્ય પીઠ ઉપર વીર સ્વામીની પ્રતિમા થાપીને સ્નાત્ર ભણાવવું. ગંગોદક જલ આણ્યાં હોય તે સુવાસિત કરીને આઠ કલશા ભરીનેં આઠ જણના હાથમાં આપીનેં ચ્યાર ચ્યાર જણ મુખ કોષ બાંધીને સાહમો સાહમી કલશા ઝાલીને ઉભા રહેં પછેં અષ્ટ પ્રકારી પૂજા ભણાવેં.

નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ ॥

પ્રવચન પરમેશ્વર પ્રભુ શ્રુત પરમેશ્વર ભાંણ;
સંઘ તિરથ પરમેશ્વરૂ, સિંહ સમોવડ ભાંણ. ॥૧॥

તે શ્રુત તે પ્રવચન પ્રભુ, તે આગમ સિધ્ધાંત;
દ્વાદશ અંગે તે જગ ગુરૂ, તીરથ સંઘ કહંત. ॥૨॥

દ્વાદશાંગી જગ પૂજ્યજી, જેહ અનાદિ અનંત;
તિર્થપતિ અરિહા સવેં નમો તિથ્થસ્સ પ્રભણંત. ॥૩॥

ભગવતી ટીકા માંહે છેં, નમો સુઅસ્સનેં ઠામ,
સિધ્ધસરોવર શ્રુત કહ્યો, જિન જનનો વિસરાંમ. ॥૪॥

તે પ્રવચન આગમ પ્રભુ વીરથી ત્રિપદી થૈ જાંણ,
દ્વાદશાંગી અગીયાર તિહાં, ગુંથે ગણધર ભાંણ. ॥૫॥

સુધરમા સ્વામી તણાં, વરતે દ્વાદશ અંગ;
બીજાં પૂરવધર કીયા, આગમ ચઢતે રંગ. ॥૬॥

નંદીમેં ચોરાસી કહ્યાં, દેવ ગણિ ગણધાર;
છિહોત્તેર પાષી સુત્રમાં, પિસ્તાલીસ જયકાર. ॥૭॥

આગે આગમ બહુ હતાં, વરતેં અડસઠ આજ;
સાસન વીરપ્રભુ તણેં, પરતષ્ય આગમ જિહાજ. ॥૮॥

અડસઠ આગમની રચું, પૂજા અષ્ટપ્રકાર;
પૂજો પગરણ મેળવી, વિરચો ભવિ મનોહાર. ॥૯॥

નવહણ વિલેપન કુસુમની, ધુપ દીપ જયકાર;
અક્ષત ફલ નિવેદ એ, પૂજા અષ્ટ પ્રકાર. ॥૧૦॥

વચ્ચી આગમ વાંચી, થાપી પ્રતિમા વીર;
પંચામૃત કલશા ભરી, ગાવો જિન ગુણવીર. ગાવો પ્રવચન ધીર. ॥૧૧॥

અનિહાં રે વાલ્હોજી વાઇ છેં વાંસલી રે (એ દેશી.)

અનિહાં રે ત્રિપદી તે અર્થ પ્રકાસિયા રે,
ગુંથ્યા ગણધર દ્વાદશ અંગ,

બીજાં તે પ્રવચન આગમ સૂત્ર છે રે,
તે સહુઇ કહેવાઇ ઉપાંગ ॥ અ. ॥૧॥
નવણ કરો પ્રભુ વીરને રે, વીસ કોડા કોડી ઉપરે રે,
છાસી ક્રોડને અડસઠ લાખ,
પાંચ હજારને બસેં ઉપર વળી રે બારે અંગના પદ સહુ ભાષ ॥અ. ।૨॥
પૂરવ ભવમાં ત્રેવીસ જિનપતિરે, કીધાં અંગ ઇગ્યાર,
અભ્યાસ રિષભજી દ્વાદશાંગી પૂરવ ભણ્યા રે,
ફલ કેવલ ગ્યાન પ્રકાશ. ॥ અ. ॥૩॥
પહેલું આચારંગં પૂજ્યજી રે, તેહનાં પદ છે અઢાર હજાર,
દો શ્રુત સ્કંધ છે દીપતા રે, નિર્‌યુક્તિ ને અનુયોગદ્વાર ॥અ.॥૪॥
આ બીજું પ્રવચન સુયગડાંગ સુત્ર છે રે, વાદીમત ભંજનનાં વખાંણ,
પદની સંખ્યાઉ ગુણી સહુ કહી રે, અધ્યયન ત્રેવીસ પ્રમાંણ. ॥અ. ।૫॥
ઠાણાંગ ને દશ ઠાંણા ગણધર કહે રે, વલી ચોથે સમવાયાંગ
એકથી લખ કોડા કોડી લગે રે, કહ્યા પ્રશ્નના અર્થ સુચંગ. ॥અ.॥૬॥
ભગવતી અંગ છે જગ જીવન પ્રભુ રે, જેહમાં સત્રક બેંસો અડત્રીસ,
વસ્તુની સંખ્યા તે બત્રીસ હજાર છેં રે,
દસ સહસા ઉદ્દેશા જગીશ. ॥ અ. ॥૭॥
જ્ઞાતા સૂત્ર તે છઠે અંગ છે રે, ચઉકા કોડ કથાના પ્રમાંણ,
સાતમા અંગમાં દશ શ્રાવક કહ્યા રે, ઉપાસક સૂત્ર વરદાંણ ॥અ.॥૮॥
અંતગડ થઇ મુનિ જે મુગતે ગયા રે, તે તો આઠમે અંગ વરદાય,
અનુત્તર વવાઇ સૂત્રમાં રે, વરણ્યા રે અનુત્તરવાસી મુનિરાજ ॥અ.॥ ૯॥
દશમું અંગ તે પ્રશ્ન વ્યાકરણ, જેહમાં પ્રશ્ન વિચ્ચાર વિલાસ,
સૂત્ર વિપાક છે પૂજ્ય ઇગિયારમું રે,

જેહમાં સુખ દુઃખ કર્મ પ્રકાસ રે ॥ અ. ॥૧૦॥

બારમું અંગ છે જગ જિન પ્રભુ રે, દષ્ટિવાદ નાંમ ગવાયા,
પરિકરમ સૂત્ર ને ચૂલિકા રે, અનુયોગ ચારને પૂર્વ સિવાય. ॥અ.॥૧૧॥

દ્વાદશ અંગ તે શ્રી પ્રવચન ગુરુ રે, જેહના અનંત અનંત ગુણ ગાજો,
ઉપગાર છે સહુ વીરનો રે, પ્રભુ દીપવિજય કવિરાજ. ॥અ.॥૧૨॥

**મંત્ર :**

વિમલ કેવલ ભાસન ભાસ્કરં, જગતિ જંતુ મહોદય કારણમ્
જિનવરં બહુમાન જલૌઘતઃ, શુચિમના સ્નાયામિ વિશુધ્ધયે ॥૧॥

## ઈતિ પ્રથમ જલપૂજા.

હવે બીજીપૂજા કરો, ચંદનની સુષકાર,
ચંદનથી તનુ લેપતાં, પામે ભવનો પાર. ॥૧॥

વીરપ્રભુ નિરવાણથી, વરસ અઠાણું માંહે,
દ્રષ્ટિવાદ ભગવંતનો, વિરહ પડ્યો જગ માંહે. ॥૨॥

વજ્રાઘાત પરે ઈન્દ્રને, ઉપનો મહા સંતાપ,
ભરત ખેત્રના સંઘનોં, હુઓ મોટો પરિતાપ. ॥૩॥

શ્રુતધર પૂરવ ધર સહી, સંઘ પ્રભુ અકલાય,
ભાવી પદારથ જોગનો, તેહનો કોઈ ન ઉપાય. ॥૪॥

ચઉદ પૂરવની વાચના, થૂલિભદ્ર સ્વામી સીમા,
દસ પૂરવધર પૂજ્યજી, વયર સ્વામી લગેં ખીમા. ॥૫॥

વીરપ્રભુના શિષ્યના, પયન્ના ચઉદ હજાર,
બીજા પટોધરનાં કીયા, આગમનો નહીં પાર. ॥૬॥

નંદીકારક ઉપર ગણેં, ચોરાસીનો આજ,
તેથી ચોરાસી કહ્યા, નંદીની પરનાલ. ॥૭॥

કારક પાષી સૂત્રનેં, દિસે બિહોત્તેર નામ,
તેહથી બિહોત્તર સૂત્રના, નામ કહ્યાં ગુણધામ. ॥૮॥

દસ એહસી વરસમાં, વ્યાર મહાકાલ,
તેહથી મુની ભૂલિ ગયા, આગમની પરનાલ. ॥૯॥

ગુજ્જર સોરઠ દેસમાં, પિસ્તાલીસનો પ્રવાહ,
તેથી પિસ્તાલીસ લખ્યાં, વલભીપુર ઉછાં - હા. ॥૧૦॥

રહેતે રહેતે દૂરથી, શ્રી આગમ ભગવંતા,
મરૂધર ગુજર દેશમાં, પસર્યા ગુણવંતા. ॥૧૧॥

સંમતિ અનુભવ સુત્ર છે. વરણ્યાં દ્વાદસ અંગ,
સેસ રહ્યું તે વરણવું, આણી અતિ ઉછરંગ. ॥૧૨॥

ઢાલઃ ભવિકા સિધ્ધચક્ર પદ વંદો (એ દેશી.)

સટયંભવ ભેટ યગ્ય કરંતાં શ્રી જિનપ્રતિમા લાધી
લહ્યો બોધ ગૃહમાં તિહાં સંજમ ભેટીમે સકલ ઉપાધી રે ॥૧॥

ભવિકા પ્રવચન પ્રભુજીને વંદો રે.
વંદી પરમાણંદો રે, ઉપશમ રસનો કંદ.
વંદો જિનપદ તે અનુસરી સટયંભવ સાહિબા,
પુત્ર મનકને દસે વેકાલીક આગમ કીધાં,
વીર શાસન જગ ગાજે રે. ॥ (ભ.) ॥૨॥

ઉત્તરાધ્યયન આગમે જગ જીવન, વીર પ્રભુજીની વાણી,
વરસ્યાં સોલ પોહર લગ અધિકા ભાષાના પુદ્દગલ જાણી રે. (ભ.) ॥૩॥

નરભવ તારણ ચઉગતિ વારણ, આવશ્યક પ્રભુને નિહાલી,
મહાવ્રત અણુ વ્રત ને અજુઆલે સાંઝ સવાર સંભાલી રે. (ભ.) ॥૪॥
ભગવતિ પિંડ નિર્યુક્તિ પ્રભુ પધરાવે, મન મંદિરમેં સોહાવો,
મુનિના આચાર વિચાર વિચારી મહાવ્રત સુકૃત કમાવો રે. (ભ) ॥૫॥
એ ચારે મૂળ સૂત્ર કહાઈ, બાર ને ચાર તે સોલ,
બાવન સૂત્રનાં નાંમ વખાણું, અનુક્રમે બોલા બોલ રે. (ભ.) ॥૬॥
ભગવતિ સૂત્રમેં વીર પ્રકાસેં, પ્રવચન તે અરિહંત.
વલીસે ઉંચાલીસ પ્રવચન અવિહડ,અનંત ગુણી ગુણવંત રે. (ભ.) ॥૭॥
પાટ બત્રીસમેં વીર પ્રભુનો દેવગણિ ગચ્છરાય,
નંદી સૂત્રની રચના કીધી, જેહના સુજસ ગવાય રે. (ભ.) ॥૮॥
અનુયોગ દ્વાર મેં ભેદ વષાણ્યો, શબ્દ અશબ્દ અનંત,
ષટ દ્રવ્યને ચાર નિષેપા, વાંણી વષાણ કરંતા. (ભ.) ॥૯॥
સૂત્ર ઉવાઈમેં કોણિક રાજા, પ્રભુજીને વંદન આવે,
અંબડના અધિકાર વષાંણ્યા, જિન પ્રતિમા ગુણ ગાવે રે ॥(ભ.) ॥૧૦॥
રાયપસેણીમેં નૃપ પરદેશી, કેશીકુમરથી તરીયો,
દુલ્લભ બોધી - બોધી ષટ્ બોલ ઉચ્ચરીયો રે. ॥ (ભ.) ॥૧૧॥
સૂરયાભદેવે શ્રી જિન પૂજયા, વિમાન વિચારી,
સહુ આગમમાં ભલામણ જેહની,
દેવર્ધી ગણિ ઉપગાર રે ॥ (ભ.) ॥૧૨॥
વીરથી તીનસે છિહોત્તરે વરસેં (૩૭૬) ચોવીસમો પટધારી,
પૂરવધર પ્રભુ સ્યામાચારજ, મોટો પર ઉપગારી રે. ॥ (ભ.) ॥૧૩॥
તે પ્રભુ કાલિકાચારજ ગુરૂઈ, પદ છત્રીસ પ્રમાંણ,
પન્નવણાની રચના કીધી, સહુ આગમમાં વષાંણેં ॥ (ભ.) ॥૧૪॥

દીપવિજય કવિરાજ પ્રભુજી, પન્નવણા ભગવંત,
ધન્ય પ્રભુ વીરને ત્રિપદીની રચના, અનંતગુણી ગુણવંત રે. ॥ (૪) ॥૧૫॥

**(આઠે જણા ચંદન ચઢાવે) શ્લોક**

સકલ મોહ તિમિર વિનાસને, પરમ સીતલ ભાવયુતં જિનં;
વિનયઉ દર્શન ચંદન, સહજ તત્ત્વ વિકાસ સમાર્ચયે.

# ૨૩. સોહમ કુળ કલ્પવૃક્ષ તપવિધિ - ગણધર દેવવંદન

શ્રી સોહમકૂલ કલ્પવૃક્ષ ।। એહનો તપ દસ દિવસનો ।। એ તપનું નામ ઈચ્છા પૂરણ તપ ।। તે દસ દિવસનો તપ અને ગરણૂં ।। પંચ દેવ જોડામાં તપ યંત્રથી જાણવો ।। હવે ક્રિયા કહે છે ।। સાંજ સવાર પ્રતિક્રમણું ।। તથા દેવ વાંદવા ।। પટ બાંધ્યો હોય તે આગલ ગરણૂં ગણવૂં ।। ધૂપ દીપ કરવા ।। બાર સાથિયા કરવા ।। બાર દુહા ભણવા।। ઈહાં દુહા કહીને ખમાસમણાં દેવાં ।। પછે ખમાસમણ ।। ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ।। શ્રી ઈચ્છાપૂરણ તપ આરાધવા નિમિત્ત કરેમિ કાઉસગ્ગં વંદણ વત્તિયાએ ।। અન્નત્થ ઉસસિએનં ।। કાઉસગ્ગ ૧૨ નોકારનો ।। એ રીતે દસ દિવસ ક્રિયા કરવી ।। તપ મોંડે તે દિવસે અને દસમે દિવસે પટ આગલ પાંચ જોડા દેવવંદન છે. તે વાંદવા ।। વર્ષમાં ૨ વાર તપ કરવો ।। એકવાર ચોમાસા માંહે, બીજીવાર ગણધર ઈગ્યારસેં એતલે વૈશાષ સુદિ બીજથી માંડે તે ઈગ્યારસેં સંપૂર્ણ ।। એ મર્યાદ જાણવી ।।

બાર ખમાસમણના બાર દુહા લખે છે ।।

ત્રિભુવન ઠકુરાઈ ઘણી, સિદ્ધારથ નૃપ નંદ,
સાસન ભાસન જગ જયો, શ્રી પ્રભુ વીર જિણંદ. ।।૧।।

કઠિન કરમ ગીરી ભેદવા, કલ્પવૃક્ષ જગરાજ,
ઈચ્છિત મનવંછિત, સવે તરુ સિરતાજ.

એ દૂહો દૂહા દિઠ કહેવો ।। ખમાસમણ દેવાં ।।

જીવ તણો સંદેહ છે, શ્રી ગોયમ ગણધરને,
ટાલે સંસય વીરજી, વેદ તણા શ્રુતધરને. ।।૨।।

અગનિભૂતિ ગણપતિ ગુરૂ, પૃથવી માતા જાયો,
સંસય કરમ તણો તજી, વીર ચરણ ચિત્ત લાયો. ॥૩॥

ગણધર વાયુભૂતિને, સંસય જીવ શરીર,
વીર ચરણ સુપ સાઉલે, પામ્યા ભવ જલ તીર. ॥૪॥

ચોથા વ્યક્તજી ચિત્તમાં, પંચ ભૂત સંદેહ,
પૃથ્વી પ્રભુ પદવી લહી, પામ્યા સિવપદ ગેહ. ॥૫॥

પૂરષ મરીને પૂરષ હોય, નાર મરી હોય નારી,
એ સંદેહ સુધર્મને, ટાળ્યો જગ ઉપકારી. ॥૬॥

છઠા મંડિત પુત્રને, બંધ મોક્ષ સંદેહ,
ટળીયા વીર પ્રભુ થકી, રદય ઉપસમનેં તેહે. ॥૭॥

દેવ નહીં સંદેહ એ, મોરી પુત્ર દીલમાંહેં,
દિષાડી પદવેદના, ટાલ્યા શ્રી જગમાંહે. ॥૮॥

એકં-પિતજી આઠમા, નરક નહીં ઈમ જાંણે,
વેદ અરથ દીષી કરી, વીર પ્રભુજી વષાણે. ॥૯॥

અચલ ભ્રાત નવમા સહી, પુન્ય પાપ નહીં માંને,
સંસય ટાળ્યો જગગુરુ, વેદ અર્થ કહી ગ્યાંને. ॥૧૦॥

સંસય છે પરલોકનો, મેતારજ દસમાને,
પ્રભુજી વેદ અરજી કહી, સમજાવ્યો ગુરુ ગ્યાંને. ॥૧૧॥

એકાદસમ પ્રભાસજી, મોક્ષ નહીં ઈમ ધારે,
દીપવિજય કવિ રાજજી, સંસય તેહ નિવારે. ॥૧૨॥ ઈતિ॥

એ બાર દુહા છૈ તે પટ આગલ બાર ખમાસમણ દેવાનાં છે તે ક્રિયા માંહે ખમાસમણ વેલા કેહેવા ॥

દસમે દિવસે સમસ્ત ચતુરવિધ સંઘ મલીને પટ આગલ પાંચ જોડા દેવ વંદવા ॥ પૂજણૂ પ્રભાવના શોભા કરવી ॥ જ્ઞાનને અર્થે પુસ્તક પૂઠાં રૂમાલ પૂજન પારણા દિને સાહમી વછલ ॥ સાધર્મીની ભક્તિ ॥૧॥ એ તપ ઉત્કૃષ્ટ ૧૦ વર્ષ ॥ મધ્યમ પાંચ વર્ષ ॥ જઘન્યથી વર્ષમાં બે વાર ॥ એ મોટો વિધિ તો લઘુ વીધિતો પાંચ જોડા દેવવંદનથી માંહે લષ્યો છે ॥ તથાપિ લષૈ છૈ ભાદ્રવા સૂદિ આઠમ ॥ કાતિ વદ બીજ વૈશાષ સૂદિ એકાદસીયે ॥ તથા પરવણી દિવસે પટ બાંધીને દેવ વાંદિયૈ ॥ પટયોગ ન હોય તો વીર સામીની પ્રતિમા ॥ અને ગુરુ થાપના થાપીને પાંચ જોડાં દેવ વંદન કરીયેં ॥ સંઘ સમસ્ત ઈરીયાંવહી પડિકમીને સાહમા બેસે ॥

શ્રી વર્ધમાનાય નમઃ અથ પંચ જોડા દેવવંદન લિખ્યતે ॥

॥ દુહા ॥

વર્ધમાન ગિરુઓ વિભુ, શાસન નાયક ધીર,
ચરમ તીરથપતિ ચરમજિન, અરી જીપક વડ વીર. ॥૧॥
ભવ દવ વારણ નીર સમ, મોહ રજ હરણ સમીર,
માયા વિદારણ સીર સમ, મંદીર (મંદર) વીર જયો ધીર. ॥૨॥
તેહના ગણપતિ ગણધરું, ગોયમ સોહમ સામ,
તિહના પાટ પટોધરુ, આચારજ ગૂણ ધાંમ. ॥૩॥
દોય સહસ ચુમોત્તરા, યુગ પ્રધાન ભગવંત,
જેહના નોમ થકી સવે, ઈતિ ઉપદ્રવ સંત. ॥૪॥
પંચાવન લખ કોડી વલી, પંચાવન સહસ કોડી,
પાંચસેંહેં ક્રોડ પચાસ કોડી, સુધ આચારજજોજી. ॥૫॥

કલ્પવૃક્ષ સમ સોહમકૂળ, દિયે ઈચ્છિત ફલ પત્ર,
કલ્પવૃક્ષ તરુ ચિત્રકો, સન્મુખ ધરો વિચિત્ર. ॥૬॥
તિ આગલ કિરીયા કરી, વંદો દેવ વિશાલ,
જોડાં પંચ વંદન કરો, આણી ચિત રાસાલ. ॥૭॥
ભાદરવા સૂદ અષ્ટમી, કાતી વદની બીજ,
વૈશાષ સૂદિ એકાદસી, વંદો દેવ સુહેજ. ॥૮॥
એથી કઠિન કરમ ટલે, ભવ ભવ પાતિક જાય,
સદ્હણા શ્રદ્ધા થકી, સમકિત નિરમલ થાય. ॥૯॥
ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ચૈત્યવંદન કરું ॥
શાસન નાયક જગ ગુરુ, કલ્પવૃક્ષ થડ જાંણો,
એકાદશ ગણધર પ્રભુ. શાખા ડાલ વષાણેં
વૃક્ષ માધ્યપટ ધર ગૂરૂ, તસ પરીકર લઘુ શાખા,
સૂરી પ્રભાવક જે થયા, સુભ વચનામૃત ભાખા ॥૧॥
યુગ પ્રધાન દોય સહસ ચ્યાર, વૃક્ષ ફૂલ ગુણવંતા,
નરપદ સુરપદ મોક્ષપદ, ઈચ્છા ફલ ઉલસંતા,
જુગ લખેત્રમેં જુગલનાં, પૂરે ઈચ્છિત કલ્પ.
દસ જાતીના દસ તરુ, એ છે સાસ્વત કલ્પ. ॥૨॥
ઉત્તમ કુળ નિરોગતા, રાજ રીધ પરીવાર,
આયૂ શ્રદ્ધા દેવગુરુ, સૂરપદ સીવપદ સાર,
એ દસજાતિ ઈચ્છિત ફલ, પામે સમકિત વંત,
દુઃખ દોહગ સંક્ટ ટલે, પાવે પદ શ્રીમંત. ॥૩
પરતખ આરે પાંચમે, મોટો એ આધાર,
વંદો સ્તવના નિત કરો, પૂજો ભાવ ઉદાર.

ઈમ સોહમકુલ કલ્પતરૂએ, દીપવિજય કવિરાજ,
વીર જગત ગુરુ રાજનો, એ છે સહુ સામ્રાજ. ॥૪॥

જંકિંચિ નામ તિથં ॥ નમોત્થુણં ॥ અરીહંત ચેઈ. ॥ વંદણવત્તિ. ॥ અન્નત્થ ઉસ. ॥ નોકાર ॥૧॥ કાઉસગ્ગ ॥ થોય ॥ નમોર્હત્ સિધા. ॥

પ્રહ ઊઠી વંદૂ રીખભદેવ ગૂણવંત- (એ દેશી.)

પ્રભુ ભવ પચીશમેં, નંદન મુની મહારાજ,
તિહાં બહુ તપ કીધા, કરવા આતમ કાજ,
લાખ અગીયાર ઉપર, જાણો એંશી હજાર,
છસ્સે પીસ્તાલીસ, માસખમણ સુખકાર. ॥૧॥

લોગસ્સ ॥ સવ્વલોએ ॥ અરીહંત ચેઈ. ॥ વંદણ ॥ અનત્થ ॥ નોકાર ॥

અરિહંત સિદ્ધ પવયણ સૂરી સ્થવીર ઉવજઝાય,
સાહુ નાણ દંસણ વળી, વિનય ચરિત્ર કહાય,
બંભવણ કિરિયાણં તવ ગોયમને જિણાણં
ચરણ નાણ સુઅસ્સ તીત્થ વીશસ્થાનક ગુણ ખાણ. ॥૨॥

પુખરવરદી ॥ વંદણ ॥ અનત્થ ॥ નોકાર ॥

**થોય :**

ઈમ શુભ પરિણામે, કીધા તપ સુવિશાલ,
મુની આરગ સાધકા, સાધક સિદ્ધ દયાળ,
સુમતિ સમતા ધર ગુપ્તિ ધર ગુણવંતા,
નંદન ઋષિરાયા પ્રણમુંશ્રુતધર સંતા ॥૩॥

સિદ્ધાણં બુધ્ધાણં ॥ વેયાવચ્ચગરાણં ॥નોકાર॥૧॥ નમોર્હત ॥

## થોય :

ધન પોટ્ટીલાચારજ, સદ્‌ગુરુ ગુણ ગણ ધાર,
ઈમ લાખ વરસ લગે, ચારિત્ર તપ સુવિચાર,
પાળી પહોતા દશમા સ્વર્ગ મોઝાર,
કહે દીપવિજય કવિ નમતાં જય જયકાર. ાા૪ાા નમોર્હત

## ાા સ્તવન ાા

ધન ધન સાચો સંપ્રતિરાજા- (એ દેશી.)
દસમા સરગ થકી પ્રભુ ચવીયા, ત્રિશલા કૂખ રતન્ન રે,
ચઉદ સુપન દેખે પ્રભુ જનની, મધ્ય નિશા ધન ધન્ન રે.
વંદો હીતકર વીર પ્રભુને ાા૧ાા

ગજ વૃષભ હરી લછમી દેવી, પંચ વરણ ફૂલ માલ રે,
ચંદ સૂરજ ધજ કુંભ સરોવર, સાગર ખીર રસાલ રે. વંદો. ાા૨ાા

હરીઘર રતન રેઢ નિરધૂમા અગનિ સિંચિત ધૃત પૂર રે,
ચઉ સુપન એહ ત્રિશલાદેવી, દાષેં કંત હજુર રે. વંદો. ાા૩ાા

સુપન પાઠક કહેં બહોત્તેર સમણાં, બેહેતાલીસ ને ત્રીસ રે,
તેહમાં ચઉદ તીર્થંકર જનની, દેખે વીસવા વીસ રે. વંદો. ાા૪ાા

તૂમ કૂલ તૂમ સૂત હોસ્યે નિરૂપમ, તીર્થંકર ભગવંત રે,
દીપવિજય કવિરાજ પ્રભુજી, જસ બલવીર અનંત રે. વંદો. ાા૫ાા
જય વિયરાય સંપૂર્ણ કેહેવું.

## ાાદુહોાા

એથી કઠિન કરમ ટલે, ભવ ભવ પાતિક જાય
સદ્‌હણા સરધા થકી, સમકિત નિરમલ થાય ાા૧ાા ઈતિ પ્રથમ જોડું વંદન ાા

# ગદ્ય કૃતિઓ (હસ્તપ્રત)

## ૧ - તેરાપંથ - ચર્ચા બોલ.

દીપવિજય પોરવાડ ગચ્છરા વડોદરારા ચર્ચા કીની સો લિષે હૈં ! પ્રથમ દશવૈકાલકકી ગાથા ઉછી ।। ગાથા ।।।

ધમ્મો મંગલ મુક્કીઠં । અંહિસા સંજમો તવો ।
દેવા-વિતં નમંસંતિ । જસ્સ ધમ્મે સયા મણો ।।૧।।

આ ગાથા. પ્રથમા શ્રી જિન શાસન માંહે અહિંસા ધર્મ પ્રરૂપ્યો. જિહાં દયા હૈ ઉહાં લાભ હૈં અનૈં હિંસા હૈં ઉહાં ખોટ હૈં. જિહાં દયા હૈં ઉહાં સંવર હૈં. જિહાં હિંસા હૈ ઉહાં આશ્રવ હૈં. જિહાં દયા હૈં ઉહાં નિર્જરા હૈં. અરુ હિંસા હૈં ઉહાં પાપ બંધ હૈ. ઉન કારણ શ્રી તીર્થંકર, ગણધર અને મુનીરાજ એ તીનોં, હિંસા કરૈં નહી. એ કરાવૈં નહી. કરતાં અનુમોદૈ નહીં અને હિંસાકો આદેશ ન કરે તથા આપ હિંસા કરેં તો તીર્થંકર-પણો ન રહેં. ગણધર પણો ન રહેં. મુનિ પણો ન રહેં. ઉસૂત્રપણો ન રહૈં. યો અનંતા તીર્થંકર કો આચાર હૈ. અનંતા ગણધર મુનિરાજ સૂત્રકો આચાર હૈં અનેં યા વરતમાન ચોવીસી તે શ્રી મહાવીરસ્વામી તીર્થંકર અરુ ગૌતમ ગણધરજી અરુ મુનિરાજ તથા સૂત્ર પાને ।। ।। બોલને હિંસા હિંસાકી પ્રરૂપણા, આદેશ ઉપદેશ દિનૌ કિનૌ ફેર હિંસાકે નવ બોલમેં લાભ થયો. નિર્જરા કહી. આરાધક કહ્યા. આ વાત ઘટે નહીં, મિલે નહીં. પ્રમાણ નહીં યા હિંસાકે નવ બોલમેં તીર્થંકર ગણધર મુનિરાજ સૂત્ર એકૌ પ્રમાણ રહ્યો નહી યા હમકું વડી આસંકા ભઇ હૈ સો ભારમલજી ઢુંઢીયા તુમ સુનો ફેર સુનકે તીર્થંકર આણા પ્રમાણ ઉતર દેકે સંસય મિટાઇ. ઇમ પ્રથમ પ્રશ્ન

કહ્યો. આચારંગ સૂત્રમેં તીર્થંકર ગણધરે હિંસાકો આદેશ ઉપદેશ પ્રગટ કીનો.

સાધવી નદીમેં તણાતી હોય તો સાધુ મુની આસ્તે નદીમેં પકડ કૈ નિકાલ લૈ યામેં બહુત લાભ કહ્યો. યો લાભ હિંસામેં કિણ રીતે હો. યા તીર્થંકર ગણધર એક જીવ હણવાકો ઉપદેશ ન કરે વો સૂત્ર પાઠ દેખકે કોઇ મુની નદીમેં પડૈ કેઇ પડે હૈં કેઇ પડૈ જે યામેં કોઇ મુની અસંખાત અપકાય હણે. અને હણેંગે ઈસો ઉપદેશ તીર્થંકર ગણધર ઉ સૂત્રમેં ઘટે નહીં યામેં પ્રત્યક્ષ આશ્રવ હોંવે હૈ દયા પ્રતક્ષ રહે નહીં. અરુ ધમ્મો મંગલ મુકઠં યાકો પ્રમાણ કહાં રહ્યો. ઈતિ પ્રથમ પ્રશ્ન યાકો ઉત્તર ભારમલજી ખેતશી કરેં હૈં કે મુની નદીમાં પડીને સાધવી કાઢતાં અસંખાતા અપકાય જીવ હણાય આશ્રવ હુઓ દયા રહી નહીં અરુ ધમ્મો મંગલ મુકઠં યાકો પ્રમાણ ન રહ્યો. યા તો પ્રત્યક્ષ હૈં પિણ પ્રથમ તો મુની નદીમેં પડે હૈં. પિણ જીવ હણવાકા પ્રણામ (પરિણામ) નહીં હૈ. ફેર સાધવી મહાસતી નદી માંહેસેં નિકલ કેં ચારિત્ર પાલૈંગી બહુત જીવકુ ઉપકાર કરેગી. વામે બહુત લાભ દેખ્યો. તઠે તીર્થંકર ગણધર હુકમ દીનો અપકાયા હણયાકી ખોટ કરતે સાધવી ઉપકાર તો (ગૌણ) લાભ થોતા કહ્યો હૈં યા સંકા ન રાખની. તીર્થંકર વચન તે આણા ધર્મ હૈ યો ઉત્તર ભારમલજી ઇ પ્રમાણ કીનો.

ફેર મુની ગોચરી ગયે હો ઉહાં માંહી મેઘ વૃષ્ટિમેં મુની આપકે સ્થાનકે આવે જિણ ઉહાં રહેં નહીં ઈસો ઉપદેશ શ્રી આચારંગ નશીથ કલ્પ સૂત્રમેં દીનો યા પાઠ પ્રમાણ હૈં મેહ વષતે (વર્ષતે) કેઇ મુની આયે કેઇ મુની આયેંગે. તામેં અસંખ્યાતા જીવ

અપ્પકાય તથા બેંદ્રીય તેઇંદ્રીય જીવકી વિરાધના હુઇ હોવે હૈં યો સર્વ પાપ ઉપદેશ દાતા તીર્થંકર ગણધરરુ હોવે હૈં આમેં પ્રત્યક્ષ આશ્રવ હો. પ્રતક્ષ દયા રહિ નહીં. મુની આદેશ ઉપદેશ દાતા તીર્થંકર ગણધર કયું હોવે હૈં. ધમ્મો મંગલં મુકઠં યાકો પ્રમાણ ન રહ્યો. યાંકા સંદેહ નિકરીયે.

તદ ભારમલજી ખેતસીજી બોલે મુની ગોચરી તથા સ્થંડીલ ભૂમીમેં એસો મહામેઘ વરસતે જિણ સ્થાનકે આવૈં યામેં પ્રત્યક્ષ અપ્પકાય બેંદ્રીઆદિ જીવ હણેં ઈહે સંઘટા હોવે હૈં પ્રત્યક્ષ આશ્રવ હો. પ્રતક્ષ ખોટી દિશે હેં. જિણ મુની ગૃહસ્થરે રહેતો ચોથા વ્રતકો આલ (કલંક) આવૈં. સંયમને દોષ લાગેં તે કારણે અપ્પકાય વિરાધના સંઘટકી ખોટ કરતે થાન કે આયે કો બોહોત લાભ કહ્યો. તીર્થંકરે. યામેં શંકા ન કરણી. આપણે તો ધર્મ આણમેં છૈં યો ઉત્તર ભારમલજી. ઈમ પ્રભુ આણા પ્રમાણ દીનો.

યો વીજો પ્રશ્નકો ઉત્તર ॥૨॥

એક ચપટી તથા તાલી વજાડતો અસંખા જીવ હણાઇ હેં યામેં આશ્રવ હોત હૈં. દયા રહી નહીં. એસો કરિયો અને સૂર્યાભ. દેવતાયૈ જીમણી (જમણી) ભુજા સેં ૧૦૮ કુમર નીકલે ડાબી ભુજાસે ૧૦૮ કુમરી નીકલી અરુ મહાવીરકે આગૈં બત્તીસબધ નાટક ક્રિયો રાયપસેણી સૂત્રમેં કહ્યો. સૂર્યાભે ભક્તિ કીની. સૂર્યાભકી પુષ્ટિ રાયપસેણીમેં ગણધરે બહુત કીની, સમકિત દ્રષ્ટિકો બહુત વરણન કીનો યા પ્રમાણ પરંપરાએ અદ્યાપિ બહુત લોક પ્રતિમા આગે નાટક ગીત ગ્યાન (ગાન) કરેં હેં આમે અસંખાતા જીવકી વિરાધના હોવે હૈં સો ઉપદેસ કહનો તીર્થંકર ગણધરકું ઘટિત નહીં

યામેં આશ્રવ બહુત હુવો દયા રહી નહીં. ધમ્મો મંગલ મુકઠં યાકો પ્રમાણ નહીં રહ્યો યાકા ઉત્તર દીજ્યો. ત્રીજો પ્રશ્ન ।।૩।।

## ૨ - ચૌમાસી દેવવંદન સમાસ સમાઇય

હવૈ ચોથૌ સમાસ સમાયક ઘણો અર્થ થોડા માંહિ કહિ વૌ. તે સમાસ સમાયિક ઉપર ચિલાપુત્ર દ્રષ્ટંત રાજગૃહિ નગરી ધનદત્ત વ્યવહારીયો. તેહને ઘરે ચિલાતિ પુત્ર દાસ સુષમા નામૈ પુત્રી તીણૈ સેવે ચિલાતિપુત્ર દાસને વિસૈની જાણી ઘરસે કાઢી મૂક્યો. તે ચિલાતી પુત્ર ચોરારી પાલિ માંહિ જાઇ મિલ્યો. ઈમ જાણજો સંષેયૈ ચેલાપુત્ર મરી આઠમે દેવલોક ગયો. તિમ સર્વ પાલજયૌ એ ચોથો દ્રષ્ટાંત સમાસ સમાઇક અછૈ જાણવો. હૈવૈ પાંચમો દ્રષ્ટંત કહૈ છે સંષેપ કહેતાં થોડો અખર અર્થ ઘણો સમજૈ તે ઉપર પંડિતારો દ્રષ્ટાંત

વસંતપુર નગર, જિત શત્રુ રાજા, રાજ્ય કરેં. એકદા પ્રસ્તવૈ રાજાનૈ શાસ્ત્ર સાંભલવાની ઇચ્છા ઉપની. પંડિતો નૈ કહ્યો. તિહાં ચ્યારા પિંડ ચ્યારે સાસ્ત્રારૌ ચાર લાખ ગ્રંથ કીધો. કરીને રાજાનૈ અસીસ દાખી-રાજાઇ પૂછ્યો કે શું ગ્રંથ છૈ. પંડિતે કહ્યો મહારાજા થૈ સાંભલો. વઇણાં ગ્રંથને ઘણા ભેદ છૈ. તિવારે રાજા કહ્યો, શાસ્ત્ર ઘણા વાંચતાં કદેનપૂર આવૈ નહીં. તે વાસ્તે થોડા માંહિ ચ્યારે સાસ્ત્રનૌ સાર કહો. તિવૈરે ચ્યાર પંડિત મિલી ચ્યાર શાસ્ત્રનો સાર તેહનો એક સલોક બણાય કરી રાજાનૈ કહૈ સાંભલો.

જીર્ણે ભોજન માત્રેયઃ કપિલઃ પ્રાણિનાંદયા ।<br>
બૃહસ્પતિ રવિશ્વાસઃ પાંચાલઃ સ્ત્રીષુ માદર્વં ।।

વ્યા. (વ્યાખ્યા) અત્રે પડંત (પંડિત) વૈદ્ય શાસ્ત્રરો સારય જ મૂલ ગોત્ર્યાહાર જરીરં હઇ. પછૈ ભોજન કીજૈ જદ્યપિ આંમ મધોન ભોક્તવ્યં યાંમ કંપિલા પંડિત કહૈ. જો ધર્મ સાત્રરો સાર જે સર્વ પ્રાણીની દયા કીજે. એ ધર્મ સાસ્ત્રનો સાર છે. ત્રીજો બૃહસ્પતિ નામા પંડિત કહૈ નીત (નીતિ) સાસ્ત્રનો એહ છૈ વિસાસ ન કીજૈ. પંચાલ નામા ચોથો પંડિત કહૈ કામસાસ્ત્રનો સાર જેહ સ્ત્રીશુ કોમલતા ઘણો અંત પંત લેવો નહીં કુટણીઉ એ ચોથો પંડિતઃ એ થોડો માંહિ ને ઘણો સા(ર) કહ્યો એહ સંખેય પાંચમો દ્રષ્ટાંત કહ્યો. હિવૈ છટ્ઠો દ્રષ્ટાંત કહૈ છૈ. અનવદ્ય કહતાં પાપ રહિત સમાયિક કરવો. તિવૈ ઉપર ધર્મરુચિ અણગારનો દ્રષ્ટાંત. ધર્મઘોષ નામા આચાર્ય. તેહનો સિષ્ય ધર્મરુચિ નામા અણગાર નગરનૈ વિષૈ વિહરવા ગયો. ઉંચ નીચ ગોચરી કરતાં રૌહણી બ્રાહ્મણીને ઘરે ગયો. તિણે નાગ સરીરે ઘરે ઘણા દ્રવ્ય મેલીનૈ કડુવા તુંબાની તરકારી કીધી. તે જહરરૂપ જાણી તે કડુવા તુંબાનો સ્યક (શાક) સાધુનૈ વિહરાવ્યો. સાધુ તે વિહરીને ગુરુ ભણી દેખાડ્યો. ગુરુ તે આહાર દેખીનૈ કહ્યૌ માહાનુભાવ એ આહાર જહરરૂપ છૈ. તે વાસ્તે નિરવેદ્ય પંડલૈ (ભૂમિ) જાઇ પરઠઆવો. એહવો ગુરુ વચન સાભલીનૈ નિરવદ્ય ફાશુ ધરતિ દેખીનૈ નોષ (દોષ) ન લાગૈ તિતરૈ એક ટિ બક ધરતી પડ્યો. પરતસમાન તિણરી વાસ ગંધકી આઈ. કીડી વાસના જઇ તસ માન તત્કાલ મરણ પામ્યો. તે કીડી મરતી દેખીનૈ સાધે જીવદયા ચિંતવીનૈ આપરાર્વ જીવ સૈ ખીમત ખામણાં કરી કડુઆ તુંબાનો આહાર કીધો. ધો. સાધ મૃત્તુ પામ્યૌ. દેવલોક વિષૈ ગએ. અન્યવદ્ય સમાયક કઇહવી. પરૈ એ છઠો દ્રષ્ટાંત કહીનૈ.

સાતમો દ્રષ્ટાંત કહૈ. પરીજ્ઞા સમાયક. પરિસમ્મો તાત્ કહત્તો સમસ્ત પ્રકારૈ પાપ છોડવાની બુધિ કરવી. પરીજ્ઞા સમાયિક દ્રષ્ટંત વખાણૈ છૈ. ઈલાપુત્રનો દ્રષ્ટાંત કહૈ છૈ. ઈલાનગર એક શેઠરો પુત્ર. ઈલાચી પુત્ર. ઈલા દેવી દીધો. સુખ રહતા નટુઆરો અખાડો આયો. તે નટુવારૈ એક પુત્રી છૈ. મહારુપવંત છૈ. ઈલાપુત્ર નટુવારી પુત્રી દેખી ઈલાપુત્ર સ્નેહ જાગ્યો. પૂર્વલા ભવરી સ્ત્રી હુત્તી ઈહ ઈલા પુત્રના દ્રષ્ટાંત જાણજ્યો. સંખેપે કહ્યા છૈ. અન્યત્વ ભાવના ભાવતાં કેવલગ્યાન ઉપનો. દેવતા મહિમા કીધી. રાજા રાની નટુ કેવલ ગ્યાન પામ્યો. વાસ ફીટી સિંધાસણ થયો. ઘણાને પ્રતિ ચઉવિહા કીધો. અનુક્રમે મોક્ષ પોહતા. પરીજ્ઞા પરેં સાતમો દ્રષ્ટાંત. હવૈ સવ્વ પાણ કહતો, બુરી વસ્તુનો છોડવો, તિયે ઉપર દ્રષ્ટાંત. તેતલીપુત્ર મુહતાના દષ્ટાંત. તેતલીપુર નગર તિહાં કનકેસેકેતુ રાજા રાજ્ય કરે. રાજા લોભી થકો જાતમાત્ર પુત્ર મારી નાષૈ (નાખી) તિયૈ રાજારૈ તેતલી નામા મોહતા થૈ તેહને પોટ્ટીલા ભાર્યા છૈ. તિ પહિલાં ઘણાં બાલક ભંજકતી. અબમાન નહીં. એષૈ સમૈ એક સાધવી વિહરવા ભણી આવી. સાધવીનૈ પોટ્ટીલા કહેવા લાગી. ગુરુણીજી પહિલી ભરતારનો વલ ભંજતી હવૈ કુ વાલિ નહીં. કોઇ ઉપાય બતાવો જિણસુ ભરતાર વશ થાયે. સાધવી કહેવા લાગી. બાઇ ધર્મ કરો. જિયેં ધર્મ કિયે સર્વ વાત ભલી થાયેં. ઈમ સાંભલી તો ભલુ ઈમ ચિંતવતાં પાણી અગ્ન પાસી જહર ઈત્યાદિ અનુષમરણારા (પેટમાં મરી જવું) ઉપાય કીધા. પરં દેવતાયેં સર્વ ટાળ્યા. તિવારૈ દેવતા વિચારતો અબ તો દરસણ દીજૈ તિવારૈ પરનિષ્પ (પ્રગટ થવું) હોઈ કહ્યો. સંસાર અસાર છે ઈત્યાદિ વચન કહીં પ્રતિબોધ્યો, ધર્મને વિષૈ દઢ કીધો. આઠમો

દ્રષ્ટાંત વછાંણીએ. એટલે પ્રથમ વષાણ. હવે વલી ઉત્તમ વિવેકી શ્રાવક આજ દિન ધર્મ કર્તવ્ય કરૈ. પાપ કર્મ દૂર કરૈ. એ આવ પડિકમણરા નામ અનૈ દ્રષ્ટાંત કહયાં જાણવાં. જિણ કિણહિ રાજાયૈ આપણા ઘર સારું ધરતી લઈ લોકોનૈ કહ્યો. જેઈ યોગઃ ધરતી લાંઇછસ્યામાં દોરી લંઘી જાવૈ તો રાજાનો વિગ્રહ પામૈં, દૂષ પામૈ તિમ સાધુ શ્રાવક પિણ તીર્થંકરની આગ્યા માંનૈ તો સુષી હોઈ અને તીર્થંકરની આગ્યા લંઘે તો દૂષ પામૈ, વિરાધક હોઈ, દૂષી હોઈ. ઈમ હીત મારગ પિણ આજ્ઞાપૂર્વક પ્રવર્તતો સુષી હોઈ ।।૨।। પરિહરણા ઉપરે દ્રષ્ટાંતઃ જિમ કોઈ ઈક વ્યવહારીયો ભાગ્યવાન તેહને દો વેંહના બે વેહનારે બેદી ભાઈરે ઘરે આવી રહીયા. સેવરે ઘરે એક દીકરી તે બેઉં વેહના જાણૈ. મા હરૈ દીકરૈ નૈ પરણાવૈ તો ભલું હિવૈ. મામૈ નૈ આણજ દોનું કી પરીતાષ્યા સાર દો ઘડા આપ્યા. દૂર્વલે આવો વેગા આવૈ તો તે વધાઈ. એ તો વિવારી એકલો સરલસ બીજું તો તેનૈ વિવાસ્યો મોડા જાતો કોઈ ભય નહીં પરં દૂધરા ઘડા સાત જાવૈ સે રસ્તે આયો. દૂસરૈ નૈ જલ્દી કરી ઘડા ફોડી મોડો સો આય ઉભો રહ્યો. સરલ સ્વભાવીનૈ બેટી પરણાઈ ઘરરો માલક કીધો. તિમ ઈહાં પિણ જો સાધુ શ્રાવક પડિકમણમૈ હલવૈ હલવૈ સૂત્ર ઉચરૈ આજ્ઞાપૂર્વક કરતો થકો મુક્તિરૂપી કન્યા વરૈ ધર્મનો અધિકારી થાય એ પરિહરણા ઉપરે દ્રષ્ટાંત વષાંણ્યો ।।૩।।

# ૩. મહાનિશીથ સૂત્રના બોલ

નમો તિથ્થસ્સ પ્રવચનાય નમઃ સ્વસ્તિ શ્રીમન્નૃપતિ પુવારવંશ વિભૂષણ શ્રીમન્નૃપતિ વિક્રમ સમયાત્ સંવત ૧૯૯૦ શાકે ૧૫૫૫ પ્રવર્તમાને શ્રી ગુર્જર દેશ વડોદરા નગર સ્થિઈ શ્રી તપાગચ્છ શ્રી વિજ્યાણંદસૂરિ પક્ષે પંડિત દીપવિજય કવિરાજ તેમને સુશ્રાવક પુણ્ય પ્રભાવક ગાંધી દુર્લભદાસ ઝવેરચંદ શાહ ઝવેર દેવચંદના કાહાનદાસ નરસીદાસ સા નથ્થુ ગોવિંદજી તેમણે આ કરીજે.

મહાનિશીથ સૂત્ર કેતલો મોઠો (મોટો) ગ્રંથે છૈં. કેતલા અધ્યયન છૈં. અધ્યયન દીઠ સ્યા (કયા) અધિકાર છૈં. જિન પ્રતિમાના પાઠ સ્તવ ભાવ સ્તવના પાઠ. સંઘ યાત્રાના પાઠ-દ્વાદસંગી સૂત્રની આશાતનાના પાઠ તથા જિન વચન ઉથાપીને મિષ (મિશ્ર) ભાષા બોલીને અનંતો કાલ રકળયા (રખડ્યા) તે સાવજ્જાચાર્યની વાત કિહાં અધ્યયનમાં છૈં એ વાત સુમતિ નાગીલા કુશીલાયાની સંગતે ઘણા કાલ ભમ્યા અને નાગીલ ભાવના ભાવતાં કેવલ ઉપજાવ્યું કિહાં અધ્યયનમાં વાત છૈં. કામલોલુપી દુખીયા થયા તથા નંદીષેણ જીયેં વેસ્યાને ઘેર ધર્મલાભ દીધો. વેસ્યાયેં અર્થલાભ કહ્યો. વેસ્યાનેં ઘેર બાર વરસ રહ્યા. પાઠા (પાછા) તર્યા તે કિહાં અધ્યયનમેં વાત છૈં તથા પરંપરાગત ઈમ કહે છેં જે મહાનિશીથ સૈ સભા સમક્ષ વંચાઈ નહીં તે સ્યા કારણૈ ઈત્યાદિ પ્રકારે અમારા મનમાં સંસય છેં. તે મહાનિશીથ સૂત્રને અનુસારે જિણ આજ્ઞા પ્રમાણે જેટલું જાણવા પૈ આવૈ તે પ્રમાણે સંદેહ નિવારણ કરો એહવું પ્રશ્ન સંઘ શ્રાવક પૂછયું તેહનો ઉત્તર મહાનિશીથ સૂત્રને અનુસારે કહે છેં. તે પણ પૂછવા પ્રમાણૈ એ

સંસયના ઉત્તર લખ્યા પ્રમાણે સાંભલી જે કોઇ મનમાં કલ્પના આણસ્યે તે સાવજ્જાચાર્યની પરૈ ઘણો કાલ રકલશે તે માટે સાંભલીનૈ એ સૂત્રની પ્રતિતરાવતી શ્રધ્ધા રાખવી એ મહાનિશીથ સૂત્ર ગ્રંથ સાડા ચાર હજાર ચૌમાલીસ પ્રમાણૈ છૈં. અધ્યયન છ છૈં. ચૂલિકા બે છૈં. એવમ્ ૮ છૈં. ચોથા બાર વરસૈ સકલ સૂત્ર વિચ્છેદ થતાં જાનીનૈ વલ્લભીપુરમાં દેવર્ધિ ગણી ક્ષમાશ્રમણજીયૈ સર્વ સાધુને ભેલા કરીને મુંઢ (મુખપાઠ) સૂત્ર હતા તે લસ્યાં (લખ્યાં) લસતાં લસતાં સંવત ૫૧૦ની સાલમાં દેવર્ધિ પૂજ્યજી સ્વર્ગે ગયા. સંવત ૫૩૦ ની સાલમાં એક પૂર્વધર સત્યમિત્રસૂરિ યુગ પ્રધાન સ્વર્ગૈં ગયા. પાછલથી હરિભદ્રસૂરિ વૃધ્ધવાદી યક્ષસેન દેવગુપ્ત યસવર્ધન ગણી ક્ષમા ક્ષમણા શિષ્ય રવિ ગુપ્તજી નેમિચંદ્રજી જિનદાસ ગણી પ્રમુખ મહાપુરુષ ભેલા મલીને એ મહાનિશીથ સૂત્ર પુસ્તક લસ્યું. લખતાં લખતાં કેઇ પાઠ આલાવ્યા. ફેર દીઠા તે કેવલીને ભલાવ્યું, પર માથે લીધી નહીં એહવા ભવના ભીરૂ કે તેણૈ તે રીતે મહાનિશીથ સૂત્ર (૫) લસે છૈં અને આજ વર્તમાન પ્રતિમાના દ્વેષી પ્રતિમાના ઉથાપક તે મહાનિશીથમાં પ્રતિમાના પાઠો સંઘલી તીર્થ યાત્રાના પાઠો દેખીનૈં ઈમ બોલે છે જો મહાનિશીથ મોટું રત્ન છૈ. પણ પાછલાઉથી જતિ આચાર્યે માની નૈ જિન પ્રતિમાના પાઠ નવા ઘાલીને સૂત્ર ડોહલી નાખ્યું એ રીતે પોતાના છિદ્ર ઉઘાડવાના મતલબ સારું મોટા પુરૂષ ભવભીરૂ ને ચોર ઠરાવૈ છૈં, બોલે છૈં, પણ સાવજ્જાચાર્યની પરે અનંતી કાલ રલકલ છૈં સાવજ્જાચાર્ય એક વચન મિશ્ર ભાષા બોલીને તીર્થંકર ગોત્રના દલવાડા (દળીયા) વિષેરીને અનંતો સંસાર વધારયો. તીર્થ ગૌતમ શ્રુત દ્વાદશાંગી ચતુર્વિધ સંઘ શ્રમણ પર્વત પેઢી દેવ

સ્થાન કલ્યાણભૂમિ આગમો તો જે કાંઇ મોટાને ચોર ઠરાવીને એ સૂત્રને ઉથાપસ્યૈ તેહની શી ગતિ થાશૈ તથા વલી કોઇ એમ બોલે છે જે મહાનિશીથ સૂત્ર સભા સમક્ષ વંચાઇ નહીં ઇમ કહે છે તેહનો ઉત્તર એ જે નોકારના મંત્રાક્ષર છૈ તે પ્રગટન વંચાયૈ ન બોલાયૈ એ મંત્ર ન વાંચ એણે અડકે નહી તથા ચોથા આરાના સાધુની મોટી મોટી આલોયણ છૈં તે પાંચમા આરામાં થૈ શકૈ નહીં એવો પણ અડકે નહીં તંથા વલી બોલે છે જે માંહે અંજસમંજસ (અણસમજ) વાતો છૈં તેથી વંચાયે નહીં પણ એહવી વાતો એહમાં હૈં નથી. નિ (અને) કેવલ સાવદ્ય આરંભ રહિત મુનિમાર્ગની વાતો છૈં અને આજ વર્તમાન ધાની (ધ્યાન) માર્ગ વલી સક્યો નહીં તિવારે જિન પડિમાનો આધાર ગૃહીને અનંત લાભ બહુલા લાભ વર્ણવીને બહુ પુષ્ટિ કરીનૈં સાવદ્ય આરંભ યાપો (સ્થાપ્યો) છે આદરી બેઠા તે કહે છેં. દહેરા ઉપર ઉપરી રેહવું, તીર્થ ઉપર ઉપરી રેહવું, પથરની ખાણ કઢાવવી, પથર ફોડાવવા, ચુના લોહની ભઠી પકાવવી, ઇંટની નિમાહ પકાવવો, કાચા પાની પૈ છોગાર કરાવવી, દેહરા ચણાવવા, ધર્મશાલા ચણાવવી, જિનપૂજા, દેવ દેવીને કારણે ફળફૂલ ચૂંટાવવા, પ્રતિષ્ઠા, અંજનસિલાક, દગદિગપાલના ભૂત બલિ રંધાવવા, પૂજા ભણાવવી, સંઘના આગેવાન થઈને ચાલવું ઇત્યાદિ સાવદ્ય આરંભ કે બહુ લાભ અનંત લાભ પોકારી ઘણી ઘણી પુષ્ટિ કરીને આચાર્ય ઉપાધ્યાય સાધુ તિમનૈ આરંભવ્યો. વાર અંગીકાર કરી લીધી અને મહાનિશીથમાં એહવી વાત છૈં જે સહિત જિન પ્રાસાદ કરાવે પણ મુનિપણાને અનંતમા ભાગે છે એહવી વાત મહાનિશીથમાં છૈં માટે સભા સમક્ષ વાંચતાં પોતાની ઉઘડે અને આજીવિકા મંદ થાયૈ

માટે સભા સમક્ષ વાંચવાની ના કહે છેં તે સર્વ હગીગત (હકીકત) ત્રીજા ચોથા પાંઠમાં અધ્યયનમાં છેં. મહાનિશીથ મોટું રત્ન છેં, સૂત્ર છેં. પણ જિન પડિમા દેષીએ પ્રતિમાના પાઠ માટે ઉથાપ્યું માનવું નહીં અને માનતારા તેમને પોતાની આજીવિકા ઘટે માટે સભા સમક્ષ વંચાય નહીં એહવા ભમ (ભ્રમ) ભાલીને વાંચ્યું નહીં. વણ સંઘ શ્રાવક પૂછ્યા પ્રમાણે જેહની વાત એ સૂત્રમાં છે તે પ્રમાણે લસ્યું છે. સાવજ્જાચાર્યની પરૈ અમારે સંસાર વધારવો નથી. શ્રી.

પ્રથમ અધ્યયનનું નામ સલ્ય ઉધ્ધરણા અધ્યયનના પાનાં ૭ (સાત) છેં. સલ્ય ઉધ્ધરણાનો અર્થ એ જે જિવ ભવગ માંહે કાંટા ભાંગો હોય તેહ નાહનું (નાનું) સાલ છે (શલ્ય) પિણ આખો સારીરને વેદના કરે તિમ જીવે પાપ કર્યાં હોય તે સલ્ય મોટાની સાથૈં પ્રગટ કહીનૈ નંદીને (નિંદીને) આલઈયૈ નૈ ખમાવીને પાપ રૂપ સલ્ય કાંટો કાઢીનૈ નિરૂઉ (રાગરહિત) થઈનૈં પરભવ સમારૈ તેહનું નામ સલ્ય ઉધ્ધરણા કહીનૈ અધ્યયનમાં જીવ અઢાર પાપ બાંધવાના થાનક કહ્યાં છેં. હવૈ પ્રથમ સલ્ય ઉધ્ધરણ થવાને ઉજમાલ થઈને તિથિ વાર નક્ષત્ર યોગ કરણ ચંદ્ર બલ જોઈને અઠમનો તપ પારણું કરીનૈ સર્વ શ્રમણ સંઘ મુનિરાજને વાંદી સર્વને ખમાવીનૈ છઠનો તપ સર્વ મુનિ મંડલ તે વીતરાગનું દેહરું પ્રતિમા આગલ જઈનૈં સર્વ જિન બિંબને વાંદીનૈ પછેં શ્રુતદેવતાની છેં પથૈ અર્હન માનથી લક્સી મંત્રાક્ષરની ૧ ઉલી છેં પછેં વીરામંત્રક્ષરની તથા સર્વ તીર્થંકરના મંત્રાક્ષર છેં પછૈં સિધ્ધ સાધુના મંત્રાક્ષર છૈં પછૈં શ્રુતજ્ઞાની અવધિજ્ઞાની મનઃપર્યવ જ્ઞાનીના મંત્રાક્ષર છૈં પછૈં ૨૫ જાતના કેવલી ભગવંતને વાંદીનૈ પછે

આલોયણ લીયે. તે આલોયણના પાઠ આલા (આલાવા) ઘણા છેં તે પાણાથી જોઇ લેવું ઇતિ પ્રથમ શલ્ય ઉધ્ધરણા અધ્યયન ॥૧॥

બીજું કર્મ વિપાક અધ્યયનના પાનાં ૧૧ છૈં. એ અધ્યયનમાં કર્મ વિપાકની વાત છૈં. નિગોદમાં એકેન્દ્રિયથી માંડીને દશ ભુવનપતિ સોલ વ્યંતર દશ જોતષિ વિમાનિક છવ્વીસ પાંચ સ્થાવર ત્રણ વિગલેન્દ્રિ તિર્યંચ મનુષ્ય આ દેવો વીસ દંડક ચોરાશી લાસ જીવાજોનીમૈં જીવે પાપ કર્યાં હોય તે સંભારીનેં આલોયેં નિંદે ગરહૈં તે ઘણી વાત છૈં. અધ્યયનને છેહડે સામાયિક પોસહા વ્રતની વાત છૈં. તિહાં ગૌતમૈં પ્રશ્ન કર્યું જે ભગવંત શ્રાવક જિમ લિંગ આદરીને છાંડે તે આરાધક કે વિરાધક ગૌતમ શ્રાવક સંસારી સામાયક પોસહમાં જિન લિંગ ધરીને બેઠો તે બે ઘડી ચાર પ્રહર આઠ પ્રહર સોલ પ્રહર જિન લિંગ ધરીને બેઠો તે દુવિધ ત્રિવિધ ભાંગે ઉચર્યું છે પણ ત્રિવિધ ત્રિવિધ ભાંગે ઉચર્યું નથી માટૈં તેહના વ્રતનો કાલ પૂરો થાયેં તિવારે પારીને ઘરે જાયૈં એ આરાધક પણ વિરાધક નહીં અને મુનિયૈ ત્રિવિધ ત્રિવિધ ભાગે પંચમહાવ્રત ઉચર્યા છેં તે મુનિપણું આદરીનૈ છાંડે તે વિરાધક કહીયૈં ઇત્યાદિ કર્મ વિપાકની વાતો ઘણી પ્રકારની વર્ણવી છેં એ પાણાથી જોઇ લેવું. ઇતિ બીજું કર્મ વિપાક અધ્યયન.

ત્રીજું કુશીલ નામા અધ્યયન છૈં. પાના-૧૬ છૈં. મોટું અધ્યયન છૈં. એ અધ્યયનમાં કુશીલીયાની વાત છૈં. નોકારના પંચ પરમેષ્ઠિ નવપદની વાત છૈં તેહમાં ઉપધાન દિનમાના તપ કીયાની વાત છૈં પંચ પરમેષ્ઠિનું જુદું જુદું વર્ણવ બહુમાન ઘણું છેં નોકારના કેહેનારા વષાણ (વખાણ) કરનારા અનંતા તીર્થંકર તે તીર્થંકરનું

વર્ણવ છૈં તીર્થંકરને દેવેન્દ્ર નરેન્દ્ર સ્તવના પૂજા કરી તે દ્રવ્યસ્તવ ભાવ સ્તવ ॥૨॥ વલી દ્રવ્યસ્તંવ તો તે જલ ચંદન અક્ષત ધૂપ દીપ ફળ નિવેદ એ દ્રવ્ય પૂજા અને ભાવ તે ગુણ ગાન અને મુનિરાજપણું દ્રવ્યપૂજા તે સમકિત વિરતા-વિરતી ગુણ ઠાણેં ત્યાંણું શ્રાવકની કરણી ॥૧॥ અને ભાવપૂજા તે છઠે સાતમે ગુણ થાણેં મુનિરાજ ॥૨॥ તીર્થંકર ભગવંત તે પૂર્વ ભવથી દસ બોલૈ ભાવ સ્તવ મુનિપણું કેવલગ્યાન ખજાનો નિકાચીને અવતર્યા છેં તેવો સા પડિકમણા નોકાર વ્રત પચખાણ જિનપૂજા ઇત્યાદિ છોડી પૂંજી સાહમું જોતા નથી. આદર છૈં એક ભાવ સ્તવ મુનિરાજપણા કર્મક્ષયનૈ અર્થે આદરેં તપ કરેં એ વાત થૈં સંસારી તીર્થંકર શુધ્ધ સમકિતી પણ મેં સવિરતિ વિરતા વિરતિ સર્વ વિરતિ એ કૈ માન હી ઇચ્છાએ કે કર્મને અર્થે ભાવ સ્તવ મુનિપણું આદરેં. દ્રવ્યસ્તવ જિનપૂજા સતકાર દાન દેવાં પ્રતિમાપૂજા ઇત્યાદિ ગૃહસ્થનૈં દ્રવ્યપૂજા ભાવપૂજા બેહું હોય ॥૧॥ પણ ભાવપૂજા ભાવ સ્તવ તે ચારિત્ર જપ તપ ક્રિયા સંજમ અનુષ્ઠાન કરવો એ વાત છૈં. પછૈં ગૌતમેં વીરને પૂછ્યું મુનિ ઉસન્ન (ઉગ્ર) વિહારી સમભાવે કલ્યાણનૈ અર્થે ચારિત્ર લીધું પછેં ઋધ્ધિ ગારવ રસ ગારવ કરીને માહા મોહા રાગદ્વેષ ચંડ બુધ્ધિઇં કરીને ભાવપૂજા મુનિપણું છાંડીનૈં નહીં શ્રાવકમાં નહીં મુનિમાં ઉભય ભ્રસ્ટ નામમાત્ર લિંગધારી તે ઇમ બોલેં ઇમ કહેં જે અરિહંત ભગવંતોની પ્રતિમાને જળ ચંદન અક્ષત ધૂપ દીપ ફળ નિવેદ પ્રમુખૈ પૂજા કરીને તીર્થ થાપીયૈં છીયૈ તીર્થ રાખીયે છીયૈ એહવું જે બોલે તે ગોયમા વેણોણ તહત્તિ ક્ષમણ કહી ઇતિ અનંતોકાલ ભસ્યૈં એથી વિશેષ અધિકાર પાંચમા અધ્યયનૈ સાવજ્જાચાર્યની કથામેં છૈ. તે આગલ લખ્યું છૈં વલી

પ્રરૂપણા અતીસેં કરેં જે જિન પૂજા ઘણો લાભ છૈં એહવી અતિ પુષ્ટિ કરીને ભદ્રક જીવ અને પોતેં વિવેકરહિત ઘણા ફૂલ ફલના આરંભ કરીને બેહુ જણને સમકિત બોધિ દુલ્લભ હોયેં માટે દ્રવ્યપૂજાથી ભાવપૂજા અધિક છૈં. ભાવપૂજાનૈં અનંતમેં ભાગે દ્રવ્યપૂજાનું ફળ છૈં ભાવપૂજાથી દશાણભદ્ર ચક્રધર ભાનુદત્ત સસિદત્ત પ્રમુખ અનંતા જીવ સંસાર પાર પામીનૈં મોક્ષૈં ગયા તે વાત છૈં. આગલ સિધ્ધનું સુખ વર્ણવ્યું છૈં. રાજાનો દ્રષ્ટાંત કથા છૈં. સિધ્ધના સુખ આગલ સંસારી સુખ અનંતમેં ભાગે નથી. પછૈં ગૌતમયૈ પૃચ્છા કરી જો દેવ તથા ઈન્દ્ર અવૃતી ભક્તિયેં પૂજા કરૈં છૈં. હા ગૌતમ દેવ ઈન્દ્રને દેશ વિરતિ વિરતા વિરતિ સર્વ વિરતિનો વિયોગ છૈં. અવ્રતી એ રીતે સંસારી તીર્થંકર તેમણૈ પણ વ્રતપચખાણ પોસા પડિકમણ નોકાર જિનપૂજા રહિત આદર્યો છૈં. કઠિન કર્મક્ષય કરવાને અર્થે ભાવપૂજા સ્તવ સંજમ ચારિત્ર જેણે એ વાત છૈં. આગલ એ મહાનિશીથ લખતા. શેષ મહાપુરૂષના નામ છૈં તે આગલ ત્રીજા બારવારસી મહાકાલમાં પૂર્વધર વયરસ્વામીયૈં નોકાર ઉધરીને મૂલ સૂત્રમાં લખ્યાં એ વાત છૈં. તે આગલ ઈર્યાવહી શક્રસ્તવ નામાસ્તવ ચૈત્યવંદન પ્રમુખના ઉપધાન વેહે તેહના તપ દિનમાન ક્રિયા વિધિની વાત છૈં તે આગલ વલી કુશીલીયાના બહુ ભેદ વષાણ્યો છૈં, ઘણી ચર્ચા છૈં, એ પાનાથી જોઇ લેવું. એણી રીતે ત્રીજા કુશીલ અધ્યયન નામેં જાણવું ॥૩॥

ચોથું અધ્યયન કુશીલ સંસરી (સંપર્ક) નામે કુશીલીયાનો સંસર્ગ ન કરવો તે ઉપર સુમતિ નાગીલની બે કથા છૈં. સુમતિ કુશીલીયાની સંગતે નેમિનાથને ગાલ દઈને અનંતો કાલ રકડસ્યૈં અને નાગીલે નેમિનાથના સમોસરણમાં ભાવના ભાવતાં કેવલગ્યાન

ઉપજાવ્યું એ બેહુ ભાઈનો સંબંધ ઘણો છૈં પણ તે પણ લેસમાત્ર લખું છું. જંબુના ભરતમાં કુશખલ નગરમાં સુમતિ ॥૧॥ નાગીલ ॥૨॥ સગાભાઈ છૈં. જીવાજીવાદિ પદાર્થના પણ શુધ્ધ શ્રાવક પરમેશ્વરની આણના ધારક લક્ષ્મીપાત્ર હુતા. એક દિવસ વેપારને અર્થે પરદેશ નીકલ્યા. મારગમેં પાંચસે હૈ મુનિ કુશીલીયાનું ટોળું મળ્યું તેમાં મુખી આચાર્ય અભવ્ય છેં તે ટોળું જોઈને નાગીલજીયેં કુશીલીયા જાણ્યા સુમતિ શુધ્ધઃ

## સંદર્ભ પુસ્તક સૂચી


૧ અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ. લે. : નાયક પટેલ કાંટાવાલા. અનડા પ્રકા. આવૃત્તિ-૨ ઈ.સ ૧૯૭૭.

૨ આગમ સાર ભા. ૫/૬ લેખક : લલિત શેખર વિજયજી. પ્રકા. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી-બોરીવલી (વેસ્ટ)

૩ આગમ નવનીતમાલા પુષ્પ - ૧૪. સંપા. તિલોકમુનિ જ્ઞાતાધર્મ કથાંક સારાંશ.

૪ ઐતિહાસિક લેખ સંગ્રહ-લે. લાલચંદ ભગવાનદાસ ગાંધી પ્રકા. પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા. ઈ.સ ૧૯૬૩.

૫ ઉપદેશ પ્રાસાદ ભાષાંતર (ગુજરાતી) ભા.૫ આચાર્ય વિશાલ સેનસૂરિ. પ્રકા. શ્રી વિરાટ પ્રકાશન મંદિર, પાલિતાણા. બીજી આવૃત્તિ ઈ.સ ૧૯૭૩

૬ ઉત્તમ સજ્ઝાય માળા. પ્રકા. રસિકલાલ અમૃતલાલ શાહ સં. ૨૦૨૭.

૭ કાવી, ગંધાર, ઝઘડિયા-લે મુનિ શ્રી વિશાલ વિજયજી પ્રકા.

શ્રી યશોવિજયજી ગ્રંથમાળા, ભાવનગર. સં. ૨૦૧૩
૮ ગુજરાતની ભાષા ડો. ટી. એન. દવે અનુ. કુ. મીનાક્ષી પટેલ
૯ ગઝલ શિલ્પ અને સર્જન લે. ડૉ. જયંત વ્યાસ. સંપા.-ડૉ ઈશ્વરલાલ ર. દવે.
૧૦ ગહુંલી સંગ્રહ નામા. શ્રાવક ભીમસી માણેક.
૧૧ ગહુંલી સંગ્રહ. લેખક બુધ્ધિ સાગર સૂરિ. પ્રકા. શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ, મુંબઈ, ઈ.સ. ૧૯૧૧
૧૨ ગુજરાતી સાહિત્યના સ્વરૂપો પ્રા. મં. ર. મજમુંદાર આચાર્ય બુક ડેપો પ્રથમ આવૃત્તિ વડોદરા ઈ.સ. ૧૯૫૪.
૧૩ જિનગુણ મંજરી સંપા. સા. સ્વયંપ્રભાશ્રીજી પ્રકા. જીતેન્દ્ર કુમાર ચંદુલાલ શાહ. વિજયનગર રોડ. અમદાવાદ.
૧૪ જિનદેવ દર્શન. મો.દ. દેસાઈ પ્રકા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ, ત્રીજી આવૃત્તિ ઈ.સ. ૧૯૮૯
૧૫ જૈન ગુર્જર સાહિત્ય રત્નો ભા.૨ પ્રકા. શેઠ નગીનદાસ મધુભાઈ સુરત. સં. ૨૦૧૮
૧૬ જૈન પરંપરાનો ઈતિહાસ ભા.૪ ત્રિપુટી મહારાજ પ્રકા. શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા, ભાવનગર. પહેલી આવૃત્તિ ઈ.સ. ૧૯૮૩
૧૭ જૈન ગુર્જર કવિઓ ભા.૬ લે. મો.દ. દેસાઈ પ્રકા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મંબઈ, બીજી આવૃત્તિ ઈ.સ. ૧૯૮૯
૧૮ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ મો.દ. દેસાઈ પ્રકા. શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સ. મુંબઈ ઈ.સ ૧૯૩૩

૧૯ તપાવલી સંપા. પંડિત અમૃતલાલ અમરચંદ. સંગ્રા પં. શ્રી કમલવિજયજી ઈ.સ. ૧૯૧૩ ભાવનગર

૨૦ તેરાપંથ-મત-સમીક્ષા-મુનિરાજ વિદ્યાવિજય પ્રકા. અભયચંદ ભગવાન ગાંધી.

૨૧ નિત્ય જિનગુણ મણિમાળા લે. ન્હાલચંદ ઠાકરશી-લીંચ જ્ઞાન શાળા સં. ૧૯૯૬

૨૨ શ્રી પ્રભાવક ચરિત્ર શ્રી પ્રભાચન્દ્રસૂરિ કૃત. ગુજરાતી લેખક મુનિ કલ્યાણવિજયજી, આત્માનંદ સભા, ભાવનગર. સં. ૧૯૮૭

૨૩ પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ-સંગ્રાહક પંન્યાસજી તિલકવિજયજી ગણીવર સં. ૧૯૯૩

૨૪ પ્રાચીન સજ્ઝાય મહોદધિ સંકલન ચરણોપાસિકા પ્રથમ આવૃત્તિ સં. ૨૦૩૯

૨૫ મનમંદિર આગમ દીવો લે. આચાર્ય મિત્રાનંદસૂરિ મ.સા. પ.પં. પદ્મવિજયજી ગણિવર ગ્રંથમાળા, અમદાવાદ. આવૃત્તિ-૧. સં-૨૦૪૪

૨૬ શ્રી માણિભદ્રજીનો માર્મિક પરિચય. લે. કલ્યાણસાગર પ્રકા. શ્રી સીમંધરસ્વામી જિનમંદિર કાર્યાલય, ભીલાડ-સં. ૨૦૪૪

૨૭ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ લે. અનંતરાય રાવળ

૨૮ મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય જયંત કોઠારી. કાંતિભાઈ શાહ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ. પ્રથમ-આવૃત્તિ ઈ.સં. ૧૯૯૩

૨૯ ગુજરાતી સાહિત્ય કોશ. ખંડ ૧, મધ્યકાલીન, સંપા. જયંત કોઠારી. ગુજ. સાહિત્ય પરિષદ, અમદાવાદ. ઇ.સં. ૧૯૮૯

30 લઘુક્ષેત્ર સમાસ સંપા. મુનિ ધર્મવિજયજી.

૩૧ વિવિધ પૂજા સંગ્રહ આવૃત્તિ ૪, પ્રકા. જશવંતલાલ ગિ. શાહ, અમદાવાદ.

૩૨ શાંતિનાથ પંચકલ્યાણક પૂજા વિજયવલ્લભસૂરિ બાબુ ગોપીચંદ જૈન, અંબાલા. ઇ.સં. ૧૯૨૫

૩૩ શ્રી શાંતિ લક્ષ્મી સાધના આત્મ શિક્ષા ભાવના સંગ્રહ સંપા. સા. તરૂણાશ્રીજી-મનોરંજનાશ્રીજી પ્રકા. શાહ મૂળજી દેવજી જલગાંવ. ઇ.સં. ૧૯૬૮

૩૪ સજ્જન સન્મિત્ર-ઝવેરી પોપટલાલ કેશવલાલ આવૃત્તિ-૨ સં. ૧૯૯૭

૩૫ સજ્જ્ઝાયમાળા-ભા- ૧ થી ૪ પ્રકાશક પંડિત મફતલાલ ઝવેરચંદ. અમદાવાદ

૩૬ સ્તુતિ તરંગિણી. ભા-૩ સંપા. ભદ્રંકરસૂરિ મ.સા.

૩૭ સુધારસ સ્તવન સંગ્રહ પ્રકા. સોમચંદ ડી. શાહ, પાલિતાણા.

૩૮ સોહમ્ કુળ પટ્ટાવલી રાસ. લેખક. દીપવિજયજી. સંપા. ત્રિપુટી મહારાજ, પ્રથમ આવૃત્તિ ઇ.સં. ૧૯૫૦

૩૯ શ્રી પટ્ટાવલી પરાગ સંગ્રહ-લે. પં. કલ્યાણવિજય ગણિ, પ્રકા. શાહ મુનિલાલજી થાનમલજી, જાલોર (રાજસ્થાન)

પ્રથમ આવૃત્તિ ઈ.સ ૧૯૬૬

**હસ્તપ્રત**

(૧) ચૌમાસી દેવવંદન

(૨) ચર્ચાબોલ વિચાર

(૩) મહાનિશીથ સૂત્રના બોલ

(૪) સોહમકુળ કલ્પવૃક્ષ તપવિધિ-ગણધર દેવવંદન

(૫) અડસઠ આગમની અષ્ટ પ્રકારી પૂજા

(૬) માણિભદ્ર છંદ

(૭) પાર્શ્વનાથ પંચ કલ્યાણક વધાવા

❄